Aema shak na aanshe lagaar
Cheto.....

589. Those who will believe me and accept Shri Islam Shah without a doubt as the Creator will not go astray.

590) Eji Pacham dish ne aerak khand mahain
Te narji betha tyan ae nare te dhariyo gupt avtaar
Hajar jomo ae ghar mahain jetlo
Tene shai kari manvo Alishah no avtaar
Cheto....

590. My Lord resides (secretly) in the West continent - Iraq - He is the Living Imam and Ali Himself.
591) Eji Te ghar dharm dasondaj aaljo
Nahito jasho ghor andhar
Bija dharm sarve parjo
Juth ninda keni na karsho lagaar
Cheto.....

591. Give your Dasond to Him or else you won't achieve enlightenment; accept all the other religions and do not degrade them.
592) Eji Haq kami kari khajo pet ma
Aacho dhandho karjo narne naar
Ajampiya jap ahonish japjo
Orkhejo te hajar joman patra avtaar
Cheto....

592. Earn an honest living, practise your Isme-Azam and recognize the God Manifest.
593) Eji Ae patra avtaar orkhiya vina nav chosho
Teno kol kidho cho Sri Islamshah kirtar
Satgruna vachane je jiv amne orkhashe
Te jiv aavshe anant karorna hisab monjar
Cheto....

593. There is no salvation without recognizing the Imam of the Time, Shri Islam Shah; and those who will recognize Him will be amongst the infinite Karor to achieve salvation.
594) Eji Te anant no taranhaar te to Sri Islamshah
Jeno kol aaliyo amne ne orkhaviyo potano avtaar
Te mahain kaljug chelli sandh jare aavshe
Tare ae narni ninda te karshe sansaar
Cheto....

594. He is the One who will grant salvation and manifested Himself; yet in this Kaljoog there will be many who will talk against Him.
595) Eji Tare bijana vachan othapshe
Aem kaheshe jei manas rupe kem hoshe sirjanhaar
Te to gharoghar jai vaat karshe
Tena man thir nahin raheshe lagaar
Cheto....

595. They will argue that how can a human being be the Creator and they will go and tell this to everybody they meet and lost their peace of mind.

596) Eji Tyan kaljug sandhe aeva jiv opajshe
Te dobshe ane bijane dobavshe aapar
Te to mari arth noon anrath theravshe
Te satguru na vachan othapshe teniaj vaar
Cheto....

596. These people will be sinking and will drown others with them for they will misinterpret what Imam tells them.

597) Eji Jene satgure dharm daine sahev dekhariya
Te guru ni khandani te karshe aapar
Jena purvana poon sacha nahi
Te kem kari orkhshe hajar jomo patra avtaar
Cheto.....

597. They will be against the Pir but it is because they have not evolved enough to recognize the God Manifest.

598) Eji Sansar sarve te thashe pakhandi
Te jai katha gita opar dharshe piyar
Andh duniya tene kere parshe
Jeno varo hato te tran jug monjar
Cheto.....

598. The world will be full of cheats and will follow other religions blindly. These religions were relevant in the last three Joogs.

599) Eji Te jiv kami karodhi lobi lalchi
Te potano swarthe lontshe sarve sansaar
Tene potani puth suje nahi
Batave bijane dharm aachar
Cheto.....

599. Those souls who are involved in materialism and who are selfish, how can they guide others?

600) Eji Tyan andhi duniya aevi thashe
Je nahin orkhashe dharm aachar
Je juthoon boline mitho thashe
Tene manshe sarve sansar
Cheto....

600. People will be so blind that they will sweet-talk others into believing in them and they will not recognize their True Religion.

601) Eji Aeve pakhande je jiv chalshe
Aapana gurnar ni laaj na aanshe lagaar
Tenoon satguru aagal kevoon chalshe
Je pote thai besshe gemaar
Cheto....

601. Those who will be led astray by these people will stop respecting the Imam and in turn will not achieve anything from Imam.

602) Eji Ay sarve pakhani is jug tana
Te mahain sach juth na te thashe nistar
Aeve adharme kari jug puro thashe
Tare Imam Mehdi te thashe aswar
Cheto....

602. When the world will be full of misguided souls and of people who will cease to believe in religion, then Imam Mahdi will declare Himself.

603) Eji Aevi vela mahain je jiv chetene chalshe
Aapana sat panth marag mahain te rakhshe piyar
Kane kani badgoi sambarshe nahi
Juth nindasoon nahin rakhshe vevaar
Cheto....

603. It is during these times that those Momins who will beware and will love and adhere to Satpanth, they will also avoid listening to people's faults and backbiting.

604) Eji Haq kamai karine je khashe pema
Temathi aapana gurnar mukhe rakhshe dasondno vahevar
Te jivne gurnar potano kari rakhshe
Te jiv aavshe te anant na hisab monjar
Cheto.....

604. Those who will earn an honest living and will pay Dasond will be amongst the souls (saved by Pir Hasan Kabirdin).

605) Eji Charachar bat dekhi aa jug tana
Tame boolsho ma sarve sansar
Ali nabi aa jug mahain avtaar patra che
Tethi otariya te jashe narak dwar
Cheto....

605. Momins, do not be lured by the materialism around you. Ali and the Prophet are (Manifestation of Divine Light) so recognize them thus you may achieve salvation.

606) Eji Ae nar Sri Islamshah avtaar Shah Ali tana
Satgur Hassanshah te to nabi Mohd no avtaar
Ae avtaar patra ne je ochoon kari manshe
Teno hal mal gayo ne gayo teno mankha
Cheto....

606. Shri Islam Shah is Ali, and Pir Hasan Kabirdin is Prophet and those who do not believe this have wasted their human Avtar.

607) Eji Ae gharni umeed rakhjo re munivaro
Jan sudhi jivo ta(n) sreva karjo saar
Satguru Hassanshahe tamne ay ghar bataviay
Te mahain senso ma dharsho lagaar
Cheto.....

607. Momins, aim for that religion and serve Him, the One who has been shown to you by Pir Hasan Kabirdin.

608) Eji Satguru Hassanshah boola to tame bulsho
Jo te nar jitiaa to tamne vadhaiyoon aapar
Bijo guru sansar na te satgruru thi hiana
Tame aa vatno rukhjo vichar
Cheto.....

608. Not acknowledging Pir Hasan Kabirdin's teaching is like not acknowledging life and if you do acknowledge, then your happiness will be infinite. All the other Gurus will not lead you to the Right Path so think carefully before you follow them.

609) Eji Amaro nar te kayam Mehdi Sri Islamshah
Jeno aaj kaljug sandhe che nar naklankino avtaar
Te nar ne ame orkhine tamone orkhaviyo
Amare tamre javoon che te nar naklankine dwar
Cheto.....

609. My Imam is Shri Islam Shah who is the Creator and having recognized Him, I have introduced Him to you for ultimately we will all go to Him.

610) Eji Nar naklankine sukh to aapane sukhi
Jo tene dukh to aapane ka nahi vichar
Te mate momino satguru kahe
Ae nar ne sharane te rahevoon nirdhar
Cheto....

610. By trying to inflict worldly sorrow on our Imam, we are in reality inflicting sorrow on ourselves, so I request you, Momins, to stay at Imam's feet and obey His Farmans.

611) Eji Nische kari sirevo ali aapano
Aapana nar Sri islamshah no avtaar

www.realpatidar.com mail@realpatidar.com

Aene aage anek jiv odhariya
Te aapano ali karshe te aapani sambar
Cheto....

611. Serve Ali with implicit faith - who is Shri Islam Shah - He has saved infinite souls and will indeed save us.

612) Eji Ae ghar meli bije seva karshe
Tenoon aagal man na raheshe lagaar
Biji juthi seva te satgur vina
Tena jutha guru juthi kiriya hiana aachar
Cheto....

612. If you leave Him and go to serve others, you will lose all that you have achieved and the misguided Gurus will misguide you..

613) Eji Te guru tamne nahi mariaare momino
Tame dharm kahndat ma karsho lagaar
Tena parkhan parshe aagale
Jyare mahadan mahain puchase nar te naar
Cheto.....

613. On the Day of Judgement you will not find that misguided Guru and you won't be in a position to recognize the Imam of the Time.

614) Eji Je jiv sat dharme pura hashe
Dasond sukrite khadat nahi lagaar
Te jiv sarve jashe swarma(n)
Pachi je kain karshe amaro bharthar
Cheto....

614. Those who will be regular in their religious duties will achieve Heaven and will be helped by my Lord.

615) Eji Jare dinre mahadan no mandavshe
Tare hove te hal halkar
Te verla thshe ghani doheli
Tyan jena guru jutha hashe te mahadan mahain khashe mar
Cheto....

615. On that final Day, there will be many trials and tribulations and those who will have followed the wrong Guru will suffer a lot.

616) Eji Tare takhate kayam Ali rajo beshe
Je che ali naklankino aavtaar
Tenoon tej tap tyan vadhashe
Aarbi rupe thashe Ali vardataar
Cheto.....

616. Sitting at the Throne will be the present Imam - Ali the Creator - and those who have recognized Him in an Arab Avtar will find Him.

617) Eji Tare thar thar dharti drujshe
Aasman kanpshe aapaar
Tyan pir pyagambar sarve drujshe
Saho koi aap aapanima padhse sansar
Cheto....

617. The earth will tremble and the heavens will thunder - even the Pirs and Prophets will be afraid for everyone will be judged according to their achievement.

618) Eji Gunegaar ne sir hukamaj thashe
Lekha leshe aapano Ali rajo sambar
Sach juth na parlshe parkhan
Momino tamne kahoon choon varo var
Cheto....

618. The good will be separated from the sinful souls and you will be questioned about your achievements.

619) Eji Dhan dhan te avtaar patra ne
Jene Ali raje te aaliyo potano didar
Teni seva aethi ma chokore monivaro

www.realpatidar.com mail@realpatidar.com

Ae Alijina chaltra no ant na paar
Cheto....

619. Happy will be the souls who have had Ali's Didar - don't stop serving Him for He will grant you the ultimate kingdom..
620) Eji Ali jina chaltra samoon nav joi ae
Sri satguru ne vachane seva kari ae saar
Jem jem kalikar vadhase monivaro
Tem ali rajo chaltra karshe aapar
Cheto.....

620. Do not look at what Ali does, but obey what He says, for as the times will change, Ali's actions may be beyond your comprehension.
621) Eji Satgure aem kahi kahine sambaro viaa
Te tame monivaro rakhjo haidy ma(n) vichar
Aem karta(n) je logake jashe
Teno satguru Hassanshah mathe nahi baar
Cheto....

621. Momins, if you do not think about what I have told you, then Pir Hasan Kabirdin will not take your responsibility and you will not achieve Heaven.
622) Eji Aava vachan suni je jiv sate nahi chalshe
Nahi orkhashe aapana hazar jamono avtaar
Je pote pistalis karori ma bela thashe
Teni satguru Hassanshah kiaan karshe saar
Cheto....

622. Despite listening to my preaching, if you still deny the existence of Living Imam, then you will be amongst the 45 Karor misguided whom Pir Hasan Kabirdin will not take with him.
623) Eji Aage pistalise dharm laine kahdat kariaa
Teto chaliaa sarve jiv ghor andhar
Teni jive dasond deta chit dolaviyoon
nav orkhayo te hazar jomono avtaar
Cheto...

623. These 45 Karor are the ones who have turned a deaf ear to our teachings, deny Ali's existence and have not paid their Dasond.
624) Eji Te aapana gurnar na chaltra dekhi ni boliaa
Aapana gurnar opar nahi aaniyo aet baar
Tene murkhe te manas rupe karine janiyo
Te gurnar ne vachane thar na rahya lagaar
Cheto....

624. Those who have doubted Ali by looking at His actions are foolish because they have considered Him as their equal.
625) Eji Dhan dhan te gur Hassanshah ne kahiay
Dhan dhan hajar jomo patra avtaar
Dhan dhan te sati jiv ne kahiay
Je jiv orkhine chaliya aapana satpanth minjar
Cheto....

625. I congratulate all those souls who have acknowledged Ali and heeded Pir Hasan Kabirdin's teaching.
626) Eji Dhan dhan te gur narni aal ne
Ane dhan dhan Imam shah avtaar
Satgur Hassanshah na sut te Imamshah
Jene te bodhiya murid aapar
Cheto....

626. It is great to have the True Guru and his progeny guide us for in present times, Imam Shah is from Pir Hasan Kabirdin's lineage.
627) Eji Aa satgurna ved vachan te sat kari janjo
Aa vedna vachan mahain asat nahire lagaar
Aem karta je jiv sachoon nahi manshe
Teni potani kart kamai nahire saar

www.realpatidar.com mail@realpatidar.com

Cheto....

627. Consider their teachings as the Truth and those who will doubt this have indeed wasted all their achievements.

628) Eji Dhan dhan ti Pir Sadardin satgur brahma
Ane dhan dhan Pir Hassan Kabirdin aena parivar
Dhan dhan te satgur Imamshah ne kahiay
Jeno satgure ginan kanthi yoon vichar
Cheto....

628. It is auspicious to have had Pir Sadardin and his son, Pir Hasan Kabirdin and now his son Imam Shah to preach to us in musical form.

629) Eji Gnan kanthiya gur Imamshah
Te moman chetamani gathaj saar
Aava aava vachan kahi monivar ne chetaviya
Moman bhai teno hiady mahain rakhjo vichar
Cheto....

629. This Ginan has been composed by Imam Shah and I called it the warning which I hope you will think about.

630) Eji Ame tame banda sarve saheb tana
Tea li jina samarthno nahi koi paar
Satgure jenoon dithoon tenoon kahiyoon
Aapane sahone javoon che ae Alijine dwar
Cheto....

630. Momins, you and I are Imam's slaves and His Beneficence is infinite. I tell you what I feel, for to Him we will return.

www.realpatidar.com mail@realpatidar.com

Real Patidar <mail@realpatidar.com>

Series 16 -Analysis of Momin Chetamani by Imam Shah / ઈમામ શાહ રચિત મોમીન ચેતામાનીનું વિશ્લેષણ

Real Patidar <mail@realpatidar.com> **Tue, Jul 6, 2010 at 12:03 AM**
To: Real Patidar <mail@realpatidar.com>

06-Jul-2010

Dear All,

Syed Imam Shah also called as Imam Shah Maharaj based in Pirana wrote a ginan called “Momin Chetamani” to briefly summarize origin of satpanth, its fundamentals, 10th avatar of Lord Vishnu and his lineage, importance of paying Dasond and warn (Chetamani - ચેતામાણી) Satpanth followers (Moman/Momna/Mumna - મોમન/મોમના/મમુના) of the consequences of not following his dictates.

સૈયદ ઈમામ શાહ, જેને ઈમામ શાહ મહારાજ, પીરાણા વાળા, પણ કહેવામાં આવે છે, તેવા સૈયદ ઈમામ શાહ એ “મોમીન ચેતામાની” નામની ગીનાન રચ્યું છે. જેમાં સતપંથ ધર્મની ઉત્પત્તિ, તેના મૂળ ધાર્મિક સિદ્ધાંતો અને ભગવાન વિષ્ણુ નો ૧૦મો અવતાર લેનાર તથા તેના વાન્સજોના વિષય પર ટુક માં માહિતી છે. તેમજ દસોન્દ નું ધર્મમાં કેટલું મહત્વ છે એ પણ તમને સમજાશે. આ ગીનાન નું સારાંશ માં ઈમામ શાહ બાવાએ પોતાના અનુંયાયો એટલે કે મોમન/મોમના/મુમના ને ચેતવતા (આગાહ / ધમકી આપતા) બતાવ્યું છે કે જો તેવો સતપંથ ધર્મ નહિ પળે અને ઈમાનદારીથી દસોન્દ નહિ આપે, તેમજ તેમના ધર્મ ગુરૂનું ફરમાન (આદેશ) નહીં પળે તો તેમની શું અધોગતિ થઇ જશે.

Since the Ginan is huge and about 630 verses and covers more than 70 pages, which discourages ordinary people from reading it, I have make a short analysis of it for everybody's quick understanding. The whole Ginan and its analysis are attached herewith.

આ ગીનાન બહુ મોટું છે અને તેમાં ૬૩૦ કલમા છે અને ૪૦ (ગુજરાતી) થી વધુ પાનાનું છે. જે થી સાધારણ લોકો આ ગીનાન વાંચવાથી અચકાય. એટલા માટે મેં આ ગીનાનું ટુંકમાં વિશ્લેષણ કર્યું છે, જે થી લોકોને સમજવામાં આસાની રહે. આખું ગીનાન અને તેનું વિશ્લેષણ આ email સાથે જોડેલું છે.

Hope you will appreciate and like the analysis.
આશા છે તમે આ વિશ્લેષણ વાંચશો અને તમને ગમશે.

Real Patidar

4 attachments

- **Analysis of Momin Chetamani -English.pdf**
  237K
- **Momin Chetamani -English.pdf**
  220K
- **Analysis of Momin Chetamani -Gujarati.pdf**
  1281K
- **Momin Chetamani -Gujarati.pdf**
  6249K

www.realpatidar.com mail@realpatidar.com

ઈમામ શાહ દ્વારા રચિત ગીનાન "મોમીન ચેતામણી" નું વિશ્લેષણ

(Source: http://www.ismaili.net/granths/chetwanb.html અને
શ્રી અખિલવિશ્વ સતપંથી ધર્મીય સંઘ દ્વારા પ્રકાશિત પંચમ વેદ –See attachment)

પૂર્વભૂમિકા:

સૈયદ ઈમામ શાહ, જેને ઈમામ શાહ મહારાજ, પીરાણા વાળા, પણ કહેવામાં આવે છે, તેવા સૈયદ ઈમામ શાહ એ "મોમીન ચેતામાની" નામની ગીનાન રચ્યું છે. જેમાં સતપંથ ધર્મની ઉત્પત્તિ, તેના મૂળ ધાર્મિક સિદ્ધાંતો અને ભગવાન વિષ્ણુ નો ૧૦મો અવતાર લેનાર તથા તેના વાન્સજોના વિષય પર ટુક માં માહિતી છે. તેમજ દસોન્દ નું ધર્મમાં કેટલું મહત્વ છે એ પણ તમને સમજાશે. આ ગીનાન નું સારાંશ માં ઈમામ શાહ બાવાએ પોતાના અનુંયાયો એટલે કે મોમન/મોમના/મુમના ને ચેતવતા (આગાહ / ધમકી આપતા) બતાવ્યું છે કે જો તેવો સતપંથ ધર્મ નહિ પળે અને ઈમાનદારીથી દસોન્દ નહિ આપે, તેમજ તેમના ધર્મ ગુરુનું ફરમાન (આદેશ) નહીં પળે તો તેમની શું અધોગતિ થઇ જશે.

મોમીન ચેતામાની ને કાવ્ય રૂપમાં લખવામાં આવ્યું છે.જેમાં ૬૩૦ કલ્માઓ છે. આ ગીનાન ગુજરાતી ભાષામાં રચવામાં આવેલ છે. (પૂરું ગીનાન આ સાથે, નીચે જોડેલું છે)

મુમના: સતપંથ ધર્મના અનુયાયોને "મુમના" કહેવામા આવે છે. "સૈયદ" એવા લોકોને કહેવામાં આવે છે કે જેવો ઈમામ અલી (ઇસ્લામ ધર્મના સ્થાપક મોહમ્મદ પૈગમ્બર ના જમાઈ) ના વંશજો હોય. "સૈયદ" ને દૈવી અને શ્રેષ્ઠ ગણવામાં આવે છે અને મુમ્નાઓએ સૈયાદોનું ફરમાન (આદેશ) પાળવું બંધનકર્તા રહેશે. અને આદેશનું પાલન કરતી વખતે સૈયદો પર કોઈ જાત ની શંકા ને સવાલ કાર્ય વગર, ચુપચાપ અને ઈમાનદારીથી પાલન કરવાનું હોય છે. સતપંથ ધર્મ માં સર્વોછ ધર્મ ગુરુ (પીર) ને ઈમામ કહેવામાં આવે છે.

દસોન્દ: દસોન્દ એટલે વાર્ષિક આવક ના ૧૦% ઈમામને આપવું અને ૨.૫% પીર ને દાન આપવાનું હોય છે. આ રકમ આપતી વખતે કોઈ પણ જાત ના સવાલ કે શંકા કરવી નહીં.

વિભાગ (Section): આ ગીનાનમાં ના પ્રત્યક્ષ અને પરોક્ષ સંદેશને સારી રીતે સમજવા માટે, આપણને આ ગીનાનને એવી રીતે વિભાજીતકરીને વાંચવું પડશે, જે થી તેણે સહેલાઈ થી સમજી શકીએ. એટલામાટે આ ગીનાનને ૯ ભાગમાં વિભાજીત કરીને, એક એક ભાગમાં જણાવેલ મુખ્ય સંદેશો તમારી સામે મુકીશ.

<<<< આ જગ્યા ખાલી મુકવામાં આવી છે. >>>>

www.realpatidar.com mail@realpatidar.com

મોમન ચેતામાની ના ૯ વિભાગ

Section (કલમા સંખ્યા સાથે)	**Summary** (સંદેશ)
1. સતપંથ ની ઉત્પત્તિ અને તેના મૂળ આધારો (1 to 76)	સતપંથ ધર્મની ઉત્પત્તિ અને હિંદુ ધર્મ સાથે તેનું જોડાણ. જેમ કે હઝરત અલી ને ભગવાન વિષ્ણુ નો અવતાર બતાવું.
2. હઝરત (મુર્તુઝા) અલી, તેમના વાન્સજો (ઈમામ), મોહમ્મદ પૈગમ્બર, હિંદુ દેવો અને ઇસ્લામ (77 to 100)	મોહમ્મદ પૈગમ્બર એ ભગવાનન બ્રહ્મા નો અવતાર છે, હઝરત અલી એ અલ્લાહ છે અને દલ દલ ઘોડા પર બસીને આવશે.
3. બીબી ફાતિમા (મોહમ્મદ પૈગંબરની દીકરી) અને હઝરત અલી (મુર્તુઝા અલી) ના લગ્ન (101 to 122)	આદ્ય શક્તિ (બીબી ફાતિમા) એ મુર્તુઝા અલી સાથે લગ્ન કરે છે, તે સમયની ઘટનાઓ.
4. બીબી ફાતિમાના ૪ નોકરો (123 to 159)	નીશ્સ્વાર્થે ઈમામ અંદ પીરની, કોઈ પણ જાતની શક કુશકા કર્યા વીણા, સેવા કરવી
5. હિંદુ ધર્મના ૪ જુગ સાથે સતપંથ ધર્મનું જોડાણ (160 to 199)	સતપંથ ધર્મના એક ઈલમી ધર્મ છે એના પુરાવો કુરાન માં પણ મળશે
6. પીર શમ્સ ની વાર્તાઓ (200 to 381)	પીર શમ્સ અને તેના કહેવાતા ચમત્કારો
7. પીર નસીરુદ્દીન ની વાર્તાઓ (382 to 392)	વર્તમાન ઈમામ ને સેવા કરવી
8. પીર સદ્દદીન ની વાર્તાઓ (393 to 437)	મોક્ષ ગતિ માટે દસોન્દ આપ્યા વગર છુટકારો નથી
9. પીર હસન કબીરુદ્દીન ની વાર્તાઓ (438 to 630)	એક પત્ની પોતાના પતિની જેમ નીશ્સ્વાર્થ ભાવ થી સેવા કરતી હોય, તેમ ઈમામ ની સેવા કરો

<<<< આ જગ્યા ખાલી મુકવામાં આવી છે. >>>>

www.realpatidar.com mail@realpatidar.com

ભાગ ૧ - સતપંથ ની ઉત્પત્તિ અને તેના મૂળ આધારો (1 to 76):

સંદેશ ૧:

કલમા નં:

12, 15, 27, 28, 29, 30, 34, 35, 53, 64, 67 દસોન્દ ના વિષય પર છે

સંદેશ:

કોઈ પણ હાલમાં, કોઈ પણ કીમતે દસોન્દ આપો

સંદેશ ૨:

કલમા:

હેજી, આદ નિરંજન અવતર્યા, તેનું થાનક છે એરા ખંડ માંહે, સદ્‌ગોરે સોહી દેખાડીયા,
તે સેવીયા નવે ખંડ માંહે, ચેતોઋષિવરો ગુરૂ કહે, નરને નારાયણજીએ એમ કહ્યા. ૧
હેજી, આલ નબીજીની કહીયે, મહંમદ પીર અલ્યે હિસ્સલામ આએ, ઈસરે આલથી જે કોઇ ભૂલશે,
તે તો જાસે દોજકની માંએ. ચેતો-૨

1) *Introduction to the Imam of the time-God manifest, resides in Iran and He is the One who Satgur(Pir) Introduced you (Momin) to Him. Refrain: Beware O Momins! This is what the true Guru tells you.*

2) *That the descendant of Ali and Mohammed is He (present Imam)and if you do not recognize Him you will go to Hell.*

સંદેશ: આ ગીનાન, એક ધમકી થી શુરૂ થાય છે. એમ એમ લખું છે કે જો તમે સતગુરૂ ની વાત નહિ સંભાળો તો તમે સીધા નરકમાં જશો.

એ વખત ના સામાન્ય માણસ (જે ગરીબ, અજ્ઞાની, નિષ્શંક અને લાચાર હતા) ઘભરાઈ ને આનો શિકાર બની શકે તેમ છે.

સંદેશ ૩:

કલમા:

હેજી નુર માંહેથી નુર પ્રગટયા, તેનો વાસો છે નુરજ માંહે,
તેમણે આ સત્પંથ પેદા કીધા, તે ખેળી કાઢો કુરાનની માંહે. ચેતો-૭
હેજી, મારફત માંહેથી કાઢી કરી, તે તો આપી સતપંથીઓને આજ,
રેહેણી રાખો નિશ્ચ કરી, તો સરસે આપણા જીવોના કાજ. ચેતો-૧૦
હેજી, બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર કહીયે, તે તો છે સર્વે આ ઘર માંહે,
આ ઘરથી આલજે ચાલીયા, તે તો પરવરીયા પૃથ્વી માંહે. ચેતો-૧૮

www.realpatidar.com mail@realpatidar.com



હેજી, દશાંશ વિના નહિ છુટશો, સાંભળો મુનિવરો કહું છું વારમ્વાર,
છેલ્લો અખાડો આ કળીયુગ તણો, તે માંહે શુક્તિ લેજો સંભાળ. ચેતો-૨૮
હેજી, દશાંશ આલતા જે જીવ ડોલાવશે, તેનું હાલ માલ નહિ રહેશે પરવાર,
ક્રિયાના હિણા જીવ કોઇ નહિ તરે, એમ સદ્‌ગોરજી કહે પોકાર. ચેતો-૩૦
હેજી, કલિયુગ સંઘ છે દોહેલી, મુનિવર તમે રેહજો હુંશિયાર
દશાંશ દેજો સદ્‌ગોર મુખે, જેથી ઉતરશો પરલોરે પાર. ચેતો-૩૪
હેજી, શાહો ઉપર સંતોષ રાખીયે, નવ કરીએ અવર આગળ પોકાર,
જેણે આ યુગ પેદા કર્યા, તે સ્વામી છે રોજી પુરણહાર. ચેતો-૫૮

7. The Noor in the Imam of the Time is the same that was the cause of creation and really is from the very Noor you have been given the Satpanth, nay, even the Quran originated from that Noor.

10. The spiritual side of your existence is found in the Satpanth (and you can find it) if you pray during the night with real faith and verily that is the only salvation for your soul

18 The Gods such as Brahma, Vishnu and Maheshvar are all one in this Satpanth and are manifest in Ali's progeny and is present with us in this world.

28. Without Dasond there is no salvation so heed Me Momins, for I am being emphatic. This Joog is the last stage where you can achieve salvation; then why not make an extra effort to achieve it.

30. Those Momins who will be dubious about paying Dasond will have no material, physical or familial peace. These are the Momins who have not walked the path of Satpanth and I am beseeching them.

34. This Kaljoog is a difficult time, so beware, give Dasond to the right Guru and that is one way of achieving salvation.

58. Momins, be satisfied with the food you get; do not hunger for more. The one who has created this earth is Ali, Who will give you your Roji (i.e. sustenance).

સંદેશ:

- કુરાન અને સતપંથ ની ઉત્પત્તિ "નૂર" (અખંડ જ્યોત) થી થઇ છે, એટલે સતપંથ એક મુસલમાન ધર્મ છે.
- મોક્ષ મેળવવા માટે રાતના પૂજા કરો.
- બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એકજ છે અને અલી ના વંશમાં ધરતી પર પધારશે.
- દસોન્દ આપ્યા વગર મોક્ષ મળશે નહીં.
- દાસોન આપ્યા વગર તમને શાંતિ મળશે નહીં.
- સાચા ગુરુ (એટલે સતપંથ ધર્મના ગુરુ, એટલે ઈમામ) ને દસોન્દ આપવું.
- તમે ગરીબ હો, ખાવા પૈસા ના હોય, તો પણ દસોન્દ આપવું.

<<<< આ જગ્યા ખાલી મુકવામાં આવી છે. >>>>

www.realpatidar.com mail@realpatidar.com

સંદેશ ૪:

કલમા:



હેજી, અધુરો ઓછો કોઇ નહિ, સર્વ થાનકે સૃજણહાર,
સર્વને કારણે સૃજીયા, બ્રહ્મા નબી મહંમદનો અવતાર. ચેતો-૭૨
હેજી, નબી મહંમદ મુસ્તુફા ઉપાવીયા, તેનો ચાલ્યો પરવાર,
સદ્‌ગોર બ્રહ્મા નબી મહમંદ એક છે, તેનો કિર્તાર વિષ્ણુ દાતાર. ચેતો-૭૩
હેજી, બ્રહ્માજીના પુત્ર તેને કહીયે, જે કોઇ પાલે બ્રહ્મચાર,
દાન લે તે તો સફલ કરે, તેને માથે ન હોય ભાર. ચેતો-૭૬

72. Those who are not steadfast do not achieve much. Again, there is only one Creator and He has created us to serve Him. Our Prophet Muhammed is (a manifestation of) Brahma.

73. Prophet Muhammed Mustafa was created to complete a mission. Brahma and Muhammed are one and Vishnu became his son-in-law.

76. The true followers of Brahma are the ones who follow the religion properly. They take alms after accomplishing their purpose and thus they do not owe anything to anyone.

સંદેશ:

- હિંદુ ધાર્મિક તત્વો, જેમ કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ને સતપંથ માં આવરી લેવામાં આવ્યા છે.
- મોહમદ પૈગમ્બર ને બ્રહ્મા બતાવામાં આવ્યા છે
- હઝરત અલી ને ભગવાન વિષ્ણુ બતાવામાં આવ્યા છે.
- જયારે સતપંથીઓ બ્રહ્મા બોલે, ત્યારે તેનો મતલબ (સતપંથીઓ માટે) મોહમ્મદ પૈગમ્બર છે અને જયારે વિષ્ણુ કહે ત્યારે તેનો મતલબ હઝરત અલી થાય છે.

<<<< આ જગ્યા ખાલી મુકવામાં આવી છે. >>>>

www.realpatidar.com mail@realpatidar.com

ભાગ ૨ - હઝરત (મુર્તુઝા) અલી, તેમના વાન્સજો (ઈમામ), મોહમ્મદ પૈગમ્બર, હિંદુ દેવો અને ઇસ્લામ (77 to 100):

કલમા:



હેજી બ્રહ્માજી તે નબી મહંમદ થયા, તેનો આ સદ્‌ગોર છે પરવાર,
તે સદ્‌ગોર સ્વર્ગથી ઉતર્યા, તેણે બાંધ્યો આ સર્વ સંસાર. ચેતો-૭૭

હેજી, એમણે પ્રથમ સહી કીધા, નજરે દેખાડયો શાહનો દિદાર,
એ મુરીદોએ પણ સહી કીધો, ઓળખ્યા તે ઉતર્યા પાર. ચેતો-૭૯

હેજી, જ્યારે એ ફરજંદ મોટો થાશે, ત્યારે કરીશું દુનિયાનો વહેવાર,
અમે તમે દોનું એક છીએ, તેનો કોઇ ન કરશે વિચાર. ચેતો-૮૮

હેજી, અલીમહંમદ એક છે, તેનાં નામનો જુજવો વિચાર,
અલી કલિયુગનાં વિષ્ણું કહીયે, નબીમહંમદ બ્રહ્માનો અવતાર. ચેતો-૯૬

હેજી, માતાજી ગયા બ્યેતુલ્લાહ માંહે, ઇબાદત કરવા સાર,
ઇબાદત કરી જ્યારે ઉઠીયા, અલી પેદા થયા તેણીજ વાર. ચેતો-૯૯

હેજી, માતાજી પડયા વિચારમાં, હવે ઘર ગયાની નહિ વાર,
ત્યાં તો ઘર બીજો થયો, ભીંત ફાટી બારી થઇ તેણીવાર. ચેતો-૧૦૦

77. Prophet Muhammed is like Brahmaji and the Satgur's Noor is descendant from Him. Satgur's Noor has come from the Heaven and He has taught the world the right religion.

79. Murtaza Ali was born to Abu Talib in Baitulla, which is in Mecca.

88. So Momins, serve that Lord and be thankful for Ali is Allah and do not ever doubt it.

96 Momins, do call Ali Allah and nothing less for I have believed in Him with implicit faith and He is my Lord.

*99. So Momins, God has proclaimed Himself in Hazrat Ali and there is no end to what He can do. **He gave us Islam** and then came to us riding Dul Dul and with Zulfiqar (sword) in His hand.*

100. The people were converted to Islam and no Hindus were left. They could practice their religion openly and Prophet Muhammed was their leader.

સંદેશ:

- ભગવાન બ્રહ્મા એજ મોહમ્મદ પૈગમ્બર છે જેણે સાચો ધર્મ બતાવ્યો છે.
- હઝરત અલી એ અલ્લાહ છે અને આ વાત સામે કોઈએ પણ સવાલ કરવો નહીં.
- હઝરત અલી એ ઇસ્લામ ધર્મ આપ્યું અને દલ દલ ઘોડા પર બસીને તલવાર લઈને આવશે.
- લોકો ઇસ્લામ ધર્મ માં વટલાશે અને કોઈ પણ હિંદુ નહિ બચે.

ભાગ ૩ - બીબી ફાતિમા (મોહમ્મદ પૈગંબરની દીકરી) અને હઝરત અલી (મુર્તુઝા અલી) ના લગ્ન (101 to 122):

કલમા:



હેજી, માતાજી ઉઠી તેમાં ગયા, અને હું રાઉં આવી તેણીવાર.
તે સમે અલી પેદા થયા, તે તો આદ નિરંજનનો અવતાર. ચેતો-૧૦૧
હેજી, હજરત અલી ત્યારે દુનિયામાં આવીયા, તેમની કુદરતનો નહિ પાર,
દીન ઈસ્લામ પેદા કર્યા, તેમને ઉતર્યા દુલ્દુલ ને જુલફિકાર. ચેતો-૧૧૭
હેજી, તે ખોજા તે ખિજમતમાં આલીયા, તેના નામ તણો વિચાર,
અરબી ભાષામાં તે હતા, તે ગુજરાતીમાં કહુ નિર્ધાર. ચેતો-૧૨૨

101. *Nabi Muhammed is the right Brahma and his daughter is Bibi Fatima. This worried the Prophet - who would marry his daughter?*
117. *Momins, Ali and Muhammed are one. It is like different attributes of God as one who would compare Ali to Vishnu and Muhammed to Brahma.*
122. *Hazrat Ali thus married Bibi Fatima, the Prophet's daughter, and the Prophet gave her a dowry of four servants.*

સંદેશ:

- બીબી ફાતિમા (આદ્ય શક્તિ) એ મોહમ્મદ પૈગમ્બર (નબી) ની દીકરી છે.
- હઝરત અલી એ ભગવાન વિષ્ણુ છે અને મોહમ્મદ ભગવાન બ્રહ્મા.
- બીબી ફાતિમા (આદ્ય શક્તિ) એ હઝરત અલી સાથે લગ્ન કર્યા.

<<<< આ જગ્યા ખાલી મુકવામાં આવી છે. >>>>

www.realpatidar.com mail@realpatidar.com

ભાગ ૪ - બીબી ફાતિમાના ૪ નોકરો (123 to 159):

સંદેશ ૧:

કલમા: 141, 142, 146, 147, 152, 154, 158 નં ના કલમા દસોન્દ ના બારામાં છે

સંદેશ: કોઈ પણ ભોગે દસોન્દ આપવાનું છે.

સંદેશ ૨:

કલમાં:

હેજી, બીબી ફાત્માહ ત્યારે બોલીયા, તમે સાંભળો હ્યદરે કર્રાર,
સારી ઉમર એણે સેવા કરી, તેનું આપણા શિર ઉપર છે ભાર. ચેતો-૧૨૫
હેજી, અમે તમને આઝાદ કીધા, તમે જાઓ નબી મહંમદને પાસ,
એમના કહ્યા માફક તમે ચાલજો, તો થાશે મોક્ષ મુગત દિદાર. ચેતો-૧૩૮
હેજી, તેની એધાની તમને દઉં છું, તમે સાંભલો કહું તે વિચાર,
આલ તમારી જે થાશે, દીકરા દીકરીનોપરવાર. ચેતો-૧૪૩
હેજી આથી આલ તમારી જુગમાં ચાલશે, તેને સાંસો નહિ પડે લગાર,
તે જીવ સત્ય ધરમ પીછાણશે, રોજે કયામત લગી સાર. ચેતો-૧૪૭
હેજી, તમારી આલના જે સાથે, તેના તો રહેશે સત્પંથસું વ્હેવાર,
નર નારી જે અલીજીને માનશે, પીર મુસલ્લે નબી મહમદ સાર. ચેતો-૧૪૯
હેજી, એતો મુલ ધર્મ ઉપર સાબિત છે, નથીમેલ્યો ધર્મ આચાર,
તેમણે સત્પંથ ગુપ્ત આરાધિયા, દીન ફાએસ ન ફીધો લગાર. ચેતો-૧૫૭

125. *These servants served both Bibi Fatima and her husband (Hazrat Ali) all their lives and even when their final moments came, they remained steadfast in their love for Ali.*
138. *After these four servants were married and after they had accepted Islam, they were released from Hazrat Ali's service; thus was His command.*
143. *Acknowledge Ali as Allah and Pir is on the same footing as the Nabi. Thus follow what we say to you and that will ensure that you and your family will flourish.*
147. *If you pay Dasond to Ali your material wealth and your progeny will increase. He will also keep your Iman strong. Verily Ali is the Creator.*
149. *The children that follow you will adhere to Satpanth. They will believe in Ali and will be among the Muslims who will acknowledge Muhammed.*
157. *They remained true to the right (original) religion and they did this without publicising it.*

સંદેશ:

- અલી અને બીબી ફાતિમાની આખી જીંદગી નીશ્સ્વાર્થે સેવા કરો
- જો તમે એમ કરશો તો તમારી પ્રગતિ થશે
- પણ તેમ છતાંય દસોન્દ તો આપવીજ પડશે
- તમે અને તમારા સંતાનો મુસલમાન બની જશો.

www.realpatidar.com mail@realpatidar.com

- બીજાને કીધા વગર છાનું માનું આ ધર્મને પાળજો. (આવું શા માટે હોવું જોઈએ?, તમે સમજજો)

ભાગ ૫ - હિંદુ ધર્મના ૪ જુગ સાથે સતપંથ ધર્મનું જોડાણ (160 to 199):

સંદેશ ૧:

કલમો:

હેજી, નબીજીની કલા માંહેથી ઉપન્યા, ઈમામ હશન હુશ્યેન પરવાર,
તેનારે કુલ માંહેથી ઉપન્યા, ઈમામ જયેનુલ આબદીન અવતાર. ચેતો-૧૬૦
હેજી, ત્યાંથી આલજે ચાલીયા, તેતો અવતારો અવતાર,
તેને સેવતાં જે ભુલશે, તે તો જાશે દોજકને દ્વાર. ચેતો-૧૬૧
હેજી, અલી નબીથી સત્પંથ ચાલીયા, તેના સેવીએ ગુપ્ત અવતાર,
અથર્વ વેદનો આ પંથ કહીયે, એને ખોળી કાઢો કુરાન મોઝાર. ચેતો-૧૬૨

160. *Hazrat Ali is from the Prophet's lineage and Hasan and Husseyn are His children and Zainulabdeen is His grandson.*
161. *Similarly this line will continue with every Joma (every descendant Imam). Momins, do not forget to serve Him, for if you do, you will not achieve heaven.*
162. *The religion that has been introduced to you by Ali and Nabi, observe it within yourself for truly this religion is from the time of creation and you can find its proof in the Holy Quran.*

સંદેશ:

- મુમ્નાઓએ હઝરત અલીના વંશજોની સેવા કરવાની રહેશે
- સતપંથ ધર્મ ના પુરાવા કુરાન માં મળશે.

સંદેશ ૨:

કલમો:

166, 167, 168, 169 - ૪ જુગ / યુગ માં કેટલા લોકો ને (કરોડો લોકોને) મોક્ષ મળ્યું અને તેમના ગુરુ કોણ હતા.

171 to 176 –કર્તા યુગ –૧ લું યુગ –રાજા પ્રહલાદ ની વાર્તા

177 to 183 –ત્રેતા યુગ –૨ જું યુગ –રાજા હરિશ્ચંદ્ર અને રામ ની વાર્તા

184 to 192 –દ્વાપર યુગ –૩ જું યુગ –પાંડવો અને ભગવાન કૃષ્ણ ની વાર્તા

194 to199 –કલી યુગ –૪ થું અને છેલું યુગ –ઈમામ અલી અને મોહમ્મદ પૈગમ્બર ની વાર્તા

સંદેશ:

- ૪ થા જુગમાં, એટલે કે વર્તમાન જુગ / યુગ માં, ઈમામ અલી જ ભગવાન છે એટલે તમે તેની પૂજા કરજો.

www.realpatidar.com mail@realpatidar.com

ભાગ ૬ - પીર શમ્સ ની વાર્તાઓ (200 to 381):

પીર સલાહ્દીન, પીર શમ્સના પિતા હતા અને તેવો સ્વર્ગ થી આવ્યા હતા અને પાટણ માં વસ્યા હતા. તેમને પાટણના રાજાને વટલાવ્યા હતા અને તેમની દીકરી સાથે લગ્ન કર્યા હતા. તેવો અલીના વન્સાજ છે, એમ અહીં કહેવામાં આવ્યું છે.

કલમા:

207, 208, 209, 360, 361, 379 –મોક્ષ માટે કોઈ પણ કીમતે દસોન્દ આપો

a. કાગળનું નાવ ની વાર્તા (218 to 253)	આ વાર્તામાં, પીર શમ્સએ એક કાગળની નાવ બનાવી અને તેમાં સેર કરવા નીકળ્યા
b. દૂધ, ફૂલ અને ઝેર ની વાર્તા (254 to 270)	આ વાર્તામાં પીર શમ્સએ ઝેર વાળું દૂધ પાછુ મોકલાવ્યું
c. મૃતક છોકરાને જીવતો કર્યો (271 to 290)	આ વાર્તામાં એક મૃતક છોકરાને પુનઃજીવિત કર્યો
d. સુર્ય અને ચંદ્ર ને ધરતી પર લાવ્યા (291 to 356)	આ વાર્તામાં સુર્ય ને ચંદ્ર, પીર શમ્સ ના ઈશારા પર ચાલતા હોય એમ બતાવામાં આવ્યું છે.
e. અલ્લાહ ને માનો અને દસોન્દ આપો (357 to 381)	આ વાર્તા માં સતપંથીઓ ને warning આપવામાં આવી છે કે તેવોએ અલ્લાહ ને માનવું અને દસોન્દ ઈમાનદારીથી કોઈ પણ સંજોગો અને હાલ માં આપવું. નહીં તર તેણે મોક્ષ નહીં મળે.

<u>સંદેશ:</u> ઉપર જણાવેલ પીર શમ્સની વર્તોમાં એક સંદેશ ચોખો છે, જે એમ છે કે સતપંથ ધર્મને કોઈ પણ જાત ના સવાલ, શંકા કર્યા વગર આપનાવો અને અલ્લાહ અને કુરાન ને માનો, નહીં તર.... (વિચારીલેજો)

ડરાવના અને માનવામાં ન આવતા દાખલાઓ આપીને લોકોને ધભરવા કે જો તમે સતપંથ ધર્મ પર શંકા કરશો કે દસોન્દ નહીં આપો, તો તમારી અધોગતિ થશે.

<<<< આ જગ્યા ખાલી મુકવામાં આવી છે. >>>>

www.realpatidar.com mail@realpatidar.com

ભાગ ૭ - પીર નસીરુદ્દીન ની વાર્તાઓ(382 to 392):

- પીર નસીરુદ્દીન, પીર શમ્સ ના પુત્ર, એ પણ પીર શમ્સની જેમ ધર્મનો પ્રચાર કર્યો.
- વર્તમાન ઈમામ ને તેવોએ ઓળખ્યા. ("ઈમામ" એટલે કે હઝરત અલીનો અવતાર – કહેવામાં આવતો ભગવાન વિષ્ણુ નો ૧૦મો અવતાર)
- એના હજારો લોકોને ઇસ્લામ તરફ વાળ્યા.

ભાગ ૮ - પીર સદ્દીન ની વાર્તાઓ (393 to 437):

સતપંથ ધર્મના સ્થાપક, પીર સદ્દીન હતા. તેમના આ ધર્મને "સતપંથ" નામ આપ્યું અને સતપંથ ધર્મના અનુંયાયોને "મુમના" નામ આપ્યું.

કલમા:

હેજી, મલજો નિત્ય નિત્ય ગત માંહે, ગોર મુખી સાથે કરજો સદ્ વિચાર,
તો પાપ તમારાં સર્વ ઉતરશે, દુ:ખ ધંધાનો મટશે, આજાર. ચેતો-૪૦૩

હેજી, તે જીવ સદ્ગોર વચને ના ચાલીયા, તેનું દાન પુન્ય તિર્થ અફળ સાર,
આ તમનેકહું શું મુનિવરો, સદ્ગોર વાણીનો કરજો વિચાર. ચેતો-૪૧૨

હેજી, જીવ આ જુગમાં નહિ ચેતીયા, તેના જીવ પડયા જંજાલ,
સદ્ગોરના શરણથી ચુકીયા, ચોવીસકોડીની વાટ પડી ઘોર અંધાર. ચેતો-૪૧૩

હેજી, સતપંથ વિના ધર્મ જેટલા, તે તો નિષ્કલંકી રાહથી બહાર,
તે સ્વર્ગ ભોગવી ઉતરે, નહિ પામે અમરાપૂર સાર. ચેતો-૪૨૭

હેજી, તેણે તે સદ્ગોર મુખે વાવીયું, ઓળખી હાજર જામો અવતાર,
હાજર જામો તેને સફળ થયો, જેણે બીજે ન રાખ્યો વ્હવહાર. ચેતો-૪૨૯

હેજી, સદ્ગોરની શીખે તે ચાલીયા, સુદરદીન પીર પરખ્યા પુરે ઈમાન,
તે સદ્ગોર પ્રતાપે ઓધર્યા, તેને મટીયા ચોરાસી ફેરા નિધાન. ચેતો-૪૩૦

હેજી, સાચી નાવ તે સદ્ગોર તણી, તેમાં ખુબી છે ખેવણ હાર,
તેમાં નાખવો છે નર ઈસ્લામશાહ, તેમાં માલમ સદ્ગોર સુરદીન સાર. ચેતો-૪૩૧

403. Kindle the love and serve with love; destroy the doubts that arise in your mind; always observe the Dasond and pay it to Ali's progeny.

412. So Momins, don't delay giving Dasond for it is through this that you show your devotion to Ali; pay your Dasond to Ali and never doubt Him.

413. Do not procrastinate in giving Dasond for that will involve your soul more in worldly affairs and you will be like the 24 Karor who got involved with material things in life.

www.realpatidar.com mail@realpatidar.com

427. *Those who have second doubts whilst giving Dasond and get attached to their worldly possessions, find themselves in the company of untrue gurus who don't even know how to correct their own wrongs.*

429. *All the other religions will lead you to heaven but it is only Satpanth that will lead you to the eternal heaven (Amrapuri).*

430. *The 12 Karor who achieved salvation were true Dasondi and they never ate before paying Dasond.*

431. *They obeyed Imam's Farmans and recognized Him as God Manifest. The present Imam blessed them and they never looked elsewhere for guidance.*

સંદેશ: ઉપર જણાવેલ કલમા માં બે સંદેશો જાણવા મળે છે,

i. કોઈ પણ સંજોગોમાં અને કોઈ પણ કીમતે દસોન્દ આપવું, મોક્ષ મેળવવા માટે ફરજીયાત છે.

ii. ઈમામના ફરમાન (આદેશ) નું ચુસ્ત રીતે, કોઈ પણ શંકા કે પ્રશ્ન કર્યા વગર પાલન કરવું.

iii. સતપંથ ધર્મ ના બારામાં કોઈ અન્ય લોકો પાસે માહિતી મળવવી નહિ. (સમજી લેજો શા માટે).

<<<< આ જગ્યા ખાલી મુકવામાં આવી છે. >>>>

www.realpatidar.com mail@realpatidar.com

ભાગ ૯ - પીર હસન કબીરુદ્દીન ની વાર્તાઓ (438 to 630):

પીર હસન કબૃદીન, પીર ઈમામ શાહ ના પિતા હતા.

સંદેશ ૧:

કલમા:



હેજી, મેહેર કરી મારા સ્વામીજીએ, સેવક જાણી કીધી સંભાળ,
સદ્‌ગોરે તપ એવા સાધીયા, જેથી પ્રસન્ન થયા કિર્તાર. ચેતો-૪૩૯
હેજી, પાત્ર અવતાર આ યુગ સંધે, બેઠા મલેચ્છ રૂપે મૂરાર,
અલીજીનો અવતાર તે કહીયે, શંકા ન આણશો લગાર. ચેતો-૪૪૭
હેજી, હશનશાહે સ્વામીજીને ઓળખ્યા,નર ઈસ્લામશાહ મુજ ભરથાર,
સદ્‌ગોરે તપ અદકા કર્યા, ત્યારે સ્વામીજીએ અતીધર્યા પ્યાર. ચેતો-૪૫૦
હેજી, ઉંચથી હશનશાહ ચાલીયા, શાહ દર્ગાહનો રાખી વિચાર,
નર નકલંક તે ભેટીએ, એથી ટાળયા જીવતણા આજાર. ચેતો-૪૫૧
હેજી, સ્વામીજીએ છેડો કાઢીયો, પોતાને હાથે બાંધ્યો દસ્તાર,
જ્યાં શીરબંધ સ્વામીજીએ બાંધીયા, ત્યારે રાજી થયા અપાર. ચેતો-૪૬૬
હેજી, ત્યારે સ્વામીજીએ શીરબંધ બાંધીયું, અને પ્રસન્ન હુવા વરદાતાર,
માંગો માંગો સદ્‌ગોર સ્વામીજી કહે, ધન્ય ધન્ય તમ અવતાર. ચેતો-૪૭૦
હેજી, માત તાત બંધવ તમે, સદાના સ્વામી મારા ભરથાર,
અમેરે બાંદી સ્વામી તમ તણી, તમે પુરુષ નિરંજન અવતાર. ચેતો-૪૭૬

439. He humbled himself like a wife and recognized his Lord. He never had any other thought in his mind and meditated on His Name to achieve Him.

447. In the present era that Guru has come as Nabi Muhammed (Brahma) and do recognize him as the True Guru. Pir Hasan Kabirdin and Pir Sadardin are from his lineage.

450. Accept Ali as Allah for Pir has served Him in many eras. In the present he serves Shri Islam Shah and resides in Kehek.

451. The Imam called Satgur with love and looked after him. The Satguru who is Brahma's Avtar, is Pir Hasan Kabirdin who resided in Uch.

466. I have accepted you as my Lord forever, yet I am very sinful, so I have come to your feet and only you can forgive my sins

470. Pir replied: You are my Lord and I am your slave. I am full of sins and you are the One who can forgive them.

476. O Lord, You accepted me at Your feet and have counted me amongst Your slaves.

સંદેશ: ઉપર જણાવેલ કલમા માં લોકોના મગજ માં એવી વાત બેસાડવામાં આવી છે, કે જાણે પોતે ઘણા બધા પાપો કર્યા છે અને એટલે સજાથી બચવું હોય તો વર્તમાન ઈમામની સેવા, જેમ એક પત્ની પોતાના પતિ ની સેવા કરતી હોય, તેમ નીશ્સ્વાર્થે સેવા કરવી.

સંદેશ ૨:

કલમા:

હેજી, અમરાપરી મા તે ઘર ચણાવશે, તેમાં હીરા જડિત્ર અપાર,
સુવર્ણ ઈંટે ઘર ચણીયા, ગારા કસ્તુરીના સાર. ચેતો-૫૨૦
હેજી, પચાસ મલાયક હજુરમાં, ફર્માની રહેશે એ ઘર મોઝાર,.
તે તો આસન આલીને ઉભા રહેશે, સહેલ કરશે સ્વર્ગ મોઝાર. ચેતો-૫૨૨
હેજી, અમને તમને જે જીવ ઓળખશે ? તે અમરાપુરી પામસે સાર,
દશાંશી સુક્તિ સદ્‌ગોર મુખી, તેને કલિયુગ નહી લોપે લગાર. ચેતો-૫૨૩
હેજી, સત્ય ધર્મ જે જીવ ચાલશે, તેને આવા ગમન નહીં સંસાર,
બ્રહ્મા ને સત્ય કરી માનશે, ઓળખે હાજર જામો અવતાર. ચેતો-૫૨૪
હેજી, તમ ઘર પીર ઈમામશાહ બાલ, જે મહા બ્રહ્મા અવતાર,
તે ઘર અમો નર મહંમદ થઇ આવશું, તેનો કોલ આપું નિર્ધાર. ચેતો-૫૭૧
હેજી, સ્વામીજીના વચન તમને કહ્યા, અમે સાંભળ્યા શાહોનો દરબાર,
તેમને વચને જે જીવ ચાલશે, તેના ટલશે સરવે જ જાલ. ચેતો-૫૭૮
હેજી, છેલ્લો અખાડો કલિયુગ તણો, શાહો ઓળખ્યા તે પામ્યા પાર,
અમને, તમને, સર્વ જગતને સૃજીયા, અને ઓલખ્યા વિના નહિ જાએ જંજાલ. ચેતો-૫૮૩
હેજી, મારો તમારો કોલ છે, ઋષિવરો કહું વિચાર,
આલ અલી તે શ્રી ઈસ્લાલશાહ કહીયે, તે શ્રીનરઅલી મહંમદશાહ અવતાર. ચેતો-૫૮૪
હેજી, હક કમાઇ ખાજો પેટમાં, આછા ધંધા કરજો નરને નાર,
અજંપા જાપે ઓધરસો, ઓળખજો નર મહંમદશાહ અવતાર. ચેતો-૫૯૦
હેજી, એ ઘરની ઉમ્મેદ રાખજો ઋષિવરો, જ્યાં હોવ ત્યાં સેવજો સાર,
સદ્‌ગોર હશનશાહે એ ઘર બતાવ્યું, તેમાં હે સાંસો મધરજો લગાર. ચેત-૬૦૪
હેજી, ગોરનાં ચરિત્ર દેખી ભૂલશે, ગોર ઉપર નહિ આણે ઇતબાર,
મૂર્ખે માણસ રૂપે કરી જાણીયું, ગુરૂ વચને ન રહ્યા થર લગાર. ચેતો-૬૨૦

520. Those who will sacrifice in Satpanth, will find that for each sacrifice they will be rewarded 1 1/4 million times.

522. When these souls reach Heaven (Amrapuri) they will find that their houses will be made of golden bricks studded with diamonds and the beams will be made of sweet-smelling wood and the mud will be composed of Kasturi (precious perfume).

523. Fifty angels will quench these people's thirst and one of them will marry him/her and they'll beget 500 sons, all of whom will be true Farman-Bardari Momins.

524. 500 slaves will serve that Momin and will be at his command and indeed that soul will be soaring high.

571 Infinite souls have been blessed because of you, of which 48 Karor will come to My door, led by you; Indeed you are a good man. When the (final) Great Day arrives, Pir and Prophet will be the leaders and I will be there in Arabic (human) Avtar and judgement will (..... check).

www.realpatidar.com mail@realpatidar.com

578. So serve that Lord without a doubt for the One I have seen has really created the whole universe.

583. Tell them about the infinite souls for which you are responsible, and the 48 Karor who are close to Ali. So those people who will follow the right path will be saved by Ali.

584. Momins, follow the Satpanth for your salvation for the ten Avtars are over and there won't be an eleventh.

590. My Lord resides (secretly) in the West continent - Iraq - He is the Living Imam and Ali Himself.

604. Those who will earn an honest living and will pay Dasond will be amongst the souls (saved by Pir Hasan Kabirdin).

620. Do not look at what Ali does, but obey what He says, for as the times will change, Ali's actions may be beyond your comprehension.

સંદેશ: જો લોકો દસોન્દ ઈમાનદારીથી આપશે તો તેમને તેના બદલામાં ખુબ સારી (ઉપર જણાવેલ પ્રમાણે) રીતે વળતર મળશે. નહિ તર એની ખુબ અધોગતિ થશે. આવી રીતે પ્રલોભન અને ડર ના મળત થી લોકોને સતપંથ તરફ આકર્ષીયા છે અને દસોન્દ આપવા મજબૂર કર્યા છે.

<<<< આ જગ્યા ખાલી મુકવામાં આવી છે. >>>>

www.realpatidar.com mail@realpatidar.com

સારાંશ

વધુ સંખ્યા માં લોકોને સતપંથ તરફ વળવા અને એના લીધે પોતાની દસોન્દની આવક વધારવા, નીચે પ્રમાણેની રણનીતિ અપનાવી હતી;

1) સતપંથ ધર્મને હિંદુ ધર્મ સાથે જોડીને તેમના આવતા સમાજ એટલે કલિયુગ નું ધર્મ બતાવામાં આવ્યું
2) સતપંથ ને ઇસ્લામનું ફાટું બતાવામાં આવ્યું
3) હઝરત અલી ને ખોટી રીતે ભગવાન વિષ્ણુનો ૧૦ મો અવતાર બતાવામાં આવ્યું. કારણ કે હિંદુ ધર્મમાં ભગવાન વિષ્ણુનો ૧૦ મો અવતારે જન્મ લીધોજ નથી.
4) સવાલ અને શંકા ન કરે એટલે લોકોને ડરાવ્યા.
5) સતપંથ અને ઈમામ ના ફરમાન ને ન પાળનાર લોકો ની અધોગતિની કાલ્પનિક દાખલાઓ લોકો સામે મુક્યા. જેનાથી મોકોના મન અને દિમાગમાં ડર ઉત્પન્ન થાય અને ઘભરાઈ ને સતપંથ ધર્મ પળે. યાદ રાખજો સતપંથ ધર્મનું પહેલું અને મુખ્ય ફરમાન છે કે દસોન્દ આપો.
6) દસોન્દ આપનાર લોકોને અમરાપુરી (સ્વર્ગ થી પણ કઈ વધારે) મળશે, એવું પ્રલોભન આપવું.
7) દસોન્દ આપવાથીજ મોક્ષ મળશે, તેવી વાત મગજમાં ઘુસડવી.
8) ઈમામ, પીર અને તેમના વંશજો જ પૂજનીય છે, એટલે તેમના ફરમાન પાળજો.

તારીક: ૦૬-જુલાઈ-૨૦૧૦

સ્થળ : ભારત

https://archive.org/details/bk049/page/n305/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

પંચમ વેદ

(ભાગ-3)

મુક્તિનો ભેદ, અથર્વદીય ગીનાન

ગુરુ મુખવાણી

સર્વહક્ક સ્વાધીન

"પ્રકાશક"

શ્રી અખિલવિશ્વ સતપંથી ધર્મીય સંઘ, કલકત્તા.

https://archive.org/details/bk049/page/n306/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

શ્રી ચેતામણી

ચેતો ઋષિવરો ગુરૂ કહે

શ્રી સદગોર બ્રહ્મવાચા

હેજી, આદ નિરંજન અવતર્યા, તેનું થાનક છે એરા ખંડ માંહે, સદ્‌ગોરે સોહી દેખાડીયા,
તે સેવીયા નવે ખંડ માંહે, ચેતોઋષિવરો ગુરૂ કહે, નરને નારાયણજીએ એમ કહ્યા. ૧
હેજી, આલ નબીજીની કહીયે, મહંમદ પીર અલ્યે હિસ્સલામ આએ, ઈસરે આલથી જે કોઈ ભૂલશે,
તે તો જાસે દોજકની માંએ. ચેતો-૨
હેજી, એરે આલથી આલજે ચાલી, તે તો આવી કેક નગરી માંહે,
વરજા સેહેરમાં તેનું થાનક કહીયે, શ્રી ઈસ્લામ શાહ બેઠા છે ત્યાંએ. ચેતો-૩
હેજી, જામા જામા માંહે નરજી આવીયા, તેની આલતે ચાલી સાર,
આ ચાલીસ સીપારા કુરાનના, તે માંહેથી ત્રીસ છે દુનીયાની માંએ. ચેતો-૪
હેજી, દશ સીપારા બાકી રહ્યા, તે તો છે આ ઘર માંહે,
અથર્વ વેદ તે કહીયે, તેની વાણી છે સદગોરની મુખ માંહે. ચેતો-૫
હેજી, આલ અલી નબીની જુગો જુગઆવી, તેમણે કીધો ધર્મ ઉપાએ,
પીર ઈમામ શાહે દેખાડીયા, તે નરઅલી મહંમદ શાહ કહેવાયે. ચેતો-૬
હેજી નુર માંહેથી નુર પ્રગટયા, તેનો વાસો છે નુરજ માંહે,
તેમણે આ સત્પંથ પેદા કીધા, તે ખેળી કાઢો કુરાનની માંહે. ચેતો-૭
હેજી, ચાર વેદ અને ચાર કીતાબ બોલીયા, સદ્‌ગોર સરવે તે આંએ,
ઈલમ અલ્લાહ જીએ ભેજીયા, ફરજ સર્વે કુરાનની માંએ. ચેતો-૮
હેજી, ફરજ કુરાન માંહેથી ઉપન્યા, તે તો પરવરીયા પૃથ્વીની માંએ,
સરીયત તરીકત હકીગત રાહ કહીએ, તેની માએની છે મારફત માંહે. ચેતો-૯
હેજી, મારફત માંહેથી કાઢી કરી, તે તો આપી સતપંથીઓને આજ,
રેહેણી રાખો નિશ્ચ કરી, તો સરસે આપણા જીવોના કાજ. ચેતો-૧૦
હેજી, ઈસરે રેહણીથી જે કોઈ ભૂલશે, તેનું ઠામ નહિ કોઈ ઠાએ,
તે તો ફેરાફરે ચોરાસી માંહે, તે તો મોક્ષ નહિ પામેરે કાંએ. ચેતો-૧૧
હેજી, લક્ષ ચોરાસી યોની તો છુટીએ, જો રહીએ સદ્‌ગોરના ફર્માન માંહે,
દશાંશ દેજો આપણા સદ્‌ગોર મુખે, તો વાસો થાશે વૈકુંઠ માંએ. ચેતો-૧૨
હેજી, વૈકુંઠ છે આ ઘર માંહી, તેના સુખ કહ્યા નવજાએ.
સદ્‌ગોરે દીઠી તેવી કહી, ત્યાં હુરાં મલાયક કહેવાએ ચેતો-૧૩
હેજી, અનંત મેવા તે મોહોલ માંહે, તે ઘરની શોભા છે અપાર,

https://archive.org/details/bk049/page/n307/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

મુનિવાર ઋષિવર ત્યાં મહાલશે, લીલા લાડ કરશે તે ઠાર ચેતો-૧૪
હેજી, એવા તે ઘર તે જીવ પામશે, જે ચાલશે સત્પંથ માંહે,
ખરા દશાંશી શુકૃિતે પુરા હશે, તેની સાખ છે ઈલમની માંહે. ચેતો-૧૫
હેજી, ઈલમ આલથી પ્રગટયા, તેની સાંખ છે કુરાનની માંહે,
કુરાન અરસ માંહેથી ઉપન્યા, તેની સાખ છે આ ઘર માંહે, ચેતો-૧૬
હેજી, આ ઘર દેખીને જે ભૂલશે, તે તો જાશે, દોજકની મોહે,
આદ ઉનાદથી આ ઘર કહીયે, તેને શેવતા વિલંબો ન કાંએ ચેતો-૧૭
હેજી, બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર કહીયે, તે તો છે સર્વે આ ઘર માંહે,
આ ઘરથી આલજે ચાલીયા, તે તો પરવરીયા પૃથ્વી માંહે. ચેતો-૧૮
હેજી, વિષ્ણુ તે તો વરદાતાર થયા, કૃપા કીધી બ્રહ્માજીને જ્યાંએ,
તમે જાઓ યુગો યુગ વાણી કરો, અમો આવશું તમ સાથે ત્યાએ. ચેતો-૧૯
હેજી, તેઓને ફર્માને બ્રહ્માજી આવીયા, વાણી કીધી યુગોયુગ માંહે,
પ્રબોધી પૃથ્વી બ્રહ્માજીએ, અને સત્ ધર્મ ચલાવ્યા ત્યાંએ. ચેતો-૨૦
હેજી, અનંત કલફ આગે વહી ગયા, પછી આવ્યા આ કલફજ ચાર,
તેમાં ત્રણ કલફ પુરા થયા, તે બ્રહ્માજીને ફર્માને સાર. ચેતો-૨૧
હેજી, એક કલફ આ પરવર્યો, અને તેના યુગ કીધા ચાર,
આદ ઉનાદે ભેળા હતા, સદ્ગોર સ્વામીજી તે સાર. ચેતો-૨૨
હેજી, ત્યારથી સદ્ગોર પ્રગટયા, અને આવ્યા યુગોયુગ માંહે,
તેમાંથી ત્રણ યુગ વહી ગયા, તેનાં જીવડા પોહોચ્યા થાનક માંહે. ચેતો-૨૩
હેજી, અવતારો અવતાર વહી ગયા, રચના કીધી બ્રહ્મા વિષ્ણુએ ત્યાંએ,
આદ કલિયુગ છેલ્લી સંઘ છે, શ્રી મુર્તુઝા અવતર્યા મક્કા માંહે. ચેતો-૨૪
હેજી, ત્યાંથી આલજે ચાલી છે, તે તો આવી છે હીમપુરી નગરી માંહે,
શ્રી નર મહંમદશાહ તે નુર કહીયે, તે શાહોજીનું તેજ જ્યાંએ. ચેતો-૨૫
હેજી, એ ઘર સેવે જે સત્ય શું, તેનાં પાપ સર્વે જાએ,
અવતારે અવતાર જે ઓળખે, તે જીવ મોક્ષ મુગત પાએ. ચેતો-૨૬
હેજી, આ ઘર દશાંશ દીજીએ, તેમાં આળસ ના કીજે લગાર,
અનેક જીવ આગળ ઓદર્યા, જેણે ઓળખ્યા યુગના ભરથાર. ચેતો-૨૭
હેજી, દશાંશ વિના નહિ છુટશો, સાંભળો મુનિવરો કહું છું વારમૂવાર,
છેલ્લો અખાડો આ કળીયુગ તણો, તે માંહે શુકિત લેજો સંભાળ. ચેતો-૨૮
હેજી, દશાંશ દશમી પાંતી કહીયે, તે તો આલો નરજીનો અહાર,

https://archive.org/details/bk049/page/n308/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

ચાલીસો તે પીરની પાંતી કહીયે, દેજો મુનિવર તણો એ વેહવાર. ચેતો-૨૯
હેજી, દશાંશ આલતા જે જીવ ડોલાવશે, તેનું હાલ માલ નહિ રહેશે પરવાર,
ક્રિયાના હિણા જીવ કોઇ નહિ તરે, એમ સદ્‌ગોરજી કહે પોકાર. ચેતો-૩૦
હેજી આખર જમાનો આવીયો, આવી છેલ્લી કલિયુગની વાર,
અવતાર સર્વ પુરા થયા, હવે સ્વામી રાજા થાશે અસ્વાર. ચેતો-૩૧
હેજી, દલરે ચાલે નિષ્કલંકી તણા, ત્યારે થાશે તે હલ હલ કાર,
તેમાં સતી જીવ હશે તે તરશે, અને કાહેર ખાશે ઘણ કેરો માર. ચેતો-૩૨
હેજી, કાહેર મા થાશો મુનિવરો, આગળ છે દોહેલી વાટ,
સ્વામી રાજા લેખાં માંગશે, નિશ્ચે જાણજો નિરધાર. ચેતો-૩૩
હેજી, કલિયુગ સંઘ છે દોહેલી, મુનિવર તમે રેહજો હુંશિયાર
દશાંશ દેજો સદ્‌ગોર મુખે, જેથી ઉતરશો પરલોરે પાર. ચેતો-૩૪
હેજી, દશાંશ નહિ દેશે સદ્‌ગોર મુખે, તે તો કાહેર ખાશે ઘણ કેરો માર,
તેના હૈયામાંથી અગ્નિ ઉઠાડશે, ત્યારે જીવડો કરશે પોકાર. ચેતો-૩૫
હેજી, સદ્‌ગોરે સર્વ સંભળાવિયા, મુનિવર તમે કરજો વિચાર,
આદ ઉનાદથી એ ઘર ચાલીયા, તે વાણીનો કરજો વિચાર. ચેતો-૩૬
હેજી, લેખું લેશે ગોર નર સાંઇયાં, ત્યાં પુંછાશે સહુ નરને નાર,
ઓત્તમ મધ્યમ ત્યાં કોઇ નહિ, કોઇ કેની વાર .ન કરશે લગાર. ચેતો-૩૭
હેજી, ઓત્તમ આચારે ઓત્તમ કહીયે, અને મધ્યમ જાણજો મધ્યમ આચાર,
સૌજ્ઞાન સાંભળે આગળા, કોઇ કેનું કહ્યું નહિ કરે નર કે નાર. ચેતો-૩૮
હેજી, બાપ બેટો કેનો નહિ, અને કોનું કુટુંબ પરવાર,
એવી વેલારે જ્યારે આવશે, ત્યારે નહિ કોઇ સાસરૂં મોસાળ. ચેતો-૩૯
હેજી, જે જીવ સેવાથી ચુકશે, અને હૃદય ધરમ નહિ આણે લગાર,
માયાના મોહે બંધાઇ રહેશે, સ્વાર્થે સૌ કોઇ જાશે સંસાર. ચેતો-૪૦
હેજી, કલિયુગ જમાનો કઠણ આવશે, ત્યારે સૌના દલમાં વસે કાલ,
તે માંહે જે જીવ નહિ ચેતશે, તેનો જીવડો પડયો જંજાલ. ચેતો-૪૧
હેજી, સંસાર સર્વે સાંભળજો. અને સાંભળી મા થાજો ગમાર,
સદ્‌ગોર યુગો યુગ માંહે આવીયા, તેની વાણીનો કરો વિચાર, ચેતો-૪૨
હેજી, માંહો માંહે લડશે, અને માત પિતાનો પરીવાર,
કઠણ વચન કહેશે આપ માંહે, એવો આવશે કલિકાલ. ચેતો-૪૩
હેજી, કોઇ કેનૈ ઘેર નહિ આવશે, અને મન માંહે કરશે તે રીસ અપાર,

https://archive.org/details/bk049/page/n309/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

અહંકાર અતી ઘણો આણશે, તે જાશે નરકને દ્વાર. ચેતો-૪૪
હેજી, મન માંહેથી જે ભૂલશે, નહિ કરે કોઇ જ્ઞાનનો વિચાર,
કૂબુદ્ધિને કાલ નહિ ઉતરે, અધર્મિ કરશે ઉત્પાત અપાર. ચેતો-૪૫
હેજી, ગતનો મેળો તેથી ભાંગશે, ત્યારે નહિ કોઇ આવશે ધરમ દ્વાર,
અધર્મ એવા ચાલશે, તેથી ઓરા હશે નરને નાર. ચેતો-૪૬
હેજી, માતાના તન માંહેથી ઉપજશે, તેના થાશે પુત્રને પરવાર,
દયા ના આવે તેના હૃદય માંહી, અને સૌના હૃદયમાં વાપશે કાલે, ચેતો-૪૭
હેજી, એવા એધાણે તમે જાણજો, તમે આપતણો કરજો વિચાર,
સ્વાર્થે સંસાર બગડશે, સૌ મેલશે ધરમ આચાર. ચેતો-૪૮
હેજી, બારમી સંઘ જ્યારે આખર થાશે, ત્યારે ધરમ નહિ રહેશે લગાર,
દશાંશદેતાં મનમાં ઓછું આણસે, એવો આવે સંસાર. ચેતો-૪૯
હેજી, ખાના માંહે ભૂત ખાના વ્યાપશે, અને મુનિવરનાં મન કઠણ થાશે અપાર,
માસ છ માસે ખાના માંહે ન આવશે, ધર્મશાળે પાપ નહિ ઉતરાવે લગાર. ચેતો-૫૦
હેજી, અધર્મ વારો જ્યારે આવશે, ત્યારે ધોરી છાંડશે ધરતીનો ભાર.
થર થર ધરતી ધ્રૂજશે, પાપ કરમનો નહિ કંઇ પાર. ચેતો-૫૧
હેજી, ગત તીર્થ કરી નહિ જાણે, જાણેજ વિરલા કોએ,
અંહકારથી સૌ હારશે, એથી ગતનો મેળો ભાંગે સોએ ચેતો-૫૨
હેજી, સદ્‌ગોરને વાએકે જે નહિ ચાલશે, આપણો મુનિવરનો જે આચાર,
દશાંશ નહિ દે સદ્‌ગોર મુખે, અને મેલશે ધરમનો વિચાર. ચેતો-૫૩
હેજી, અધર્મે અન્ન નહિ નીપજે, અને વણસશે મોહોટા ભંડાર,
માગ્યા તે નહિ વરસે મેવલા, અલ્પ કણ ઉપજશે સાર ચેતો-૫૪
હેજી, આસમાનથી મેવલા નહિ આવશે, અલ્પ સલ્પ વરશે સાર,
તે હાથે સર્વે સ્વામીજીને, જેણે સજર્યો સર્વ સંસાર. ચેતો-૫૫
હેજી, સંસાર સર્વે સજર્યો સ્વામીજીએ, તે સૌનો રોજી પુરાણ હાર,
તેમાં અથર જીવ આ યુગ તણા, તેને વિશ્વાસ નહિ લગાર. ચેતો-૫૬
હેજી, વિશ્વાસ નહિ રાખે નિશ્ચત કરી, નહિ રાખે સાહેબ શું પ્યાર,
ભૂ...ા ભૂલ્યા સૌ આગલા, એ તો બહેરે બહેરા મલશે સાર. ચેતો-૫૭
હેજી, શાહો ઉપર સંતોષ રાખીયે, નવ કરીએ અવર આગળ પોકાર,
જેણે આ યુગ પેદા કર્યા, તે સ્વામી છે રોજી પુરણહાર. ચેતો-૫૮
હેજી, સેવા તે કીજીએ શાહો તણી, તો ટળે જીવું ના જંજાલ,

www.realpatidar.com mail@realpatidar.com

માતાના ઓદરમાં જેણે પુરીયા, ગર્ભવાસમાં કીધી સંભાલ. ચેતો-૫૯
હેજી, એવા સ્વામી ઉપર વિશ્વાસે નહિ રાખે, અને ચાલશે પોતાને વિચાર, ચેતો-૬૦
આપ મતે જે કોઇ ચાલશે, તેના મનનો નહિ ટળે વિકાર.
હેજી, સંસાર સઘળો એમ થયો, સદ્‌ગોર કહે કેટલી વાર, ચેતો-૬૧
મૂર્ખ મર્મ જાણે નહિ, બૂડે સૌ કોઇ ગમાર.
હેજી, સદ્‌ગોરની સેવાથી જે નર ચુકશે, તેનો ભઠ પડયો અવતાર, ચેતો-૬૨
ચેતનહારા જીવ તમે ચેતજો, મનુષ્ય જન્મ નહિ આવે બીજી વાર.
હેજી, મહા રતન પદાર્થ મનખો, તેને ગુરૂજીએ ધર્મ દીધા સંભાલ, ચેતો-૬૩
તેમાં સાચા મુનિવર તે આપણા, તેને સ્વામી રાજા લેશે ઉગાર:
હેજી, તમો ખરી દશાંશ દેજો સદ્‌ગોર મુખે, તો તમે બાંધી પુન્યની પાળ, ચેતો-૬૪
જે જ્ઞાન વિચારીને ચાલીયા, તેને કલિયુગ નહિ લોપે લગાર.
હેજી, ચાર યુગ હવે પુરા થયા, નહિ હવે અગિયારમો અવતાર, ચેતો-૬૫
સંસારનો સાંસો મટે સદ્‌ગોરથી, તેને ચરણે રહો નિર્ધાર.
હેજી, ગત સઘળી તમે હેતે મલો, ઋષિવરો ખેદ કોનો ન કરશો લગાર, ચેતો-૬૬
સેવા કરો સાચા સદ્‌ગોર તણી, જેથી પામશો મોક્ષ દિદાર.
હેજી, જેણે આજીવ પિન્ડ સર્જીયા, તેના સામરથનો નહિ પાર, ચેતો-૬૭
ખરી દશાંશ તેને આલીયે એતો ખાટયાની છે સાર.
હેજી, આ સદ્‌ગોરની પાંતી અલગી કરી, બીજો કરો પોતાનો અહાર, ચેતો-૬૮
તે માંહેતો થાશે બરકત ઘણી, તે આપતાં સાંસો મ ધરશો લગાર
હેજી, આપણે દીધે એનું નહિ ચાલે, એ ઘરતો નહિ લોભીયું લગાર, ચેતો-૬૯
મનુષ્યને માથે ઠેરાવીયું, સૌ સૌના માથે છે ભાર.
હેજી, જેટલા ધરમ પેદા કર્યા, તે માંહે ચલાવ્યો આ વહેવાર, ચેતો-૭૦
હિન્દુ મુસલમાનની નાત માંહી, સૌ દે છે ગોર મુખે દાન સાર.
હેજી, સરજનહારો છે સાંઇયા, તેણે કીધાં તે પંથ અપાર, ચેતો-૭૧
તે માંહે સૌ સૌના થાનકે, આપણા ધરમમાં રહે હુંશિયાર.
હેજી, અધુરો ઓછો કોઇ નહિ, સર્વ થાનકે સૃજણહાર, ચેતો-૭૨
સર્વને કારણે સૃજીયા, બ્રહ્મા નબી મહંમદનો અવતાર.
હેજી, નબી મહંમદ મુસ્તુફા ઉપાવીયા, તેનો ચાલ્યો પરવાર, ચેતો-૭૩
સદ્‌ગોર બ્રહ્મા નબી મહમંદ એક છે, તેનો કિર્તાર વિષ્ણુ દાતાર.
હેજી, સદ્‌ગોર બ્રહ્માજીનો વારો વહી ગયો, તેના તે વેદ રહ્યા છે ચાર,

https://archive.org/details/bk049/page/n311/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

હિન્દુ માને છે તે વેદને, તે ઉપર દાન દે છે સર્વ સંસાર. ચેતો-૭૪
હેજી, તે દેવની વાણી ઉપર સૌ ધર્મ દે છે, તેના જુઠા તે લેવણહાર,
બ્રહ્માજીના તે પુત્ર કહેવાય છે, તે તો માથે લે છે સૌનો ભાર. ચેતો-૭૫
હેજી, બ્રહ્માજીના પુત્ર તેને કહીયે, જે કોઇ પાલે બ્રહ્મચાર,
દાન લે તે તો સફલ કરે, તેને માથે ન હોય ભાર. ચેતો-૭૬
હેજી બ્રહ્માજી તે નબી મહંમદ થયા, તેનો આ સદ્‌ગોર છે પરવાર,
તે સદ્‌ગોર સ્વર્ગથી ઉતર્યા, તેણે બાંધ્યો આ સર્વ સંસાર. ચેતો-૭૭
હેજી, સદ્‌ગોરથી આલ જે ચાલી, પીર શમ્સ છે તેમનો પરવાર,
હાજર જામો તેમણે દેખાડીયો, તે હઝરત અલીનો અવતાર. ચેતો-૭૮
હેજી, એમણે પ્રથમ સહી કીધા, નજરે દેખાડયો શાહનો દિદાર,
એ મુરીદોએ પણ સહી કીધો, ઓળખ્યા તે ઉતર્યા પાર. ચેતો-૭૯
હેજી, નબી મહંમદ સત્‌ બ્રહ્મા કહીયે, તેમનાં ફરજંદ થયા બીબી ફાત્માસાર,
ત્યારે નબી મહંમદને ચિંત્તા ઉપની, એમનો કોણ થાશે, ભરથાર. ચેતો-૮૦
હેજી, નબી મહંમદને મેએરાજે તેડીયા, ત્યાં દીઠી કુદરત અપાર,
ત્યાં ફર્માન આવીયા જનાબથી, તમે ચિંતા મકરશો લગાર. ચેતો-૮૧
હેજી, તમ ઘર ફરજંદ બીબી ફાતમાહ, તેના અમ પાસે છે ભરથાર,
કુલ તમારામાં આવ્યા છે, અબુ તાલીબને ઘેર અવતાર. ચેતો-૮૨
હેજી, તે તો રૂપ અમારૂં તમે જાણજો, મવલા અલીનો અવતાર,
અલી અલ્લાહ એક કરી જાણજો, તેમાં શંકનાં આણજો લગાર. ચેતો-૮૩
હેજી, જ્યારે એવો ફર્માન આવીયો, અજાયબ કુદરત દીઠી તે સાર,
આનંદ થઇ નબીમહંમદ બોલીયા, અને બોલ્યા તે તેણીવાર. ચેતો-૮૪
હેજી, ત્યારે અરજ કીધી આલી જનાબમાં, તમે સાંભળો પરવરદિગાર,
અલી અલ્લાહ એક ફર્માવિયું, એ નો કોણ કરશે ઇત્બાર. તેચો-૮૫
હેજી, ફરી ફર્માન દરગાહેથી આવીયો, તમે સાંભળો નબીમહંમદ સાર,
તમ ઘરે ફરજંદ બીબી ફાતમાહ, તેમના અલી છે ભરથાર. ચેતો-૮૬
હેજી, તમ ઘર ફરજંદ નાર છે, અમ ઘર ફરજંદ ભરથાર,
તમે મહંમદ અમે જલ્લે સાન હુ, આપણ બને તો એ વહેવાર. ચેતો-૮૭
હેજી, જ્યારે એ ફરજંદ મોટો થાશે, ત્યારે કરીશું દુનિયાનો વહેવાર,
અમે તમે દોનું એક છીએ, તેનો કોઇ ન કરશે વિચાર. ચેતો-૮૮
હેજી, બીબી ફાત્માહને વોળાવજો, તે હજરતઅલી નર ઘેર નાર,

https://archive.org/details/bk049/page/n312/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

તેમને તમે આપજો, દેજમાં દેજો ખોજા ચાર. ચેતો-૮૯
હેજી, તે તો ખોજા રહેશે હજુરમાં, તે ઉપર બીબી ફાતમા ધરસે પ્યાર,
તેમની દુઆ એથી તે તો વધશે, તેનો બહુ થાશે પરવાર. ચેતો-૯૦
હેજી, તે તો માનસે મવ્લા અલીને, સેવા કરશે ધરી પ્યાર,
તેનો અલ્લાહ તે અલી કહીયે, જે કોઇ લાવસે ઇત્બાર. ચેતો-૯૧
હેજી, અલીને અલ્લાહ કરી જે માનશે, તેનો પીર તે નબીમહંમદ અવતાર,
નબીજીની આલમાંહેથી પેદા થશે, તે નો પીર મુસલ્લે સાર. ચેતો-૯૨
હેજી, આલ અલી નબીજીની સાચી કરી માનશે, જે થાશે ખોજાનો પરવાર,
આ સાચે સદકે જે ચાલશે, અલી મહંમદ ઉપર ધરશે પ્યાર. ચેતો-૯૩
હેજી, તેના ઇમાન હમે રાખશું, જ્યારે આવશે કલિકાલ,
તેને પોતાનો કરી રાખીશું, તેને મહાદન નહિ લોપે લગાર. ચેતો-૯૪
હેજી, ત્યારે નબીમહંમદ બોલીયા, તમે સાંભળો પરવરદિગાર,
તમારા ફર્માને અમે ચાલશું, મેહેર કરજો તે સૃજણ હાર. ચેતો-૯૫
હેજી, અલીમહંમદ એક છે, તેનાં નામનો જુજવો વિચાર,
અલી કલિયુગનાં વિષ્ણું કહીયે, નબીમહંમદ બ્રહ્માનો અવતાર. ચેતો-૯૬
હેજી, સૃજણહાર એમ બોલીયા, જેનું નામ તે પરવરદિગાર,
માહેશ્વર મુરત તે માંહે ભણીયે, તે તો આદમ તણો અવતાર. ચેતો-૯૭
હેજી, તારે મે રાજ માંહેથી નબી ઉતર્યા, તે આવ્યા પોતાને દ્વાર,
આસણે આવી તપ કર્યો, ત્યારે ત્રુઠયા અલી વરદાતાર. ચેતો-૯૮
હેજી, માતાજી ગયા બ્યેતુલ્લાહ માંહે, ઇબાદત કરવા સાર,
ઇબાદત કરી જ્યારે ઉઠીયા, અલી પેદા થયા તેણીજ વાર. ચેતો-૯૯
હેજી, માતાજી પડયા વિચારમાં, હવે ઘર ગયાની નહિ વાર,
ત્યાં તો ઘર બીજો થયો, ભીંત ફાટી બારી થઇ તેણીવાર. ચેતો-૧૦૦
હેજી, માતાજી ઉઠી તેમાં ગયા, અને હું રાઉં આવી તેણીવાર.
તે સમે અલી પેદા થયા, તે તો આદ નિરંજનનો અવતાર. ચેતો-૧૦૧
હેજી, તેમણે સાત દહાડા આંખો ન ઉઘાડી, અને ખીર ના પીધો લગાર,
ત્યારે તે નબીમહંમદને માલમ થયું, તે તો આવીયા તેણીવાર. ચેતો-૧૦૨
હેજી, સલામ ત્યાં સર્વે કીધા, ત્યાં આંખો ઉઘાડી અલીએ તેણીવાર,
દિદાર કીધા તે નબીમહંમદ તણા, મુખથી સલામ બોલ્યા તેણીવાર. ચેતો-૧૦૩
હેજી મુખ ઉઘાડયું ત્યારે અલીએ, ત્યારે જીભ દીધી અલીના મુખમાંએ,

https://archive.org/details/bk049/page/n313/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

જ્યારે ભેદ સઘલો ખેંચી લીધો, જે મેહરાજમાં દીઠો હતો જ્યાંએ. ચેતો-૧૦૪
હેજી, પોતાની કુદરત રાખી પોતા કને, ત્યારે મહંમદ સમજયા સર્વ વિચાર,
ધન્ય ધન્ય તમારાં માત તાતને, તમે છો આદ નિરંજન અવતાર. ચેતો-૧૦૫
હેજી, ત્યારે સદ્‌ગોર બ્રહ્માજીએ, સેવા કીધી અને સુકરાના કીધા અપાર,
અલી તે અલ્લાહ કરી ઓળખ્યા, તેમાં શંકા ના આણી લગાર. ચેતો-૧૦૬
હેજી, ત્યારે આર્શથી મલાયક ઉતર્યા, તે તો આવ્યા પેગમ્બરની પાસ,
તે આવી પેગમ્બર ને પૂછવા લાગ્યા, તમે શું શું દીઠું સરદાર. ચેતો-૧૦૭
હેજી, ત્યારે મુખ માંહેથી બોલીયા, તે નબી મહંમદ તેણી વાર,
મોજીઝો દીઠો મુખ અલી તણો, આપણે ભેદ લીધો છે અપાર, ચેતો-૧૦૮
હેજી, ત્યારે મલાએકે કહ્યું મહંમદને, અમને દેખાડો અલીવર દાતાર,
દિદાર કરીએ અલી તણા, તો માહાદનમાં ઉતરીયે પાર. ચેતો-૧૦૯
હેજી, નબી મહંમદે મળવા ચલાવીયા, તેતો અબુ તાલિબને દ્વાર,
તેમણે નુર દીઠું નિરાકારનું, અને કીધ્યું કુન્નશું તેણીવાર. ચેતો-૧૧૦
હેજી, સલામ કરીને તે તો પાછા વલ્યા, મલાયક ને નબી સરદાર,
ત્યારે મલાયકે નબીને સમજાવીયું, આ છે અરશ કુરશીને કિર્તાર. ચેતો-૧૧૧
હેજી, અમે તેમણે હુકમ કર્યો, મુક્યા તમારી પાસ સરદાર,
તેજ અમે એને જાણીયો, તેમાં શક નહિ લગાર. ચેતો-૧૧૨
હેજી, નબી મહંમદ ત્યારે બોલીયા, ભાઇ મલાયકો કહું છું વિચાર,
અમે મેહેરાજ ઉપર તેડાવીયા, ત્યાં જે કહ્યું તે કર્યું નિર્ધાર ચેતો-૧૧૩
હેજી, અલીતે તો અલ્લાહ કહીયે, તેમાં ઓછું નહિરે લગાર,
અમે માન્યા એને સદક શું, એનું નામ જલ્લેશાન નરાકાર. ચેતો-૧૧૪
હેજી, સદક બ્રહ્મ તે અલી છે, અલખ નિરંજનનો અવતાર,
મહંમદ અલી એક કરી માનીએ, તો પોહોંચીયે પોતાન્તે દ્વાર. ચેતો-૧૧૫
હેજી, મલાએક ત્યાંથી માથે ગયા, પોંત્યા હજુરની માંહે સાર,
કુન્સું કરી ઉભા રહ્યા, ત્યાં દીઠો તેમણે અલીનો આકાર. ચેતો-૧૧૬
હેજી, હજરત અલી ત્યારે દુનિયામાં આવીયા, તેમની કુદરતનો નહિ પાર,
દીન ઇસ્લામ પેદા કર્યા, તેમને ઉતર્યા દુલ્દુલ ને જુલફિકાર. ચેતો-૧૧૭
હેજી, તેણે દુષ્ટો મારી દુર કીધા, દાણવો નો નહિ કાંઇ શુમાર,
દીન પોતાનો જાહેરો કર્યો, તેના નબી મહંમદ કીધા સરદાર. ચેતો-૧૧૮
હેજી, બીબી ફાત્માહ ઝોહરાં મોટા થયા, ત્યારે હુકમ હુવો પરવર દિગાર,

https://archive.org/details/bk049/page/n314/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

હજરત અલીને પરણાવજો, દેજમાં દેજો ખોજા ચાર. ચેતો-૧૧૯
હેજી, ફર્માન માની મહંમદ ઉભા થયા, અને જઇ કર્યો અલી શું વિચાર,
આ બીબી ફાત્માહ તમે હક્ક કરો, એ છે તમારો ઇખ્તિયાર. ચેતો-૧૨૦
હેજી ત્યારે હજરત અલીએ હક્ક કર્યા બીબી ફાતમા તે તે વાર
ત્યારે નબી મંહમદે આલીયા તે દેજમાં ખોજા ચાર ચેતો-૧૨૧
હેજી, તે ખોજા તે ખિજમતમાં આલીયા, તેના નામ તણો વિચાર,
અરબી ભાષામાં તે હતા, તે ગુજરાતીમાં કહુ નિર્ધાર. ચેતો-૧૨૨
હેજી, ખાલક ખુદાબક્ષ બે જણા, ત્રીજો નામ તે સાદક સાર,
અબ્દે રસુલ એ ચાર જણા, બીબી ફાત્માહને આલ્યા સરદાર. ચેતો-૧૨૩
હેજી, ખીદમત કીધી સાહેબ તણી, ગઇ ઉમરસાજી સાર,
તેની આખર વેલા આવી રહી, ત્યારે બીબી ફાતમાએ ધરીયો પ્યાર. ચેતો-૧૨૪
હેજી, બીબી ફાત્માહ ત્યારે બોલીયા, તમે સાંભળો હ્યદરે કર્રાર,
સારી ઉમર એણે સેવા કરી, તેનું આપણા શિર ઉપર છે ભાર. ચેતો-૧૨૫
હેજી, ત્યારે હજરતઅલીએ ફર્માવિયું, તમે સાંભળો તે બીબી ફાત્માહ સાર,
જે કહે તે તેને આપીએ, એમ બોલ્યા હૈદરે કર્રાર. ચેતો-૧૨૬
હેજી, ત્યારે બીબી ફાત્માહ બોલીયા, તમે સાંભળોઅલી ભરથાર,
એને દુઆ તમે આપજો, જેથી થાએ એનો પરવાર. ચેતો-૧૨૭
હેજી, હજરતઅલીએ ખોજાને તેડાવિયા, ને પૂછ્યો વિચાર,
જે જોઇએ તે તમે માંગજો, તમને ત્રુઠિયા અલી દાતાર. ચેતો-૧૨૮
હેજી, ત્યારે ખોજો ખાલક એમ બોલીયા, તમે સાંભળો પરવરદિગાર,
તમે ત્રુઠે અમને સંપુર્ણ છે, તમે કાયમ છો કુદરતના કિર્તાર. ચેતો-૧૨૯
હેજી, અમારા ઇમાન સાબિત રાખજો, જેથી ઉતરિયે પરલે પાર,
બીજું અમે શું માંગીએ, વારોવાર હો જો તમે દિદાર. ચેતો-૧૩૦
હેજી, તમે સેવાથી અમે ના ચુકીએ, મેહેર એવી કરજો અલી દાતાર,
આલ હમારી કાંઇ નથી, કેમ ચાલે અમારો પરવાર ! ચેતો-૧૩૧
હેજી, અમે ચાર જણા જુગમાં આવીયા, તેની સાખ નહિ સંસાર !
અમારો પિન્ડ છે તમે તણો, અમારી એ છે અરદાસ. ચેતો-૧૩૨
હેજી, એમ કહી ખોજો ખાલક રોયો, આંખે આવ્યા તે નીર અપાર,
ત્યારે માતા ફાત્માહ બોલીયા, તમે ચિંતા ન કરશો લગાર. ચેતો-૧૩૩
હેજી, ત્યારે બીબી ફાત્માહ બોલીયા, તમે સાંભળો અલી ભરથાર

https://archive.org/details/bk049/page/n315/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

તમે દુઆ કરો એને મેહેર શું, જેમ થાએ એના પુત્રને પરવાર ચેતો-૧૩૪
હેજી, ભાગા નર તે સાજા થયા, દુઆ કીધી ફાત્માહ સાહેબને ભરથાર,
તેમને તે લઇ સ્ત્રી પરણાવીયા, ઉત્તમ વરણની લેઇ સાર. ચેતો-૧૩૫
હેજી, ચારે ને પરણાવીયા, તે માંહે એકને નહિ પરવાર,
તેમાં એકે ઓછું કરી જાણીયું, આલી જનાબ પરવર દિગાર. ચેતો-૧૩૬
હેજી, ચારે ખોજાને પરણાવીયા, તેમને આલ્યો તે ધર્મ આચાર,
તે ચારે જણને આઝાદ કર્યા, એ હુકમ કીધો દાતાર. ચેતો-૧૩૭
હેજી, અમે તમને આઝાદ કીધા, તમે જાઓ નબી મહંમદને પાસ,
એમના કહ્યા માફક તમે ચાલજો, તો થાશે મોક્ષ મુગત દિદાર. ચેતો-૧૩૮
હેજી, એ ચારે ખોજા નબી મહંમદ પાસે ગયા, અમને ત્રુઠ્યા અલી દાતાર,
હવે અમને લઇ તમને સોંપીયા, અમો તમથી ઉતરીએ પાર. ચેતો-૧૩૯
હેજી, ત્યારે નબી મહંમદ બોલીયા, દેખાડયો સત્પંથ ધર્મ આચાર,
અલીને અલ્લાહ કરી માનજો, તેમને દશાંશ કમાણીની દેજો સાર. ચેતો-૧૪૦
હેજી, દશાંશ દશમી પાંતી કહીયે, તે દેજો અલી નરજીને સાર,
ચાલીશો તે અમને આપજો, પીર મુરીદનો એ છે વેહવાર. ચેતો-૧૪૧
હેજી, અલીને અલ્લાહ કરીને માનજો, પીર તો નબી મહંમદ સરદાર,
અમારે ફર્માને તમે ચાલશો, તો તમારે વધશે પુત્ર અને પરવાર. ચેતો-૧૪૨
હેજી, તેની એધાની તમને દઉં છું, તમે સાંભલો કહું તે વિચાર,
આલ તમારી જે થાશે, દીકરા દીકરીનોપરવાર. ચેતો-૧૪૩
હેજી, તેને તમે લઇ કરી ચાલજો, જજો તે પર્વત ઉપર સાર,
તેને ટોચેથી મેલજો, અલી અલ્લાહ કહીને સાર. ચેતો-૧૪૪
હેજી, અલી અલ્લાહ પોતે હશે, તો તો તે ઉગરશે બાલ,
એ નરને તમે સંભારજો, દશાંશ તેમને દેજો નિર્ધાર. ચેતો-૧૪૫
હેજી, એ નરને દશાંશ આલજો, તો તમારો વધશે રિધ્ધિ સિદ્ધિને પરવાર,
ઈમાન સલામત તેના અમે રાખશું, નર અલી રાખશે શરણે સાર. ચેતો-૧૪૬
હેજી આથી આલ તમારી જુગમાં ચાલશે, તેને સાંસો નહિ પડે લગાર,
તે જીવ સત્ય ધરમ પીછાણશે, રોજે કયામત લગી સાર. ચેતો-૧૪૭
હેજી, બીજા પંથ જુગમાં ચાલશે, તેના ધરમ ચાલશે અપાર
તેતો આપ બુદ્ધિવડે સર્વ ચાલશે, તેના ઈમાન નહિ રહે લગાર. ચેતો-૧૪૮
હેજી, તમારી આલના જે સાથે, તેના તો રહેશે સત્પંથસું વ્હેવાર,

https://archive.org/details/bk049/page/n316/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

નર નારી જે અલીજીને માનશે, પીર મુસલ્લે નબી મહમદ સાર. ચેતો-૧૪૯
હેજી, કલયુગ સંઘે બીજાને બોધશે, જે થાશે અમારો પરવાર
તે માંહેથી થર કોઇ રહેશે, એવો કલીનો કઠન વહેવાર. ચેતો-૧૫૦
હેજી, ત્યારે ક્રિયાનાં હિણા જીવ ભૂલશે, જે મેલશે સત્ય ધરમનો આચાર,
આ સત્પંથ મૂકીને બાહેર જાશે, જઇ કરશે નિંદા જુઠ કુડીઆલ. ચેતો-૧૫૧
હેજી, દર દીવાને જઇ વાતો કરશે, આપણા ધરમ માર્ગનો કરશે વિસ્તાર
આ દશાંશ આપતાં ઓછું આણશે, અને તેનો જીવ થર નહિ રહે લગાર. ચેતો-૧૫૨
હેજી ત્યાં તમારી આલનો જે થાશે, તેની નર અલીજી કરશે વાર,
ઇમાન તેના સાબુત રાખશે, જ્યારે આવશે કલીયુગ સંઘની વાર. ચેતો-૧૫૩
હેજી, ત્યારે કરી સલામને ઉઠીયા, નબી મહંમદ પાસેથી ખોજા ચાર,
તેણે તો જઇ પોતાનો ધંધો કર્યો, તેમાંથી ખટયાની દશાંશ દીધી સાર. ચેતો-૧૫૪
હેજી, નબી ને ફર્માને ધર્મે ચાલીયા, તેના વાધ્યા રિદ્ધ સિદ્ધ પુત્ર તે પરવાર,
તેના બાલ જ્યારે જન્મે છે, તેને પર્વતેથી ગબડાવે તેણીવાર. ચેતો-૧૫૫
હેજી, એ ચાલ આજ દીન સુધી છે, નબીએ બોધ્યા ખોજા ચાર,
તેની આલ આજ સુધી છે, તે ભૂખ્યા તૃષ્યા નહિ રેહ લગાર. ચેતો-૧૫૬
હેજી, એતો મુલ ધર્મ ઉપર સાબિત છે, નથીમેલ્યો ધર્મ આચાર,
તેમણે સત્પંથ ગુપ્ત આરાધિયા, દીન ફાએસ ન કીધો લગાર. ચેતો-૧૫૭
હેજી, જે નર દશાંશ શુક્તિે પૂરા હુવા, અને જુઠ નિંદા ન કીધી લગાર,
તેને માહદન દોહેલું કેમ હોશે ? જેણે દશાંશ સદ્‌ગોરમુખે આપી સાર. ચેતો-૧૫૮
હેજી, એરે ખોજા સત્પંથે આવીયાં, નબી મહંમદની હતી વાર,
ત્યાંથી સત્પંથ ચાલીયા, તે જાહેર કર્યો નબીના પરવાર. ચેતો-૧૫૯
હેજી, નબીજીની કલા માંહેથી ઉપન્યા, ઇમામ હશન હુશ્યેન પરવાર,
તેનારે કુલ માંહેથી ઉપન્યા, ઇમામ જયેનુલ આબદીન અવતાર. ચેતો-૧૬૦
હેજી, ત્યાંથી આલજે ચાલીયા, તેતો અવતારો અવતાર,
તેને સેવતાં જે ભુલશે, તે તો જાશે દોજકને દ્વાર. ચેતો-૧૬૧
હેજી, અલી નબીથી સત્પંથ ચાલીયા, તેના સેવીએ ગુપ્ત અવતાર,
અથર્વ વેદનો આ પંથ કહીયે, એને ખોળી કાઢો કુરાન મોઝાર. ચેતો-૧૬૨
હેજી, દશ સીપારા કુરાનનાં અર્થવેદનો છે સાર,
ગુપ્ત સત્પંથ જે રાખીયા, આરાધ્યા તે પામ્યા પાર. ચેતો-૧૬૩
હેજી, અનંત કલફ અનંત યુગ વહી ગયા, તેમાં જીવ ઓધર્યા અપાર,

https://archive.org/details/bk049/page/n317/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

આ કલીયુગમાં અલી નબી આવીયા, તે કરવા જીવુંની સંભાળ. ચેતો-૧૬૪
હેજી, તે ફર્માને જે જીવ ચાલશે, તે જીવ પામશે મોક્ષ દીદાર,
જાદુ કપટ જે જીવ શીખશે, તેતો જાશે નર્કને દ્વાર. ચેતો-૧૬૫
હેજી, આદ ઉનાદથી સત્પંથ કહી, કરણ કલફ યુગ સાર,
જાંખા નવ્વાણું પહેલા કલફે ઓધર્યા, તે તો પામ્યા મોક્ષ દીદાર. ચેતો-૧૬૬
હેજી, બીજા કલફ માંહે ઓધર્યા, છપ્પન કરોડી મેઘા મહારાજ,
આદગુરુ બ્રહ્માની સેવામાં રહ્યા, તેણે ઓળખ્યો પોતાનો રાજ. ચેતો-૧૬૭
હેજી, બત્રીસ ક્રોડી કિન્નર કહીયે, તેણે સદ્‌ગોર ઉપર રાખ્યો વિશ્વાસ,
તે જીવ તો આગળ ઓદર્યા, ત્રીજા કલફ માંહે ખાસ. ચેતો-૧૬૮
હેજી, આજ તેત્રીસ ક્રોડી ધર્મિ પૂરા થયા, ચોથા કલફ માંહે સાર,
સદ્‌ગોર સેવાથી ન ચુકીયા, તો પહોંચ્યા અમરાપુર મોઝાર. ચેતો-૧૬૯
હેજી, ચોથા કલફલમાં ચાર યુગ થયા, કર્તા તે નરઅલી દાતાર,
કર્તા, ત્રેતા દ્રાપટ યુગ કર્યા, ચોથો તે કલિયુગ સાર. ચેતો-૧૭૦
હેજી, કર્ત્તા યુગમાં રાજા પ્રેહેલાદ, તેણે બ્રહ્માજીને સેવ્યા સાર,
હરણાં કંશ ઘેર અવતર્યા, તેણે બાપ શું ન રાખ્યો વ્યવહાર ચોતે-૧૭૧
હેજી, પિતાએ તેને પરહર્યો, તે તો જનમ્યો વનડા મોઝાર,
તેની સેવા દીઠી સ્વામીરાજે,થંભમાં પ્રગટયા દેવ મુરાર. ચેતો-૧૭૨
હેજી, પ્રહલાની વારે નૃસિંહ આવીયા, દીઠું હરણા કંશનું જોર અપાર,
માગ માગ પ્રહલાદ શ્રી નૃસિંહ ભણે, તમને ત્રુઠયા વિષ્ણુ દાતાર. ચેતો-૧૭૩
હેજી, પ્રહલાદ કરી પ્રતે બોલીયા, સ્વામી ધન્ય ધન્ય ગુરુ અવતાર,
તેમને પ્રતાપે તમે પધારિયા, તમ સત ઉપર જાઉં બલિહાર. ચેતો-૧૭૪
હેજી, સદ્‌ગોર થકી અમ સેવા કીધી, તેથી પામ્યા તમ દર્શન,
તેં સદગોરના પ્રતાપે કરી, છોડાવે લક્ષ ચોરાશીના ફંદ. ચેતો-૧૭૫
હેજી સદગોર પ્રતાપે શ્રી નરસિંહ ત્રૂઠીયા ક્રોડી પાંચ ઉતાર્યા પાર
તે તો જીવ અમરાપુરીમાં ગયા તેનો સાંસો ન રહ્યો લગાર ચેતો-૧૭૬
હેજી, ત્રેતા યુગ માંહે રાજા હરિશચંદ્ર થયા, તેને તારાદે રાણી નાર,
કુંવર રોહી દાસ તેનો પુત્ર કહીયે, તેણે સેવ્યા તે વિષ્ણુ કિર્તાર. ચેતો-૧૭૭
હેજી, સતી તારા રાણીએ સેવા કીધી, સ્વામીની રક્ષાથી ઉતરીયા પાર,
સંગતથી સદ્‌ગોર પામીયા, તે ધર્મ પામ્યા હરિશ્ચંદ્ર સાર. ચેતો-૧૭૮
હેજી, હરશિચંદ્ર સદ્‌ગોર સેવામાં રહ્યા, તેના પુત્રને રાણી સાર,

https://archive.org/details/bk049/page/n318/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

રાજપાટ સર્વ મેલી કરી, ધાયા સત્ય ધર્મે સાર. ચેતો-૧૭૯
હેજી, તેણે હાલ માલ સર્વ દીધા ગુરૂ નામે, અને વેચાણા ઝાંપડા દ્વારા,
તેને ત્યાં સદ્‌ગોર મલ્યા, જ્યારે દીઠી કસણી અપાર. ચેતો-૧૮૦
હેજી, ત્યારે વારો હતો રામચંદ્રનો, સદ્‌ગોર વસ્ષ્ઠિજી સાર,
અવતાર જાણીને સેવા કીધી, ત્યારે ઓધર્યા નર ને નાર. ચેતો-૧૮૧
હેજી, સાત ક્રોડી અમરાપુર ગયા, તે તો વસિષ્ઠે ઉતર્યા પાર,
એવા થઇ તમે ચાલજો, તમને કહું છું સત્ય વિચાર. ચેતો-૧૮૨
હેજી, સદ્‌ગોર યુગો યુગ આવીયા, તેમણે ધર્મ બતાવ્યા સાર,
તમે ચેતણહાર ચેતજો, મનુષ્ય તન નહિ મલે વારંવાર. ચેતો-૧૮૩
હેજી, દ્વાપર યુગે પાંડવ થયા, શ્રીકૃષ્ણ શું રાખ્યો પ્યાર,
માતા કુંતાના પુત્ર કહીએ, દ્રુપુતીના ભરથાર. ચેતો-૧૮૪
હેજી, રાજા ધર્મ અર્જુન સેહદેવ કહીયે, ભીમ નીકુળ મહા જોધ.
તેમણે કુરુક્ષેત્રમાં યુદ્ધ કર્યા, કૌરવો પર મહા ક્રોધ. ચેતો-૧૮૫
હેજી અઢાર ક્ષોણી આવી બેઠા, ત્યાં ઇંડાને આંચ ન આવી લગાર,
એવા યોધ્ધા મહાબળવંતા, તેનો ઋષિવર સાંભળો વિચાર. ચેતો-૧૮૬
હેજી, તેમને સદ્‌ગોર વિદુર વ્યાસ મલ્યા, મેલાવ્યો ત્યારે સંસાર,
હશનાપુરીમાં રાજ કર્તા, તે તો સદ્‌ગોર વચને મેલ્યા તેણીવાર. ચેતો-૧૮૭
હેજી, માતા કુંતા સતી દ્રુપતિ કહીયે, યુધિષ્ઠિર પાંડવ સાર,
સેવા કીધી સાચા સદ્‌ગોર તણી, તે સતે ઉતરીયા પાર. ચેતો-૧૮૮
હેજી, ઓધરવા કારણ એટલું કર્યું, મેલ્યા રાજપાટ સંસાર,
સદ્‌ગોર વ્યાસે વાણી કહી, તે પર ચાલયા પૂરે વિશ્વાસ. ચેતો-૧૮૯
હેજી, ગોર વિદુર વ્યાસ કૃષ્ણ નર થયા, રાજા યુધિષ્ટિરે રાખ્યો પ્યાર,
નવક્રોડી જીવ નીમીયા, તેણે સદ્‌ગોર સેવ્યા પુરણ પ્યાર. ચોતે-૧૯૦
હેજી, સેવા જાણી તે ઋષિવર તણી, તેનો મુખી તે રાજા યુધિષ્ઠર સાર,
તે નવક્રોડી અમરાપુર ગયા, સદ્‌ગોર વચને પહોંચ્યા વૈકુંઠ દ્વાર. ચેતો-૧૯૧
હેજી, એવું જાણી તમો ચાલજો, આગલ માર્ગ દોહલો અપાર,
તે સદ્‌ગોર બ્રહ્માજી યુગોયુગ આવીયા, તેની વાણીથી ઉતર્યો સર્વે પાર. ચેતો-૧૯૨
હેજી, આનંત કલફ આગળ વહી ગયા,યુગોનો નહિરે શુમાર,
જે જીવ સદ્‌ગોર ને ફર્માને ચાલીયા, તે જઇ પહોંચ્યા સ્વર્ગ દ્વાર. ચેતો-૧૯૩
હેજી, ત્રણ યુગ હવે પુરા થયા, આવી કલિયુગની વાર,

www.realpatidar.com mail@realpatidar.com

આગળ જે જીવન ચેતીયા તેણે લીધો છે આ કલિમાં અવતાર ચેતો-૧૯૪
હેજી, આ નિરંજનદેવ અલી કહીએ, સદ્‌ગોર બ્રહ્મા નબી મહંમદ સાર,
તેને ફર્માને જે જીવ ચાલશે, તે જીવ ઉતરશે પરલે પાર, ચેતો-૧૯૫
હેજી, તેના પરવાર ગુપ્ત ચાલિયા, અમારી સાથે પ્રીતે અપાર,
નરઅલી મહંમદશાહથી વર અમે પામીયા, જ્યારે સેવા કીધી અપાર, ચેતો-૧૯૬
હેજી, નુર સદ્‌ગોર પ્રથમ જાહેર થયા, તે પામ્યા આ ઘર મોઝાર,
તેમણે સેવા કીધી નરઅલી તણી, ત્યારે ચાલ્યા સત્પંથ સાર. ચેતો-૧૯૭
હેજી, નુર સદ્‌ગોરે પ્રબોધ કરી, અને આપ્યો તે ધર્મ સંભાર,
વીરા મારા ભાઈ તમે સાંભળો, આ સદ્‌ગોરર કહે રે પોકાર. ચેતો-૧૯૮
હેજી, તેમણે બોધીને ખોજા કર્યા, અને આપ્યા તે ધર્મ આચાર,
ત્યાંથી સત્પંથ ચાલીયો, અને દશાંશ તણો વ્યવહાર. ચેતો-૧૯૯
હેજી, પીર સલાહોદીન ત્યાંથી ચાલીયા, સદ્‌ગોર નુરતણો ચાલ્યો પરવાર
નુર સદ્‌ગોર અર્શ થકી ઉતર્યા, તે તો આવ્યા પાટણ મોઝાર. ચેતો-૨૦૦
હેજી, ખેલ રમત ત્યાં રૂડી કરી, બોધ્યા રાજા પ્રજા સંસાર,
રાણી પાલણદે ને પરણીયા, તે તો નબી મહંમદનો અવતાર. ચેતો-૨૦૧
હેજી, સદ્‌ગોર નુરથી નુર ચાલીયા, પીર સલોહાદીન તણો અવતાર,
તેમણે પીરશા નો જાપ જપાવીઓ, હાજર જામો દેખડયો સાર ચેતો-૨૦૨
હેજી, પીર સલોહાદીને સર્વને બાંધીયા, દાન દેતા ખાટયાની સાર,
આ સદ્‌ગોર ને વાયકે ચાલીયા, તેથી વાધ્યો ધર્મ આચાર. ચેતો-૨૦૩
હેજી, તે સલાહોદીનથી શમ્સદીન થયા, તે આવ્યા ઉંચ મુલક મોઝાર,
આ પીરશમ્સથી ધર્મ ચાલીઓ, તમે ઋષિવરો થાઓ હુંશિયાર, ચેતો-૨૦૪
હેજી, ત્યારે ઉંચ મુલકથી સીધારિયા, પીર શમ્સ ચોટનો અવતાર,
તે ફરીયા ચોવીસ મુલક માંહી, ત્યાં બાંધીયા મુરીદ અપાર. ચેતો-૨૦૫
હેજી, તે ફરતા ગયા ચીણનગરી માંહે, ત્યાં બોધ્યાં સુરજા રાણી નાર,
પુત્ર તેના કમલા કુંવર કહીયે, દહીત કાલીંગો તેમનો ભરથાર. ચેતો-૨૦૬
હેજી, સદ્‌ગોર શમ્સદીને બોધીયા, બતાવ્યા ધર્મ આચાર,
કમાઈ કરો તે માંહેથી આપજો, તમે દશાંશ સદ્‌ગોર મુખે સાર. ચેતો-૨૦૭
હેજી, હક કમાઈ એ જો આપશો, તો પોહોંચશે ગોર મુખે આહાર,
જે વગર હકનું ઓછું કરી આલશો, તેનું નહિ ઉગે નિર્ધાર. ચેતો-૨૦૮
હેજી, ચાર પોહોર દનનો ધંધો કરીએ, તેમાંથી ગણી દેજો સદ્‌ગોર મુખે આહાર,

www.realpatidar.com mail@realpatidar.com

સંતોષ કરીયે બાકી રાતના, શ્રી શઆહોજી શું રાખીએ વહેવાર. ચેતો-૨૦૯
હેજી, તે માંહે ખટ ઘડી પાછલી, તેમાં સાહેબની બંદગી કરીએ સાર,
એટલી ફરજ તમે પાલજો, તો ઉતરશો પરલો પાર. ચેતો-૨૧૦
હેજી, રાત દનનો હિસાબ ગોરે કરી આલીયો, તેમાં શંકા ન આણશો લગાર,
આ દનના ધંધાનું ધન ઠરાવ્યું, રાત્રીનો ખટ ઘડીનો કહ્યો વ્યવહાર. ચેતો-૨૧૧
હેજી, જો જાણોતો કરો એટલુ તો પહોંચે સદગોર મુંખે આહાર
જો એમાંથી ઓછુ કરશો તો તેનો તમ માથે છે ભાર. ચેતો-૨૧૨
હેજી, એટલું ફર્માન સદ્‌ગોરે કર્યું, નિદા જુઠ ન કરશો લગાર,
વહેર ક્રોધ કોઇ સાથે ન કરશો, નમ્યા ક્ષમાનો રાખો વ્યવહાર. ચેતો-૨૧૩
હેજી, સદ્‌ગોરનો ફર્માન માની કરી, ધર્મ લીધો ત્યાં સાર,
ત્યાં સાડીસાત ક્રોડી ધર્મિ થયા, તેમનો કમલા કુંવર સરદાર. ચેતો-૨૧૪
હેજી, સદ્‌ગોર શમ્સ ત્યાંથી ચાલીયા, તે તો આવ્યા ઉંચ મોઝાર,
ત્યાં સદ્‌ગોરજીને કોઇએ ન ઓળખ્યા, બાવદીન નેમાને સર્વ સંસાર. ચેતો-૨૧૫
હેજી, સર્વ લોક મુરીદ બાવદીન તણા, સદ્‌ગોરને ઉતરવા નહિ કાંએ ઠાર,
ફરતા ગયા એ મસ્જીદ માંહે, નીમાજ કીધી ત્યાં એઠાર. ચેતો-૨૧૬
હેજી, ત્યાં બાલાક એક આવીયો, તેણે સદ્‌ગોર ઉપર ધર્યો પ્યાર,
રાત દિવસ સદ્‌ગોર પાસે રહે, તે બાદશાહનો પુત્ર સાર. ચેતો-૨૧૭
હેજી, એક દીન સદ્‌ગોરજી બાહેર નીસર્યા સેલ કરવા તે સાર,
તે રમતા રમતા આવીયા, દરીયા કિનારે તે વાર. ચેતો-૨૧૮
હેજી, સદ્‌ગોરના મનમાં એમ ઉપન્યું, દીઠું તે દરિયાનું નીર સાર,
ત્યાં કાગળ કાઢયો દસ્તારથી, તેની નાવ કરી તૈયાર. ચેતો-૨૧૯
હેજી, તે નાવ લઇ પાણીમાં મેલી, તેમાં પોતે થયા અસ્વાર,
સેલ કરે સાહેર તણી, તેમાં બેઠા તે ઘણીવાર. ચેતો-૨૨૦
હેજી ત્યારે બાવદીન બેઠો મેડીએ, ગોખમાંથી જોયું તેણીવાર,
મહાસમુદ્રમાં દીઠી નાવડી, અને દીઠો કાગળનો આકાર. ચેતો-૨૨૧
હેજી, ત્યારે બાવદીન વીમાસીયું, આ નાવડીમાં કોણ છે સાર,
કાગળ નાવે સેલ કરે છે, એવા પુરુષ ન સુજે સંસાર. ચેતો-૨૨૨
હેજી, ત્યારે બેડી તે લાગી ભીંજવા, સદ્‌ગોરે નિર્ખ્યું તેણીવાર,
ત્યારે બેડી તે રહી ભીંજતી, સદ્‌ગોરે મનમાં તે કર્યો વિચાર. ચેતો-૨૨૩
હેજી, કોણ અધર્મિ છે આ શેહેર માંહે, અને જોયું તે માતમી સામુ સાર,

www.realpatidar.com mail@realpatidar.com

મુસ્તક ઉચું કરી જ્યારે જોયું, ત્યારે દીઠો બાવદીન ગોખથી બાર. ચેતો-૨૨૪
હેજી, તેનું ગોખથી બાહેર માથું રહ્યું, પીરે આજ્ઞા કરી જેણી વાર,
સીંગડાની તે વાણી કરી, સીંગડા ઉગ્યા તેણી ઠાર. ચેતો-૨૨૫
હેજી, તેનું માથું તે બાહેર રહ્યું, અને ધડ રહ્યું ધર માંહી,
બાવદીન ત્યારે ધ્રૂજીયા, આ કોઇક દીશે છે કિર્તાર. ચેતો-૨૨૬
હેજી, જ્યારે સેલ કરીને ઉતર્યા, નાવડી મેલી સહેરથી બાર,
ત્યાંથી સદ્‌ગોર ચાલીયા, તે તો આવ્યા નગર મોઝાર. ચેતો-૨૨૭
હેજી, ત્યારે સદ્‌ગોર ને ખોળી કાઢીયા, આવી પૂછયું મસીદને દ્વાર,
યહાં કોઇ મુસાફર ઉતર્યા છે ? તેની દશ કોઇ આપે આ ઠાર. ચેતો-૨૨૮
હેજી, મસીદમાંથી છોકરો આવીયો, જેનું પીરથી અતીશે પ્યાર,
તેણે આવી સમજાવીયું, પુરુષ બેઠા છે મસીદ મોઝાર. ચેતો-૨૨૯
હેજી, ત્યારે તો માણસ માંહે આવીયો તેણે આવી પીરના કીધા દીદાર,
તે સલામ કરી ઉભો રહ્યો, તેણે જોયા તે સૃજનહાર. ચેતો-૨૩૦
હેજી, કરી સલામ પાછો વળ્યો, ગયો તે બાવદીનને દ્વાર
જેટલી દીઠી તેટલી વાત કહી, પુરુષ એક બેઠા છે મસીદ મોઝાર. ચેતો-૨૩૧
હેજી, ત્યારે બાવદીને પુત્ર પોતાનો બોલાવીયો, સાંભલો કહું તેનો વિચાર,
આવો હાલ અમારો થયો છે, ધડ માંહે ને માથું બહાર. ચેતો-૨૩૨
હેજી, કોઇ પુરૂષ આવ્યો છે આપણા શહેરમાં, તે ઉતર્યો મસીદ મોઝાર,
અરદાસ કરો તે આગળ જઇ, અમારી તકસીરનો નહિ કાંઇ પાર. ચેતો-૨૩૩
હેજી સેખસદરે ત્યારે પુછીયું, બાવા બાવીદીનને વિચાર,
તમારે માથે શિંગડા કેમ થયા, તેનો ભેદ કહો નિર્ધાર. ચેતો-૨૩૪
હેજી, ત્યારે બાવદીન મુખથી બોલીયા, સાંભળો કહું વાત થયેલ,
પુરુષ એક નાવમાં બેશી કરી, કરતા હતા દરિયાની સહેલ. ચેતો-૨૩૫
હેજી, તેમણે નાવ બનાવી કાગળ તણી, તેમાં પાણી ના સંચરે લગાર,
તે સામું અમે જોયું નજર ભરી, કાગળ તે ભીંજવા લાગ્યો સાર. ચેતો-૨૩૬
હેજી, તે પુરુષના મનમાં શક આવીયો, તેમનો અમને થયો શ્રાપ,
આ માથું તે મેડીમાં આવે નહિ, રહે છે તે ઝરૂખાથી બહાર. ચેતો-૨૩૭
હેજી, તમે તે જાઓ એ પુરુષ કને, જઇ સંભળાવો વાત વિચાર,
એમની દુઆથી ફજલ થાશે, માથું આવશે ગોખ મોઝાર. ચેતો-૨૩૮
હેજી, શેખ સદર ત્યાંથી ચાલીયા, તે તો બાવીદીનનો પરવાર

www.realpatidar.com mail@realpatidar.com

તેમણે એક માણસ ભેળો લીધો, આવ્યા તે મસીદ મોઝાર. ચેતો-૨૩૯
હેજી, ત્યારે સદ્‌ગોરજી સામાં બેઠા હતા, તેમના શેખ સદરે દીઠા દીદાર,
સલામ કરી સદ્‌ગોરને નમી, હાથ બાંધી દીન થઇ કર્યો પોકાર. ચેતો-૨૪૦
હેજી, સદ્‌ગોરજીયે પુછયું, કેવા કામે આવા સાર,
ક્યાં થકી તમે આવીયા, કોણ તાત તણા પરવાર. ચેતો-૨૪૧
હેજી, સેખ સદર ત્યારે બોલીયા, અમે રહીયે આ નગર મોઝાર,
તાત અમારો બાવદીન કહીયે, અમેબેઉ ભાઇ એમનો પરવાર. ચેતો-૨૪૨
હેજી, સદ્‌ગોરજી એમ બોલીયા, પીર શમ્સ તે વર દાતાર,
નામ શું છે બે ભાઈઓના, બાપ તમારા કોણ છે સાર. ચેતો-૨૪૩
હેજી, ત્યારે શેખ સદર એમ બોલીયા, તમે સાંભલો સરદાર
સેખ 'સદર' હમારૂં નામ છે, 'રૂકનુદીન' હમથી નાનેરો સાર. ચેતો-૨૪૪
હેજી, તમ કૃપાથી હમે છુટીએ, શેખ બાવદીનનાદુઃખનો નહિ પાર,
તેમના ઉપર તમે મેહેર કરો, તમે છો ગુનાહ બક્ષણ હાર. ચેતો-૨૪૫
હેજી, ત્યારે સદ્‌ગોરજીએ પૂછીયું, અમને એ વાતનો કહો વિસ્તાર,
શા કારણીએ તમારા તાતનો, મુસ્તક રહ્યો ગોખથી બહાર. ચેતો-૨૪૬
હેજી, ત્યારે શેખ સદરે અરજ કરી, સ્વામી તમે હતા દરિયા મોઝાર,
ત્યારે શેખ બાવદીન ગોખમાં, તેની નજર પડી તમારી નાવ પર સાર. ચેતો-૨૪૭
હેજી, ત્યારથી ગોખમાં ગરાએ નહિ, માથું રહ્યું છે ગોખથી બહાર,
તેની અરજે અમે આવીયા, તમે મેહર કરો દાતાર. ચેતો-૨૪૮
હેજી, ત્યારે સદ્‌ગોર શમ્સ બોલીયા, અમને રીસ હતી તે અપાર,
મારી નાવમાં પાણી આણીયુ, તેથી શીંગડા થયા તત્કાળ. ચેતો-૨૪૯
હેજી, શેખ સદર તમે આવીયા, જાઓ મસ્તક આવશે ગોખ મોઝાર,
શીંગડા તે સર્વે સમાઇ જશે, પણ મટશે નહિ કદી આકાર. ચેતો-૨૫૦
હેજી, તમારી આલનોજે થાશે, તેના માથે રહેસે શીંગનો આકાર,
એ એંધાણી છે તમ તણી, બાવદીન તણે પરવાર. ચેતો-૨૫૧
હેજી, શેખ સદર સલામ કરીને ચાલીયા, અને આવ્યા પિતાને દ્વાર,
ત્યારે બાવદીન મેડી માથેથી ઉતર્યા, તેણુ પુછીયું સર્વ વિચાર. ચેતો-૨૫૨
હેજી, બાવદીનને મન ચિંતા ઉપની, અને સાંસો પડયો અપાર,
અમારે એક શેહેરમાં કેમ ચાલશે, ઉંચ નગર મોઝાર. ચેતો-૨૫૩
હેજી, શેખ સદરને તેમણે કહ્યું, કરી મન માંહે વિચાર,

https://archive.org/details/bk049/page/n323/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

હેવ એ સાથે કેમ ચાલશે,આ ઉંચ નગર મોઝાર. ચેતો-૨૫૪
હેજી, વાટકો ભરી આપું ખીરનો, તે લઈને જજો પીરની પાશ,
એ વાટકો લઈને પાછા આવજો, કાંઇ વાતન । કરશો લગાર. ચેતો-૨૫૫
હેજી, વાટકો દુધનો છલાછલ ભર્યો, તે ખાલી નહિ લગાર,
શેખ સદરે તે ઉપાડીયો, તે આલ્યો સદ્‌ગોરજીને હાથ. ચેતો-૨૫૬
હેજી, એ આવી અરજ કરે, સદ્‌ગોરે જોયું સામું તે વાર,
અમારા પિતાએ દુધ મોકલ્યું, સાહેબ તમે લેજો દાતાર. ચેતો-૨૫૭
હેજી, સદ્‌ગોર સામું જોઇ કરી, ઉભો રાખ્યો તેણે ઠામ,
અરશમાં હાથ ઉંચો કરી, ફુલ મંગાવ્યું એણે ધામ. ચેતો-૨૫૮
હેજી, તે ફુલ મુક્યું દુધમાં, અને મુખથી કહ્યો વિચાર,
જઇ દેજો તમારા બાપને, કહેજો સાંસો ન કરે લગાર. ચેતો-૨૫૯
હેજી, બીજો બારે હાથ કાઢીયો, તેમાં ખાખ આણી તે સાર,
તેના તે ત્રણ ભાગ કર્યા, સૌ સૌને નામે દીધી તે વાર. ચેતો-૨૬૦
હેજી, શેખ સદર ત્યાંથી ચાલીયા, સદ્‌ગોરની હજુરથી બહાર,
દુધ ખાક ત્યાંથી લેઇ આવીયા, બાવદીન પાસે સાર. ચેતો-૨૬૧
હેજી, બાવદીને તે લઇ માથે ધર્યા, દુધ ફુલ જેણી તે વાર,
શેખ સદરે ત્યારે પુછીયું, એનો ભેદ કહો પિતાજી સાર. ચેતો-૨૬૨
હેજી, શા ભેદે દુધ તમે મેલીયો ? એ સૈયદને દ્વાર,
તેમણે ફુલ માથે મૂકીયા, કહ્યું સાંસો ન ધરશો લગાર. ચેતો-૨૬૩
હેજી, બાવદીન ત્યારે બોલીયા, એમાં તમે સમજ્યા નહિ લગાર ?
અમે એમને એમ કહ્યું, ઉંચ માંહે ઓલીયા છે અપાર. ચેતો-૨૬૪
હેજી, ત્યારે તે એમણે એમ કાવ્યું, દુધ ઉપર ફુલનો શું ભાર,
એ રીતે અમે રેહશું, તેનો સાંસો ન કરસો લગાર. ચેતો-૨૬૫
હેજી, શેખ સદરે ફરી પુછીયું, આ ખાકનો કહો વિચાર,
તેની વાત જાહેર ના કરી, બાવદીનના મને ઉપજ્યો કાલ. ચેતો-૨૬૬
હેજી, સૌ સૌને થાનકે બેશી રહ્યા, બાવદીનને સંશે ન મટે લગા,
અંતરમાં રાખી અદેખાઇ ઘણી, આપણા દીનથી છે એતો બહાર. ચેતો-૨૬૭
હેજી, એતો ત્રણ યારને નાના માને, એ અલી નબીનો પરવાર,
તે દિવસથી છેટા પડયા છે, હતી અલી નબીની વાર. ચેતો-૨૬૮
હેજી, તેમાં અંધ્યે ના જાણ્યું એટલું, પંજે તન સરખા કેમ થાએ યાર ?

https://archive.org/details/bk049/page/n324/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

જેને કુદરતથી કીતાબ ઉતરી, આવ્યા દુલ્દુલને જુલફિકાર. ચેતો-૨૬૯
હેજી, ચાદર અરશથી ઉતારી, તેણે ઢાંક્યા પાંચે તન સાર,
હુંરા અરશથી ઉતર્યા, બીબી ફત્માહને દરબાર. ચેતો-૨૭૦
હેજી, જાહેર કરામત દેખાડીયા, દીઠી તે કેટલી વાર,
મુશરિકોએ માન્યું નહિ, અંતરમાં ન આણ્યો ઈતબાર. ચેતો-૨૭૧
હેજી, પીર શમ્સ બેઠા મસીદ માંહે, એક બાલક ધરે છે પ્યાર,
રાજાને દ્વારે એ બાલક હતો, ત્યારે એ પોહોંચ્યો સાહેબને દરબાર. ચેતો-૨૭૨
હેજી, એ પુત્ર હતો બાદશાહ તણો, તે હતો ઉંચ નગરનો સાર,
બાદશાહને શંસો ત્યારે ઉપન્યો, તેણે કીધો મનમાં વિચાર. ચેતો-૨૭૩
હેજી, અમે એ શાંભલ્યું હતું, મૂવા જીવાડે પેગંબરનો પરવાર,
તેણે મૂવો બાલક મેલીકરી, તેડાવ્યા કાજી મુલ્લાને સાર. ચેતો-૨૭૪
હેજી, કાજી મુફિત તેડી કરી, અને કરીયો તે એક વિચાર,
અમો તમને રોજ ખવરાવતા, તમો ઈલમ પડતા તે સાર. ચેતો-૨૭૫
હેજી, એ ઈલમમાં તમે એમ કહેતા, મુવા જીવાડે પેગંબરનો પરવાર,
તે માટે તમે હવે તે કરો, મુઓ માણસ પડયો છે અમારે દ્વાર. ચેતો-૨૭૬
હેજી, તેને તમે જઈ જીવતો કરો, નહિ તો પીલાવીશ તમારો પરવાર,
કાજી મુફિત અરજે ઉભા રહ્યા, પડો વગડાવ્યો નગર મોઝાર. ચેતો-૨૭૭
હેજી, પડો વગડાવ્યો શેહેરમાં, જે આવે પેગંબરનો પરવાર
ત્યારે શહેર સર્વ ભેગું થયું, કોઈથી જીવતો ન થયો એ બાલ. ચેતો-૨૭૮
હેજી, ત્યારે માંહો માંહે બેઠા વાતો કરે, તેમના મને પડી બહુ જંજાલ,
બાદશાહ આપણને પીલાવશે, આ સૌનો તે આવ્યો કાલ. ચેતો-૨૭૯
હેજી, સર્વ ને તે સાંસો પડયો, તેમાં એકને ઉપન્યો વિચાર,
એક મરદ બેઠો મસીદ માંહી, તેને લાવો બાદશાને દ્વાર. ચેતો-૨૮૦
હેજી, ત્યારે સભા ઉઠી કરી, તે આવી મસીદ મોઝાર.
સદ્‌ગોર શમ્સ બેઠા હતા, તેમને કહ્યો સર્વ વિચાર. ચેતો-૨૮૧
હેજી, સદગોર આગળ સર્વ વિનંતી કરે બાદશાહ પીલાવસે અપારો પરવાર
તે માટે સાહેબ તમે કૃપા કરો ઉઠાડો બાદશાહનો બાળ. ચેતો-૨૮૨
હેજી, સદ્‌ગોર શમ્સે ત્યારે પુછીયું, યહાં કોઈ નથી પેગંબરનો પરવાર,
જેથી આ બાળ જીવતો થઈ ઉઠે, રહે બાદશાહનો પરવાર. ચેતો-૨૮૩
હેજી, અમે ગુલામ છૈયે નબી તણા, અને શું છે અમારો ભાર,

https://archive.org/details/bk049/page/n325/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

ઓલીયા છે આ નગરી તણા, તેને પુછી કરો તકરાર. ચેતો-૨૮૪
હેજી, જેટલા હતા તે સર્વ બોલીયા, અમે પુછ્યું શેહેરમાં અપાર,
હવે માત તાત તમે થાઓ, તો ઉગરે અમારો પરવાર. ચેતો-૨૮૫
હેજી, ત્યારે મેહેર કરી મુરશદ ઉઠીયા, આવ્યા બાદશાહને દ્વાર,
બાંહે ગ્રહીને ઉઠાડીયો, બાળક શાહનો સાર. ચેતો-૨૮૬
હેજી, ઉઠાડયો પોતાના હુકમથી, સાથે ન લીધો કિર્તાર,
બાળકને જ્યારે ઉઠાડીયો, ત્યારે ઓળખ્યા સર્વે સંસાર. ચેતો-૨૮૭
હેજી, ત્યારે મુનાફકોના મન ડોલીયા, આપે થયો કિર્તાર,
ત્યાં સર્વે મલી અદેખાઇ કરે, અને કરે પરસ્પર વિચાર. ચેતો-૨૮૮
હેજી, પીર શમ્સ પાસે કોઇ આવે નહિ, પુઠે નિંદા કરે અપાર
બેઇમાનીના જીવ ડોલીયા, તે કોઇ ના પામ્યા પાર. ચેતો-૨૮૯
હેજી, શેહેર સારામા પડો વગડાવીયો, એને કોઇ ખાવા ન દેજો લગાર.
એણે પોતાનો હુકમ ચલાવીયો, એ માથે છે સરાનો ભાર. ચેતો-૨૯૦
હેજી, ત્યારે સરાનો ભાર ઉતરશે, ખાલ ઉતારે શરીરની સાર,
ત્યાંસુધી કોઇ ખાવા આપે નહિ, પડો ફેરવ્યો નગર મોઝાર. ચેતો-૨૯૧
હેજી, સદ્‌ગોર શમ્સને માલમ થયું, ફરતાં આવ્યા કસાઈને દ્વાર,
પૈસા કાઢી દીધા હાથમાં, તમે ખાવા આપોને કાંઇ સાર ચેતો-૨૯૨
હેજી, ત્યારે કસાઇયે વિચારીયું, કેમ દઇએ તેમને આહાર ?
શેહેરમાં એવીં ડુંડી ફરે, એમને કોઇ ખાવા નદેજો લગાર. ચેતો-૨૯૩
હેજી, કસાઇ મનમાં ઝાંખો થયો, તે તો બહુ કરે વિચાર,
કહેતો કાચોમાંસઆલીએ, બીજો કાંઇ નહિ ઇખત્યાર. ચેતો-૨૯૪
હેજી, ત્યારે પીર શમ્સે હાં કહો, કસાઇએ માંશ આપ્યો તેણીવાર,
તે દેવતા લેવા આગળ ચાલીયા, દેવતા કેણે નાઆપ્યો સાર. ચેતો-૨૯૫
હેજી, સદ્‌ગોર બાળકને તેડી કરી, અને ગયા નગરથી બહાર,
તેમણે ખાધું પીધું કાંઇ નહિ, દહાડો ચઢયો ત્યાં અપાર. ચેતો-૨૯૬
હેજી, સદ્‌ગોર શમ્સને સર્વે એમ કહે, તમે તોડી સરાહની પાલ
તન્ન માથેથી ખાલ ઉતારીયા, અને પોતે હાથે કિર્તાર. ચેતો-૨૯૭
હેજી, તે તો દીધી બાળકના હાથમાં, બાળક આવ્યો નગર મોઝાર,
બાળકે દીધી તેના હાથમાં, તે ખાલ આપી નિર્ધાર. ચેતો-૨૯૮
હેજી, એરે ખાલ તમે લીઓ, સદ્‌ગોરે ફરમાવ્યું તેણીવાર,

https://archive.org/details/bk049/page/n326/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

આ બંદાને અમે ઉઠાડીયો, તેનો અમસર સરાનો ભાર. ચેતો-૨૯૯
હેજી, ત્યારે સૌના મન થર કરાવિયા, તેમણે તે ઓળખ્યા દાતાર,
સદ્‌ગોરને ખુધ્યા ઉપની, ગયા ગામમાં તેણીવાર. ચેતો-૩૦૦
હેજી, ત્યારે તો શુધાવ્યાપી ઘણી, દહાડો રહ્યો ઘડી ચાર,
સૂર્યને લેઇ ત્યારે હુકમ કર્યો, તે તો હાજર થયો તેણીવાર. ચેતો-૩૦૧
હેજી, ત્યારે સૂર્ય આવી હાજર થયો, અને શું છે અમારૂં કામ,
તમ હુકમે અમે હાજર છું, ફર્માવો તે કરીએ કામ. ચેતો-૩૦૨
હેજી, સદ્‌ગોર શમ્સે ફર્માવીયું, ગોશ પકવી કરો તૈયાર,
તો અમો આરોગીએ, ક્ષુધા લાગી બહુ અપાર. ચેતો-૩૦૩
હેજી, માંસ લઇ હાથ મેંહે ધર્યુ, પકવવા કીધો વિચાર,
ત્યારે સૂર્ય આવી ઉભો રહ્યો, ત્યારે ખલ્કને થયો બહુ આજાર. ચેતો-૩૦૪
હેજી, ત્યારે ખલ્ક સર્વ બળવા લાગી, નગર માંહે પડયો પોકાર,
દિન કયામતનો આવીયો, કેમ કરી છુટાએ એથી સાર ? ચેતો-૩૦૫
હેજી, ત્યારે રાજા પ્રજા બલવા લાગ્યા, પશુ પંખી તરફડે અપાર,
તોબા તોબા સૌ કોઇ કરે, કોનું જોર ન ચાલે લગાર. ચેતો-૩૦૬
હેજી, ત્યારે કોઇ કેને ઘેર આવે નહિ, થઇ પડયો સૌને આજાર,
ત્યારે સૌ કોઇ વિમાસે મન વિષે, આનો કોણ કરણ હાર. ચેતો-૩૦૭
હેજી, ત્યારે ખલ્ક સર્વ આવી મલી, તેનો નહિ કાંઇ શુમાર,
કાજી મુફ્તિ સૌ આવીયા, ઓલીયા અંબીયા સર્વે સાર. ચેતો-૩૦૮
હેજી, સૌ કોઇ આવી પાય પડયા, ત્યાં સર્વે નરને નાર,
તોબા તોબા સૌ કોઇ કરે, બીજો કાઇ ન રહ્યો ઉપાયે, ચેતો-૩૦૯
હેજી, માંસ રંધાએ સૂર્ય સ્થાને ગયો, સદ્‌ગોર બાલકને પૂછે તે વાર,
કહો બેટા ક્યાં ચાલીશું, તમે ભૂખ્યા હશો અપાર ? ચેતો-૩૧૦
હેજી, ત્યારે બાલક એમ બોલીયો, સાહેબ તમારો અખ્તિયાર,
હમને તો ખુધ્યા કાંઇ નથી, અમને આવે છે ઓડકાર. ચેતો-૩૧૧
હેજી, જ્યારે તમે સાહેબ સૂર્ય બોલાવીયો, તેથી પકવ્યો માંસ સાર,
ત્યાં ખલ્કત સર્વ શેહેરની, તે તો બળી હશે અપાર ? ચેતો-૩૧૨
હેજી, તમે કર્તા થયા છો મેહેરબાન, તેનો ખલ્ક ને નથી વિચાર,
એ અચરજમાં અમો છૈયે, તમે સાહેબ બક્ષણ હાર. ચેતો-૩૧૩
હેજી, બાદશાહ રાણી સહીત આવીયો, તોબા તોબા કરતો અપાર,

https://archive.org/details/bk049/page/n327/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

તેતો આવી સદ્‌ગોરને પાયે પડયો, પુછયું બાળકને વિચાર. ચેતો-૩૧૪
હેજી, બાળકના એ પિતા માતા, રાખ્યો સદ્‌ગોર ઉપર પ્યાર,
બાળકને ભેદ સર્વે પૂછીયા, શાકારણ સૂર્ય મંગાવ્યોગુરુજીએ સાર? ચેતો-૩૧૫
હેજી, બાળકે ભેદ સર્વ ખોલીયા, તમે સાંભળો માત તાત,
અમને ભૂખે દિવસ વહી ગયો, ખાવાની ન થઇ કાંઇ વાત. ચેતો-૩૧૬
હેજી, અમે બે ભૂખ્યા થયા, પાછા આવ્યા શેહેર મોઝાર,
આવી શેહેર માંહે પુછીયું, ખાવાનું કોઇ ન દે લગાર. ચેતો-૩૧૭
હેજી, ત્યારે કસાઇને દયા આવી, પણ અમને ન આપ્યો અહાર,
પૈસા છોડી ગોરે આપ્યા હાથમાં, તો એ ખાવાની ભણી નકાર, ચેતો-૩૧૮
હેજી, કસાઇએ ફરી વિચારીયું, માંસ કાચો આપ્યો તે વાર,
તે લઇ અમે ફર્યા ઘણું, રાંધી દેવા કોઇ ન કરે હકાર. ચેતો-૩૧૯
હેજી, ઠામ કોઇ આપે નહિ, અને અગ્નિ એ ન દે કોએ,
ફરી ફરી થાકી ગયા, એવા હાલ અમારો હોએ. ચેતો-૩૨૦
હેજી, ત્યારે બધો દીન ભૂખ્યા રહ્યા, દન પાછલો રહ્યો ઘડીચાર,
ત્યારે સદ્‌ગોરે સૂર્યાને સાદ કર્યો, એ આવી હાજર થયો તે વાર. ચેતો-૩૨૧
હેજી, સવા નેજે સૂર્ય આવીઓ, સદ્‌ગોરે માંસ કીધો તૈયાર,
સૂર્ય તાપે માંસ પકાવીઓ, સદ્‌ગોર કરામતના દાતાર. ચેતો-૩૨૨
હેજી, સદ્‌ગોરે એવી કરામતો દેખાડિયો, દુનિયાનેના સુઝે લગાર,
મૂઓ માણસ સજીવન કર્યો, કાગલ બેડીએ સમુદર તરીઆ. ચેતો-૩૨૩
હેજી, પોશ ઉતારી પોતાના દેહની, અને સુર્ય મંગાવ્યો સાર,
એવી કરામતો દીઠા છતાં, અંધી દુનિયાનાલાવી ઇત્બાર. ચેતો-૩૨૪
હેજી, એવી જાહેર કરામતો દેખાડીયા, તે તો દુનિયાને જાણવાસાર,
એ કરામતો જોવાઇ ગઇ, એથી બીજો નથી કિર્તાર. ચેતો-૩૨૫
હેજી, ત્યારે રાજા રાણી ઉઠીયા, તે તો આવી પડયા ગોરજીને પાએ,
ઉઠો સાહેબ મેહેર કરો, પધારો અમારે દ્વાર. ચેતો-૩૨૬
હેજી, તેના માત તાત સદ્‌ગોરના પાએ પડયા, ઓળખ્યા તે સૃજંના હાર,
પાએ પડી ગોરને મનાવીયા, તમો તો સૌના તારણ હાર. ચેતો-૩૨૭
હેજી, સદ્‌ગોર શમ્સ એમ બોલીયા, તમે એવા લોક સંસાર,
અમારે તમારે નહિ બને, અમે રહિશું મસીદ મોઝાર. ચેતો-૩૨૮
હેજી, ત્યારે રાજાએ બાલકને કહ્યું, હતો પોતાનો પરવાર,

www.realpatidar.com mail@realpatidar.com

આ સદ્‌ગોરને તેણે સમજાવીયા, લઇ ચાલ્યો પોતાને દ્વાર. ચેતો-૩૨૯

હેજી, રાજાને પ્રજા સર્વે ઉભા, અને ધ્રુજે બહુ અપાર,
ત્યાં શેખ સૈયદ સર્વ ઉભા ઘણા, ત્યાં ઉભો બાવદીનનો પરવાર. ચેતો-૩૩૦

હેજી, બાવદીન પોતાની મેડીએ, મનમાં કરે વિચાર,
એવો પુરૂષ કાંઇ દીઠો નહિ, અમે જોયો સર્વ સંસાર. ચેતો-૩૩૧

હેજી, ત્યારે બાવદીન મેડીથી ઉતર્યો, એ આવ્યો સદ્‌ગોર હતા જ્યાંએ,
ઉભા જુએ સદ્‌ગોર ને, આવી લાગ્યા શમ્સદીનને પાએ. ચેતો-૩૩૨

હેજી, ત્યારે સર્વે મળી કહ્યું, અને કહ્યું સદ્‌ગોરનેસર્વ સાર,
સ્વામી અમારી ભૂલ અતી ઘણી, બક્ષો તમે બક્ષણ હાર. ચેતો-૩૩૩

હેજી, ત્યારે સદ્‌ગોર શમ્સ એમ બોલીયા, અમો આવ્યા નગર મોઝાર,
મુસાફર થઇ બેઠા મસીદ માંહે, અમારી કોઇએ ન લીધી સંભાળ. ચેતો-૩૩૪

હેજી, ત્યાં એક મુવેલો માણસ હતો, તેનો તમસર હતો ભાર,
ત્યારે તમે આવીને કરગર્યા, એ આફતથી અમને બચાવો સાર. ચેતો-૩૩૫

હેજી, ત્યારે એ જીવને અમે ઉઠાડીયો, હતો જે રાજાનો બાલ,
ત્યાં તમારા મન ડોલીયા, તાજીર આણી અમ્‌ પર તે વાર. ચેતો-૩૩૬

હેજી, ત્યારે અમે ખાલ ઉતારીયા, તે તો દીઠી સર્વ સંસાર,
તમે પડો ફેરવ્યો શહેરમાં, એને કોઇ ખાવા ન દેજો લગાર. ચેતો-૩૩૭

હેજી, આખો દહાડો અમો ભુખ્યા રહ્યા, જ્યારે દહાડો રહ્યો ઘડી ચાર,
શેહેર સર્વે અમે ઢુંડીયો, કોઇને મેહેર ના આવી લગાર. ચેતો-૩૩૮

હેજી, કસાઇ હતો એક શહેરમાં, તેણે માંસ કાચો આપ્યો સાર,
તે લઇ ફર્યા આખા શહેરમાં, કોઇએ દેવતા ન દીધો લગાર. ચેતો-૩૩૯

હેજી, ત્યારે સૂર્યને અમે સાદ કર્યો, તે તો આવિયો તતકાળ,
તેથી માંસ પકાવીયો, હવે જાસુ મસ્જીદ મોઝાર. ચેતો-૩૪૦

હેજી, બાદશાહ ત્યારે બોલીયો, જે મુલતાનનો સરદાર,
સદ્‌ગોરજી અમને ધર્મ દીઓ, આ છુટિએ સર્વ જંજાલ. ચેતો-૩૪૧

હેજી, તમે સદ્‌ગોર ને અમે સેવક, તમે કૃપાકરોદાતાર,
તમો તાત થઇ ગુનાહ બક્ષજો, અમારા અવગુણનો નહિ પાર. ચેતો-૩૪૨

હેજી, અમે ગુનેહગાર સર્વે બંદા, તેની તમો કરો સંભાળ,
આવી અમારા દેશમાં, અમને તમો ઉતારો પાર. ચેતો-૩૪૩

હેજી, સદ્‌ગોરજી હવે અમને ધર્મ દીયો, પધારો અમારે દ્વાર,

https://archive.org/details/bk049/page/n329/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

કૃપા કરી પધારજો, તમો રીસ મકરજો લગાર. ચેતો-૩૪૪

હેજી, સદ્‌ગોર શમ્સ એમ બોલીયા, તમે ધર્મ લેશો સાર, ચેતો-૩૪૫
આ કઠણ ધર્મ છે અમતણો, તેના પરેજ તણો નહિ પાર.

હેજી, ત્યારે રાજાએ સર્વે કબુલીયું, ફર્માન કર્યો શમ્સ દાતાર ચેતો-૩૪૬
અમેરે ગુલામ સદ્‌ગોર તમ તણા, તેનો કાંએ મધરજો વિચાર.

હેજી, ત્યાં સદ્‌ગોરજી પહોંચીયા, અને રાજા તણે દ્વાર, ચેતો-૩૪૭
ત્યાં ચંદ્ર સૂર્ય બેઉ આવીયા, હજુરમાં તેણી વાર.

હેજી, સદ્‌ગોરજી અમને ફર્માવજો, અમો છયેં તમારા દાસ, ચેતો-૩૪૮
અમે તમારા બંદા છૈયે, તમે સ્વામી અમારા બક્ષણ હાર.

હેજી, નુરના તેજ અર્શેથી આવીયા, જેમ જુએસર્વ સંસાર, ચેતો-૩૪૯
ત્યારે સર્વે તે મનમાં જાણીયું, એ છે પોતે સાહેબ સૃજનહાર.

હેજી, મધરાતનો સમો હતો, ત્યારે કર્યું તે સદ્‌ગોરજીએ સાર, ચેતો-૩૫૦
ચંદ્ર સૂર્ય તે ઉભા હજુર માંય, સદ્‌ગોર વેદ ભણ્યા તે વાર.

હેજી, ચંદ્ર સૂર્ય સર્વ સાંભળે, સદ્‌ગોરની વાણી મીઠી અપાર, ચેતો-૩૫૧
તે સાંભળી સર્વ રાજી થયા, ત્યાં સમય સૂર્યોદયનો થયો સાર.

હેજી, જ્યારે સૂયર્યોદયનો સમય થયો, સૂર્યે સદ્‌ગોર શું માંગી વિદાય, ચેતો-૩૫૨
હુકમ કરો તો અમે જઇયે, રહેણી રહી નથી જરાએ.

હેજી, આજ્ઞા લઇ ચંદ્ર સૂર્ય ચાલ્યા ગયા, ગયા સૌ સૌને દ્વાર, ચેતો-૩૫૩
ત્યારે સદ્‌ગોરે વેદ સંભળાવીયા, એથી મોહિત થયો સંસાર.

હેજી, રાજા રાણીએ ધર્મ લીધો, સદ્‌ગોરે પાવલ પાયું સાર. ચેતો-૩૫૪
સદ્‌ગોર સત્યપંથ તેમને દેખાડીયા, જે સર્વોત્તમ પંથ સાર.

હેજી, રાજા સાથે સૌ કોઇ નમ્યા, સર્વે રાખ્યો સદ્‌ગોર ઉપર .પ્યાર, ચેતો-૩૫૫
ત્યાં પ્રબંધ પીરે ચલાવીયો, કીધા મુરીદ ઉંચ નગર મોઝાર.

હેજી, સદ્‌ગોરે સત્પંથ દેખાડીયા, ને શીખવાડયા ધર્મ આચાર, ચેતો-૩૫૬
રાજા રાણી આવ્યા ધર્મમાં, એક પુત્ર પણ તેનો સાર.

હેજી, જેના જીવ સદ્‌ગોરે ચલાવીયા, મૂવેલ જીવતા કર્યા દાતાર, ચેતો-૩૫૭
ત્રણ જણને ધર્મ આલીયા, બીજા બોધ્યા લોક અપાર.

હેજી, તેને સદ્‌ગોરે વાણી કહી, મૂરીદ કર્યા ઉંચ નગર મોઝાર, ચેતો-૩૫૮
સદ્‌ગોરને ફર્માને જે જીવ ચાલીયા, તે પામ્યા મોક્ષ દિદાર.

હેજી, સદ્‌ગોરને ફર્માને સુધા ચાલશો, દશાંશદેશો સદ્‌ગોર મુખે સાર,

https://archive.org/details/bk049/page/n330/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

ચાલીશો પીરનો આપશો, કરજો મુક્તિ તે આ સંસાર. ચેતો-૩૫૯
હેજી, ખરા દશાંશી શુક્તિવંતા, તે આવશે અમારે દ્વાર,
આખરની વેળા જ્યારે આવશે, ત્યારે ઉતરશે તે ભવપાર. ચેતો-૩૬૦
હેજી, તેને હાજર જામો દેખાડીયો, નર કાશમશાહનો અવતાર,
કાશમશાહને અલી કરીને માનજો, એમાં શંકા મ આણસો લગાર. ચેતો-૩૬૧
હેજી, એમને જે ઓછું કરી માનશે, તે પાંખંડી' સત્પંથી નહિ લગાર,
જેના પૂર્વે પુન્ય પૂરા નહિ, તે નહિ માને હાજર જામાનો અવતાર. ચેતો-૩૬૨
હેજી, અલખ નિરંજન એને કહીયે, તેની કળાનો નહિ પાર,
આદ ઉનાદનો એ નર કહીયે, તેની યુગો યુગે રમત સાર. ચેતો-૩૬૩
હેજી, એ ધરે ધરમ આપશે, તેને આવા ગમન નહિ સંસાર,
આ કલિસંધે જે થર રહેશે, તે પામશે મોક્ષ દિદાર. ચેતો-૩૬૪
હેજી, કલિયુગ કઠણ જ્યારે આવશે, કુડ કપટ વ્યાપશે અપાર,
ધર્મના કામ ઢીલા પડશે. ફેડશે ઋષિવરનાં વહેવાર. ચેતો-૩૬૫
હેજી, ધર્મી થઇ અધર્મે ચાલશે, મેહેર નહિ આવે લગાર,
એ પાપે સર્વે દુઃખી થાશો, દુઃખી થાશે સર્વસંસાર. ચેતો-૩૬૬
હેજી, ધર્મિ જ્યારે અધર્મિ થશે, તેને હૃદય તે વ્યાપશે કાળ,
એથી સંસાર વણસશે, તેથી કોઇ નહિ પામે મોક્ષ દીદાર. ચેતો-૩૬૭
હેજી, સંસાર બગડશે ગુરૂ વિના, તેને ધર્મનાસૂજે લગાર,
અવતાર દશમાનો ઘર ભૂલીયા, ત્રણ વેદમાં કરશે વ્યવહાર. ચેતો-૩૬૮
હેજી, ત્રણ વેદ ત્રણ યુગમાં વહી ગયા, હવે આવી ચોથા કલિયુગની વાર,
તેસદ્‌ગોરે ઋષિવરને કહ્યા, અને કહ્યા તે સર્વ વિચાર. ચેતો-૩૬૯
હેજી, તે માંહેથી જાણી જોઇને ભૂલશે, તે માથે રહેશે સૌનો ભાર,
ઋષિવરને પાપે પ્રથમ પીડાશે, જે જાણી કરશે વક્રમ અપાર. ચેતો-૩૭૦
હેજી, ધરમ કરતાં ઝઘડો મચાવશે, સૌ ચાલશે પોતાતે વિચાર,
તે દીલ દયા નહિ ઉપજશે, તે જાશે નર્કને દ્વારે. ચેતો-૩૭૧
હેજી, સદ્‌ગોરને દાન દેતાં ઠરે નહિ, પાંખડી સાથે રાખે વ્યવહાર,
તેને સદ્‌ગોર પોતાનો નહિ ગણે, ભઠ પડયો તેનો અવતાર. ચેતો-૩૭૨
હેજી, સુપાત્રે દાન દેતાં ઓછું આણશે, ચાલા ચરપટે રહેશે હુશિયાર,
આ સદ્‌ગોર વિના ધર્મ જેટલા, તે સર્વ પાખંડની જાલ. ચેતો-૩૭૩
હેજી, ગુરૂએ ધર્મ દેખાડિયા, દેખાડયા પ્રગટ નર અવતાર,

www.realpatidar.com mail@realpatidar.com

બીજા સંસારથી ગુપ્ત રહ્યા, સદ્‌ગોર મૂખે રાખો વિશ્વાસ. ચેતો-૩૭૪
હેજી, સદ્‌ગોર ઋષિવરને સમજાવીયા, દેખાડયા નર અલી નકલંક અવતાર,
એ નરને દેખી જે નર ભૂલશે, તે તો ઠામ નહિ પામે લગાર. ચેતો-૩૭૫
હેજી, એવી વાણી તે સદ્‌ગોરે કહિ, તેનો ઋષિવર કરજો વિચાર,
આ સંસાર માયા છે મીઠડી, મન થર એથી નહિ રહે રલગાર. ચેતો-૩૭૬
હેજી, તેમાં જે જીવ ચેતશે, અને મેલશે માયાનો જંજાલ,
ખરા દશાંશી સદ્‌ગોર મુખે, શ્રી અલીને માનશે નિર્ધાર. ચેરો-૩૭૭
હેજી, તે જીવ અમારે ઘેર આવશે, તેને કલિયુગ નહિ લોપે લગાર,
ધન પુત્ર માયા છે કારમી, તેને જાતાં નહિ લાગે વાર. ચેતો-૩૭૮
હેજી, એવી વાણી સદ્‌ગોર બોલીયા. અને મુરીદને કહ્યા વિચાર,
સત્પંથ ગુપ્ત ચલાવિયા, ઋષિવરને કહ્યા, નિર્ધાર. ચેતો-૩૭૯
હેજી, પીર શમ્સના પીર નશીરદીન થયા, અને કાશમશાહ નર અવતાર,
એ સદ્‌ગોરે બહુ જીવ બોધીયા, તે વરિયા સર્વ સંસાર ચેતો-૩૮૦
હેજી, પીર નસીર દીનના સાહેબ દીન થયા, તે તો શમ્સ દીનનો પરવાર,
એ આલ અલી નબીજીની કહીએ, આદ ઉનાદથી ચાલી આવી સાર. ચેતો-૩૮૧
હેજી, પીર સાહેબ દીનથી સર્જીયા, પીર સુદર દીન તે સાર,
એ બારક્રોડીના તારણહાર કહીયે, ઈસ્લામશાહ કાશમશાહનો પરવાર. ચેતો-૩૮૨
હેજી, સદ્‌ગોદ સુદરદીનો નરની સેવા કીધી, જાણી નર નકલંક અવતાર,
યુગો યુગ નરની સેવામાં રહ્યા, ઓળખ્યા તે અવતારો અવતાર. ચેતો-૩૮૩
હેજી, શાહોજીએ પ્યાર કીધા પ્રેમ શું, સેવા કીધી સદ્‌ગોરે સાર,
ત્યારે શ્રી ઈસ્લામશાહ ત્રુઠિયા, અને હુવા તે વર દાતાર. ચેતો-૩૮૪
હેજી, ચોરાશી આસણે પીરે તપ સાધ્યું, શાહોજી ઉપર રાખ્યો ઈતબાર,
આપણા કાજે પીરે તપ સાધ્યું, અને ક્રિયા કીધી અપાર. ચેતો-૩૮૫
હેજી, છત્રીશ યુગને ચોરાસી ચોકડી, સદ્‌ગોરે તપ કીધો સાર,
અહીં અનેક તપ આદર્યા, તેનો ના થાએ વિસ્તાર. ચેતો-૩૮૬
હેજી, આઠ લાખ કરણ આગે તપશ્ચર્યા કીધી, અનેંક કલફો યુગોમાં સાર,
તે અલી રૂપે નર ઓળખ્યા, સદ્‌ગોર બ્રહ્મા નબી મહંમદ અવતાર. ચેતો-૩૮૭
હેજી, એની ખેલ રમત આદે ઉનાદની, જ્યાં થકી સજર્યો સંસાર,
આદિ નર તે અલી પુજીયે, નબી મહંમદે ઓળખ્યા ભરથાર. ચેતો-૩૮૮
હેજી, ઠામે ઠામે અલી એજ નર કહીયે, પંથા પંથમાં એની સેવા સાર,

https://archive.org/details/bk049/page/n332/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

જેટલી વરણ આ સંસારસાં, સર્વે અલી નામજપે નિર્ધાર. ચેતો-૩૮૯
હેજી, વરણા વરણ માંહે ઠરાવીયા, અલી નામ તે કિર્તાર,
જમી અસ્માન જેણે પેદા કર્યા, તેના નામે ચાલે સર્વ સંસાર. ચેતો-૩૯૦
હેજી, તે પીંડ શ્રી ઈસ્લામ શાહનું, નબી મહંમદ સુદરદીન સાર,
યુગો યુગ એ નરની જોડી કહીયે, એ તો બ્રહ્મા વિષ્ણુ અવતાર. ચેતો-૩૯૧
હેજી, તેરે વર અમે પામીયા, નર મહંમદશાહ અવતાર,
અમે અમારો વર ઓળખ્યો, મુનિવર તમને કહું પોકાર. ચેતો-૩૯૨
હેજી, નર ઈસ્લામશાહે ઓળખ્યા, ફર્માન આલ્યું હતું સદ્‌ગોરને સાર,
ત્યારે છત્રીસ ક્રોડી જીવનિર્મી કરી, જઈ બોધ્યા દુનિયા મોઝાર. ચેતો-૩૯૩
હેજી, તે ફર્માન લઈ સદ્‌ગોરજી આવીયા, વાણી કીધી યુગમાં સાર,
તે ફર્માની બંદા ઈસ્લામશાહ તણા, ક્રોડી છત્રીસ બોધ્યા સાર. ચેતો-૩૯૪
હેજી, ત્યાં ધર્મ નિમ સૌને આપીયા, આવી તેડયા નરને નાર,
સદ્‌ગોરે સર્વને બતાવીયું, કરજો હક્ક કમાઈ સાર. ચેતો-૩૯૫
હેજી, જુઠ નિંદા કોઈની ન કરજો, જેથી પડીએ દોહેલે ઠાર,
સતી જીવ સાચે ચાલજો, તો તરી ઉતરશો પાર. ચેતો-૩૯૬
હેજી, જે સદ્‌ગોરનું ધર્મ લીધું, તે સદ્‌ગોરની વાણીનો કરજો વિચાર,
તે સદ્‌ગોરને અમે એક છીએ, નર ઈસ્લામશાહ તેનરમહમદશાહ દાતાર. ચેતો-૩૯૭
હેજી, એ નરની સેવા તમને બતાવીયા, જે સર્વનો સૃજન હાર,
તે નર નકલંક ઈસ્લામ શાહ, તેનું થાનક એરાખંડ મોઝાર. ચેતો-૩૯૮
હેજી, એ આસણ નરજીનું કહીયે, સદ્‌ગોર બેઠયા જંબુદ્વીપ મોઝાર,
એને ફર્માને તમે ચાલશો, હક્ક કમાઈ કરજો સાર. ચેતો-૩૯૯
હેજી, સૌ સૌને થાનકે પરવર્યા, ગોર નર બંને જાંબુદ્વીપે ઠાર,
હક્ક કમાઈએ તમે ચાલજો, તેમાં દશાંશ નરની પાંતીનો વ્યવહાર. ચેતો-૪૦૦
હેજી, ધરમ લીધો તે ખંડિત ન કરજો, ખટ્ટી કમાઈએ રળજો સાર,
સાચા ઈમાને આપજો, દશાંશ નરનો છે આહાર. ચેતો-૪૦૧
હેજી, દશાંશશ્રી ઈસ્લામશાહને આલજો, કલિયુગ સંઘે નકલંક અવતાર,
ચાલીશો બ્રહ્માજીનો અમને આપજો, તેથી બરકત થાશે તમને અપાર. ચેતો-૪૦૨
હેજી, મલજો નિત્ય નિત્ય ગત માંહે, ગોર મુખી સાથે કરજો સદ્‌ વિચાર,
તો પાપ તમારાં સર્વ ઉતરશે, દુઃખ ધંધાનો મટશે, આજાર. ચેતો-૪૦૩
હેજી, ગોર મુખી હસ્તે દુઆ કરાવીયે, કોડી પૂજા દીજીએ સાર,

https://archive.org/details/bk049/page/n333/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

ધર્મ દશાંશ ગોર મુખે દીજીએ, ધંધાની પાંતીનો પુરો વ્યવહાર. ચેતો-૪૦૪
હેજી, નિત નિત ગતમાંહે મલજો, અનેક રીતે ધર્મ આચાર,
હાલ વાએકે આપો મુનિવરો, આપણા સદ્‌ગોર મુખે પુરોવ્યવહાર. ચેતો-૪૦૫
હેજી, એવા પરબોધ ચલાવીયા, નિમીયા તે છત્રીસકરોડ,
તે ઈસ્લામશાહને સેવતા, તેમાંથી પાકયા બાર કરોડ. ચેતો-૪૦૬
હેજી, બાર કરોડ ધર્મિ પૂરા થયા, તેણે ઓળખ્યો પોતાનો ભરથાર,
દશાંશ સુક્તિે પુરે હતા, તે તો પામ્યા મોક્ષને દિદાર. ચેતો-૪૦૭
હેજી, ચોવીસ કરોડીએ ચિત્ત ડોલાવીયા, ના રાખ્યો સદ્‌ગોર શું વ્યવહાર,
તે બાર કરોડથી જુદા પડયા, ચોવીસ કરોડ ચાલ્યા ઘોર અંધાર. ચોતે-૪૦૮
હેજી, દશાંશ કારણ જીવ ડોલાવીયા, માયા શું રાખ્યો પ્યાર,
તેથી તે ક્રિયા ભંગ થયા, હાજર જામાનો ફળ ન થયું લગાર. ચેતો-૪૦૯
હેજી, દશાંશ ખંડત ન કીજીએ, અનાદિનો ધર્મ આચાર,
દશાંશ સદ્‌ગોર મૂખે દીજીએ, તેનો સંશય ના આણો લગાર. ચેતો-૪૧૦
હેજી, ધરમ ખંડિત નવ કીજીયે, એથી જીવ પડશે જંજાલ,
ચોવીસ કરોડ એ ચંત ડોલાવીયા, તેને માયાનો લાગ્યો પ્યાર. ચેતો-૪૧૧
હેજી, તે જીવ સદ્‌ગોર વચને ના ચાલીયા, તેનું દાન પુન્ય તિર્થ અફળ સાર,
આ તમનેકહું શું મુનિવરો, સદ્‌ગોર વાણીનો કરજો વિચાર. ચેતો-૪૧૨
હેજી, જીવ આ જુગમાં નહિ ચેતીયા, તેના જીવ પડયા જંજાલ,
સદ્‌ગોરના શરણથી ચુકીયા, ચોવીસક્રોડીની વાટ પડી ઘોર અંધાર. ચેતો-૪૧૩
હેજી, આપણા સદ્‌ગોરને તેણે લજાવીયા, ને પોતે ગયા ઘોર અંધાર,
તેત્રીસ ક્રોડીનામેલાથી નીસર્યા, ન ઓળખ્યા 'જ્યોતિ' પાત્રઅવતાર. ચેતો-૪૧૪
હેજી, પ્રથમ પીરે ત્યાં ચરિત્ર કીધા, તેઓના મન ન રહ્યા થર લગાર,
ત્યારે હુકમ હુઓ નર ઈસ્લામશાહ તણો, છત્રીસમાં અમઘર કરોડી બાર. ચેતો-૪૧૫
હેજી, ના માન્યું તે તેના અગમાં, એથી હુકમ થયો કિર્તાર,
માંડયું મિથ્યા થાતું .નથી, તેમાં કેનુ નાં ચાલે લગાર. ચેતો-૪૧૬
હેજી, દશાંશ દેતાં જીવ ડોલાવીયા, ન ઓળખ્યો પોતાનો ભરથાર,
નાવ ભાંગી તેની સાહેર વચ્ચે, તેનો કોઇ ન લંભે પાર. ચેતો-૪૧૭
હેજી, સંસાર ઉંડો જાણજો, તેમાં લોભ તૃષ્ણાનું જળ અપાર,
જે તે જળમાં અહીં બૂડશે, તેની નાવ નહિ થાશે પાર. ચેતો-૪૧૮
હેજી, નાવ બુડાડી નાખવે, જે ગોર થઇ લીધો આહાર,

www.realpatidar.com mail@realpatidar.com

ચેતો-૪૧૯
તે ખેવણ હારો ખોટો થયો, તે ભાર ભરી બૂડાડયા સાર.
ચેતો-૪૨૦
હેજી, ત્યાં નીચું જોયું નાખુએ, ભૂંડે સદ્‌ગોરનું ના માન્યું લગાર,
ચેતો-૪૨૧
નાવ ભાંગી તેની સત્ય લોકની, તેણે કોઇ રાખ્યો નહિ વિચાર.
હેજી, તે સદ્‌ગોરની શિખે ન ચાલીયા, તેણે રાખ્યો ખોટો ખેવણ હાર,
ચેતો-૪૨૨
માંહે માલમી મુર્ખ બેસાડીયા, માંહે ભરીયો ઘણેરો ભાર.
હેજી, એ ખોટી નાવ અસત્યની, તેમાં અસતિયા બેસણ હાર,
ચેતો-૪૨૩
જુઠા ગોરે તેના દાન લીધાં, એથી ન પામ્યા એ ઓપાર.
હેજી, એ ત્યારે અસત્યનું નાવડું, કબુદ્ધિના વા અપાર,
ચેતો-૪૨૪
તેથી એ નાવ બૂડી ગઇ, એથી ગયા એ ઘોર અંધાર.
હેજી, સદ્‌ગોર વાય કે થી ઓતળ્યા, હાજર જામાનું ફર્માન ગુમાવીયું,
ચેતો-૪૨૫
એ નાવ ડૂબાડી ગપાર, ચાલ્યા ચોવીસ ક્રોડી ઘોર અંધાર.
હેજી, ધર્મ દેતાં જીવ ડોલાવીયા, માયા મોહે ભૂલ્યા ગમાર,
ચેતો-૪૨૬
જુઠા ગોરને તે જઇ મલ્યા, જેને પોતાનો ન સૂજે અવતાર.
હેજી, એ ગોર અવરને કેમ તારશે, જેનો ભૂતખાનાનો વ્યવહાર.
ચેતો-૪૨૭
તેથી ગફલતે દુનિયા મોહી રહી, એથી કોઇના ઉતરે પાર.
હેજી, સત્પંથ વિના ધર્મ જેટલા, તે તો નિષ્કલંકી રાહથી બહાર,
ચેતો-૪૨૮
તે સ્વર્ગ ભોગવી ઉતરે, નહિ પામે અમરાપુર સાર.
હેજી, બાર કરોડી સાચા ગોર મુખે, એવા મુનિવર પામે પાર,
ચેતો-૪૨૯
હાલ વાયકે દશાંશી ખરા, જેણે દીધા સદ્‌ગોર મુખે આહાર.
હેજી, તેણે તે સદ્‌ગોર મુખે વાવીયું, ઓળખી હાજર જામો અવતાર,
ચેતો-૪૩૦
હાજર જામો તેને સફળ થયો, જેણે બીજે ન રાખ્યો વ્હવહાર.
હેજી, સદ્‌ગોરની શીખે તે ચાલીયા, સુદરદીન પીર પરખ્યા પુરે ઇમાન,
ચેતો-૪૩૧
તે સદ્‌ગોર પ્રતાપે ઓધર્યા, તેને મટીયા ચોરાસી ફેરા નિધાન.
હેજી, સાચી નાવ તે સદ્‌ગોર તણી, તેમાં ખુબી છે ખેવણ હાર,
ચેતો-૪૩૨
તેમાં નાખવો છે નર ઇસ્લામશાહ, તેમાં માલમ સદ્‌ગોર સુરદીન સાર.
હેજી, સઢ તે સદ્‌ગોરજીના નામનો, ખુપ ધરમનો રાખ્યો સાર,
ચેતો-૪૩૩
લંગર નાવ તે નિજ નામનો, જ્ઞાની ઘોડા ચાલ્યા અપાર.
હેજી, સદ્‌ગોર સડપુરી ચાલીયા, સિયળનો વાવલીયો સાર,
માલમી મલ્યા અલી નબી, જે અનાદિના ભરથાર.
હેજી, આદિ ગોર બ્રહ્મા તે સુદરદીન, જેણે બાર ક્રોડી ઉતર્યા પાર,

(૩૫૭)

https://archive.org/details/bk049/page/n335/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

એ નર ઈસ્લામશાહના નામથી, પીર સુદરદીન ખેવણ હાર. ચેતો-૪૩૪
હેજી, એ નાવ તારી શ્રી નરજીએ, શ્રી ઈસ્લામશાહની વાર,
તેણે બાર ક્રોડી ઓધારિયા, પીર સુદરદીન પહોંચ્યા પાર. ચેતો-૪૩૫
હેજી, પીર સુદરદીના નુરથી ઉપન્યા, પીર કબીરદીન અવતાર,
તેણે સેવા કીધી સાચા સ્વામી તણી, ઓળખી પોતાનો ભરથાર. ચેતો-૪૩૬
હેજી, નારી થઈ નરજી ઓળખ્યા, બીજો કાંઈ ન રાખ્યો વિચાર,
કસણી કીધી એના નામની, ત્યારે પામ્યા એવા ભરથાર. ચેતો-૪૩૭
હેજી, ત્યારે નર ઈસલામશાહ નિવાજીયા, કબીરદીન ઉપર હેત ધર્યું અપાર,
સ્વામીજીએ કૃપા કરી, હશન કબીરદીન ઉપર ધરિયા પ્યાર ચેતો-૪૩૮
હેજી, મેહેર કરી મારા સ્વામીજીએ, સેવક જાણી કીધી સંભાળ,
સદ્‌ગોરે તપ એવા સાધીયા, જેથી પ્રસન્ન થયા કિર્તાર. ચેતો-૪૩૯
હેજી, સેવા દીઠી સ્વામીજીએ, યુગોયુગ કીધી ગુરુજીએ સાર,
અનાદિથી ગોર સ્વામીને વચને રહ્યા, સદ્‌ગોરજીને માન આપ્યું અપાર. ચેતો-૪૪૦
હેજી, અનાદિથી ગોરજીએ તપ કીધા, તેના તપનો ના આવે પાર,
યુગોયુગો વિનંતી કીધી ઘણી, ઓળખ્યા હાજર જામો અવતાર. ચેતો-૪૪૧
હેજી, આદિ અમે સૌ ભેળા એક હતા, બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર સાર
એ ત્રણ મુરત એક દેવ છે, તેમાં વિષ્ણુ છે સૃજન હાર. ચેતો-૪૪૨
હેજી, સેવાને કારણે એ સૃજીયા, બ્રહ્મા માહેશ્વર અવતાર,
પોતાના નુર માંહેથી નિપાવીયા, મૂક્યા તે દુનિયા મોઝાર. ચેતો-૪૪૩
હેજી, તમે યુગમાં જઇ વાણી કરો, ઓળખાવો અમારો અવતાર,
એમ કરતાં કરતાં તો વહી ગયા, અનંત કલફ યુગ અપાર. ચેતો-૪૪૪
હેજી, સદ્‌ગોર આ યુગ સંઘે અવતર્યા, એ નબીમહંમદ અવતાર,
તેરે અવતારે સદ્‌ગોર જાણીએ, પીર સુદરદીનનો કબીરદીન પરવાર. ચેતો-૪૪૫
હેજી, એ સદ્‌ગોરે અનેક જીવ ઓધારીયા, સતીયા સેવાએ રહ્યા સાર,
આ સદ્‌ગોરને સહી કરી જાણજો, શંકા ન આણસો લગાર. ચેતો-૪૪૬
હેજી, પાત્ર અવતાર આ યુગ સંઘે, બેઠા મલેચ્છ રૂપે મૂરાર,
અલીજીનો અવતાર તે કહીયે, શંકા ન આણશો લગાર. ચેતો-૪૪૭
હેજી, જેણે અલીજીને માનીયા, સેવા કીધી યુગોયુગ સાર,
ત્યારે શ્રી ઈસ્લામશાહ નવાજીયા, જે હતા કેક નગર મોઝાર. ચેતો-૪૪૮
હેજી, તેણે માયા ધરી બોલાવીયા, પોતાના જાણી લીધી સંભાળ,

www.realpatidar.com mail@realpatidar.com

ત્યારે હશન કબીરદીન બેઠા હતા, તે ઉંચ મુલક મોઝાર. ચેતો-૪૪૯
હેજી, હશનશાહે સ્વામીજીને ઓળખ્યા,નર ઈસ્લામશાહ મુજ ભરથાર,
સદ્‌ગોરે તપ અદકા કર્યા, ત્યારે સ્વામીજીએ અતીધર્યા પ્યાર. ચેતો-૪૫૦
હેજી, ઉંચથી હશનશાહ ચાલીયા, શાહ દર્ગાહનો રાખી વિચાર,
નર નકલંક તે ભેટીએ, એથી ટાળયા જીવતણા આજાર. ચેતો-૪૫૧
હેજી, ચાલતાં માર્ગ માંહે સદ્‌ગોર આવીયા, મનમાં ઉપન્યો વિચાર,
સ્વામી કાજે શું લઈ જવું ? તોફો કાંઈક જોસે સંભાર. ચેતો-૪૫૨
હેજી, ત્યારે હશનશાહ પડયા વિચારમાં, સાથી રીઝે ભરથાર ?
કાંઈક તો એવું બનાવીએ, વસ્તુ આપણા સ્વામીને કાજ, ચેતો-૪૫૩
હેજી, આંકડા વાટમાં અતી ઘણા, ડોડા તેના તોડયા તે વાર,
તે માંહેથી રૂ કાઢીયું, તે કાઢી કીધો તૈયાર. ચેતો-૪૫૪
હેજી, માર્ગે ચાલતાં કાંતિયું, તે ઝીણા સુત અપાર,
તેનો તોફો બનાવીયો, તેની પાઘડી વણી કીધી તૈયાર. ચેતો-૪૫૫
હેજી, પાઘડી પીરે તો હાથે કરી,તે પાચસે ગજનો વિસ્તાર,
ગજ ગજ ઉપરે સીફત લખી, સદ્‌ગોરે અરજ વિનંતિ અપાર. ચેતો-૪૫૬
હેજી, તે પાઘડી ગોરે તૈયાર કીધી, તેના નવ છોગા રાખ્યા સાર,
તે છોગે છોગે વિનંતિ લખી, તે વિનંતિનો નવલંભે પાર. ચેતો-૪૫૭
હેજી, અરજ વિનંતી અતી ઘણી કીધી, નારી રૂપે દેખાડયો આચાર,
માતમ ના રાખ્યું મોટાઈનું, જેથી વાધે મનમાં અહંકાર. ચેતો-૪૫૮
હેજી, નારી થઈ નર ઈસ્લામશાહને ઝીતીયા, તે પીર કબીરદીન સાર,
તેણેથી સ્વામીજીએ કૃપા કરી, તેડાવ્યા પોતાને દ્વાર. ચેતો-૪૫૯
હેજી, હશનશાહ શાહ દર્ગે જઈ પોતા, નુર નકલંકીનું દીઠું સાર,
ત્યારે નુરમાં નુર સમાઈ રહ્યા, ઓળખ્યા પોતાના ભરથાર. ચેતો-૪૬૦
હેજી, શાહોજીએ બ્રહ્મા કહી બોલાવીયા,. હૃદયે રાખ્યું હેત અપાર,
ત્યારે સદ્‌ગોરજીએ વીનંતી કરી, તમે સાંભળો પરવરદિગાર. ચેતો-૪૬૧
હેજી, બેડી ભરી અમે આવીયા, નારી થઈ તમારે દ્વાર,
દુહાગણના દુઃખ સર્વ ટાળી કરી, સોહાગણ કરો ભરથાર. ચેતો-૪૬૨
હેજી, અમે નારી તમે વર સદાં, અમે સેવક તમો સરદાર,
આ તોફો તમ કાજે લાવીયા, તે કબુલ કરજો મુરાર. ચેતો-૪૬૩
હેજી, હું નારી સાદાએ તમતણી, મારા અવગુણનો નહી પાર,

https://archive.org/details/bk049/page/n337/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

તમારે ઓરડે અમ આવીયા, સ્વામી તમે બક્ષણ હાર. ચેતો-૪૬૪
હેજી, સદ્‌ગોરે સર નામી કરી, કીધી તે અરજ અપાર,
ત્યારે પાઘડી લઇ પીરે આગળ ધરી, જે માર્ગે કરી હતી તૈયાર. ચેતો-૪૬૫
હેજી, સ્વામીજીએ છેડો કાઢીયો, પોતાને હાથે બાંધ્યો દસ્તાર,
જ્યાં શીરબંધ સ્વામીજીએ બાંધીયા, ત્યારે રાજી થયા અપાર. ચેતો-૪૬૬
હેજી, ત્યારે નરજી બોલ્યા મુખ થકી, સુણો સત્ય બ્રહ્મા પુછું વિચાર,
બ્રહ્માજીશીરબંધ તમે જે લાવીયા, તેનો ન કાંઇ થાએ સુમાર. ચેતો-૪૬૭
હેજી, સદ્‌ગોરજી ત્યારે બોલીયા, તમે સાંભળો કીર્તાર,
અમે નારી સ્વામીજી અવગુણ ભરી, તમો કિર્તાર અમારા ભરથાર. ચેતો-૪૬૮
હેજી, જે નારીથી નર રીઝે નહીં, તેના અવગુણનો નહીં પાર,
ત્યારે સ્વામીજી આ તોફો બનાવીયો, નવ છોગે વીનંતી કરી અપાર. ચેતો-૪૬૯
હેજી, ત્યારે સ્વામીજીએ શીરબંધ બાંધીયું, અને પ્રસન્ન હુવા વરદાતાર,
માંગો માંગો સદ્‌ગોર સ્વામીજી કહે, ધન્ય ધન્ય તમ અવતાર. ચેતો-૪૭૦
હેજી, અમારો તમારો તન એક છે. તેમાં અંતરો નહિ લગાર,
તમને સત બ્રહ્માજી કરી સૃજિયા, તમ સેવાનો નહિ પાર. ચેતો-૪૭૧
હેજી, કૃપા તે કીધી નર ઇસ્લામશાહે, હશનશાહ શું કર્યો વિચાર ?
આજે માગો તે આલીયે, તમને ત્રુઠયા ત્રીભોવન મૂરાર. ચેતો-૪૭૨
હેજી, સદ્‌ગોર હશનશાહ બોલીયા, તમ ત્રુઠે સર્વે આનંદ સાર,
સૃજનહાર તમે સાંભળો, જ્યારે થયા તમારા દીદાર, ચેતો-૪૭૩
હેજી, અમે સ્વામીજી શરણે તમારી, જેનું નામ તે સૃજન હાર,
આ નારી તમારા નામની, તેને સોહાગણ કીધી ભરથાર. ચેતો-૪૭૪
હેજી, તમ આગળ નારીનું શું ચાલે ? બોલ્યા હશનશાહ તે વાર,
શાહો તમારા બીરદ સામું જોઇ કરી, પાવન કીધી અબલા નાર. ચેતો-૪૭૫
હેજી, માત તાત બંધવ તમે, સદાના સ્વામી મારા ભરથાર,
અમેરે બાંદી સ્વામી તમ તણી, તમે પુરુષ નિરંજન અવતાર. ચેતો-૪૭૬
હેજી, બાંએ ગ્રહી અમને ઉતારીયા, જાતી કાઢી સાહેરથી બેડી પાર,
અમારા અવગુણ સામી નાં જોયું, એ લાભ અનંત અપાર. ચેતો-૪૭૭
હેજી, મુજ નારીથી અવગુણ અતિ થયા, તે લેઇ આવી તમ દ્વાર,
મારા અવગુણ સામી નવ જોઇ, મને રાખી પોતાને દ્વાર. ચેતો-૪૭૮
હેજી, અમે ઉણિયા ચારી તમારા બંદા, મારૂં જોર ના ચાલે લગાર,

https://archive.org/details/bk049/page/n338/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

સ્વામી ગુનેગાર નારીને પાવન કીધી, તમારા ગુણનો નાંહિ પાર. ચેતો-૪૭૯
હેજી, દેવ દ્વારે અમે આવીયા, છુટ્યા અનંત કરોડી જંજાલ,
હીણા ખીણા બહુ ઓધર્યા, મારો જીવ છે ઉમેદવાર. ચેતો-૪૮૦
હેજી, તેને પ્રતાપે અમને બક્ષજો, નારી ના એબ અપાર,
ગુણ મારો રતી નહિ, જેથી રીઝે મારા ભરથાર. ચેતો-૪૮૧
હેજી, ત્યારે નર નકલંકે માયા કરી, મુખથી બોલ્યા સૃજન હાર,
અનંત કોડી જીવ નિમ્યા આજથી, ત્રુઠ્યા ગુરુજી નર અવતાર. ચેતો-૪૮૨
~~કેહવામાં આવી હમણાં એક મેલ મા દિનેશ ચોહિયા ભાઈએ લખ્યું છે કે~~

~~સંકરાચાર્ય મહારાજ ભગવાન નું રૂપ હોય છે તો સામે આ ભગવાન ને પીઠ બતાવી ને~~

~~સમાજ મા પગલાં ન કરાવ્યા તો આ મુસ્લિમ જેવું કામ કોને કર્યું અને હિંદુ નું કામ સંત~~

~~સંમેલન કેને કર્યું નથી કોય નિયમ પાડતાં અને કોછો સનાતની હઈએ તમે સનાતની~~

~~નથી તેતાની છો~~

ચાલો પુસ્તક પર પ્રતિબંધ નથી એ વાત પણ સતપંથથીઓ એ સ્વીકારી લીધું. એટલે પેમ્પલેટ ખોટું છે એ પાક્કું સાબિત થઈ ગયું.

5) પીરાણા પંથ નામની પુસ્તક પર કોઈ પ્રતિબંધ નથી: સતપંથી ભાઈઓ આ પુસ્તક પર પ્રતિબંધ મેળવવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ તેમણે કોઈ સફળતા મળી નોતી. ત્યાર પછી તેઓએ આ પુસ્તકો મોટી સંખ્યામાં લેવા મંડ્યા, જે થી સનાતની ભાઈઓને આ પુસ્તક ન મળી શકે. તેમાં પણ તે લોકો સફળ ન થયા.

~~તમે સરકારી આદેશ અથવા ન્યાય તંત્ર ને ક્યાં માનો છો હમણાં રહે છે છતાય સરકારી~~

~~નિયમ કિ ધજ્જિયા ઉડાવો છો આજ કિ તો કાલે કાંક તો નિર્ણય આવશે~~

Real Patidar <mail@realpatidar.com>

Series 22 -Kaka is Muslim -1921 -Court Case -Laxman Kaka vs Saiyyeds / કાકા મુસલમાન છે - કોર્ટ કેસ - લક્ષ્મણ કાકા સામે સૈય્યેદઓ

Real Patidar <mail@realpatidar.com> **Tue, Aug 31, 2010 at 3:45 PM**
To: realpatidar@googlegroups.com

31-Aug-2010

|| જય લક્ષ્મીનારાયણ || || Jay Laxminarayan ||

મારા હાથે કોર્ટનો એક જુનો દસ્તાવેજ લાગ્યો. આ દસ્તાવેજ વાંચીને ઘણા લોકો (જે હજી પણ સતપંથ ને હિંદુ ધર્મ સમજે છે) જોશે તો તમે ચોંકી જશે અને આ દસ્તાવેજ વાંચ્યા પછી તેમણે પૂરે પૂરી ખાતરી થઈ જશે કે સતપંથ હિંદુ ધર્મ નથીજ.
I have come across an old document. After reading this document many people, especially who believe Satpanth is a Hindu religion, will get shocked to conclusively find that Satpanth is not a Hindu religion.

આ દસ્તાવેજ ઈમૈલ સાથે જોડેલો છે, પણ નીચે જણાવેલ લીંક પર થી પણ મેળવી શકશો.
http://issuu.com/patidar/docs/series_22_-kaka_is_muslim_-1921_-court_case_-laxma/1?mode=a_p
The document is attached with this email. However if can be read from the aforesaid link also.

આ દસ્તાવેજ માં એવું શું છે?

૧) આ દસ્તાવેજ કોર્ટ નો દસ્તાવેજ છે.
૨) આ દસ્તાવેજ વર્ષ ૧૯૨૧ નો છે.
૩) આ દસ્તાવેજમાં તે વખત ના ગાદીપતિ કાકા લક્ષ્મણ એ પોતાની ઓળખ કોર્ટ માં આપી છે.
૪) લક્ષ્મણ કાકાએ પોતે મુસલમાન છે એમ જણાવ્યું છે.
૫) મુસલમાન હોવા છતાં હિંદુ નામ રાખ્યું છે - એટલે તાકિયા પળે છે તેનો વધુ એક પુરાવો છે.
૬) તેમનું કામ મુજાવરીનું છે, એટલે કબર ઉપર ફૂલ ચડાવનાર; કબર વગેરેની સંભાળ રાખી વ્યવસ્થા વગેરે કરનાર માણસ; પૂજારી જેવો કબરનો રખેવાળ.
૭) આ એક સબુત છે કે પીરાણા માં કબર છે અને તાકિયા નો ઉપયોગ કરીને તેનું નામ બદલાવીને હવે પીઠ કહેવામાં આવે છે. (લોકોને બેવકૂફ બનાવે છે)

What does this document contain?

1) It is part of court's documents.

2) The document dates to year 1921.

3) The document records the then in-charge of Pirana, Kaka Laxman's given identity to the court.

4) Laxman Kaka has introduced himself as a Muslim to the court.

5) Inspite of being muslim, he has kept a Hindu name. This proves that TAQIYAA is being practiced.

6) He is Mujavar by profession. A Mujavar is a person who offers flowers and maintains the Grave. He is like a priest who maintiains Graves.

7) This is proof that there is Grave in Pirana and by use of TAQIYYA, it is renamed as Peeth. (People are

31-Aug-2010

being fooled and mislead).

લખમણ કાકા થી પહેલા ના કાકાઓ નું ના વિચારતા, લક્ષ્મણ કાકા ના શિષ્ય રામજી કાકા, એમના પછી સવજી કાકા, પછી કરસન કાકા અને હાલ ના નાનકદાસ કાકા નું શું ધર્મ હશે?

જેમના ધર્મ ગુરૂ નું ધર્મ મુસલામન હોય તો શિષ્ય નું ધર્મ શું હોઈ શકે?

While ignoring all Kakas prior to Laman Kaka, just imagine what religion, Laxman Kaka's religions throne/heir/decendent Ramji Kaka, then Savji Kaka, then Karsan Kaka and then the present Nanakdas Kaka would be following. What could be the religion of a follower whose guru is a muslim?

બીજી બાજુ સ્વાભાવિક છે કે ગુરૂની જેમ તેમના શિષ્ય પણ તાકિયા પળે છે. આનાથી ખબર પડે છે કે આજે પણ સતપંથમાં તાકિયા પળાય છે.

On the other hand it is natural that disciple is also practicing TAQIYYA just like his guru. This suggests that Taqiyya is still being practiced in Satpanth.

ઉપર જણાવેલ કાકાઓ સતપંથ ધર્મના ગાદીપતિ હતા/છે, એટલે સતપંથ ધર્મ હિન્દુઓ નો ધર્મ તો નથીજ, એ પુરવાર થઈ ગયું.

Kakas listed aforesaid were/are at the throne, which proves that Satpanth is not a Hindu religion.

Real Patidar / ખરો પાટીદાર

- Views expressed here are for the sake of discussion and knowledge only.
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/

Series 22 -Kaka is Muslim -1921 -Court Case -Laxman Kaka vs Saiyyeds -DE.pdf
942K

31-Aug-2010

https://archive.org/details/bk049/page/n390/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com



(૨૫)

જાહેર નોટીસ.

અમદાવાદનાં મે. જોઇન્ટ સબ જજજ સાહેબની કોર્ટમાં

દી. મુ. નંબર ૧૪૫૨ સને ૧૯૨૧

વાદીઓ.

૧ સૈયદ અહેમદ હુસેનમીયાં સાહેબ
૨ સૈયદ અમીરસાહેબ જાફરઅલી
૩ સૈયદ આબેદઅલી અલીમીયાં
૪ સૈયદ મીરસાહેબ ઠોસામીયાં
૫ સૈયદ અસરફઅલી કાસમઅલી આવાખલ
૬ સૈયદ ગુલામહુસેન અસગરઅલી

રહેનાર નંબર ૧-૩ પેટલાદ નંબર ૨ પીરાણા ને નંબર ૪ અવાખલ તાલુકે સીનોર ને નંબર ૫ પુનીયાત તાલુકે સીનોર તે નંબર ૬ પીરાણાના.

વીરૂદ્ધ.

૧ પ્રતીવાદી કાકા લક્ષ્મણ કરમશી ગામ પીરાણાના

દાવો રૂ. ૨૯૦-૦-૦ નો.

વાદીઓએ આ દાવો તમામ જલાલશાહી તથા નુરશાહી સૈયદો તરફથી આ સાથેની દાવા અરજીની નકલમાં લખ્યા મુજબ દાદ મેળવવા કરેલો છે. મજકુર જલાલશાહી તથા નુરશાહી તમામ હક સંબંધ ધરાવતા સૈયદોને આ દાવામાં દાખલ કરવા અશકય છે, તેથી વાદીઓએ સી. પ્રો. કોડ ઓર્ડર ૧ ના રૂલ ૮ મુજબ પરવાનગી મેળવવા અરજી કરી છે માટે આ ઉપરથી તમામ જલાલસાહી તથા નુરશાહી સૈયદોને ખબર આપવામાં આવે છે કે આ કામમાં જે લોકોનું હીત હોય તેમણે તે સંબંધી અરજ કરવી હોય તો તેઓએ તા. ૮ મારચ સને ૧૯૨૨ ના એજ દીવસના ૧૦॥ વાગતાં કોર્ટમાં હાજર થવું જો તે પ્રમાણે કરવામાં ચુકશો તો તમારી ગેરહાજરીમાં યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૪ માહે ફેબ્રુઆરી સને ૧૯૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો શીક્કો કરીને આપ્યો.

કોર્ટનો શીક્કો. M. C. Mehta. ક્લાર્ક ઓફ ધી કોર્ટ.

કોર્ટ કેસ ની વિગત

અમદાવાદ મે. ફ. ક. સબ જજજ સાહેબની કોરટમાં.

Case No 1452 → દી. મુ. નંબર ૧૪૫૨ સને ૧૯૨૧. ← Year 1921

વાદીઓ

	નામ.	ઉમર	કસબ	રહેનાર.
૧	સદયદ એહમદહુસેન મીયાસાહેબ	૬૧	વળકદારી	પેટલાદ
૨	સદયદ અમીરસાહેબ જફરઅલી	૬૫	,,	પીરાણા
૩	સદયદ આબેદઅલી અલીમીયા	૪૭	,,	પેટલાદ
૪	સદયદ મીરસાહેબ ઠોસામીયાં	૪૭	,,	અવાખલ (તાલુકે સીનોર)
૫	સદયદ અસરફઅલી કાસમઅલી	૬૫	,,	પુનિયાત
૬	સદયદ ગુલામહુસેન અસગરઅલી	૪૦	,,	પીરાણા

સર્વે ધર્મે મુસલમાન જનતના સદયદ

https://archive.org/details/bk049/page/n391/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com



પીરાણા ના કાકાજ કોઠમાં એમ કહે છે કે તેવો મુસલમાન છે.

તાકિયા ના પ્રયોગ નો મોટો સ? બુત - મુસલમાન હોવા છતાં હિંદુ નામ રાખે છે.

એ કાકા જાતના કણબી છે.

મુજાવરી એટલે કબર ઉપર ફૂલ ચડાવનાર; કબર વગેરેની સંભાળ રાખી વ્યવસ્થા વગેરે કરનાર માણસ; પૂજારી જેવો કબરનો રખેવાળ.

પીરાણા માં રહે છે.

લખમણ કાકા થી પહેલા ના કાકા નું ના વિચારતા, લક્ષ્મણ કાકા ના શિષ્ય રામજી કાકા, એમના પછી સવજી કાકા, પછી કરસન કાકા અને હાલના નાનકદાસ કાકા નું શું ધર્મ હશે? આ બધા કાકાઓ સતપંથ ધર્મના ગાદીપતિ હતા/છે. એટલે સતપંથ ધર્મ હિન્દુઓ નો ધર્મ તો નથીજ. એ પુરવાર થઇ ગયું. સ્વાભાવિક છે કે ગુરૂની જેમ તેમના શિષ્ય પણ તાકિયા પળે છે અને ફક્ત હિન્દુઓનું દેખાવ કરે છે.

https://archive.org/details/bk049/page/n392/mode/1up

Real Patidar <mail@realpatidar.com>

Series 23 - Dasond -Wrong meaning on Satpanth's website / દસોન્દ નો ખોટો અર્થ સતપંથ ના વેબસાઈટ પર મુક્યો છે.

Real Patidar <mail@realpatidar.com> **Mon, Sep 27, 2010 at 8:38 PM**
To: realpatidar <realpatidar@googlegroups.com>

27-Sep-2010
|| Jay Laxminaryan || || જય લક્ષ્મીનારાયણ ||

નિતેશભાઈના કુકર્મ ની વધુ બે નમૂનાઓ તમારી સામે મુકું છું.

સાચા સત્પનથી ભાઈઓ ચેતો આવા ખોટા માણસ થી.

નિતેશભાઈ ના કુકર્મનો નમુનો નીચે પ્રમાણે છે:

"દસોન્દ"નું અર્થ: દસોન્દનો અર્થ (મતલબ) આપણે સહુ જાણીએ છીએ. પોતાની વાર્ષિક કમાઈનો દસમો ભાગ ને દસાઉંસ કે દસોન્દ કહેવાય છે.

સતપંથ ધર્મ માં (ઇમામુદ્દીન (ઈમામ શાહ) / નર મોહંમદ શાહ ના સમય થી) દરેક અનુંયાયોને (માનસિક રીતે દબાણ આપીને) તેમની પાસેથી દર વર્ષે દસોન્દ લેવામાં આવે છે.

સતપંથ ધર્મનો મૂળ આધાર દસોન્દ આપમાં છે. ઘણા બધા પુસ્તકો અને પીરાણાના કોર્ટ કેસોમાંઆ વાતનો ચોખો ઉલ્લેખ છે. આ તો જગ જાહેર વસ્તુ છે.

આપણા વડીલો પાસે થી આપણે આ વાત ઘણી વખત સાંભળી પણ છે.

આવી દીવા જેવી વાતનો કેવો ખોટો મતલબ, નીતેશભાઈએ તેમની વેબસઈટ પર મુક્યો છે તે હવે જુવો.

નિતેશભાઈ ની વેબસાઈટ પ્રમાણે:

"મળુ બધં ના અંદર બતાવયું છે કે ૧ શ્વાસ લઇને એની ૧ ક્ષણ થાય ,૬ શ્વાસની ૧ પળ થાય, ૬૦ પળનિ ૧ ઘડી થાય અને ૬૦ ઘડીનો ૧ દિવસ અને રાત થાય આને ગણુકાર(૧x૬x૬૦x૬૦= ૨૧૬૦૦)કરીએ તો ૨૧૬૦૦ થાય અને મણસ ૧ દિવસમાં ૨૧૬૦૦ શ્વાસ લે છે. હવે આ ૨૧૬૦૦ નો દશમો ભાગ દશૌદ કહેવાય" (સ્કીન શોટ આ ઈમૈલ સાથે જોડેલ છે.)

લોકોને કેટલું બેવકૂફ બનાવાય છે. આ વાત કદાચ હમણાં આપણે નાની લાગશે, પણ ભવિષ્યમાં અજાણ લોકો આને સાચું માની ને આમાં ફસાઈ જાય તેમ પૂરે પૂરી શક્યતા છે.

27-Sep-2010

જે ભાઈઓ સતપંથને હિંદુ ધર્મ તરીકે માનતા હોય (કારણ કે સતપંથને હિંદુ થી અલગ ધર્મ માનનાર લોકોને કોઈ ફરક પડશે નહીં અને તેમની પાસે સતપંથ છોડીને બીજે જવાનો માર્ગ પણ નથી) તેમણે નિતેશભાઈને પૂછવું જોઈએ કે શા માટે દસોન્દનો આવો ખોટો અર્થ બતાવ્યો છે? મને ખાતરી છે કે તમને આનો સંતોષકારક જવાબ નહિજ મળે.

જે સતપંથી ભાઈઓ નિતેશભાઈને સાથ આપે છે, તેવો પાપના ભાગીદાર છે. પાપના ભાગીદાર ના બનો અને નિતેશભાઈ નો સાથ છોડી દો.

ઉપર જણાવેલ નમૂનાઓ પરથી પાકું પુરવાર થઈ જાય છે કે નિતેશભાઈ તદ્દન ખોટા માણસ છે અને નિતેશભાઈ ની કોઈ પણ વાતનો કોઈ ભરોસો થઈ શકે તેમ નથી.

એટલે પાકું કહું છું કે નિતેશભાઈ તાકિયા પળે છે એ પણ સાબિત થાય છે. અને તાકિયા પાળતા માણસ ને ખોટું બોલવાની અને ખોટા કામ મારવાની છૂટ સતપંથ ધર્મ માં આપેલી છે.

મેં સતપંથ ધર્મની ક્યારેય ટીકા કરી નથી. સતપંથ ને હિંદુ ધર્મથી જુદું ધર્મ સમજીને સતપંથ પાળનાર લોકોને હું હમેશાં વંદન કરતો રહ્યો છું. હું ફક્ત અને ફક્ત સચ્ચાઈ લોકો સામે રાખવાનો પ્રયત્ન કરતો રહ્યો છું અને રહીશ. અને સચ્ચાઈએ છે કે સતપંથ ધર્મ એ હિંદુ ધર્મ નથી. મારા આ કાર્યને ધર્મની નિંદા કોઈ પણ એન્ગલથી ના કહી શકાય.

આ ઈમૈલને અહીં પણ વાંચી શકશો...

http://issuu.com/patidar/docs/series_23_-dasond_-wrong_definition_on_satpanth_we/1?mode=a_p

Real Patidar / ખરો પાટીદાર

- Views expressed here are for the sake of discussion and knowledge only.
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/

2 attachments

27-Sep-2010

Dasond -Menu.jpg
211K

Wrong Meaning of Dasaond -Satpanth Sanka Samadhan -D.pdf
69K

27-Sep-2010

Satpanth Sanka Samadhan

નારાયણ છે ત્યાં સત્ય છે, નારાયણ છે ત્યાં વેદની સત્તા છે અને આ વેદના રાહ ઉપર ચાલે એ સતપંથી કહેવાય.

Dasond

Labels: imamshah maharaj, pirana, satpanth, SATPANTH DHARM

(૩) દશૌદ એટલે શું? :-

મૂળબંધનાં અંદર બતાવ્યું છે કે ૧ શ્વાસ લઇને એનિ ૧ ક્ષણ થાય ,૬ શ્વાસનિ ૧ પળ થાય, ૬૦ પળનિ ૧ ઘડી થાય અને ૬૦ ઘડીનો ૧ દિવસ અને રાત થાય આને ગુણાકાર(૧૫૬૦૬૦= ૨૧૬૦૦)કરીએ તો ૨૧૬૦૦ થાય અને મણસ ૧ દિવસમાં ૨૧૬૦૦ શ્વાસ ઉશ્વાસ લે છે.હવે આ ૨૧૬૦૦ નો દશમો ભાગ દશૌદ કહેવાય.આ દશૌદ દિધા વગર જીવ પાવન ન થાય પરમાત્માને મેળવી ન શકે ૨૧૬૦૦નો દશમો ભાગ ૨૧૬૦ થાય તમારા ગુરૂએ જે મંત્ર આપ્યો હોય એની ૧૦ માળા સવાર અને ૧૦ માળા સાંજે ભગવાનના નામની કરવી જોઇએ.એક માળામાં ૧૦૮ મળકા હોય ૧૦ માળા કરીએ તો ૧૦૮૦ થાય આમાથી ૮૦

નામ તમને માફ કરે અને ૧૦૦૦ નામ જો ગુરૂની છબીને હ્રદયમાં લઇ એને શ્વાસ ઉશ્વાસે સ્મરણ કરી માળાનો મળકો મૂકો તો આધ્યાત્મરૂપે રોજનું જ્ઞાન ગ્રહણ કરી શકાય અને દરરોજનું જ્ઞાન ન કરીએ તો હ્રદય મેલું થાય આપણે આ ભૂમી ઉપર ભારરૂપ બનીએ

Tags: dasond, kutch kadva patidar, vishnu, satpanth, pirana, imamshah maharaj, naklanki, nishkalanki, narayan hindu dharm

2 COMMENTS:

અજ્ઞાત કહ્યું...

this is what i was searching for. thanx a lot to share such a deep gyan!.

10:54

Bhavan કહ્યું...

thanks for me to knowing what is dasoudh

23:59

ટિપ્પણી પોસ્ટ કરો

વધુ નવી પોસ્ટ homeહોમ વધુ જૂની પોસ્ટ

આના પર સબ્સ્ક્રાઇબ કરો: પોસ્ટ ટિપ્પણીઓ (Atom)

https://archive.org/details/bk049/page/n396/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

Real Patidar <mail@realpatidar.com>

IMPORTANT -Series 25 -Narayan Bapa's Speech on Das Avtaar / દસ અવતાર પર નારાયણ બાપનું ભાષણ

Real Patidar <mail@realpatidar.com> **Thu, Nov 4, 2010 at 2:48 PM**
To: realpatidar <realpatidar@googlegroups.com>

** IMPORTANT ** ** અગત્યનું **

04-Nov-2010

|| જય લક્ષ્મીનારાયણ ||

આપણા સમાજના આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીએ સમાજમાં જાગૃતિ આણીને અને આપણી જ્ઞાતિના લોકોને મુસલમાન બનાવવાના કાવતરાથી બચાવીને પાછા હિંદુ ધર્મ તરફ વળવાનું ભગીરથ કામ કર્યું છે. આ કામ કરનાર વ્યક્તિએ, સમાજમાં, તે વખત ચાલતો ધર્મ (સતપંથ ધર્મ) નો પૂરે પોરો, ઊંડાણ પૂર્વક અભ્યાસ કર્યો હતો અને એકલા હાથે ચળવળ શુરૂ કરીને લગભગ પૂર્ણ સમાજને તેમના વિચારોથી સહમત કરાવ્યું હતું. નારાયણ બાપનું કામ અને તેમના જ્ઞાનની કદર તો આજના સતપંથીઓ પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કરેજ છે.

“પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ” નામની પુસ્તક જ્યારે તેમણે બહાર પાડી, ત્યારે દુનિયાને અને તે સમયના ઘણા સતપંથીઓને સતપંથ ધર્મ અને તે ધર્મ ના સાહિત્યોની ખરા અર્થ માં જાણ થઈ. "લીવ્ડ ઇસ્લામ ઇન સાઉથ એશિયા" (Lived Islam in South Asia) નામ ના પુસ્તકમાં લેખકે એમ લખ્યું છે કે “... in his Pirana Satpanth ni pol (Ahmedabad, 1926) was actually one of the first authors to disclose to the outer world the secret doctrines and practices of the Imamshahis.” અનો સરળ ભાષામા અર્થ એમ થાય છે કે નારાયણ બાપાએ સતપંથ ધર્મ પર બહું ઊંડો અભ્યાસ કર્યો હતો અને દુનિયાને સતપંથ ધર્મ સ્થાપવાના પાછળના સાચો હેતુ લોકો સામે રજુ કર્યો હતો.

આ પ્રસંગે એક નોંધ લેવા જેવી વાત એ છે કે આજ સુધી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ફક્ત ત્રણ અધિવેશન થયા છે, પહેલું અધિવેશન ૦૮-૦૮-૧૯૨૦ ના કરાચીમાં, બીજું ૦૯-૧૦-૧૯૨૨ ના પાછું કરાચીમાં અને ત્રીજું ૧૮-૦૪-૧૯૨૪ ના ઘાટકોપર, મુંબઈમાં થયા છે. ત્યાર બાદના જે અધિવેશનો થયા છે એ "અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર **સમાજ”** ના છે, જ્ઞાતિના નહીં, જેમાં સતપંથ ધર્મ પાળનાર લોકોનો અધિકૃત રીતે સમાવેશ કરવામાં આવતો/થતો નથી.

નારાયણ બાપાએ આપણી જ્ઞાતિનો, કરાચીમાં, તા. ૦૭-૧૦-૧૯૨૨ ભરાયેલ, બીજા અધિવેશનના ભાષણમાં સતપંથ ધર્મને તજી દેવાનો ઠરાવ રજુ કર્યો હતો. એ ભાષણમાં તેમણે સતપંથ ધર્મના દસ અવતાર (હિંદુ ધર્મના નહીં) ના પાછળની વાસ્તુ હકીકત લોકો સામે રજુ કરી છે.

નારાયણ બાપાનું તે ભાષણના, શબ્દે શબ્દ, તમો ડૉ. મંગુભાઈ પટેલ દ્વારા લખેલ પુસ્તક “કડવા પાટીદાર પરિષદોમાં સુધારવાદી અભિગમ (૧૯૧૮ થી ૧૯૬૦)” માં વાંચી શકશો. ડૉ. મંગુભાઈ પટેલ એક પ્રતિષ્ઠિત અને પ્રસિદ્ધ વ્યક્તિ છે. આપણી અનેક ઉપલબ્ધીઓમાં થી એક ગુજરાત યુનિવર્સિટી, ઇતિહાસ વિભાગ સાથે સંકળાયલા હોવાનું તેમજ પૂર્વ મંત્રી હોવાનું ગૌરવ આપણે પ્રાપ્ત છે.

04-Nov-2010

નારાયણ બાપાના ભાષણમાં જાણવા જેવા અમુક મુદ્દો આ પ્રમાણે છે:

1. સતપંથ ધર્મો ઉદ્દેશ શું છે.
2. હિંદુઓના ભોળપણનો કેવો દુરઉપયોગ કર્યો અને હિંદુઓના શાસ્ત્રને કેવી રીતે વટલાવ્યા.
3. સતપંથનો અથરવેદ કઈ સાચો હિંદુઓનો અથરવેદ નથી.
4. દસમાં અવતારને "હજરત અલી" બતાવ્યો.
5. સતપંથ ધર્મમાં ભગવાનના દસ અવતાર કયા છે.
6. નકલંક નારાયણ અવતાર મુસલમાનો માં કેમ થયો.
7. નકલંક નારાયણ ભગવાનના માં-બાપ, પત્ની અને ગુરુ કોણ છે.
8. ઈમામ શાહે પોતાને નકલંક નારાયણ નો વંશજ બનાવી નાખ્યો.
9. ઈમામ શાહે પોતાને ઇન્દ્ર પણ બનાવી નાખ્યો.
10. સતપંથ ધર્મના દસ અવતાર ના પાછળ સત્ય શું છે અને જુઠું શું છે.
11. **સતપંથ ધર્મના દસ અવતારના કથાનમાં (જુઠું પકડાય તેવા) કયા પોલ છે.**
12. સતપંથ ધર્મને "સનાતન ધર્મ" માં ખપાવનો પ્રપંચ કેવો હતો
13. ઈમામ શાહના દીકરાને ભગવાન વિષ્ણુનો રૂપ બનાવી નાખ્યો.

ઉપર જણાવેલ મુદ્દો શિવાયના, પ્રત્યેક્ષ અને પરોક્ષ રીતે, આખો ઉગાડતી, ઘણી બધી વાતો, નારાયણ બાપનું ભાષણ વાંચવાથી સમજાશે.

નારાયણ બાપનું આ ભાષણ તમે જણાવેલ લીંક http://issuu.com/patidar/docs/series_25_-narayan_bapa_s_speech_on_das_avtaar_-07/1?mode=a_p પર વાંચી શકશો તેમજ આ ઈમૈલ સાથે જોડેલી ફાઈલમાં પણ વાંચી શકશો.

મને ગર્વ છે કે નારાયણ બાપા જેવી મહાન વ્યક્તિ આપણા સમાજમાં જન્મી અને આપણા સમાજને અંધકારમાંથી કાઢીને સનાતન ધર્મના પ્રકાશમાં લઈ આવ્યા. આપણા સમાજ ખુબ નસીબદાર છે કે નારાયણ બાપા આપણા વચે થઈ ગયા. નારાયણ બાપાની, સતપંથ ધર્મને તજી દેવાની, ભલામણ માનીને આપણા વડીલોએ રચેલી હાલના સમાજનાજ કારણે, અન્ય જ્ઞાતિઓમાં, આપણી ઓળખ હિંદુઓમાં થઈ છે.

હજી પાછળ છૂટી ગયેલ સતપંથીઓ, બીનદબાવ અને શાંત મગજથી વિચારશે અને હિંદુ બનવું હશે તો જરૂર થી નારાયણ બાપનો અખંડ પ્રકાશ તેમના મનના ખૂણે ખૂણે શુધી પોહાચશે એવી મને આશા છે.

Real Patidar / ખરો પાટીદાર

www.realpatidar.com
mail@realpatidar.com

- Views expressed here are for the sake of discussion and knowledge only.
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/

Series 25 -Narayan Bapa's Speech on Das Avtaar -07-Oct-1922 -DE.pdf
1855K

04-Nov-2010

https://archive.org/details/bk049/page/n399/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com



https://archive.org/details/bk049/page/n400/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com



યુવામંડળો અને જ્ઞાતિપંચોનો

કડવા પાટીદાર પરિષદોમાં સુધારાવાદી અભિગમ

(ઈ.સ. ૧૯૧૮ થી ૧૯૬૦)

લેખક

ડૉ. મંગુભાઈ પટેલ

નિવૃત્ત રીડર, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી

પૂર્વમંત્રી, સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, ગાંધીનગર

: પ્રકાશક :

પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ

૦૨, 'કલિંગ' કોમ્પ્લેક્ષ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસે,

આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ • ફોન : ૨૬૫૮૪૯૬૩

https://archive.org/details/bk049/page/n401/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

Irrelevant Material, removed - See Below
બિનજરૂરી વાતો કાઢી નાખી છે - નીચે જુવો

બીજા અધિવેશન ની તરીક હતી ૦૭.૧૦.૧૯૨૨
Date of 2nd Adhiveshan 07-Oct-1922

જ્ઞાતિ અધિવેશનની બીજી બેઠકમાં આપેલું ભાષણ

પીરાણા પંથની દશતરી ગાવંત્રી

(શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદની કરાંચી મુકામે થયેલી બીજી બેઠકમાં શ્રીયુત્ મિસ્ત્રી નારાયણજી રામજી વીરાણીવાળાએ પીરાણાના ઠરાવ ઉપર આપેલું ભાષણ)

નારાયણબાપાના પોતાના શબ્દો

પ્રિય બંધુઓ ! મારી સામે પ્રથમ એ પ્રશ્ન ઊભો થાય છે કે, પીરાણાના કબ્રસ્તાની ધર્મને તજી દેવાનો ઠરાવ આ સભામાં મારે શા માટે રજૂ કરવો ?

આપણા વડીલોનો સંદેશ - પીરાણા (સતપંથ) ધર્મ છોડી દો

https://archive.org/details/bk049/page/n402/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com



કચ્છ કડવા પાટીદાર યુવકમંડળો અને પરિષદોની સુધારાપ્રવૃત્તિ ૨૫૭

હિંદુઓને અર્ધદગ્ધ બનાવી દઈ છેવટે પોતાની નાતજાતમાંથી ટાળી દેવાની જે યુક્તિઓ તેમાં રચવામાં આવી છે તેને મારે શા માટે આપની સમક્ષ રજૂ કરવી અને તે કયા સ્વાર્થની ખાતર ? આપ વિચાર કરી જોશો તો સમજાશે કે પીરાણા ધર્મને અનુસરનારો આપણી કચ્છ જ્ઞાતિનો એક ભાગ એમ જ ધારે છે કે પીરાણા પંથ એ હિંદુધર્મ છે. પરંતુ વાસ્તવિક રીતે આપણા શાસ્ત્રોમાં પીરાણા નામે કોઈ પંથ નથી અથવા પીરાણા નામનો કોઈ ધર્મ નથી. પીરાણા નામનું એક ગામ છે અને તે ઇમામુદ્દીને વસાવ્યું કહેવાય છે અને જે પીરાણા પંથની વાત આપણે કરીએ છીએ તે તો સતપંથને નામે ઓળખાય છે. એ કપોળ કલ્પિત પંથમાં આર્ય હિંદુધર્મની ઇરાદાપૂર્વક એટલી તો નિંદા કરવામાં આવી છે કે તે આપણાથી સાંખી જાય તેવી નથી. છતા કમનસીબે કેટલાક હિંદુઓ અને ખાસ કરીને આપણી કચ્છ જ્ઞાતિ, એ કબ્રસ્તાની પંથની ભોગ થઈ પડી છે એ વિચાર જ્યારે જ્યારે મારા મગજમાં આવે છે ત્યારે મને તે અસહ્ય થઈ પડે છે. ક્યાં પીરાણાનો અર્ધદગ્ધ પંથ અને ક્યાં આપણી હિંદુ જ્ઞાતિ ? કેટલું અંતર ! કેટલી શરમની વાત ! હું એક મનુષ્ય છું. આર્ય છું, સનાતન ધર્મનો અનુયાયી છું અને મારા બંધુઓ પણ મારા જેવા જ પવિત્ર અંતઃકરણના છે એ વિચારને હું તજી શકતો નથી, એટલે ખાસ કરીને મારી જ્ઞાતિના તેમજ અન્ય હિંદુ જ્ઞાતિના ભાઈઓને એ પીરાણાના કબ્રસ્તાની પંથની પ્રપંચી જાળમાં ફસાયેલા જોઉં છું ત્યારે તેમને સન્માર્ગે દોરવાનો અને એ પ્રપંચી જાળને ઉકેલી સત્ય હકીકત પ્રદર્શિત કરવાનો મને મારો ધર્મ સમજાય છે. મનુષ્યના જીવન માટે પ્રથમ નિર્માણ થયેલો જે ધર્મ તેને તજી દેવાથી મનુષ્ય તરીકે જીવન ગાળી શકાય જ નહિ એ વાત આપ જરૂર યાદ રાખજો. એ મનુષ્યધર્મને ભૂલાવી દેનારી અને હિંદુઓને વટલાવી અર્ધદગ્ધ બનાવી દેવાની ઇમામશાહ જેવાઓએ જે યુક્તિ રચી છે તે પીરાણાની પોલ નામે પુસ્તકમાં બહાર પાડવાને મારો ઇરાદો હું જાહેર કરી ચૂક્યો છું અને ઘણાં આધારો અને સાધનો મને મળી શક્યાં છે અને એ દિશામાં મારો પુરુષાર્થ ચાલુ છે જ, પરંતુ આ ઠરાવના અંગે મારાથી બની શકે તેટલી હકીકત આપની સમક્ષ રજૂ કરી - એ કબ્રસ્તાની પંથને તજી દેવાનો બોધ કરવાની આપણી સબજેક્ટ કમિટીએ ભલામણ કરી છે અને હું આપને એ જ ભલામણ કરું છું કે જો તમે હિન્દુપણું રાખવા ઇચ્છતા હો, પોતે હિન્દુ હોવાનો દાવો કરતા હો, તો જ મારી વાત સાંભળજો અને હિન્દુપણામાંથી ટળી જઈ શુદ્ધ કડવા પાટીદાર જ્ઞાતિથી વિમુખ બની મુમના કિંવા અર્ધદગ્ધ મુસલમાન થઈ જવા ઇચ્છતા હો તો મારો ઉપદેશ તમારા માટે નથી એમ સમજજો.

સતપંથ ધર્મનો ઉદ્દેશ

તે સમયના લોકોની ગેરસમજ

હિંદુઓના શાસ્ત્રમાં પીરાણા પંથ કે સતપંથ નામનો કોઈ ધર્મજ નથી

નારાયણ બાપાના મનની વેદના

નારાયણ બાપાની ભલામણ: સતપંથ / પીરાણા તજી દો.

www.realpatidar.com mail@realpatidar.com

બંધુઓ ! તમે હિંદુ છો એ વાત શું મારે તમને સમજાવવાની છે ? આપણી કુર્મી ક્ષત્રિય જ્ઞાતિએ શું એટલી બધી અધોગતિ પ્રાપ્ત કરી છે કે તમે હિંદુ છો, હિંદુ શાસ્ત્રોને માનનારા છો અને તમારા પૂર્વજો પણ હિંદુ જ હતા એ વાત તમને મારે સમજાવવી પડે ? નહીં જ. ત્યારે આ કમનસીબી કેવા પ્રકારની ? કબ્રસ્તાની પંથ અને કડવા પાટીદાર જે આપણી કોમ તેને ક્યાંથી ભેળી સાટો થયો એ બાબત ઐતિહાસિક છે એટલે હું જવા દઉં છું અને આ પંથને તજી દેવાની જરૂર પુરતું જ હું આપને કહીશ.

પીરાણાનો અર્ધદગ્ધ પંથ

ઇસ્લામ ધર્મના અનુયાયી જે પીરોએ હિંદુઓને વટલાવી પોતાનો નવો પંથ ઊભો કરવાની યુક્તિ રચી, તેમાં પ્રથમ તો હિંદુ શાસ્ત્રોની વાતો લઈ પોતે નવાં ગપાષ્ટક શાસ્ત્રો બનાવ્યાં, તેમાં તદ્દન જુઠ્ઠી અને ઢંગધડા વગરની બનાવટી કિસ્સા કહાણીઓ લખી અને તેમાં મુસલમાની તત્ત્વો દાખલ કર્યાં. પછી ભોળા અને ધર્મશાસ્ત્રોથી અજ્ઞાત રહેલા હિંદુઓને શોધી શોધીને એ કુટીલ માર્ગમાં સામેલ કર્યા, એ કબ્રસ્તાની પંથના પુસ્તકોમાં વેદોનાં નામ જેવા બનાવટી શબ્દો વાપરી, હિંદુઓના તીર્થસ્થળો અને મહાપુરુષોનાં નામોનો ઉમેરો કર્યો, અને યુક્તિ પ્રયુક્તિથી ફેરફાર ઉત્પન્ન કરી પોતાના રચેલાં, હાથનાં લખેલાં પુસ્તકોને પીરાણા કબ્રસ્તાની પંથના સેવકોના હાથમાં આપીને કહ્યું કે, "એ અથરવેદ છે ! હમણાં આ લેખના અર્થવેદનો વારો છે અને તેમાં જે લખ્યું છે એ જ સાચું છે અને એ જ પ્રમાણે પીરાણાના સતપંથીઓએ વર્તવું." ધીમે ધીમે પોતાની જાળમાં ફસાતા અજ્ઞાન હિંદુઓને જલદી મુસલમાની રાહત ઉપર લઈ જવા પીર સોદરદીને કહ્યું કે :-

"હિંદુ શાસ્ત્રો અને પુરાણોમાં નકલંકી અવતાર થવાનો છે એમ જે કહ્યું છે તે અવતાર તો ક્યારનોય થઈ ગયો છે. એ તે દશમો અવતાર થવાનું જે જાહેર થયું છે તે મ્લેચ્છ રૂપે મક્કામાં હજરત અલી રૂપે જાહેર થયો છે." મુસલમાનોમાં ભગવાને અવતાર લીધો એ કારણનું સમાધાન પોતાના મતિવિભ્રમ અજ્ઞાન હિંદુ સેવકોને એવી રીતે કરાવ્યું કે :-

"શ્રી કૃષ્ણ ભગવાન જે ઈશ્વરનો અવતાર હતા તેમણે પાંડવો અને કૌરવો વચ્ચે યુદ્ધ કરાવી પાપી કૌરવોનો સંહાર કરાવ્યો અને પાંડવોને ઉપદેશ આપવા અર્થે અને અજ્ઞાનતામાં પાંડવો કદાચ એમ ન સમજે કે અમારા હાથે જ અમારા કુટુંબીજનોનો નાશ થયો છે, તે માટે શ્રી કૃષ્ણ ભગવાને ગીતા રૂપે ઉપદેશ આપી પાંડવોના સંશયને દૂર કર્યો હતો. પરંતુ તે વખતના બ્રાહ્મણોને ઉંધુંચત્તું સમજાવી

હિંદુઓના શાસ્ત્રો કેવી રીતે વટલાવ્યા હિંદુઓના ભોળપણનો લાભ લઈને જાળમાં ફસાવ્યા

સતપંથનો અથરવેદ હિંદુઓના અથરવેદથી જુદો છે.

દસમાં અવતારને હજરત અલી કેમ બનાવી દીધો, જુવો

દસમો અવતાર મુસલમાનોમાં લેવાના પાછળના કારણો (પીર સદ્દદીન પ્રમાણે) (1/2)

https://archive.org/details/bk049/page/n404/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

દસમો અવતાર મુસલમાનોમાં લેવાના પાછળના કારણો (પીર સદ્દદીન પ્રમાણે) (2/2)

મહાભારતના યુદ્ધનું જે પાપ થયું તેથી મુક્ત થવા એક યજ્ઞ કરાવ્યો. જેથી પાંડવોએ રાજસૂય યજ્ઞ આદર્યો તેથી (પીર સદરદીનના કહેવા પ્રમાણે) બ્રાહ્મણો ઉપર કોપ કરીને શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે, હું દશમો અવતાર હિંદુમાં જ લેવાનો હતો પરંતુ બ્રાહ્મણોએ આડુંઅવળુ સમજાવી પાંડવોના હાથે યજ્ઞ કરાવ્યો તેથી હવે હું દશમો અવતાર મલેચ્છ રૂપે અરબસ્તાનમાં આવેલા મક્કા શહેરમાં હજરતઅલી રૂપે લઈશ !! આ પ્રમાણે દશમો અવતાર બ્રાહ્મણો ઉપર રીસે ભરાઈ શ્રી કૃષ્ણ પ્રભુએ મક્કા શહેરમાં લીધો છે. માટે હજરતઅલી એ જ ભગવાનનો અવતાર છે. માટે હિંદુઓ ! હમણાં ભગવાનના અવતારનો વારો તો ઈસ્માયલી મુસલમાનીમાં છે માટે તેને જ માનવું.''

વળી હજરત અલીના માટે આ પીરોએ એક કવિતા રચીને જણાવ્યું કે :-

તમે ઓળખીને ધાવો આજ રે
મુરખ લોકોને આવે છે લાજ રે ટેક.

જીરે કૃષ્ણ બોલતા તે અમૃત વાણી રે,
હવે અરબી ભાષા ક્યાંથી આણી રે. તમે

જીરે કૃષ્ણ ચાલતા તે તિલક તાણી રે,
હવે કલીમાંહે વધારી છે દાઢી રે. તમે

જીરે કૃષ્ણ પહેરતા પીતામ્બર ધોતી રે,
હવે કલીમાંહે પહેરી છે કફની ને ટોપી રે. તમે

જીરે કૃષ્ણ જમતા તે સુવર્ણ થાળી રે,
હવે માટીની સહાનક ધારી રે. તમે

જીરે કૃષ્ણ ચાલતા તે બ્રાહ્મણ વેશે રે,
હવે આવી બેઠો તે આરબ દેશે રે. તમે

જીરે કૃષ્ણ રૂપે તે જાપ જપાવ્યો રે,
હવે કલીમાંહે મોહંમદ નામ ભણાવ્યો રે. તમે

બંધુઓ ! આ વાત આપને કેવી લાગે છે ? મક્કા શરીફમાં શ્રી કૃષ્ણનો અવતાર અને તે હજરતઅલી રૂપે ! શું તમને આ વાત માન્ય છે ? કોઈને એ વાત સાચી લાગે છે ? આપણા શાસ્ત્રોમાં ભગવાનના અવતાર એ જ મુખ્ય વાત છે એવું એ લોકોને લાગવાથી ભગવાનના દશ અવતારનું તેમણે એક શાસ્ત્ર ઉપજાવી કાઢ્યું છે અને તેના પૂંછડે છેવટે એ કબ્રસ્તાની બધા ઈસ્માયલી પીરોને લટકાવ્યા છે. તેમણે

ઉપજાવી કાઢેલું શાસ્ત્ર

https://archive.org/details/bk049/page/n405/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

લખેલ અવતારોની વાતો તદ્દન જુઠી અને બનાવટી છે

લખેલા અવતારની વાતો તદ્દન જુઠી અને બનાવટી છે, એટલું જ નહિ, પરંતુ હિંદુ ધર્મનું એ કેટલું હળહળતું અપમાન કરનારી છે એ વાત આપને પ્રત્યક્ષ કરાવવાની મારે જરૂર છે. વળી ભોળા હિન્દુ ભાઈઓને ઈમાન બેસાડવાની ખાતર તેમાં કેવી યુક્તિ રચી છે અને તેના પૂંછડે પોતે કેમ લટક્યા છે એ પાપ ધ્યાન દઈને સાંભળજો. આપણને તો મોકો દીધો હોય તો ફક્ત ઈમામશાહે જ દીધો છે. તેણે રચેલા અથરવેદમાં દશ અવતાર આવે છે અને જે દશતરી ગાવંત્રી કહેવાય છે તે સૃષ્ટિની ઉત્પત્તિથી શરૂ થાય છે ! તેમાં લખ્યું છે કે -

દશતરી ગાવંત્રી અહીંયાથી નીચે દસ અવતારના વર્ણન કરવામાં આવ્યા છે. (સતપંથ ધર્મ પ્રમાણે)

સત્, સત્ ઉપર દત્, દત્ ઉપર ક્ષમા, ક્ષમા ઉપર ગજા, ગજા ઉપર નીલ, નીલ ઉપર શેશનાગ, શેશનાગ ઉપર ધબળોધોરી; ધબળોધોરીના શીંગડા ઉપર એક રાઈ અને એ રાઈ ઉપર સ્વામીજીએ સૃષ્ટિ નીપાઈ ! પછી સ્વામીજીએ રૂપ લીધાં તેમાં પ્રથમ નામ અહુંકાર, ભહુંકાર, વહુંકાર, નીલ, અનીલ, સુન, સાન, નાન, ગેઆન, માન, નુર, તેજ, બંબ, જલ, કમલ, કદમ, આદબુંદ, નાદબુંદ, તેજતત્ત્વ, પ્રેમતત્ત્વ, આદપુરુષ, આદપુરુષથી નાભીચકર, નાભીચકરથી ભવેત ગોર બ્રહ્મા ! સત્ ગોર બ્રહ્મા થકી સર્વે સૃષ્ટિની ઉત્પત્તિ હુઈ. જે ચાર કલ્પના અવતાર પાત્ર અને જ્યાં થકી ગોરનરે અવતાર લીધા તેમાં પ્રથમ અહું, ઉનાદ, અધીગત, એહદ્, હવ, કવ તથા ધર્મ, તેજ કેવલ નાદ ઓત્રા હરીતક પુર્વા, અતીત વંશીના પરેમ રૂખ. તેના વંશમાં શ્રીમચ્છા અવતાર ! મચ્છની માતા તો સંખાવતી, પીતા તો પરેમરૂખ, શક્તિ દેવી ચંડીકા, ગોર તો માનધાતા, રહેવાનું સ્થાન હેમપુર ક્ષેત્ર તો દ્વારામતી, નરદલો દાણવ સંખાસુર તે વિચારતો ઋગ્વેદ. તે સંખાસુરને મારી સાતે પાતાળના રાજાને વચન આપી ગોર બ્રહ્માના વેદને વાળી, સવા કરોડીસું રાજા રુષભાગતને તારી-શ્રી મચ્છા અવતાર ભલે પધાર્યા ! મચ્છા અવતારેના વંશમા મનાએત, મનાએતના ઉગ્રસેન ઉગ્રસેન અજીવત, અજીવતના ભ્રેસપત, ભ્રેસપતના આસોમંત્ર, આસોમંત્રના પરીકમ રૂખ, પરીકમ રૂખના કુર્મ ભગવાન ! કુર્મ ભગવાનની માતા કમળાવતી, તેની શક્તિ દેવી બૈચરાજી, ગોર તો એકારૂખી, રહેવાનું સ્થાન બગપોર ક્ષેત્ર તો માનસરોવર, ત્યાં નરદળો દાણવ મધુકેટભ તે વિચારતો ઋગ્વેદ તેને મારીને કુર્મ ભગવાને સવા કરોડીસું રાજા અમરીશને તારી શ્રી કુર્મ ભગવાન ભલે અવતર્યા !

શ્રી કુર્મના વંશમાં પ્રથમ વંશરતના દકાઈએત, ના કાજમ, ના પરજાપત, ના દાઢમરૂખી તેના વંશમાં શ્રી વારાહ ભગવાન અવતર્યા ! તે વારાહ ભગવાનની

૧. શ્રી મચ્છા અવતાર ભગવાન

૨. કુર્મ ભગવાન

૩. શ્રી વારાહ ભગવાન

https://archive.org/details/bk049/page/n406/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

માતા તો પદમાવતી, શક્તિ દેવી સોમયા, ગોર તો એકાસુર, રહેવાનું સ્થાન માયાપોર, ક્ષેત્ર તો ભેંકાસુર, ત્યાં નરદળો દાણવ મોરધ્વજ વીચારતો ઋગ્વેદ તે મોરધ્વજ દૈત્યને મારી, સવા કરોડીસું રાજા ધ્રુને તારી ભલે અવતર્યા શ્રી વારાહ ભગવાન ! શ્રી વારાહ ભગવાનના પુત્ર રૂપંકના ખલીપત, ના ગઉતમ, ના અમરીખ, તેના પુત્ર શ્રી નૃસીંહાઅવતાર ! તે શ્રી નૃસીંહા ભગવાનની માતા ચંદ્રાવતી, શક્તિ દેવી તુળજા ભવાની ગોર તો અમરતેજ, રહેવાનું સ્થાન તો કાશ્મીર, ક્ષેત્ર તો ચરણાપરી, ત્યાં નરદળો દાણવ હરણાકસ વીચાર તો રઘુવેદ, તેને શ્રી નૃસીંહ ભગવાને મારી સવા કરોડીસું ભક્તપ્રહલાદને તારી ભલે અવતર્યા શ્રી નૃસીંહા અવતાર ! શ્રી નૃસીંહાઅવતારના ! વશમાં તેનો પુત્ર મનાઅંત, ના વંશવઢણ, ના વીર લોચન, ના કાસમરૂખી, તેની વંશમાં શ્રી વામન ભગવાન ! તેની માતા તો લીલાવતી, શક્તિ દેવી કોકીલા, ગોર તો સેહેજાનંદ રહેવાનું સ્થાન કોયલા પાટણ, ક્ષેત્ર તો વનથળી, ત્યાં નરદળો દાણવ બળીરાજા વીચારતો વજુરવેદ, તેને વામન ભગવાને મારી ઋષિઓને થાપી તમે ભલે અવતર્યા વામન ભગવાન ! વામન ભગવાનના વંશમાં તેમના પુત્ર માન ધાતા, ના પૃથ્વીજે, ના અસરત, ના જમદગ્ની તેમના પુત્ર શ્રી ફરસુરામ તેમની માતા રેણુંકા, ગોર તો જનક વીદેહી, રહેવાનું સ્થાન માયાપર, ક્ષેત્ર તો કોયલા પાટણ ત્યાં નરદળો દાણવ સહસ્રા અર્જુન તે વીચારતો રઘુવેદ, તે સહસ્રા અર્જુનને મારી, શ્રી ફરસુરામે ઋષિઓને સ્થાપી ભલે અવતર્યા તમે ફરસુરામ ભગવાન ! હવે ફરસુરામના વશમાં તેમના પુત્ર રઘુ, ના નગુ, ના જેજાઇઅંત, ના કવળીક, ના અજેપાળ, ના દશરથ, ના પુત્ર શ્રીરામ ! ક્ષેત્ર તો લંકાપુરી, ત્યાં નરદળો, દાણવ દશમાં થાવળો રાવણ તે વીચારતો યજુરવેદ. તે રાવણને મારી સાત કરોરીસું રાજા હરીશ્ચચંદ્રને નારી ભલે અવતર્યા તમે શ્રી રામદેવ મોરારી ! તેની માતા કૌશલ્યા, શક્તિ દેવી સીતાજી, ગોર તો વશિષ્ટ, રહેવાનું સ્થાન અયોધ્યાપુરી, શ્રી રામના વંશમાં તેમના પુત્ર લવ, ના પદમ, ના પરિખત, ના વીરપાળ, ના વાસુદેવ, ના વંશમાં શ્રી કૃષ્ણ ભગવાન ! તેમની માતા દેવકીજી, શક્તિ દેવી રૂકમની, ગોર તો વેદ વ્યાસજી, રહેવાનું સ્થાન ગોકુલ, ક્ષેત્ર તો મથુરા ત્યાં નરદળો દાણવ કંસાસુર તે વીચાર તો સામવેદ તે કંસાસુરને મારી ઋષિઓને સ્થાપી, સહદેવ ભક્તને તારી તમે ભલે અવતર્યા શ્રી કૃષ્ણ મોરારી ! શ્રી કૃષ્ણના વંશમાં તેના પુત્ર પ્રદુમનના, સેંસસ્થાનના, બેલસ્થાન ના, વેણી વછરાજના, સંહીરાજ, તેમના વંશ તો શ્રી બુદ્ધ ભગવાન ! તે બુદ્ધની માતા તો રેણુંકાવ વતી, શક્તિ દેવી હરસિદ્ધ, ગોર તો હંસરાજ રહેવાનું સ્થાન હીમપરી, ક્ષેત્ર તો કુરુક્ષેત્ર, ત્યાં નરદળો દાણવ દરજોધન

૪. નરસિંહ અવતાર

૫. વામન ભગવાન

૬. ફરસુરામ (પર્શુરામ) ભગવાન

૭. શ્રી રામ ભગવાન

૮. શ્રી કૃષ્ણ ભગવાન

૯. શ્રી બુધ ભગવાન

https://archive.org/details/bk049/page/n407/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

તે વીચાર તો સામવેદ, તેને મારી નવ કરોડીસું રાજા યુધિષ્ઠરને તારી ભલે અવતર્યા તમે બુદ્ધ ભગવાન દેવ મોરારી ! શ્રી બુદ્ધા અવતારના વંશમાં તેમના પુત્ર શીષ, ના સામ, ના સલુકાન, ના હારૂન, ના અસલામ, ના આદમ, ના નીઝાર, ના મીઝાર, ના એલીઆસ, ના મલીઆસ, ના મુલકાનના કાજંમ, ના કાહેર, ના કાએમ, ના ગાલેબ, ના એલબ, ના કાયમ, ના મોરાદ, ના મુનાલેફ, ના હાસમ, ના મતલબ, ના અબુતાલબ, ના વંશમાં તો શ્રી નકલંકી નારાયણ શાહ ! મુરતજાઅલી. તે અલીની માતા બીબી ફાતમા, પીતા તો અબુતાલેબ, શક્તિ દેવી ફાતમા, ગોર તો નબી મોહમદ, રહેવાનું સ્થાન દેલમ દેશ, વરજા શહેર ગામ ક્ષેત્ર તો કુંવારકા, પંચનદી મુલસતાને, તહાં નરદળો દાણવ કાળીંગો ધુઝાલબે વીચાર તો અથરવેદ, તે કાળીંગા દૈત્યને મારી બાર કરોડીસું ભક્તને ઓધારસે, ગુપ્ત અવતાર ત્રેત્રીશ ! પ્રગટ અવતાર એક સાહ મુરતુજાઅલી ! ના ઈમામ, ઈમામના હશન, ના ઈમામ હોસન, ના ઈમામ જેનલાબદીન, ના ઈમામ મહમદ બાકર, ના ઈમામ જાફર સાદક, ના ઈમામ ઈસમાયલ, ના ઈમામ નુર સત ગોર, ના સૈયદ મુસાફરીન, ના સૈયદ જમાલદીન, ના સૈયદ મુસાફરીન, ના સૈયદ મહેરદીન, ના સૈયદ હાદીન, ના સૈયદ સલાઓદીન, ના સૈયદ ફાજલસાહ, ના સૈયદ કામસસાહ, ના સૈયદ એહમદસાહ, ના સૈયદ નાસરસાહ, ના સૈયદ મુસાલકસાહ, ના સૈયદ માહાબુ, ના સૈયદ મસતગ, ના સૈયદ મહીઆદીન, ના સૈયદ મુમનસાહ, ના સૈયદ ખાલકશાહ, ના સૈયદ નીઝારસાહ, ના સૈયદ ઈસલામસાહ, ના સૈયદ સલાઓદીન, ના સૈયદ સમસદીન, ના સૈયદ નસીરદીન, ના સૈયદ સાહેબદીન, ના સૈયદ સોદરદીન, ના કબીરદીન, ના સૈયદ સતગોર પાત્ર બ્રહ્મા ! ઇંદ્ર ઈમામશાહ ! આદે વીસ નવ નરીજન નરઅલી મહમદશાહ હકલા એલાહા ઈલલાહો મદમદુર રસુલલાહે.

૧૦. નકલંકી નારાયણ

માં: બીબી ફાતમા
બાપ: અબુતાલેબ
પત્ની (શક્તિ દેવી): બીબી ફાતમા
ગોર (ગુરૂ): મોહમદ પૈગમ્બર

નકલંકી નારાયણ (મુરતજાઅલી) ના વંશમાં ઈમામ? શાહે પોતાને જન્માવી દીધો.

ઈમામ શાહે પોતાને બ્રહ્મા અને ઇન્દ્ર બનાવી દીધો

બુદ્ધદેવના વંશમાં પાક્યા તે ઈમામશા !

ઉપર જણાવેલ દસ અવતારમાં કેટલું જુઠું અને બનાવટી વાતો છે, તે વાંચો નારાયણ બાપાના જુબાની

આ પ્રમાણે પોતાની વંશાવળીનો છેડો મેળવ્યો છે અને ભગવાનના દીકરા થવાનો લ્હાવો લીધો છે. હવે તેમાં અને તેના લખેલા દશ અવતારની દશતરી ગાવંત્રીમાં સત્ય શું છે અને જૂઠું શું છે તે આપને ટૂંકામાં જણાવીશ. પ્રથમ મચ્છા અવતારની વાત આવે છે. તેમાં મચ્છ ભગવાન સખાવતી નામની સ્ત્રીના ગર્ભથી ઉત્પન્ન થયાનું જણાવે છે ! મચ્છ ભગવાનના પીતા પરમરૂખી એ વાત તદ્દન ગપ છે. મચ્છા અવતાર પછી ઈમામશાહ કૃત દશતરી ગાવંત્રીમાં જણાવ્યા પ્રમાણે મચ્છ ભગવાનના વીર્યથી ઉત્પન્ન થયેલ મનાયત. મનાયતના ઉગ્રસેન

એ પ્રમાણે પરિક્રમ ઋષિના વંશ કહેતાં તેના દીકરા કુર્મ ભગવાન ! શું બુદ્ધિનો ઉપયોગ કર્યો છે ? મચ્છ ભગવાન માછલાનું રૂપ, તેમાંથી જન્મ્યા તે બધા માણસ ! તે છેક પરિક્રમ ઋષિ થકી અને પરિક્રમ ઋષિની સ્ત્રી કમળાવતીના દીકરા કુર્મ કહેતાં કાચબાનો અવતાર ! ધન્ય ઈમામશાહની બુદ્ધિને અને ધન્ય છે તમને પીરાણા પંથને માનવાવાળા સતપંથી ભાઈઓને ! કુર્મ અવતાર પણ ક્યા કારણને લઈ પરમાત્માનો અવતાર મનાય છે તે જો પીરાણા પંથીઓ હિન્દુ ધર્મના દશ અવતારો વાંચે તો તો આંખ ઉઘડી જાય. પરંતુ તસ્દી કોણ લે. કુર્મ ભગવાન પાછા કાચબાના રૂપે પરણ્યા હશે ત્યારે જ તેમના વીર્યથી પ્રજા ઉત્પન્ન થઈ શકે. દશતરી ગાવંત્રીમાં કુર્મના વંશમાં પાછા માણસો જનમવા માંડ્યા ! કુર્મના દીકરા વંશરત નાદકાઈએત એમ કરતાં કરતાં પરજાપતના દાઢમ ઋષિની સ્ત્રી પદમાવતીના ઉદરથી પાક્યા વારાહ ભગવાન, વારાહ એટલે સૂવર, શું ઈમામશાહે નજર પહોંચાડીને કામ કર્યું છે ! માણસમાંથી સૂવર જનમે તે પણ ઠીક છે, આપણે તો તેની કથાની ચોખ કરીએ છીએ. કોઈ હૈયાફૂટ્યાએ વળી સૂવરને પણ કન્યા આપી હશે જેથી વારાહ ભગવાનનો પણ વંશ ચાલુ રહ્યો. વારાહના દીકરા પાછા માણસ. તેનું નામ રૂપક-રૂપકના ખલીપત વગેરેના અમરીખને પાછી ભોઠપ ખણવી હસે કે જેથી તેની સ્ત્રી ચંદ્રાવતીના પેટે પાછા શ્રી નૃસિંહા ભગવાન જન્મ્યા ! આવી ગપોડ કથાઓ કહેતાં પણ શરમ આવે છે. શું ઈમામશાહ એટલું પણ નહીં સમજ્યો હોય કે હું મારા ધર્મને ગુપત ! રાખવાની વાતો કરું છું પરંતુ આ છાનું ક્યાં સુધી રહેશે ? માછલામાંથી માણસ જન્મે ને વળી માણસમાથી કાબચો જન્મે ! કાચબાના વંશમાંથી વારાહ જન્મે ! આ પોલંપોલ તો જુઓ ! વળી વારાહના વંશથી માણસો જન્મે અને તેથી પાછો સિંહ જન્મે ! ભાઈઓ, નૃસિંહા અવતારની વાતો તો તમે સાંભળી હશે, ઘણાં ભજનોમાં પણ ગવાય છે કે હરણ્યાકંશે પોતાના દીકરા પ્રહલાદને અનેક સંકટો દીધાં પરંતુ તેનો વાંકો વાળ પણ ન થયો. છેવટે તેણે કૂર સજા કરવા લોખંડનો થાંભલો ધગધગતો કર્યો અને પ્રહલાદજીને હુકમ કર્યો કે તારો ઈશ્વર સાચો હોય તો આ ધગધગતા થાંભલાને બાથ ભીડ ! તે પ્રહલાદજી પ્રભુનું ધ્યાન ધરી લોહસ્તંભને બાથ ભીડવા જાય છે ત્યાં તો લોહ સ્તંભ ફાટ્યો અને શ્રી નૃસિંહ ભગવાન દેખાયા અને હરણ્યાકંશને માર્યો. આમાં નરસિંહ ભગવાનની ન તો મા હતી કે ન તો બાપ હતાં ! છતાં ઈમામશાહના અદ્‌ભુત પાકમની પ્રસાદી-પીરાણા સતપંથની દશતરી ગાવંત્રીમાં વારાહના વંશના દીકરા નૃસિંહા અવતાર ! કેટલું જૂઠું. તમો કાંઈક તો બુદ્ધિનો ઉપયોગ કરો કે હિન્દુઓને ફસાવી, વટલાવી પોતાના ફંદામાં કેવા જકડી રાખ્યા છે અને પછી

દસ અવતારના ઘણા બધા પોલોમાનો એક પોલ

વાસ્તવમાં નરસિંહ ભગવાનના માં-બાપજ નહતા

હિન્દુઓને ફસાવીને કેવી રીતે જકડી રાખ્યા છે

https://archive.org/details/bk049/page/n409/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

પોતાની પોલ ના પકડાય એટલા માટે એમ કહેવામા આવતું કે ગુપ્ત ધર્મની વાત ક્યાંય કરવી નહિ.

ગુપ્ત ધર્મની વાત ક્યાંય કરવી નહીં ! તમે હિન્દુ છો. હિન્દુ ધર્મના પુસ્તકો પુરાણો કથાઓ વાંચી જુઓ તો તમને આ ગુપ્ત પંથમાં કેવી રીતે સંડોવ્યા છે તે જણાઈ આવશે. ભગવાન શ્રી નૃસિંહા અવતાર સિંહ રૂપે હતા તેને પણ કોઈ નીરભાગીએ કન્યા આપી હશે એમ પીરાણા સતપંથના ચાલાક ઈમામશાહે નક્કી કર્યું, તેથી નરસીંહજીનો પણ વંશ વધતો જ રહ્યો. સીંહ રૂપે નરસિંહ ભગવાનના દીકરા મનાએત વગેરે કુર્મ કાસમ ઋષિના દીકરા વામન ભગવાન. ધન્ય હો ઈમામશાહ ! હવે તો માણસનાં માણસ જન્મ્યાં. પાછા વામન ભગવાન પરણ્યા તેના દીકરા માનધાતા પૃથ્વીજે. તેના અસરત, અસરતના જમદગ્ની તેના દીકરા ફરસુરામ, જમદગ્નીના દીકરા ફરસુરામ એ વાત તો સાચી પરંતુ ફરસુરામ તો અખંડ બ્રહ્મચારી હતા તે કોઈ દિવસ પરણ્યા જ નથી, છતાં તમારા ઈમામશાહે તો તેને પણ પરણવાની લપ વળગાડી દીધી છે. દશતરી ગાવંત્રી ઈમામશાહ કતમાં વળી જણાવ્યું છે કે, ફરસુરામના દીકરા રગુ, નગુ, વગેરેના અજેપાળ તેના દશરથ ! દશરથના રામ એ વાત તો સાચી પરંતુ તમે ભાઈઓ બુદ્ધિ હોય તો વિચાર કરો કે ફરસુરામ તો બ્રાહ્મણ હતા તેના વંશમાં સૂર્યવંશીઓ કેમ જન્મ્યા ? વળી રામને અવતાર લેવાના કારણમાં ઈમામશાહ જણાવે છે કે રાવણને મારી રાજા હરિશ્ચંદ્રને તાર્યો ! ભાઈઓ, આ તે કાંઈ નાનીસૂની ગપ કહેવાય ? હરિશ્ચંદ્રની ખાતર જ રામા અવતાર ! ક્યાં રાજા હરિશ્ચંદ્ર અને ક્યાં શ્રી રામ !

ઈમામશાહ તો ગુજરી ગયા પરંતુ તેના વંશના સૈયદોને પણ તમો કોઈ પૂછો છો કે તમો આવી નાલાયક કથા લખી ભોળા લોકોને આંખે પાટા બંધાવી ગંગવા કૂવામાં કેમ નાંખો છો ! ભાઈઓ તમે સમજો કે સૈયદોને તો ગમે તેમ કરી તમને મુસલમાન કરવા છે અને પોતાની આજીવિકા હિંદુઓ પાસેથી આવા ઢોંગધતુરા કરી મેળવવાની છે તે શા માટે કહે ? એ તો આપણે સમજવાનું છે. આગળ ચાલતાં માણસનાં બધાં માણસો જ જન્મે છે એટલું જ ઠીક દેખાશે. સૂર્યવંશમાં રામચંદ્રજી સુધી તો આપણે આવ્યા તેમના દીકરા લવ, લવના પદમ, એમ કરતાં કરતાં વાસુદેવના દીકરા શ્રી કૃષ્ણ, વાસુદેવના દીકરા શ્રી કૃષ્ણ પ્રભુ એ વાત તો સાચી પરંતુ સૂર્યવંશમાંથી પાછો ચંદ્રવંશ એટલો જલદી ક્યાંથી નીકળ્યો ? હોય ! પણ ઈમામશાહના ઈલમમાં કાંઈ ખામી હોય, માણસોમાંથી પશુ અને પશુમાંથી વળી માણસ કરે એવી અદ્‌ભુત લીલા ઈમામશાહની છે. શ્રી કૃષ્ણના દીકરા પ્રદુમન તેના સેસસ્થાન, બેલસ્થાન વગેરે ચાલે છે પરંતુ પ્રદુમનના દીકરા અનિરુદ્ધ તો દેખાતા જ નથી ! તેને વખતે ચિત્રલેખા ઉપાડી ગઈ હશે એટલે બિચારા ઈમામશાહને ક્યાંથી દેખાય !

ફરશુરામ (પરશુરામ) તો અખંડ બ્રહ્મચારી હતા, તે પરણ્યાજ નથી તો તેમનો વંશ કેવી રીતે આવ્યો?

ઈમામ શાહે વંશ બદલાવી નાખ્યો

રાવણ, રાજા હરીશચંદ્ર ને ભગવાન રામની ગપ ગોળ વાતો

અસલી કાવતરું

વળી પાછો વંશ બદલ્યો

સાચા દીકરાને તો ઈમામ શાહ ભૂલીજ ગયો

બુધ ભગવાન ના જન્મનો સમય પણ ખોટો છે

બુધ ભગવાન ક્યારેય ના કરે તેવા કામ (મારવાના) તેમના પાસે કરાવડાવ્યા

બુધ ભગવાનના વંશમાં મુસલમાની પેઢીઓ લગાડી દીધી

સતપંથ ને સનાતન કાલ નો ધર્મ (સનાતન ધર્મ) માં ખપવા માટે ખોટી વાતો લખી

વિષ્ણુનો નિરાકાર રૂપ તે ઈમામ શાહ ના દીકરાને બતાવ્યો.

એ બેલસ્થાન પછી અનુક્રમે સંહીરાજના દીકરા બુદ્ધ ભગવાન ! ભલે ભલે ઈમામશાહના બુદ્ધ ભગવાન તમે જન્મ્યા તો ખરા, પરંતુ અમારા હિંદુ શાસ્ત્રો કહે છે કે શ્રી કૃષ્ણની સલાહે પાંડવોએ દુર્યોધનને માર્યો પરંતુ ઈમામશાહની સલાહથી તમારા જેવા મહાન યોગી અહિંસા પરમો ધર્મનું સૂત્ર જગતને શિખવાડનાર તે દુર્યોધનને મારવા ક્યાંથી શ્રી કૃષ્ણની આઠમી પેઢીએ ફૂટી નીકળ્યા ! વાહ રે ઈમામશાહ, તમારી અકલ ! પાંડવોને ગૌવધ કરવાની સલાહ આપનાર તે બુદ્ધા અવતાર ! પાંડવોને તારનાર પીર સદરદીન અને કબીરદીનની પાસે ભેસ્તમાં પાંડવો ગયા નહીં પણ ગુપ્તવાસ પીરાણામાં આવી રહ્યા એ પણ ઈમામશાહના પરતાપે જ ! ઈમામશાહે હિન્દુ ધર્મનું કેટલું સખત અપમાન કર્યું છે તે જુઓ ! બુદ્ધ ભગવાન જે અહિંસા પરમોધર્મનો ઉપદેશ આપનાર ને પાંડવોના હાથે ગૌવધ કરાવે ! બુદ્ધ ભગવાનને સલાહ આપી તે પ્રમાણે પાંડવોએ ગાય મારી ! કેટલી નીચતા ! આવી નાલાયક અને પાપી કથા જે પીરાણા સતપંથીઓ વાંચે છે તે અધમ પ્રકારના હિન્દુ ધર્મદ્રોહી છે. હિન્દુપણાના નામને લજાવનારા છે. ઈમામશાહ તો કાળાંધોળાં કરી મરી ગયો પરંતુ હજુ પણ કેટલાંક અજ્ઞાન લોકો આવી વાતો રાગડા તાણીને વાંચે છે તેના સૈયદોના કહેવા પ્રમાણે પુન્ય થાય છે એવું માને છે. આવા રાગડાઓ તાણી અમે હિન્દુ છીએ એમ કહેનારાઓને લાખોવાર ધિક્કાર છે. પાછળથી ઈમામશાહે બુદ્ધા અવતારની કેવી વલે કરી છે તે તમે સાંભળો. બુદ્ધ ભગવાનના દીકરા સીસ. તેના સામ એ ક્રમે સુલકાન, હારૂન, અસલામ, આદમ, નીઝાર, મીઝાર વિગેરે મુસલમાની પેઢીઓ લગાડી દીધી ! તમને કંઈ પણ શરમ થાય છે ?

દાદા આદમના દીકરા સીસ-સામ શોલકાન વિગેરેની વંશાવળી લઈ છેવટે પોતે પણ દાદા આમદના વંશના છીએ એમ જણાવવા સારું નરસતગોરથી સતપંથ ચાલ્યો છે, તેની વાંસે વાંસે પોતાનાં નામો ઉમેરી દીધાં અને છેવટે સોદરદીનના દીકરા કબીરદીન-કબીરદીનના સપુત્ર તે સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહ ! હવે છે કંઈ વાંધો ? પાછા આદે વીસનવ નરીજન નરાકાર તે મહાપ્રભુ ઈમામશાહના દીકરા નરઅલી મહમદશાહ અને છેવટે હિન્દુપણાનું નામ નિશાન ભૂંસાડીને, હકલા હે લાહા ઈલ્લાહો મહમદુરસુલીલ્લા હે ! આ પ્રમાણેની ઈમામશાહની ઉત્પત્તિ અને તેના કારસ્થાની કાર્યો રૂપી ઈમામશાહે દશે અવતારો લખીને પીરાણા સતપંથ ધર્મ પાળનારને છેક જ બેવકૂફ બનાવ્યા છે. હજુ એ આવા દેખતા જમાનામાં ઈમામશાહની વંશના સૈયદે, ન હિન્દુ ન મુસલમાન એવા એ અર્ધદગ્ધ પીરાણા કબ્રસ્તાની ધર્મના પોતે આચાર્ય, ગોર અને બાવા તરીકે પૂજાવાનાં ફાંફાં મારી રહ્યા છે.

https://archive.org/details/bk049/page/n411/mode/1up

Real Patidar <mail@realpatidar.com>

Series 26 -"Chains of Pirana" – An short article about changes in Pirana /પીરાણામાં હાલમાં થતા બદલાવોની ટૂંક નોંધ લેતો એક લે ખ

Real Patidar <mail@realpatidar.com> **Sat, Nov 20, 2010 at 9:39 PM**
To: realpatidar <realpatidar@googlegroups.com>

20-Nov-2010
|| જય લક્ષ્મીનારાયણ ||

પીરાણા સ્તિથ, ઈમામ શાહ બાવાની દરગાહ, માં પહેલાં શું હતું અને તેમાં કયા બદલાવ કરવામાં આવ્યા છે એ હકીકતની નોંધ લેતું છાપામાં છપાયલો એક સુંદર લેખ તમને મોકલું છું. આ લેખનું શીર્ષક છે "દી ચૈન્સ ઓફ પીરાણા" (The Chains of Pirana)

આ લેખ વર્ષ ૨૦૦૪ માં Frontline મેગઝીનમાં છપાયેલો છે. આ લેખ વાંચવાથી આપણને પીરાણામાં થયા કહેવાતા બદલાવો પાછળની હકીકત જાણવા મળશે. અને ખાસ કરીને એ જાણવા મળશે કે હકીકતમાં પીરાણામાં શું હતું, તેમાં ઇસ્લામનો કેટલો પ્રભાવ હતો અને છે.

જે લોકોએ પીરાણા જોયું નથી તેવોએ ખાસ કરીને આ લેખ વાંચવો, જેમાં પીરાણાના અમુક ફોટાઓ પણ છે.

તેમાં ખાસ નોંધ પત્ર વાંચવા જેવી વસ્તુઓ નીચે જણાવેલ છે.

1. કાબ્રસ્થાન માં બનેલું આ સ્થળ છે. હાડકાઓના અવશેષો અને કબરઓથી ઘેરાયેલું છે.
2. ઈમામ શાહના બેડ રૂમને (ઢોલિયા) બદલીને તેનો બહારથી હિંદુ ધર્મનું સ્થાન જેવું રૂપ આપવામાં આવ્યું છે.
3. ઈમામ શાહ દ્વારા હસ્ત લેખીત કુરાન, દરગાહ માં રાખવામાં આવતી.
4. કરસન કાકાએ ધાર્મિક પુસ્તકો બદલાવી નાખ્યા.
5. સતપંથ ધર્મના મૂળ મૂલ્યો બદલાવી નાખવાનો પરાયા કરવામાં આવે છે.
6. **સાધુ સમ્મેલનમાં ધર્મ પલટો કરીને હિંદુ ધર્મ અંગીકાર કરવાના તેમજ મંદિર બનાવવાના વચનો આપ્યા છે. તેનો સીધો અર્થ એ થાય છે કે સાધુઓ જાણે છે કે સતપંથ ધર્મ એ હિંદુ ધર્મ નથી અને ત્યાં મંદિર નથી.**
7. પીરાણાની જગ્યાના માલિક સૈયદો છે. સતપંથીઓને ફક્ત વહીવટ કરવા માટે રાખેલા છે.
8. ઔરંગઝેબ (જે હિંદુઓને ડરાવી ધમકાવી અને તલવારના જોરે મુસલમાન બનાવ્યા છે), જે જુલમી, ઇસ્લામ નો હિમાયતી અને હિંદુઓનું દુશ્મન એવા રાજાએ પીરાણા ને મોટું દાન આપ્યું છે. તો મુસલમાનો માટેજ આ દાન હોય શકેને.

20-Nov-2010 09:40 PM

આશા છે, લોકોને આ લેખથી ઘણું જાણવા મળ્યું હશે.

આ ઈમૈલ અને લેખ તમે આહી ઓનલાઈન પણ વાંચી શકશો.... http://issuu.com/patidar/docs/series_26_-chains_of_pirana_-a_short_article_about/1?mode=a_p

Real Patidar
www.realpatidar.com

- Views expressed here are for the sake of discussion and knowledge only.
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/

Series 26 -Chains of Pirana -An short article about changes in Pirana -DE.pdf
547K

20-Nov-2010 09:40 PM

Volume 21 - Issue 18, Aug. 28 - Sep. 10, 2004
India's National Magazine from the publishers of THE HINDU

Frontline

Krp h • Frqwhqw

COMMUNALISM

The chains of Pirana

DIONNE BUNSHA
in Pirana

A Gujarat village that follows a Sufi-inspired faith, a blend of Islam and Hinduism, is in danger of being swamped by Hindu fundamentalism.

PICTURES: BY SPECIAL ARRANGEMENT



The Pir Imam Shah Bawa dargah.

Dholia - Imam Shah's Bed Room
ઢોલિયા - ઈમામ શાહ નો બેડ રૂમ

Imam Shah Bawa's Kabar / Dargah
ઈમામ શાહ બાવાની કબર / દરગાહ

Imam Shah's Descendent's Kabar / Dargah
ઈમામ શાહ બાવાના

કબર / દરગાહ

આહીં મૃતકના (ખાસ કન્બીઓના) હાડકાઓ દાટેલા છે અને હવે આ જગ્યા હાડકાઓથી ભરાઈ ગઈ છે.

PIR IMAM SHAH BAWA's devotees are chai ned at t he feet. They close their eyes and pray fervent l y while walking towards the Sufi saint's tomb, the Hajr at Pir Imam Sh ah Bawa Roza, in Pirana village, outside Ahmedabad. If the chain disent angles in the first few s teps, it means that your prayer will be grante d soon. If not, it is a sign that it will take some time. Today, the Pi r's followers are entangled in a dispute that could threaten the existence of their faith.

Residents of Pirana stil l follow Imam Shah Bawa's teachings of love and harmony, a Sufi-inspired amal gam of Islam and Hinduism. But powerful religious heads close to the Sangh Parivar are trying to communalise their belief, reducing it to little more than a sect o f Hinduism.

www.realpatidar.com mail@realpatidar.com

Dal Dul, the horse. This element is as per Satpanth doctrine. Nothing to do with Hinduism.
દલ દલ ઘોડો - આ સતપંથ ધર્મનું એક તત્વ છે. હિંદુ ધર્મ સાથે કોઈ સંબંધ નથી

As per Islamic Values; No Idol is placed, hence only pictures of Gods.
Majority of Hindus (except Arya Samaj) follow Idol worship.
Arya Samaj does not believe in pictures also. It believes only in Yagya (Holy Fire).
ઇસ્લામમાં મૂર્તિ પૂજા વર્જિત છે. તે પ્રમાણે કોઈ મૂર્તિ નથી રાખી, ફક્ત ભગવાનના ચિત્ર રાખ્યા છે. હિંદુઓ (આર્ય સમાજ શિવાય) મૂર્તિ પૂજામાં મને છે. આર્ય સમાજ ચિત્રોને પણ નથી માનતી, ફક્ત યજ્ઞમાં મને છે.



Dholia, the "bedroom" of Imam, redecorated with pictures of Hindu gods.

Imam Shah's hand written Koran.
ઈમામ શાહ હસ્ત

In the heat of the conflict, the Koran, handwritten by the Pir, which used to lie near his tomb, mysteriously disappeared. Pir Imam Shah Bawa is believed to have founded the *Satpanth* (true path) faith around 600 years ago. He taught tolerance and the universality of religions.

An Ismaili Sect, which is part of Shia Muslim.
શિયા મુસલમાન નો એક પંથ

The sect is an offshoot of Ismaili teachings, a liberal branch of Shiite Islam followed by the Aga Khani Khojas, and it attracted devotees from religions other than Hinduism and Islam too. All 18 communities living in Pirana village, belonging to different castes and religions, are devotees of Imam Shah Bawa.

The shrine also attracts followers from different parts of India. Hindu followers, called `Satpanthis', comprise 85 per cent of the sect. Several of them are from the Kutchi Patel community. Muslim followers, called `Saiyeds', are considered to be the saint's direct descendents. The Pir's devotees did not define themselves as Hindu or Muslim until they were forced to do so by the British Census in the mid-19th century. The pressure of Islamic reforms and the rise of Hindu revivalist groups also made them adopt clearly defined religious identities.

A barbed wire fence put up by the Satpanthi dargah સતપંથી દર્ગાહ

http://www.hinduonnet.com/fline/fl2118/stories/20040910002704300.htm 20-Nov-2010

administation to separate the Pir's tomb from the masjid.

After the death of the saint, a shrine was built over Imam Shah Bawa's tomb. Within the complex, they also built a Dholia at the spot where he used to sleep, a mosque and a graveyard. Until 1931, the complex was a private property belonging to the Saiyeds, and was administrated by the head of the Satpanthis called `Kaka', according to an article by researcher Dominique Sila-Khan. Some Satpanthis filed a case against the then Kaka Ramji Laxman (a Kutchi Patel) for misusing funds.

The court ordered that a public trust be set up to manage the property. The trust was to consist of seven Satpanthi and three Saiyed representatives elected every five years. But elections to the trust have not been held for the past 15 years. A conflict between the Satpanthis and the Saiyeds emerged when the last religious leader Karsan Das Kaka tried to Hinduise the belief. The dispute has resulted in a spate of legal battles.

IN the late 1980s, the Kaka made several changes to the literature, rituals and prayers, removing any hint of Islamic influence. When this writer visited the shrine, the guide appointed by the trust made it a point to keep telling her, "This is a Hindu samadhi mandir. It has no connection with Islam." "Our prayers had words like Om as well as Rehman and Rahim."

"The shrine administration has taken out the Islamic words. They are destroying the meaning of the philosophy," said Bharat Patel, a carpenter who lives in Pirana. He is also a Satpanthi, but resents the hijacking of the sect by a few powerful Kutchi Patels. "They are like a gang. It has become very political. The Vishwa Hindu Parishad (VHP), the Bajrang Dal and the police are with them. Anyone who questions them is taken to the police station. There is no meaning to the *Satpanth* anymore. It has become very casteist. In the gurukul, they only look after the children of Kutchi Patels, not others. I used to go to the shrine everyday. But since they have destroyed it all, I don't go there. We don't get any respect," says Bharat Patel.

In the post-Babri Masjid demolition fervour, the VHP allied with Karsan Kaka and the trustees to arrange a huge Sadhu Sammelan inside the dargah complex in 1993. They pledged to `re-convert' to Hinduism and change the shrine in to a temple. The dargah was re-named `Prerna Pith' or `samadhi mandir'.

Dholia: Imam Shah Bawa's Bedroom.
ઢોલિયાળ ઈમામ શાહ નો બેડ રૂમ (શયન કક્ષ)

Dholia:Masjid and Graveyard.
ઢોલિયા: એક એવી જગ્યા જ્યાં ઈમામ શાહ સૂતાં હતા, એક મસ્જિદ અને કબસ્થાન

Property belongs to Saiyeds. Satpanthis only administer it.
જગ્યાના માલિક સૈયદો છે, ફક્ત વહીવટ સતપંથીઓને આપવામાં આવ્યો છે.

Books were changed by Karsan Kaka.
કરસન કાકાએ ધાર્મિક

Real Satpanth Values are destroyed.
સતપંથના અસલી મૂલ્યોને નષ્ટ કરી નાખ્યા

સતપંથનો હવે કોઈ અર્થ નથી

Sadhu Sammelan: Pledged to Re-covert to Hinduism. That means at present they are not Hindus. This means Sadhus know that Satpanth is not a hindu sect, nor there is a temple there.
સાધુ સમ્મેલન: હિંદુ ધર્મ અંગીકાર કરવાનો વાયદો આપેલ હતો. એટલે સાધુઓ જાણે છે કે સતપંથ હિંદુ ધર્મ નથી અને ત્યાં મંદિર નથી.

Dargah is renamed as Prerna Pith or Samadhi Mandir.
દરગાહનું નામ બદલીને પ્રેરણા પીઠ અને સમાધી મંદિર કરવામાં આવ્યું

http://www.hinduonnet.com/fline/fl2118/stories/20040910002704300.htm 20-Nov-2010



The graveyard within the Pir Imam Shah Bawa dargah complex. Muslim devotees say that coconut trees have been planted at the spot to prevent them from using it as a burial site.

Graveyard
પીરાણાનું ઈમામ શાહ દરગાહ નું કબ્રસ્થાન

"Kaka" is renamed to "Maharaj" and "Acharya"
"કાકા" નું નામ બદલીને "મહારાજ" અને "આચાર્ય" રાખવામાં આવ્યું.

The Kaka discarded his old title and re-appointed himself `Maharaj' and `Acharya'. The trust cut off wa ter and electricity supply to the masjid, saying that it was not part of the dargah complex. The `Om' symbol was painted all over the sh rine. The Dholia was renovated with pictures of Hindu gods. The communal violence of 2002 further emboldened the VHP. Led by Bajra ng Dal leader Babu Bajrangi, an accused in the Naroda Patiya mass acre (the worst mas s murder in Gujarat), they stopped the traditional Tazia procession from the masjid to the dargah on the day of Moharram in January 2003.

"Tazia" an Islamic rituals is practiced.
તાઝિયા, એક ઇસ્લામી તત્વ, પાળતો

Both Hindu and Muslim devotees pa rticipate in this procession. A barbed wire fence was built separa ting the masjid from the dargah. Two entrances to the dargah were seal ed off. "In our village, there is no discrimination. Only they are crea ting it within the shrine," said Chandrakant Patel, a Pirana re sident from the Kutchi Patel community. "We used to pray at both the masjid and the dargah. After they put up the fence, it has become difficult to walk across and pray in both. They blocked the route of the Tazia procession. Hindus and Muslims have not done T azia for two years. Th ey are doing this to harass us. They want to cut off th e Saiyeds totally and gain full control."

Koran,used to be kept near the tomb.
ઈમામ શાહના કબર પાસે કુરાન રાખવામ આવતી.

Two copies of the Koran placed n ear the Pir's tomb mysteriously disappeared. One of them was ha ndwritten by Im am Shah Baw a. Other Islamic books lying near th e tomb were also removed. A wooden box with silver used duri ng the Moharram procession also disappeared. Framed copies of a *farman*, a document from King Aurangzeb donating 45 acres of land and money to the trust, also vanished. The original copy of this document is written on a silver plate, which is in the trust's possession. The 50-year-old tomb o f Saiyed Taskdukhusain, a trustee, located near the dargah, was

Aurangzeb donated 45 Acres of land and money.
ઔરંગઝેબે ૪૫ એકર જમીન અને પૈસાનું દાન આપેલ છે.

http://www.hinduonnet.com/fline/fl2118/stories/20040910002704300.htm 20-Nov-2010

demolished completely.



The religious head of Satpanthis, Nanakdas Kaka, who calls himself Guru Maharaj Jagatguru Satpanth Acharya.

Offerings from Dargah are for Saiyeds.
દરગાહને મળેલ ચડવા ને ભેટો સૈયદો માટે

Ironically, Saiyeds in Pirana who filed a case against the disappearance of these trea sures were arrested for looting and sent to the Sabarmati Central Jail. What did they loot? Prasad from the temple - jaggery, sugar and coconuts. Ever y day, offerings from the dargah are supposed to be given to the Saiy eds. It is an old custom. But in 1998, the administration stopped the pr actice, in a move to further isolate the Saiyeds.

600 year old history is being tried to change.
હાલનું દરગાહ નું પ્રશાશન, દરગાહનું ૬૦૦ વર્ષ જુનો ઇતિહાસ બદલવા પાછળ જનૂની બની છે.

After an argument, they got the Sa iyeds arrested for armed robbery. The present religious head, know n as Nanakdas Kaka, who calls himself Guru Maharaj Jagatguru Sa tpant Acharya, denied that the missing documents or monuments ever existed. He told *Frontline* that the Satpanthi faith was a `Vedic religion', which had followers from various communities. When this writ er asked him whether the shrine was a dargah or a mandir, he said, "M uslim followers call it dargah. It is a difference in language. But all donations are given by Hindus, not Muslims."

The dargah administration is adam ant about discarding its 600-year-old history. But many devotees would not let them forget the past. It would take a miracle to free th e chains now binding Imam Shah Bawa's followers.

Sulqwhu#iulhqgv|#sdjh
Vhqg#Zkdw#Dzlfn#wr#Iulhqgv#e|#HOP dl

Subscribe | Contact Us | Archives | Contents
(Letters to the Editor should carry the full postal address)

[Home | The Hindu | Business Line | Sportstar

Copyright © 2004, Frontline.

www.realpatidar.com mail@realpatidar.com

Real Patidar <mail@realpatidar.com>

Series 29 -Religious Sects of Gujarat -Indian & Gujarat Govt. document / ગુજરાતના ધર્મ સંપ્રદાય -ભારતીય અને ગુજરાત સરકારનો દસ્તાવેજ

Real Patidar <mail@realpatidar.com> **Sat, Jan 8, 2011 at 12:44 PM**
To: realpatidar <realpatidar@googlegroups.com>

08-JAN-2011

|| જય લક્ષ્મીનારાયણ || || Jay Laxminarayan ||

ભારત અને ગુજરાત સરકાર માન્ય **"ગુજરાતના ધર્મ સંપ્રદાય"** નામનું એક ગ્રંથ **"ગુજરાત યુનિવર્સિટી"** એ બહાર પડેલ છે. એ ગ્રંથ ના લેખક "ડૉ. નવીનચંદ્ર આચાર્ય" છે, જેવોએ M.A. અને PhD કરેલ છે.
Gujarat University has released a book called "Religious Sects of Gujarat" written by Dr. Navinchandra A. Acharya, M.A., PhD. This book is recognised by the Government of India and the Government of Gujarat.

આ ગ્રંથ માં ગુજરાતમાં ધર્મ સંપ્રદાયો પર ઊંડાણથી માહિતી આપવામાં આવી છે. આ ગ્રંથ માં હિંદુ, મુસલમાન, જૈન, બુધ, સિખ વગેર ધર્મો અને તેના સંપ્રદાયો પર ખુબ સરસ માહિતીઓ આપેલ છે.
This book covers description of the religious sects in details. Hindu, Muslim, Jain, Budh, Sikh and other religions and their sects are covered in good detail.

આ ગ્રંથ નો Chapter 8 ઇસ્લામ ધર્મ અને તેના સંપ્રદાયો પર આધારિત છે. Page 148 પર ઇસ્લામ ધર્મ ના પંથોમાં નો એક પંથ **"પીરાણા પંથ"** પર જાણકારી આપવામાં આવેલ છે. જેમ નીચે જણાવેલ મુખ્ય મુદ્દાઓ જાણવા લાયક છે;
Chapter 8 of this book is dedicated to Islam religion and its sects. Page 148 of this books covers "Pirana Panth" one of the many sects of Islam. Some of the important points worth noting in this book are mentioned below;

1. પીરાણામાં ઈમામ શાહ ની દરગાહ (રોજા) છે. (ખાસ નોંધ: સમાધી નથી)
1. Pirana houses a Dargah (Roza) of Imam Shah (Note: There is not samadhi there)
2. ઈમામ શાહ ઈરાનથી આવેલ હતા અને ચમત્કારો બતાવીને કડવા પાટીદારો (કણબીઓ) ને મુમના બનાવ્યા.
2. Imam shah came to Gujarat from Iran and with help of miracles converted Kadva Patidars (Kunbis) and made them Mumnas.
3. પીરનાવાળા ઉતરતા દર્જાના હિંદુ અને ઉતરતી કક્ષા ના મુસલમાનની એક નજીવી કોમ તરીકે ઓળખાય છે.
3. Pirana panthis are recognised as Under Class Hindus and Under Class Muslums.
4. અલ્લાહ ને સર્વોત્કૃષ્ટ કિરતાર કરીકે માને છે.
4. They believe Allah as the Creator.
5. મોહમદ પાયગંબર (મુસા) ને રસુલ અને પયગંબર તરીકે મને છે.
5. They believe Mohammad Paigambar as their Rasul and Messenger.
6. ઇસ્લામ ના પયગંબર સાહેબ ને ગુરૂ મને છે.
6. They consider Islam's Mohammad Paigambar as their Guru
7. કુરાન (એનું બીજું નામ **"સતપંથી અથર્વ વેદ"**) ને દેવી પુસ્તક તરીકે મને છે.
7. Kuran (also known as Satpanthi Atharv Ved) is considered as Holy Book.

ઉપર જણાવેલ પૂર્ણ માહિતી તમે પોતે, નીચે જણાવેલ લીંક પર ક્લિક કરીને, વાંચી શકો છો....
The aforesaid information can be read in full from the link mentioned below...
http://issuu.com/patidar/docs/series_29_-religious_sects_of_gujarat/1?mode=a_p
તેમજ જોડેલી ફાઈલ ખોલી ને પણ વાંચી શકો છો.
and alternatively from the attached file also.

08-Jan-2011

www.realpatidar.com mail@realpatidar.com

હવે જો કોઈ સાધુ પર સતપંથી ઓ એ તાકિયા (http://issuu.com/patidar/docs/series_13_-taiqyya_and_its_use_by_pirana_satpanth/1?mode=a_p) નો ઉપયોગ કરીને અને એ સાધુને ગેર માર્ગે ચડેલ સાધુએ ભૂલથી કઈ ઉપર જણાવેલ માહિતી થી વેગળું કઈ લખી આપેલ હોય, તો તેવા લેખણ નો કોઈ મતલબ નથી. આવા સાધુઓએ પણ સમજી જવું જોઈએ કે તેમના અનુંયાયો તેમનો ખુલ્લો દુરુપયોગ કરે છે અને તેમણે પણ સાચા હિંદુઓ થી વિમુખ કરવામાં કઈ કસર નથી છોડતા. જેટલું જલ્દી સમજી જશે તેટલું તેમના હિત માં રહશે.

When any Sadhu, who unfortunately is a victim of Taqiyaa (http://issuu.com/patidar/docs/series_13_-taiqyya_and_its_use_by_pirana_satpanth/1?mode=a_p), has been misguided and such Sadhu has issued completely false and wrong information, then such information has no meaning. We should completely ignore such false information by such Sadhu. Its high time that such Sadhus should understand that they are made scapegoat and grossly misused by some of his followers and he is victim of conspiracy to separate him from the Hindu religion. Its in the interest of general people for him to understand this fact as soon as possible.

આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ને સતપંથ ધર્મ ના રીત રીવાજો અને તેમણી સાચી વાસ્તવિકતા જાણવા માટે કોઈની પાસે જવાની જરૂર નથી. તેની અનુભવ તેવો રોજ બરોજ કરે છે. સતપંથ ધર્મ એ હિંદુ ધર્મ નથી એવું અમે અને અમારા પૂર્વજો ને ખુબ સારી રીતે જાણ છે.

Our community does not need to be told what Satpanth is all about. No community knows Satpanth better than our community. We and our ancestors have followed and watched closely the rites and rituls of Satpanth religion. We do not need somebody to tell us what Satpanthi is all about. We all know that Satpanth is not a Hindu religion.

Real Patidar
www.realpatidar.com

- Views expressed here are for the sake of discussion and knowledge only.
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/

BEWARE !! BEWARE !!
Phishing attacks: Following ids of Pro-Satpanthis;
1. real-patidar@googlegroups.com 2. realpatidarr@gmail.com 3. realpatidaar@gmail.com
are **NOT** related to the www.realpatidar.com, the original Real Patidar

---

Series 29 -Religious Sects of Gujarat -Indian & Gujarat Govt. document -DE.pdf
1946K

https://archive.org/details/bk049/page/n420/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

ગુજરાતના ધર્મસંપ્રદાય

લેખક :
ડો. નવીનચંદ્ર એ. આચાર્ય

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત

www.realpatidar.com
mail@realpatidar.com

https://archive.org/details/bk049/page/n421/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

ગુજરાતના ધર્મસંપ્રદાય

: લેખક :

ડૉ. નવીનચંદ્ર એ. આચાર્ય

એમ.એ., પીએચ.ડી.

પ્રાધ્યાપક, ભારતીય સંસ્કૃતિ વિભાગ

એચ.કે. આર્ટ્સ કૉલેજ

અમદાવાદ-૯

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

https://archive.org/details/bk049/page/n422/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

RELIGIOUS SECTS OF GUJARAT

by

Dr. Navinchandra A. Acharya

: પ્રકાશક :

જે. બી. સેંડિલ

અધ્યક્ષ

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,

અમદાવાદ–૩૮૦ ૦૦૬

© યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ

1983 માં આ ગ્રંથ છપાયેલો છે.

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩

નકલ : ૧૧૦૦

ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા માન્ય પુસ્તક

"Published by the University Book Production Board, Gujarat State, under the Centrally Sponsored Scheme of Production of Books and Literature in Regional Languages at the University level, of the Government of India in the Ministry of Education and Social Welfare (Department of Culture), New Delhi."

: મુદ્રક :

શ્રી ત્રિપુરા પ્રિન્ટિંગ પ્રેસ

૮, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર,

અમદાવાદ–૩૮૦ ૦૦૪.

https://archive.org/details/bk049/page/n423/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

પીરાણા પંથ માટે નીચે પાન ૧૪૮ જુવો

૮

ઈસ્લામ ધર્મ

હજરત મહંમદ પયગંબર સાહેબે પ્રવર્તાવેલો ધર્મ, તે ઈસ્લામ ધર્મ કહેવાય છે. ઈસ્લામના અનુયાયીઓ મુસલમાન તરીકે ઓળખાય છે. ઈસ્લામનું મુખ્ય ધ્યેય માનવીને શાંતિ આપવાનું છે. ઈસ્લામનો સામાન્ય અર્થ, ઈશ્વરને શરણે જવું એવો થાય છે. ઈસ્લામ શબ્દનો ઉદ્ભવ "સલમ"માંથી થયો છે. તેનો અર્થ ગરદન ઝુકાવવી, માથું નમાવવું, એવો થાય છે. શાંતિ એ ઈસ્લામનો મૂળ મંત્ર છે.

ઈસ્લામનો ઉદ્ભવ એશિયા ખંડના અરબસ્તાન પ્રદેશમાં થયો હતો. તેના મુખ્ય પ્રવર્તક હજરત મહંમદ પયગંબર સાહેબનો જન્મ ઈ. સ. ૫૭૦માં અરબસ્તાનના પ્રસિદ્ધ શહેર મક્કામાં થયો હતો. બાળપણમાં માતાપિતાની છત્ર-છાયા ગુમાવતાં દાદાના આશ્રયે રહેવું પડયું. દાદાનું મૃત્યુ થતાં કાકા અબુ-તાલિબની દેખભાળ હેઠળ રહેવા લાગ્યા. કૌટુંબિક આપત્તિઓને લીધે મહંમદને કોઈપણ પ્રકારની કેળવણી મળી ન હતી. બાળપણ ઘેટાંબકરાં ચરાવવામાં વિતાવ્યું. આ સમય દરમ્યાન તેઓ ઘણો સમય ચિંતનમાં ગાળતા. બાર વર્ષની વયે કાકા સાથે વેપારમાં જોડાયા. લગભગ પચીસ વર્ષ તેમણે વેપારમાં ગાળ્યાં. આ સમય દરમ્યાન તેમણે વિવિધ દેશોનો પ્રવાસ કર્યો. તેઓ એક પ્રમાણિક વેપારી તરીકે પંકાયા. તેમણે ખદીજા નામની સ્ત્રી સાથે લગ્ન કર્યું. આ લગ્નથી તેમની કીર્તિ વધી. તેઓ એક વ્યવહારુ અને પ્રમાણિક વેપારી તરીકે ઓળખાવા લાગ્યા. લગ્ન બાદ તેઓ પોતાનો ઘણોખરો સમય ધાર્મિક ચિંતનમાં ગાળવા લાગ્યા. તેમણે લગભગ ૪૦ વર્ષની ઉંમરે ધર્મોપદેશ આપવાનું શરૂ કર્યું. "ઈશ્વર એક જ છે અને એ પૂજ્ય છે" એ સિદ્ધાંતનો પ્રચાર કર્યો. મક્કાના મૂર્તિપૂજકો તેમના આ ઉપદેશથી છંછેડાયા. જેમ જેમ તેમના અનુયાયીઓ વધતા ગયા તેમ તેમ તેમને મારી નાખવાના પ્રયત્નો વધારે થવા લાગ્યા. આથી ઈ. સ. ૬૨૨માં મહંમદ સાહેબ મક્કા છોડી મદીના ગયા. આ દિવસથી હિજરી સંવત શરૂ થયો. મદીનાના લોકોએ મહંમદ સાહેબનું પ્રેમથી સ્વાગત કરી,

https://archive.org/details/bk049/page/n424/mode/1up

પીરાણા પંથ માટે નીચે પાન ૧૪૮ જુવો

www.realpatidar.com

www.realpatidar.com

તેમનો ધર્મ સ્વીકાર્યો. મહંમદ સાહેબે અરબસ્તાનમાં એકેશ્વરવાદનો પ્રચાર કરી અજ્ઞાનતા અને અંધશ્રદ્ધામાં ડૂબેલી પ્રજાને માર્ગદર્શન આપ્યું. આ ધર્મ ધીરે ધીરે સમગ્ર વિશ્વમાં પ્રસર્યો.

ભારતમાં ઈસ્લામનું આગમન એ રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસનું નોંધપાત્ર પ્રકરણ મનાય છે. ઈસ્લામ એ બહારથી આવેલો ધર્મ છે ભારતમાં તેનું આગમન આરબો દ્વારા થયું. ઈસ્લામની અસર નીચે આરબો ઝનૂની બન્યા અને તલવારની અણીએ તેમણે ભારતમાં ઈસ્લામનો પ્રચાર કરવા માંડ્યો. તેમણે સિંધ પ્રદેશમાં ઈસ્લામના પ્રચારની શરૂઆત કરી, પણ તેમાં તેઓ ફાવ્યા નહિ. એ પછી બારમી સદીમાં ઉત્તર ભારતમાં મુસ્લિમોની સત્તા સ્થપાતાં ઈસ્લામ રાજ્યધર્મ બન્યો. પરિણામે સુલતાનોએ ઈસ્લામનો ઝડપી વિકાસ કરવા પ્રયત્નો કર્યા.

મુસ્લિમ રાજ્ય એક સંપ્રદાયિક રાજ્ય હોવાથી મુસ્લિમ સુલતાનોએ ઈસ્લામનો પ્રચાર જજીયાવેરો, ધર્માન્તર પ્રવૃત્તિ, મંદિર તોડવાં વગેરે વિવિધ રીતે કરવા માંડ્યો. ભારતમાં ભૂતકાળમાં આવેલી અનેક પ્રજાઓ પોતાના સ્વતંત્ર આચાર-વિચાર અને સંસ્કૃતિ સાથે આવી હોવા છતાં ભારતની પ્રજા સાથે ભળી ગઈ હતી, પણ ભારતની એ કમનસીબી છે કે બહારથી ભારતમાં આવેલી મુસ્લિમ પ્રજા ભારતીય પ્રજા સાથે એકતા સાધી શકી નહિ. અંગ્રેજોએ આવી આ બાબતમાં ઘી હોમ્યું. બંને પ્રજાઓ કાયમી લડતી રહે તેવી પરિસ્થિતિ સર્જી. હિંદના ભારત અને પાકિસ્તાન એવા બે ટૂકડા કર્યા. આજે પણ ધર્મને નામે આ પ્રદેશોમાં વારંવાર હુલ્લડો ફાટી નીકળે છે.

ઈસ્લામ ધર્મના મુખ્ય સિદ્ધાંતો :

ગુજરાતના મુસલમાનો ઈસ્લામના નીચેના સિદ્ધાંતોમાં ખૂબ શ્રદ્ધા ધરાવે છે.

ઈસ્લામનાં બે મહત્ત્વનાં અંગ છે :

(૧) ઈમાન, (૨) દીન.

(૧) **ઇમાન** : એટલે માનવું, શ્રદ્ધા રાખવી, વિશ્વાસ રાખવો, ઈસ્લામમાં છ બાબતો ઉપર શ્રદ્ધા રાખવાનું કહે છે : (૧) અલ્લાહ, (૨) ફિરસ્તાઓ, (૩) કુરાને શરીફ, (૪) પયગંબર, (૫) કયામત, (૬) કિસ્મત. કયામત એટલે ન્યાયનો દિવસ. કિસ્મતમાં જણાવ્યું છે કે ખુદાની ઇચ્છાથી મનુષ્યના સર્વ સુખ દુઃખ નક્કી કરેલ છે. ઈસ્લામમાં પાંચ પયગંબરો થયાનું મનાય છે : (૧) હજરત

પીરાણા પંથ માટે નીચે પાન ૧૪૮ જુવો

www.realpatidar.com mail@realpatidar.com

નોહા, (૨) હજરત અબ્રાહમ, (૩) હજરત મૌઝીઝ, (૪) હજરત ઈસુ, (૫) હજરત મહંમદ. આ સર્વમાં હજરત મહંમદ સૌથી છેલ્લા છે.

(૨) **દીન :** દીન એટલે ધર્મમાં જણાવેલ કાર્યોનું શ્રદ્ધાપૂર્વક આચરણ કરવું. ઈસ્લામ ધર્મમાં પાંચ કાર્યોને પવિત્ર ગણ્યાં છે :

(૧) કલમા, (૨) નમાઝ, (૩) રોજા, (૪) જકાત, (૫) હજ. કલમામાં અલ્લાહ વિના બીજો કોઈ ઈશ્વર નથી અને હજરત મહંમદ પયગંબર છે. એનું ઉચ્ચારણ વખતોવખત કરવા જણાવ્યું છે. નમાઝ પાંચ વાર કરવાની હોય છે. (૧) સવારની નમાઝ, (૨) બપોરની નમાઝ, (૩) નમતા બપોરની નમાઝ, (૪) સૂર્યાસ્ત સમયની નમાઝ, (૫) રાત્રી પડયા પછીની નમાઝ (સલાતુલઈશા). નમાઝ વખતે "વજુ" કરવાનું કહ્યું છે. જેમાં પાણી વડે શરીરને સ્વચ્છ કરવાનું હોય છે. રોજા એટલે ઉપવાસ, જકાત એટલે દાન, અને હજ એટલે કાબા શરીફની યાત્રા. આમ, ઈસ્લામમાં એકેશ્વરવાદ, દીન, યાત્રા વગેરેનો મહિમા ગાયો છે. ગુજરાતમાથી મુસ્લમાનો દર વર્ષે પુષ્કળ સંખ્યામાં મક્કા હજ કરવા જાય છે.

ગુજરાતમાં ઇસ્લામનો પ્રસાર :

ગુજરાતમાં ઈસ્લામનો પ્રસાર અનુમૈત્રક કાલમાં લગભગ આઠમી સદીથી શરૂ થયો. મુસ્લિમ સત્તાની સહુ પ્રથમ શરૂઆત સિંધમાં થઈ પણ તેઓ ગુર્જર-પ્રતીહારોની પ્રબળ સત્તાને લીધે આગળ વધી શકયા નહીં. આ સમયે ગુજરાતના કાંઠા પર આરબો તથા હિંદી મુસાફરો મોટી સંખ્યામાં વસતા હતા. એવું શહરીયાર જેવા આરબ મુસાફરો અને અન્ય તવારીખકારો નોંધે છે. ભરૂચની ઉત્તરે આવેલા ગંધાર બંદરમાં મસ્જિદ બંધાઈ હતી. અલમુસુદી (ઈ. સ. ૯૧૬) ખંભાતના બનિયા-રાજાને બીજા ધર્મોના અનુયાયીઓ સાથે વાદવિવાદ કરવાનો શોખ હોવાનું, તથા ખંભાત અને અણહિલવાડ પાટણ જેવાં નગરોમાં મસ્જિદો તથા મુસલમાનોની વસ્તી હોવાનું જણાવે છે. આ સમયે મોટે ભાગે મુસ્લિમો વેપારી પ્રજા તરીકે ગુજરાતમાં વસતા હતા. અહીં તેમને ચાંચિયાઓનો ત્રાસ સહન કરવો પડતો ન હતો. તેઓ ગુજરાતમાં શાંતિથી વેપાર કરી શકતા હતા.

સોલંકીકાલ દરમ્યાન ભીમદેવ પહેલાના સમયમાં ગઝનીના સુલતાન મહમૂદે સોમનાથ પર આક્રમણ કરતાં મુસ્લિમો સાથેના સંબંધો ખરાબ થયા. આ પછી મુસલમાનોનાં આક્રમણો ધીરે ધીરે વધવા લાગ્યાં. આમ છતાં ઈસ્લામના પ્રચારકો દરવેશો, ફકીરો વગેરે તરફ ગુજરાતના રાજવીઓનું વર્તન ઘણું જ ઉદાર રહેતું. તેઓ બહુ જ શાંતિથી હજરત મહંમદ પયગંબરના ઉપદેશનો પ્રચાર કરતા. ખંભાત, કાવી, ઘોઘા, ગંધાર અને પીરમ જેવા બંદરોમાં મુસ્લિમોની વસ્તી સવિશેષ હતી.

https://archive.org/details/bk049/page/n426/mode/1up

પીરાણા પંથ માટે નીચે પાન ૧૪૮ જુવો

www.realpatidar.com mail@realpatidar.com

ભરૂચમાં દસમી સદીમાં બાબા રેહાન અને એના નાના ભાઈ તથા ચાળીસ દરવેશોની એક ટુકડી સાથે ઈસ્લામના પ્રચાર અર્થે આવેલ, એ સર્વ ત્યાં શહીદ થયા હતા.

કહેવાય છે કે મિસરના અલમુસ્તામિશર બિલ્લાહના ફરમાનથી અબ્દુલ્લાહ અને અહમદ નામના બે મિશનરીઓને ભારતમાં ઈસ્લામનો પ્રચાર કરવા મોકલવામાં આવ્યા હતા. તેઓ ઈ. સ. ૧૦૬૭માં ખંભાત બંદરે ઉતર્યા હતા. ઈસ્લામનો પ્રચાર કરવા જતાં તેમનું ઈ. સ. ૧૧૩૧માં એમનું અવસાન થયું. ખંભાતમાં એની દરગાહ ઉપર ઝિયારત કરવા ગુજરાતમાંથી અનેક શિયા. પંથી વહોરાઓ આજે પણ જાય છે.

અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે કે ચૌલુક્ય રાજવી કર્ણદેવ પહેલાના સમયમાં (ઈ. સ. ૧૦૧૬-૧૦૯૪) એક મહાત્મા ઈસ્લામના પ્રચારકના પ્રભાવથી પ્રેરાઈને મુસલમાન બની ગયા હતા. ધીરે ધીરે એમના શિષ્યોએ પણ ઈસ્લામનો સ્વીકાર કર્યો. આ શિષ્યોમાં કર્ણદેવના એક ભારમલ નામના પ્રધાનનો સમાવેશ થતો હતો. આ વાતની જ્યારે કર્ણદેવને ખબર પડી ત્યારે તે પોતે તપાસ કરવા ખંભાત ગયો. જ્યારે તે પ્રધાનના મકાનમાં પ્રવેશ્યો ત્યારે તેણે જોયું તો પ્રધાન પોતે નમાઝ પઢતો હતો. એની કબર ખેડા જિલ્લાના ઉમરેઠ ગામમાં શિયા વહોરાના કબ્રસ્તાનમાં આવેલી હોવાનું મનાય છે. આ ભારમલ પ્રધાન વિશેના કોઈ ઉલ્લેખો સોલંકીકાલીન અભિલેખો કે સાહિત્યમાં મળતા નથી.

બીજી અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે કે "એક ઈસ્લામના પ્રચારકે એક ખેડૂતના સૂકાઈ ગયેલા કૂવામાં દૂવા કરી પાણી લાવી આપ્યું. આથી તે ખેડૂતે તથા તેની પત્નીએ ઈસ્લામ ધર્મનો અંગીકાર કર્યો. એમની કબરો ખંભાતમાં કાકા અકેલા અને 'કાકા અકેલી' ની કબરોને નામે ઓળખાય છે."

ધીરે ધીરે સોલંકીકાલમાં મુસ્લિમોની વસ્તીનો વધારો અંદરના ગુજરાતના ભાગમાં થવા માંડયો. ઘણા મુસ્લિમ પ્રચારકો પાટણમાં આવી વસવા લાગ્યા. રાજા જયસિંહ સર્વધર્મ સમભાવની વૃત્તિવાળો હોઈ, પોતાના રાજ્યમાં કોઈપણ ધર્મના અનુયાયીને કનડગત ન થાય તેની ખાસ કાળજી રાખતો. ખંભાતના કેટલાક પારસી-ઓએ મુસલમાનો પર હુમલો કરી તેમને નુકસાન પહોચાડયું. આથી જયસિંહે તપાસ કરી પારસીઓને મસ્જિદ બાંધવા માટે ખર્ચ આપવા હુકમ કર્યો હતો.

અગિયારમી સદીના અંતમાં અનેક મુસ્લિમ સંતો ગુજરાતમાં ઊતરી આવ્યા હતા.

https://archive.org/details/bk049/page/n427/mode/1up

પીરાણા પંથ માટે નીચે પાન ૧૪૮ જુવો

www.realpatidar.com mail@realpatidar.com

પરિણામે સમય જતાં ગુજરાતમાં મુસ્લિમ, વહોરા મેમણ, ખોજા વગેરે અનેક જાતીઓ અસ્તિત્વમાં આવી. વડોદરા જિલ્લાના ડભોઈ ગામમાં કેટલાક મુસ્લિમ સંતોની પેટલાદમાં બાબા અર્જુનશાહ નામના એક સંતની કબર છે. એમનું મૃત્યુ ઈ.સ ૧૨૩૬માં થયું હતું. એમ જાણવા મળે છે કે તેમણે અમદાવાદ પાસે આવેલ આશાવલમાં ઈ. સ. ૧૦૫૩માં એક મસ્જિદ બંધાવી હતી. ત્યાંથી મળતા એક અભિલેખ પરથી જાણવા મળે છે કે એ મસ્જિદ સાર્વજનિક ઉપયોગ માટેની છે એમ જાહેર કરવામાં આવ્યું હતું.

આ સમય દરમ્યાન થઈ ગયેલા મહામાત્ય વસ્તુપાલે મુસ્લિમ પ્રજાજનો માટે મસ્જિદ બંધાવી હતી. એમ પ્રબંધકોશ, વસ્તુપાલ ચરિત્ર, વિવિધતીર્થકલ્પ વગેરે ગ્રંથોમાંથી જાણવા મળે છે.

સોલંકીકાલ દરમ્યાન ઈ. સ. ૧૨૬૪માં સોમનાથના નાખુદા પીરાજે મહાજનના આગેવાનો પંચકુલ પાસેથી જમીન ખરીદી ત્યાં મસ્જિદ બંધાવી. તેના નિભાવ માટે પંચકુલ તરફથી વ્યવસ્થા કરવામાં આવી હતી.

વિ. સં. ૧૩૧૫માં (ઈ. સ. ૧૨૫૯)માં કચ્છમાં દાનવીર જગડૂશાહે ભદ્રેશ્વરમાં "ખીમલી" નામની મસ્જિદ બંધાવી હતી.

ઈ. સ. ૧૨૮૬-૮૭માં હાજી અબ્દુલ કાસિમ નામના એક મુસ્લિમ પ્રચારકે જુનાગઢમાં મસ્જિદ બંધાવી હતી. આ મસ્જિદ ચીની મસ્જિદના નામે હાલમાં ઓળખાય છે.

આમ, સોલંકીકાલ દરમ્યાન ગુજરાતમાં ધીરે ધીરે ઈસ્લામનો પ્રચાર વધવા લાગ્યો હતો. ઘણા નીચલી વર્ણના લોકો ઇસ્લામ તરફ આકર્ષાયા હતા. ઘણા મોહમ્મદ ઘોરીના કેદી બનેલા સૈનિકોએ ઇસ્લામને અપનાવ્યો હતો. કેટલાક પરદેશથી આવેલા મુસલમાનોએ રાંદેરમાં પોતાનું સ્થાન જમાવ્યું હતું. રાધનપુર પાસે આવેલા સમીના કસબાતીઓ પોતાને સુલતાન મહમૂદ ગઝનવી સાથે આવેલા સૈયદોના વંશજો તરીકે ઓળખાવે છે. અમદાવાદના કસબાતી લોકો પોતાને વાઘેલા રાજાના ખુરાસાની સૈનિકોના વંશજો તરીકે ઓળખાવે છે. આ સમય દરમિયાન મુસ્લિમો સત્તા પર ન હોવાથી તેઓએ ઇસ્લામના પ્રચાર માટે ગુજરાતની પ્રજા ઉપર કોઈ અત્યાચાર કર્યો ન હતો. તેઓ શાંતિથી પોતાનું કાર્ય કરતાં કરતાં ગુજરાતીની પ્રજા સાથે એકરૂપ બની ગયા હતા. આ સમયે કોઈપણ દેવમંદિરો મુસ્લિમ પ્રચારકોનાં ભોગ બન્યાં ન હતાં.

https://archive.org/details/bk049/page/n428/mode/1up

પીરાણા પંથ માટે નીચે પાન ૧૪૮ જુવો

www.realpatidar.com mail@realpatidar.com

ચૌલુક્ય વંશના અંત પછી ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થઈ. મુસ્લિમ સુલતાનોએ ગુજરાતમાં ઇસ્લામનો ફેલાવો કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા. ઇસ્લામ ધર્મને રાજ્યાશ્રય મળેલ હોઈ, તેમણે હિંદુઓ ઉપર અંકુશ મૂકતા કાયદાઓ કર્યા. હિંદુઓના મંદિરોનો નાશ કર્યો. જજિયાવેરો દાખલ કર્યો. વટાળ-પ્રવૃત્તિ આદરી. જાહેરમાં મૂર્તિપૂજા બંધ કરાવી. હોળી અને દિવાળી જેવા ઉત્સવો જાહેરમાં ઊજવવા ઉપર પ્રતિબંધ મૂકયો. સુલતાન અહમદશાહ ૧ લો, મહમૂદ બેગડો, મહમૂદ ૨ જો, મુઘલ બાદશાહ ઔરંગઝેબ વગેરેએ ઇસ્લામનો પ્રચાર કરવા માટે સખત પ્રયત્નો કર્યા હતા.

ગુજરાતના મુસ્લિમોમાં સુન્ની અને શિયા બંને શાખાના અનુયાયી વસતા હતા. સુન્ની પંથનો પ્રચાર રાજ્યકર્તાઓએ કરેલ જ્યારે શિયા પંથનો પ્રચાર ધર્મોપદેશકોએ કરેલ. આ સંતો દાઈ અને પીર તરીકે ઓળખાતા. શિયા મજહબનો ફેલાવો કરવા ઈરાનથી ખાસ ધર્મગુરુઓને મોકલવામાં આવ્યા હતા. આ સર્વમાં દાઈ અબ્દુલા, હસન અલ્લા વગેરે મુખ્ય હતા.

ગુજરાતના મુસલમાનો સામાન્ય રીતે રૂઢિચુસ્ત મનાય છે. તેઓ ધર્મના આદેશો શ્રદ્ધાપૂર્વક પાળે છે. ગુજરાતમાં આ સમયે મુસલમાનોમાં સૈયદો, પઠાણ, તુર્ક, મુઘલો વગેરે વિભાગો પડી ગયા હતા. ગુજરાતમાં સૈયદોની દસ મુખ્ય શાખાઓ છે. બુખારી, કાદરી, રફાઈ, ચિસ્તી, મશહદી, શિરાઝી, ઉરેઝી, ઇદુસી, તીઝીમી અને બુખરી સૈયદો. શેખના પાંચ પ્રકારો છે: સિદ્દી, ફારૂકી, અબ્બાસી, ત્રિસ્તી, કુરેશી કસ્બાઓમાં છૂટાછેક ઠેકાણે મુસ્લિમ વહોરાઓ વસે છે. ખાસ કરીને દાહોદમાં અને સિદ્ધપુરમાં વહોરાઓની વસ્તી વિશેષ છે. તેમના સાત પ્રકાર છે: દાઉદીયા, સુલેમાનીઆ, અલીમા, ઝેદીઆ, હજુનીઆ, ઇસમાઈલીયા, નઝીરીઆ. આ વોરાઓ શિયા પંથના અનુયાયીઓ હોવાથી બાદશાહ ઔરંગઝેબના વખતમાં તેમના ઉપર ઘણી જ આફતો આવી પડી હતી. ગુજરાતના ઘણા મુસલમાનો ઓલિયા કે પીરની માનતાઓ માનતા હતા.

મુસલમાનોના ધાર્મિક મકાનોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય: (૧) મસ્જિદો, (૨) ઇદગાહ (નમાઝ પઢવાની જગ્યા), (૩) ઇમામવાડો. ગુજરાતમાં સૂરત અને ખંભાતના ઇમામવાડા ભવ્ય છે.

ગુજરાતના વહોરા:

ઈ. સ. ૧૫૩૯માં ઇસ્લામના ૨૪ મા દાઈ તુર્કોના જુલ્મને કારણે, ભારતમાં આવ્યા. તેમણે સિદ્ધપુરમાં ગાદી સ્થાપી. તેમના પુત્ર પચીસમા દાઈ સૈયદ જલાલ

https://archive.org/details/bk049/page/n429/mode/1up

પીરાણા પંથ માટે નીચે પાન ૧૪૮ જુવો

www.realpatidar.com

mail@realpatidar.com

સમસુદ્દીને અમદાવાદમાં ગાદી ફેરવી. વહોરાઓએ દાઉદ બીન કુતુબ શાહને વડા મુલ્લાજી તરીકે સ્વીકાર્યા. ઈ. સ. ૧૧૯૦માં દાઉદી અને સુલેમાની ફિરકા અસ્તિત્વમાં આવ્યા. તેઓની વસ્તી ગુજરાતમાં સિદ્ધપુર, અમદાવાદ, દાહોદ, નડિયાદ વગેરે સ્થળોએ વિશેષ પ્રમાણમાં છે. નડિયાદના વહોરાઓ મઝહબી સફીદા તરીકે ઓળખાય છે. આ કોમ ધર્મભીરુ હોય છે. તેઓ નાનાં નાનાં ગામડાંઓમાં વેપાર કરતા હોય છે. આ સર્વ વહોરાઓ મુલ્લા યા મહમૂદ અલીના બોધથી મુસલમાન થયા છે. તેઓની જમાત સમય જતાં સાત વિભાગમાં વહેંચાઈ ગઈ : (૧) દાઉદીયા, (૨) સુલેમાનીઆ, (૩) અલીઆ, (૪) ઝેદીઆ, (૫) હજુમીયા, (૬) ઇસ્લામીયા, (૭) નઝીરીયા. ગુજરાતના ખૂણે ખૂણેથી શિયા પંથના વહોરાઓ ખંભાતમાં ઝિયારત માટે આવે છે. ગુજરાતના ઘણા વહોરાઓ રાજસ્થાનમાં ડુંગરપુર જિલ્લામાં મહી નદીના કિનારે આવેલા ગલીયાકોટમાં યાત્રાર્થે આવે છે. વહોરા કોમમાં આ તીર્થનો વિશેષ મહિમા છે. અહીં મોટી દરગાહ આવેલી છે. તેની નજીક શીતળા માતાનું મંદિર આવેલું છે. આ સ્થળે વહોરાઓ માટે જમવાની તથા રહેવાની ખાસ સગવડ કરવામાં આવી છે.

ગુજરાતના ખોજા :

ગુજરાતમાં આવેલા નિઝારીઓએ પાટણમાં આવી ધર્મપ્રચારનું કાર્ય આરંભ્યું. અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે કે તેમણે પાટણની એક હિંદુ પ્રતિમાને બોલતી કરી. એની પાસે પોતાના સંપ્રદાયની પ્રતિષ્ઠા પ્રતિપાદિત કરાવી. આ ઉપરથી ઘણા હિંદુઓ મુસલમાન થયા. હિંદુઓને આકર્ષવા માટે તેમણે હિંદુશાહી નામ ધારણ કરવા માંડયું. સમાધી જેવી હિંદુવિધિ અપનાવી.

તેમના અનુયાયીઓ ખોજા તરીકે ઓળખાય છે. તેઓ દિવસમાં ત્રણ નમાઝ પડે છે. સૂફીવાદ ઉપર હિંદુ ધર્મની વ્યાપક અસર જોવા મળે છે. ખોજા જમાત વિષ્ણુના દસ અવતારોને માને છે. અને પયગમ્બરને વિષ્ણુના એક અવતાર તરીકે ઓળખાવે છે.

ખોજાઓને શિયા વહોરાની જેમ નામદાર આગાખાનને ઘણા કરવેરા આપવા પડે છે. આ એક અગત્યની વેપારી કોમ છે.

પંથો :

ઇસ્લામના પંથોની વિગત નીચે આપેલ છે.

સમય જતાં ઇસ્લામ ધર્મમાં ગુજરાતમાં નીચેના પંથો પ્રચલિત થયા.

https://archive.org/details/bk049/page/n430/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

(૧) પીરાણા પંથ :

ઇમામશાહના નવા પંથને પીરાણા પંથ તરીકે ઓળખવામાં આવે છે. ઇમામશાહ ગુજરાતમાં આવીને અમદાવાદની ઉત્તરે આશરે નવ માઈલ ઉપર આવેલા ગીરમથા નામના ગામમાં સ્થાયી થયા હતા. આ ગામને આજે પીરાણા તરીકે ઓળખવામાં આવે છે.

રોજા એટલે દરગાહ

પીરાણા ગામમાં પાંચ રોજા છે. ઈમામશાહનો, નુરશાહનો, સુરાભાઈનો, બાબા મુહમ્મદનો અને બાકર અલીનો. આ પાંચે રોજાના પીરને માનનારા જુદા જુદા લોકો છે. પણ એ બધાયે પીરાણાના મુખ્ય પીરને માન આપે છે. ઈમામશાહને માનનારાઓમાં મોટો વર્ગ હિંદુઓનો છે.

ઈમામશાહ ઈ. સ. ૧૪૯૯માં ઈરાનથી આવેલા અને ગીરમથા ગામ પાસેના મોટા ટેકરા ઉપર રહેતા હતા. એમણે ઘણા ચમત્કારો કર્યા હતા એમ કહેવાય છે. એમના ચમત્કારથી ઘણા હિંદુઓ ખાસ કરીને પાટીદારો એમના સેવક બન્યા. કહેવાય છે કે એક સંઘ કાશીએ જતો હતો. તે ગીરમથા ગામ આગળ આવતાં, ઈમામશાહે કપડું ઢાંકી ત્યાં જ દરેકને કાશીનાં દર્શન કરાવ્યાં. આ ચમત્કારથી આ બધા ઈમામશાહના સેવકો બન્યા. તેમણે ઉપદેશ અને ચમત્કારોથી ઘણા લેઉઆ અને કડવા પાટીદાર, કણબીઓને તથા શેખડાઓને આકર્ષ્યા હતા. ધર્માન્તર પછી તેઓ મોમના અને મતિયા કણબી તરીકે ઓળખાયા. સામાન્ય રીતે તેના અનુયાયીઓ હિંદુ રીતરિવાજ પાળે છે. દીપની પૂજા કરે છે. શબને હિંદુ રીત પ્રમાણે બાળે છે. પણ કેટલુંક બાળ્યા પછી થોડાંક હાડકાં દાટવા માટે રાખે છે.

ઈમામ શાહ નો ધર્મ પાળનાર ને "મોમના" કહેવાય છે.

તેઓ ગુજરાતમાં ઈસ્લામની મહાન સંસ્કૃતિના સંસ્કારોવાળા મુસલમાનો તરીકે ઓળખાવવાને બદલે ફક્ત પીરાણાવાળા તરીકે ઊતરતા દરજ્જાના હિંદુઓ અને ઊતરતી કક્ષાના મુસલમાનોની એક નજીવી કોમ તરીકે ઓળખાય છે. તેમના સંપ્રદાયના ક્રિયાકાંડ અને ઈમામો વિશેની માહિતી "સતધર્મની વેલ" નામના એક પુસ્તકમાંથી મળે છે.

ઉતરતા દરજાના હિંદુ અને ઉતરતા દરજાના મુસલમાન તરીકે ઓળખાય છે.

ઈમામશાહીઓ અલ્લાહને એક સર્વોત્કૃષ્ટ કિરતાર તરીકે અને મોહમ્મદ મુસાને તેના રસુલ અને પયગંબર તરીકે સ્વીકારે છે. તેઓ નમાઝને ખાસ મહત્ત્વ આપતા નથી. તેઓ હિંદુઓના અવતારના સિદ્ધાંતમાં માને છે. આ સંપ્રદાયના અનુયાયીઓ જગતની ઉત્પત્તિ વિશેની માન્યતાઓ અને તેના સિદ્ધાંતોને સ્વીકારે

૧. અલ્લાહ ને માને છે.
૨. મુહંમદ પૈગમ્બર ને માને છે.

https://archive.org/details/bk049/page/n431/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

મોહંમદ પૈગમ્બર ને ગુરૂ તરીકે માને છે.

કુરાન (એનું બીજું નામ: સતપંથી અથર્વ વેદ) ને દેવી ગ્રંથ તરીકે માને છે.

છે. ઈસ્લામના પયંગબર સાહેબને ગુરુ માને છે. કુરાનને તેઓ દૈવી ગ્રંથ ગણે છે. કુરાનને તેમના ઈમામો અલંકાર અને સરળ દૃષ્ટાંતો દ્વારા સમજાવે છે.

આ ઈમામશાહના અનુયાયી મતિયાઓએ તેમના ધર્મગુરુને પકડવા બદલ ઔરંગઝેબના સમયમાં ભરૂચમાં તોફાન કરી શરૂઆતમાં ભરૂચ શહેરને કબજે કર્યું હતું, પણ પાછળથી બાદશાહના સૈન્ય સામે તેઓ ટકી શકયા નહિ. ઔરંગઝેબના હુકમથી તેમના ઉપર સખ્ત ત્રાસ ગુજારવામાં આવ્યો હતો.

આજે આ પંથ ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે.

(૨) મહેદવી પંથ :

આ પંથના અનુયાયીઓ ગુજરાતના ઘણાખરા ભાગમાંથી મળી આવે છે. કેટલાક ધર્માન્તર કરીને મુસલમાન થયેલા છે. તેઓ મોટે ભાગે "ગયર મહેંદી" અર્થાત્ કયામત પહેલા આવનારા ઈમામ મહેંદીમાં શ્રદ્ધા ધરાવતા નથી. તેઓ ગયર મહેંદી ઉપનામને સ્વીકારતા નથી. તેઓ મોહમ્મદ મહેંદી જોનપુરીના અનુયાયીઓ છે અને પોતાને "મહેદવી" તરીકે ઓળખાવે છે.

મોહમ્મદ મહેંદી જોનપુરી વિશે કેટલીક અનુશ્રુતિઓ પ્રચલિત છે. એક અનુશ્રુતિમાં જણાવ્યું છે કે "એક વખત એક જુવાન માણસે પોતાની માશુક સાથે આખી રાત ગાળી હતી. પરંતુ પ્રભાતમાં તેની સાથે કજીઓ થતાં, તે ગુસ્સામાં સીધો સાબરમતી નદી તરફ ગયો હતો. આ વખતે સૈયદ મોહમ્મદ પોતાના કેટલાક મુરીદો સાથે સવારની નમાજ પઢવા નદી ઉપર જઈ રહ્યા હતા. તેમણે આ યુવાનને જોઈ કહ્યું કે, દુન્યવી ઇશ્ક તરફ ગુસ્સામાં મોં ફેરવીને આવેલાને હું ઈશ્કે હકીકતનો રસ્તો દેખાડું. આ સાંભળતાં યુવાન એકદમ ચીસ પાડીને પગમાં પડી ગયો. ભાનમાં આવતાં તે વલી શખ્સનો ચુસ્ત મુરીદ બની ગયો. તેણે સંસારનો ત્યાગ કર્યો.

બીજી અનુશ્રુતિમાં જણાવ્યું છે કે, "એક દિવસ તેમણે પોતાના એક શિષ્યને કહ્યું કે 'હું તમને તમારાં જ ચક્ષુથી અલ્લાહને બતાવું.' આ વાતની અમદાવાદના ઉલેમાને ખબર પડતાં, તેણે સૂબાને આ માટે ફરિયાદ કરી. શહેર કાજીએ તેમને પૂછ્યું કે 'તમે ઈલ્મ એટલા માટે મેળવ્યાં છે કે એક સૈયદને કતલ કરવામાં આવે ?' આ મતભેદને લીધે સૈયદ અમદાવાદ છોડી પાટણ ચાલ્યા ગયા. તેઓ અવનવા ચમત્કાર બતાવી લોકોની મુશ્કેલીઓ દૂર કરતા. આથી લોકો તેમના તરફ સદ્‌ભાવ રાખતા."

https://archive.org/details/bk049/page/n432/mode/1up

“ગ્રુપ ઈમૈલ” (જી.ઈ.)

સબજેક્ટ લઈન માં “GE” શબ્દથી શરુ થતાં આ ઈમૈલઓ પણ ધર્મ પર ઉપયોગી જાણકારી આપતા હોય છે. ફરક એટલો હોય છે કે આ ઈમૈલ ગ્રુપ ના મેમ્બરો દ્વારા મુકવામાં આવે છે, જયારે બીજા બે વિભાગના ઈમૈલઓ રીયલ પાટીદાર દ્વારા મુકવામાં આવે છે.

Group Emails (GE)

These emails start with “GE” in subject line and also are very informative on the subject of religious history. The difference however is that these emails are sent by members of the online group. In contrast, the other two categories of emails are sent by Real Patidar.

https://archive.org/details/bk049/page/n433/mode/1up

This page is intentionally left blank

https://archive.org/details/bk049/page/n434/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

A) Issue 1: અત્યારે ચાલી રહ્યા વાતાવરણ ને જવાબદાર એવી અગત્યની માહિતિ આપ સૌની જાણકારી માટે:

A) Issue 1: Important Information for your knowledge regarding current issue if Satpanth:

(1) વહિવંચાઓ અને આધારભુત માહિતિ દ્વારા એ સાબિત થાય છે કે સંવત ૧૫૯૨ કારતક સુદ ૨ ને શુક્રવારના રોજ બાવા ઇમામશાહ ની રુબરુમાં આપણાં પુર્વજો એ સતપંથ નામક અર્ધ-મુશલમાની ધર્મનો સ્વીકાર કર્યો હતો. તે અગાઉ આપણે કૂર્મી ક્ષત્રિય હતા અને સંપુર્ણ હિંદુ ધર્મમાં માનનારા હતા.

(2) વર્ષો પહેલા પુજનીય શ્રી નારણબાપા અને તેમના જેવા વિચારકો દ્વારા સમાજ માં જાગૃતિ લાવતા તથા સમાજના બુધ્ધીજીવીઓ ને સતપંથ માથી બહાર આવવું જરુરી લાગતા અને ઇસ્લામી માનસિકતા છોડવી જરુરી લાગતા વર્ષો જુની સતપંથ સમાજ છોડી ને નવી સમાજની રચના કરવામાં આવી.

(3) નારણબાપા ને આપણી જ્ઞાતિના આધસુધારક માનવામાં આવે છે અને તેમના દ્વારા લખાયેલ પુસ્તક **"પીરાણા સતપંથની પોલ"** ને આપણી જ્ઞાતિની **"ગીતા"** માનવામાં આવે છે. તે પુસ્તક માં સતપંથના સાહિત્યોમાં સામાન્ય લોકો ને છેતરવા માટે કયાં-કયાં અને કેવી-કેવી ખોટી માહિતિ અને ખોટા ચમત્કારો બતાવવામાં આવેલા છે તે વિશે પુરી માહિતિ આપવામાં આવી.
ખાસ નોંધ: આ ગ્રંથ સમાજના દરેક સભ્યો એ વાંચવા જેવો છે.

(4) "પીરાણા સતપંથની પોલ" પુસ્તક ન છપાય તે માટે સતપંથીઓ, પીરાણા ના સૈયદો, કાકાઓ અને અન્ય આગેવાનોએ ખુબ જ ધમપછાડા કર્યા. કાયદાકીય અને રાજકીય દબાણો પણ લાવવાની પુરી કોશીશો કરી. આખરમાં અમદાવાદના કલેકટર પાસે રુબરુ માં જઇ ને દબાણપુર્વક રજુઆતો કરી પણ તેમને સફળતા ન મળતા "પીરાણા સતપંથની પોલ" નામનો ગ્રંથ પ્રકાશીત કરી શકાયો.

(5) આ સમાજની રચના વખતે સતપંથ-સનાતન મુદ્દો ઉગ્ર સ્થાને હતો પણ સતપંથીભાઇઓ ભવિષ્યમાં સતપંથ છોડી ને સનાતનમાં ભળી જશે તેવી શરત સાથે તેમને પણ સમાજમાં સમાવવામાં આવ્યા હતા. સતપંથ ને કયારેય આપણા સમાજમાં સ્વીકાર્ય ગણવામાં આવ્યો નથી માત્ર જેઓ સતપંથ ને છોડી દેશે તેમને જ આ સમાજમાં ભળવા દેવામાં આવ્યા.

(6) અત્યારે જે મુદ્દાની આપણે સૌ ચર્ચા કરી રહ્યા છીએ તે સમસ્યા તો સમાજ ના ઉદભવથી જ છે પણ ધીરે-ધીરે બધુ થાળે પડશે તેમ સમજી ને કોઇ નક્કર પગલાં લેવામા ન આવ્યા.

(7) મુળ વિચારધારા ના ફરક ના કારણે સમાજ માં ધાર્મિક કાર્યક્રમો માં સતપંથ દ્વારા પોતાના વ્યક્તિઓ, સંતો કે સાધુઓ વગેરે માટે વિખવાદ થવા લાગ્યા. ધીરે-ધીરે સમાજમાં ઉચ્ચ લેવલ ના કાર્યક્રમો માં અમારા સંત ને બોલાવો તેવી જીદ સતપંથ તરફ થી દેખાવા લાગી અને સમય જતા તે વધુ વ્યગ્ર બની.

(8) સતપંથ તરફથી સમાજના જ કાર્યક્રમોની ઉપેક્ષા કરી ને અલગ-અલગ કાર્યક્રમો ની જાહેરાત થવા લાગી. સતપંથ માં દશોંધ જેવી દાન ની પ્રક્રિયાને ફરજીયાત કરીને મુખ્ય સમાજના કાર્યક્રમોને મળી શકે તેવી દાન / રકમ ને તેમના તરફ વાળવામાં આવી અને તેમના દ્વારા મુખ્ય સમાજ માં નહિવત આર્થિક ફાળો આપવામાં આવતો.

(9) સતપંથ દ્વારા કેન્દ્રીય સમાજ ને સૌની સમાજ અને તેમની પીરાણા સમાજને માત્ર તેમની સમાજ ગણવામાં આવી. જો કે હજુ પણ ઘણા કણબીઓ માટે પીરાણાં આસ્થાનુ કેન્દ્ર છે અને તેઓ આસ્થાની દ્રસ્ટિ એ ત્યાં દાન પણ આપે છે. આ સર્વ ભંડોળ ને સતપંથ સમાજ ના ભંડોળ તરીકે ઓળખાવામાં આવે છે.

(10) સતપંથ સમાજ દ્વારા ગામે-ગામ આપણી સમાજવાડી અને મંદિરો હોવા છતા તેમની અલગ સમાજવાડી અને ધામ બનાવવા માં આવ્યા અને સમાજનો મોટો ભાગ જે વિચારધારા ત્યાગી ચુક્યો હતો તેને ભરમાવવામાં અને પોતાના તરફ ખેંચવા માટેની લગભગ ઝુંબેશ શરુ કરવામાં આવી.

(11) સમાજ માં આ અંગે ઘણા મતભેદો ઉભા થયા કે એક જ સમાજ હોવા છતા આ લોકોના પોતાના અલગ સંસ્થાનો કેમ? સમાજની નેતાગીરીએ આ મતભેદ ને એ સમયે દુર કરવાને બદલે તેની તરફ આંખમીચામણા કરયા.

https://archive.org/details/bk049/page/n435/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

(12) સતપંથ તરફથી સંત-સંમેલનો દ્વારા અને હિંદુ ધાર્મિક સંસ્થાઓ ને પોતાની સાથે રાખીને જોર-શોર થી પ્રચાર શરુ કર્યો. પોતાની પાસે રહેલ મોટા નાણાકીય ભંડોળ બતાવી ને સમાજ ના અન્ય લોકોને અને અન્ય ધર્મો ને નીચા દેખાડવાના શરુ કર્યા.

(13) સમાજના બીજા મોટા સમુદાયને આ અરુચીકર લાગતા ધીરે-ધીરે પીરાણા સંસ્થાનો વિરોધ શરુ થયો. સમય જતા મુળ વિચારધારા ના ફરકને કારણે આ વિરોધ વધવા લાગ્યો અને સતપંથ માં રહેલા કેટલાક રિવાજો અને નિયમો ને કારણે સમાજની મુળભુત માનસિકતાને પણ આઘાત લાગ્યો.

(14) સમાજમાં ધાર્મિક એકરુપતા જળવાય તેથી સમાજના મુળ બંધારણમાં હિંદુ વિચારધારા ને લગતી જરુરી કલમ ઉમેરવામાં આવી. આ કલમનો સતપંથ તરફી ભાઇઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો.

(15) આ જરુરી કલમ નં-૧૮ ને તા: ૨૨-૦૫-૧૯૭૭ ના દ્રીતિય અધિવેશનમાં જ સમાજના સભ્યો અને આગેવાનો દ્વારા પસાર કરવામાં આવી હતી. કે જેમાં આપણી સંપુર્ણ જ્ઞાતિ ના બાહ્ય આચરણો અંગે એટલે કે આપણે સૌ સમાજના સભ્યો એ જન્મથી મરણ સુધીના દરેક સંસ્કારો હિંદુ રીતરિવાજ પ્રમાણે પાળવા(આચરવા) રહેશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું અને ૧૯૮૫ ના અધિવેશન માં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું કે મરણ પછીની ક્રિયા માં અગ્નિસંસ્કાર જ કરવો.

(16) જો સતપંથીઓ હિંદુ હોય તો સમાજના હિંદુત્વ ના આચરણનો વિરોધ ન કરે તે સામાન્ય જનતા પણ સમજી શકે છે પણ તેઓ પોતાને હિંદુ કહેડાવતા હોવા છતા તેમણે આ કલમનો વિરોધ હિંસક રીતે કર્યો હતો, જે નિ:શંક-પણે તેમની અર્ધ-મુશ્લીમ માનસિકતા સુચવે છે.

(17) આપણી સમાજમાં સામાજીક અને ધાર્મિક વિવાદને અદાલત કે પોલીસ ચોપડે ન લઇ જતાં સમાજે રચેલા ન્યાયપંચ સમક્ષ લાવવો એવું તા: ૩૦-૦૪-૧૯૯૩ ના ચોથા અધિવેશન માં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો જેને આપણે કલમ-૧૯ કે ૧૯ મા ઠરાવ તરીકે ઓળખીએ છીએ. આ કલમ ને અવગણીને અદાલતનો આશરો લેનારને સમાજનો ગુનેગાર ગણવો તેવું પણ ઠરાવવામાં આવ્યું હતું.

(18) સમાજ ના નિયમ પ્રમાણે સામાજીક પ્રશ્નો ને સમાજ માં જ ઉકેલવા આવે પણ સતપંથના સભ્યો દ્વારા સમાજ ના આ નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરવામાં આવ્યું અને સતપંથનો વિરોધ કરનારની વિરુધ્ધ માં કોર્ટ-કેસ દાખલ કરવા માં આવ્યા. આ કોર્ટ-કેસ વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યા હોવા છતા સંપુર્ણ રીતે સતપંથ સંપ્રદાય ચલાવવામાં આવ્યા અને તે માટે જરુરી નાણાકીય ઉપરાંત અન્ય સવલત પણ કરી આપવામાં આવી.

(19) આ કેસ કરવાથી સમાજના અન્ય સભ્યો નો વિરોધ ખુબ વધ્યો તેથી તે સમય દરમ્યાન સમાજના હોદ્દેદારો ને ઉકેલ લાવવો જરુરી લાગતા સમાધાન સમિતિ ની નિમણુક કરવામાં આવી.

(20) આ સમાધાન ની પ્રક્રિયા શરુ કરવામાં આવી જેના પ્રથમ નિર્ણય સ્વરુપે એ ઠરાવવામાં આવ્યુ કે સતપંથી ભાઇઓ દ્વારા કરવામાં આવેલા કોર્ટ-કેસ પાછા ખેંચવામાં આવે અને આ ઉકેલ સામાજીક બંધારણ મુજબ લેવામાં આવે. આ નિર્ણયને સતપંથના આગેવાનો દ્વારા માન્ય રાખવામા આવ્યો અને તેમના દ્વારા આ કેસ પરત લઇ લેવા એવી લેખીત બાહેધરી આપવામાં આવી.

(21) લેખીત બાહેધરી આપવામા આવી હોવા છતા સતપંથ દ્વારા આ કોર્ટ-કેસ અંગે કોઇ પગલા લેવામાં ન આવ્યા. બીજી બાજુ અન્ય લોકો નો વિરોધ વધતો જ જતો હતો.

(22) સમાજ ના હોદ્દેદારો દ્વારા વિરોધો ને અગાઉની જેમ ઠંડો પ્રતિસાદ આપવામાં આવ્યો.

(23) કેન્દ્રીય સમાજ પ્રમુખના અધ્યક્ષ સ્થાને સમાધાનની મીટીંગ બોલાવવામા આવી પણ અગાઉની મીટીંગ માં લેવાયેલ નિર્ણયના પાલન ના મુદ્દાને ભુલી જવામા આવ્યો અને સમાજમાં સ્વર્ણિમ મહોત્સવ યોજવાનો હોવાથી ટુંક સમય માટે આ વિવાદને શમાવી દેવાનો પ્રયાસ કર્યો.

https://archive.org/details/bk049/page/n436/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

(24) પણ તા. ૨૭-૦૨-૨૦૧૦ ની સમાધાનની મીટીંગ દરમ્યાન એક ઐતિહાસિક બનાવ બન્યો અને અમદાવાદ થી પોલીસ સાથે આવેલા કેટલાક સતપંથી ભાઇઓ દ્વારા સમાજના જ એક આગેવાન ભાઇ ને સમાજના પ્રમુખ સ્થાને મળેલી મીટીંગ માથી પકડાવવામાં આવ્યા. ચાલુ મીટીંગને અગમ્ય કારણોસર રોકવાની ફરજ પાડવામાં આવી.

ખાસ નોંધ- અમદાવાદ થી પોલીસ ને લઇને આવેલ સતપંથી ભાઇઓ એ પોલીસને નખત્રાણા નીષ્કલંકી ધામ માં આખો દિવસ રહેવા, સુવા અને જમવાની પુરે-પુરી તૈયારીઓ કરી આપવામાં આવી હતી. સતપંથીઓ દ્વારા પોલીસને મીટીંગ સ્થળે એ રીતે દાખલ કરવામાં આવી હતી કે જાણે સમગ્ર સમાજને બતાવી દેવામાં આવે છે કે જે સતપંથ વિરુધ્ધ બોલશે તેના અમે આવા જ હાલ કરીશું. આ સમયે મીટીંગમાં સમાધાન કરવા માટે ઉંચ્ચ સ્તરીય કમિટિની હાજરી હોવા છતા તેમની શાખ-શરમ વગર અને રીતસરની નફ્ફટાઇથી પોલીસ ને અંદર દાખલ કરવામાં આવી હતી. આ તમાશો જોવા માટે ગુજરાત માંથી લગભગ ૨૦૦ સતપંથીઓ નખત્રાણા કેમ્પસમાં એકઠા થયા હતા.

(25) આ સમાધાનની મીટીંગ વિશે એમ કહી શકાય કે સમાજમાં ખુબ મૈત્રી પુર્વક સતપંથ-સનાતન વિવાદનો ઉકેલ લાવવા બંને પક્ષના આગેવાનો ભેગા થયા હતા. પણ સતપંથીઓની આડોડાઇ તો જુઓ કે તેમણે આ જ દિવસને પોતાના કાળા કામ માટે પસંદ કર્યો કે જ્યારે તેમના જ કેટલાક આગેવાનો એકબાજુ સમાધાન કરવા બેઠા છે અને બીજી બાજુ તેઓ પોતાના કુકર્મો પણ પાર પાડી રહ્યા છે !!!

(26) સતપંથીઓ દ્વારા અંજામ આપવામાં આવેલા આ કાળા કામ બાદ એ જ સતપંથીઓ ના શબ્દો અને વ્યવહારો ના આચરણમાં આટાલો મોટો તફાવત જોઇ ને સામાન્ય લોકો માં ખુબ ગુસ્સો જોવા મળ્યો.

(27) બનાવ ના થોડા જ સમયમાં કચ્છ અને કચ્છની બહાર આપણા સમાજમાં સતપંથ ના ભાઇઓ પ્રત્યે ખુબ રોષ ઉદભવ્યો અને આ રોષ ના કારણે સમાજના અગ્રણીઓ દ્વારા તાબડતોબ મીટીંગ બોલાવવા માં આવી. વણસતી જતી પરિસ્થિતિ ને પહોંચી વળવું લગભગ મુસ્કેલ હતું અને સમગ્ર સમાજ ના સભ્યો દ્વારા સમાજ પોતાની દિશા સ્પષ્ટ કરે તેવો મજ્બુત મત આપવામાં આવ્યો.

(28) સભ્યો ના રોષ ને ઠંડો પાડવા અને સમાજની દિશા સ્પષ્ટ કરવા માટે સમાજના પ્રમુખ પદે થી "શ્વેત પત્ર" (તા.૨૫-૦૩-૨૦૧૦) બહાર પાડવા માં આવ્યું.

- સમાજ ના પ્રમુખ દ્વારા બહાર પાડવામાં આવેલા આ ઐતિહાસિક દસ્તાવેજની સતપંથના અનુયાયીઓ દ્વારા હોળી કરવામાં આવી.

(29) અગાઉના બનાવના કારણે સમાજના સ્વર્ણિમ મહોત્સવ ની સમાજના નિયમો ને ન અનુસરે કે માન્ય ન હોય તે સભ્યોને આવવાની મનાઇ ફરમાવવામાં આવી.

(30) આ મનાઇ ને સાંખી ન લેતા સતપંથીઓ દ્વારા અત્યાર સુધીનું સૌથી ખરાબ કામ કરવામાં આવ્યું એટલે કે તા: ૩-૦૫-૨૦૧૦ ના સમાજની કાયદેસરતાને પડકારી ને સમગ્ર મહોત્સવ ને રોકવા માટે કાયદેસર અરજી કરવામાં આવી અને પ્રથમ વખત સમાજના પ્રમુખને પણ તેમાં સંડોવવામાં આવ્યા.

(31) તા ૧૨-૦૫-૨૦૧૦ ના દિવસે સ્વર્ણિમ મહોત્સવ દરમ્યાન આયોજન બધ્ધ રીતે સમાજની સભા પર સશસ્ત્ર હુમલો કરવામા આવ્યો.

- ખાસ નોંધ લેશો કે આ જ રીતે ભુતકાળના દરેક અધિવેશન અને સામાન્ય સભામાં સતપંથીઓ દ્વારા અયોગ્ય રીતે વિક્ષેપ પાડવામાં આવ્યો છે.

https://archive.org/details/bk049/page/n437/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

B: Issue-2: સતપંથીઓ ની ખાસીયતો કે હકિકતો

B: Issue-2: Some facts and Peculiarities of Satpanthis

- અહીં કેટલીક વાતો જે સતપંથની ખાસિયત છે અને જેનો ઉપયોગ સતપંથ ના અનુયાયીઓ વધારવા માટે અને લોકો ને ગેરમાર્ગે દોરવા માટે કરવામાં આવે છે.તેની વિસ્તૃત માહિતિ.

(32) ચાલાકી(તાકીયા) નો ઉપયોગ: Use of Taqiyya:

- કરસનદાસ કાકા એ ચાલાકી વાપરી ને પીરાણાં ના વાસ્તવિક સાહિત્યો માંથી મુશ્લીમ શબ્દો કાઢીને તેને સ્થાને હિંદુ શબ્દો ઉમેરી દીધા કે જેથી કોઈ તેની વાસ્તવિકતા સામે પ્રશ્નો ના ઉઠાવી શકે. આવી ચાલાકી ને સતપંથના સાહિત્યોમાં "તાકીયા" તરીકે ગણવામાં આવે છે તાકીયા નો ઉપયોગ સતપંથીઓ દ્વારા લોકોને ગુમરાહ કરવા માટે કરવામાં આવે છે. તેમણે સતપંથ ને હિંદુ ધર્મનો આંચળો ઓઢાડી તો દીધો પણ અંદરખાને મુશ્લીમ વિધી અને કર્મકાંડ જેવા કે મૃત શરીરને દાટવું, રાત્રી પુજાઓ કરવી વગેરે ચાલુ રાખી. તેમણે એવો સિધ્ધાંત અપનાવ્યો કે જેથી બહારના અન્ય લોકો તેને હિંદુ ધર્મ સમજે પણ હકિકત એ જ છે કે તે આજે પણ મુશ્લીમ ધર્મનો એક ભાગ છે.

(33) પાખંડ અને અંધશ્રદ્ધા ના નામે ધર્મ પરિવર્તન: Blind Faith and Miracles:

- સતપંથ ના સ્થાપક ઇમામશાહ દ્વારા લોકો ને મુશ્લીમ બનાવવા માટે જાદું-મંતર બતાવીને તે સમયના ભોળા અને આર્થિક રીતે દયામણા હિંદુ લોકો ફોસલાવવા ના શરૂ કર્યા અને ચમત્કારની મોટી-મોટી અને ખોટી-ખોટી વાતો લોકો ના માનસ માં ભેળવી દેવામાં આવી, આ ચમત્કારો ને તાર્કિકતા સાથે કોઇ જ સંબંધ ન હતો અને આજે પણ નથી. આજે પણ આવા ચમત્કારો કરતા પાખંડી સાધુઓ અને ધુતારાઓ જોવા મળે છે અને શિક્ષણના અભાવે તેમના પાખંડ ને ચમત્કાર સમજી ને અંધશ્રધ્ધાળું લોકો તરત તેમાં ફસાઇ જાય છે.

- ગુજરાત, મહારાષ્ટ્ર તથા રાજસ્થાન ના લોકો એ અશોક જાડેજા નામના પાખંડીનુ નામ તો સાંભળ્યું જ હશે. આ પાખંડી એ પોતાને કોઇ માતાજી નો અવતાર બતાવી ને લોકો ને છેતરવાનું ચાલુ કર્યું હતુ. સામાન્ય લોકો ને લાલચ બતાવી ને અને પોતાના ખોટા ચમત્કારોની વાતો ફેલાવી ને મોટી જનસંખ્યા ને પોતાની માનીતી બનાવી લીધી હતી અને અઢળક કહી શકાય તેવી રકમ ભેગી કરી લિધી હતી પણ આખરે લોકો ની જાગ્રુતતા ના કારણે તે "માતાજી નો અવતાર" અત્યારે સળીયા પાછળ છે. મારા મિત્રો અહીં જરા વિચારો કે આમ ચમત્કાર કરવાથી જ બધુ થતુ હોત તો ભારત ને પાકિસ્તાન સામે લડવા માટે આટલી મોટી સેના ની કોઇ જરૂર નથી, માત્ર આવા બાવાઓ અને અવતારો ને સીમા પર લડવા મોકલી દેવા થી જ બધા ને પરાસ્ત કરી દેવાય ને !!!!!

- મિત્રો આ બધું તો આપણ ને અંધારામાં રાખીને ધર્મ પરિવર્તન કરાવવા માટે હતું પણ વડિલો ની સમય સુચકતા અને નારણબાપા જેવા સમાજ ઉધ્ધારકો ના કારણે સમાજ બચી શકયો છે અને જેની આંખે હજુ પાટા બંધાયેલા છે તે આ સમજે તો સારું.

(34) એક જુઠાણું - સતપંથ સમૃધ્ધિ લાવે છે: A myth - Satpanth brings Prosperity.: વધુ ને વધુ લોકો જોડાય તેથી સતપંથીઓ દ્વારા સતપંથ માં જોડાનાર વ્યક્તિ માલામાલ એટલે કે ધનવાન બની જાય છે તેવી ખોટી વાતો ને પણ ફેલાવવા માં આવી હતી અને આજે પણ ફેલાવવા માં આવે છે. આ વાત ને પણ તાર્કિકતા સાથે કોઇ જ સંબંધ ન હતો અને આજે પણ નથી.

- ચાલો આપને એક તાર્કિક વાત સમજાવું- - જો સતપંથમા જોડાનાર વ્યક્તિ પૈસાદાર બની જાય છે તો આપણે માત્ર પચાસ વર્ષ પાછળ જઇએ એ સમય માં જ્યારે આપણા વડિલો સતપંથ માં જોડાયેલા હતા અને યાદ કરો અથવા પુછો વડિલો ને કે આપણી હાલત કેવી હતી. આપણે તે સમયે અત્યંત કંગાળ અને અશિક્ષિત કહી શકાય તે હાલત મા હતા, સખત મજુરી કરવા છતાયે પરિવારને પુરતુ ખાવાનુ મળશે કે નહી તે પણ નક્કી નહોતું. આપણ ને દશોંધ ના નામે રીતસર ના યુસવામાં(લુંટવામાં) આવતા

હતા. તમારી આર્થિક સ્થિતિ ગમે તેવી હોય પણ ચોરી કરી ને, ઉછીના માગી ને કે ગમે તેમ કરી ને દશોંધ આપવા માટે ફરજ પાડવામાં આવતી. આપણે તે સમયે એટલા બધા લાચાર હતા અને આપણું જીવનધોરણ પણ નિમ્ન કક્ષા માં ગણી શકાય તેવુ હતું.

- વાસ્તવમાં એ સમયે જો કોઇ સતપંથ કે પીરાણાં વિરુધ્ધ કોઇ પગલું ભરે તો તેને તરત જ ન્યાત બહાર મુકવામાં આવતો અને એટલો બધો ત્રાસ આપવામાં આવતો કે છેવટે હતાશ-પરેશાન થઇને કાકા-મુખી જેટલો દંડ માંગે તેટલો દંડ ભરીને ફરી પાછો સતપંથમાં ભળી જતો. આવા અત્યાચારી અને ખોટા ધર્મના કારણે જ આપણાં સમાજના લોકો પછાત જ રહ્યા હતા.

- હકિકત માં જ્યાર થી આપણે લક્ષ્મીનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો ત્યારથી જ આપણા સૌની અને સમાજની સમૃધ્ધિ દેખાવા લાગી. આજે પચાસ વર્ષ પછી આપણા સમાજે કેટલી પ્રગતિ કરી છે તે આપણે સૌ જાણીએ છીએ. આજે સમાજ માં લગભગ બધા જ સતપંથ ને છોડી ચુકયા છે. તો આપ સૌ સ્વીકારશો જ કે સતપંથ પૈસાદાર બનાવે છે તો તે હળાહળ જુઠાણું જ છે. પણ હા તમે એમ ચોક્કસ કહી શકો કે લક્ષ્મીનારાયણ ભગવાને આપણા સમાજ ને સમૃધ્ધિ અપાવી છે.

(35) સતપંથ ની વાસ્તવિકતા: The facts behind Satpanth: આપને એક વાત સમજી લેવી જોઇએ કે સતપંથ માં સામાન્ય માણસ માટે કંઇ ખાસ નથી. અને બીજી બાજુ સતપંથ નો પ્રચાર તેમની આવક વધારવા માટે જ છે. જેમ વધુ લોકો જોડાય અને દશોન્ધ આપવાનુ શરુ કરે તેમ વધુ આવક થાય. તેથી પોતાના અનુયાયીઓ વધારવા લોકો ને એમ કહી ને આકર્ષવામાં આવે છે કે સતપંથ સંપતિ વધારે છે અને ચમત્કાર કરે છે. આ બધા લોકો ને ફસાવવા ના ગતકડાં જ છે કોઇ નક્કર વાતો નથી. (આ વિષયની વાત આપણે અગાઉ પણ કરી ચુકયા છીએ)

(36) ચર્ચાને ગેરમાર્ગે દોરવી: Divert the discussions: જયારે જ્યારે સમાજ દ્વારા કે કોઇ સભ્ય જુથ દ્વારા સતપંથ ની હકિકત જાણવા કે સમજવા માટે કોઇ વાર્તાલાપ કરવામાં આવે ત્યારે સતપંથી અનુયાયીઓ દ્વારા ચર્ચાને આડે પાટે ચડાવવા માટે ખોટા-ખોટા અને બિનતાર્કીક મુદ્દાઓ આગળ લાવે કે જેથી ચર્ચા ન થઇ શકે. અથવા તો મુળ મુદ્દા ને હાંસીયામાં ધકેલી ને (અપ્રસ્તુત, અપ્રાસંગિક) અન્ય મુદ્દાઓ ઉપજાવી કાઢે જેથી લોકો મુળ મુદ્દાને ભુલી ને બીજી વ્યર્થ ચર્ચા માં લાગી જાય.
આપ સૌ કેટલાક દિવસથી ચાલી રહેલી આ ચર્ચા માં પણ આ જોઇ શકો છો કે કેટલી વાર સતપંથીઓ દ્વારા મુળ મુદ્દાને બદલે સમાજને બીજી બાજુ વાળવાનો પ્રયાસ કર્યો છે.

(37) સાચું બોલવાવાળો એ સતપંથીઓ નો દુશ્મન: A person saying facts is Satpanth's enemy: સતપંથે પોતાના દરેક વિરોધીઓ પર નિશાનો તાકવાની વ્યુહરચના અપનાવી છે. સતપંથ ની હકિકત બતાવનાર કે જાહેર કરનાર ને સતપંથીઓ વ્યક્તિગત રીતે, અસભ્ય કે અશિષ્ટ વ્યવહાર દ્વારા, ખોટા કોર્ટ-કેસ કરીને તથા અન્ય કોઇ પણ રીતે નિશાનો બનાવે છે કે જેથી બીજા કોઇ લોકો સતપંથ વિરુધ્ધ ની હકિકતો બહાર લાવવાની હિંમત ન કરે.

(38) સનાતની માં રુપમાં છુપાયેલા સતપંથી("મવાળ" નામની ઉધઇ)/ Hidden Satpanthi in the name of Sanatani (called "Maval/Guptis"): આપણાં સમાજ ના ઘણાં લોકો જ્યારે સત્પંથ થી દુર થયા ત્યારે તે સતપંથ ને સંપુર્ણરીતે ત્યાગી ચુકયા હતા પણ એવા કેટલાક લોકો પણ હતા જે તે સમય અને સમાજની દિશા અનુશાર સનાતનમાં ભળી તો ગયા પણ મનમાં તો સતપંથી જ બની રહ્યા. આવા ડબલ-ઢોલકી માણસો જ ખરા અર્થમાં અત્યારએ ચાલી રહ્યા વિવાદના મુળ છે. જે વિચારધારા આપણને સુસંગત ન હતી તેથી આપણે તેને છોડી દીધી અને તે જ વિચારધારાને બહારના લોકો માટે છોડેલી અને અંદરખાને કટ્ટર બની ને વળગી રહેવું તે તો સમગ્ર સમાજ અને પોતાની જાત સાથે પણ છેતરપીંડી કહેવાય. આવા લોકો ને ભારતમાં રહેતા અને પાકિસ્તાન તરફ પોતાની લાગણીઓ ધરાવતા હોય તેવા કટ્ટરતા વાદી અને આતંકવાદી કહી શકાય કેમકે આ છુપા લોકો પોતાની આંતરીક વિચારધારાને જડતા પુર્વક વળગેલા હોય છે અને તે પોતાને મળતી દરેક તક ને તરત ઝડપી સમાજવિરોધી કામ કરવામાં પોતાની હોંશીયારી માને છે જે હકિકતમાં તો તેમની પોતાની જાત સાથે અને સમગ્ર સમાજ સાથે કરેલી ગદ્દારી છે આ લોકો ને આપણો સમાજ "મવાળ" કહે છે અને સતપંથીઓ તેમને "ગુપ્તી" તરીકે ઓળખે છે. આપણે જેમ બને તેમ આવા "મવાળ" લોકોને જલ્દી

ઓળખી કાઢવા પડશે કેમ કે જાહેર સતપંથીઓ કરતા આવા છુપા "મવાળ" સતપંથીઓ સમાજની માટે વધુ ખતરનાક છે અને તેઓ બીજા સતપંથીઓ કરતા પણ સમાજને વધારે નુકશાન પહોંચાડી શકે છે.

(39) જાગૃત બનો અને પરિવર્તન લાવો: Awake and re-start the revolution: આવા કેટલાક લોકો ને કારણે સમાજે પોતાની ભવિષ્ય નીતિ જાહેર કરવી પડી છે બંધારણમાં સુધારા કરવા પડયા છે કે સમાજ માં હિંદુ સનાતન વિચારધારાને બાહ્ય તથા આંતરીક રીતે વરેલા લોકો જ સમાજ ના શભ્યો બની શકે. આથી જો આપ સમાજમાં આવા કોઇ લોકોને ઓળખતા હોવ કે કોઇ "મવાળ" તરીકે વર્તન કરતા જણાય તો સાબિતિ સાથે કેન્દ્રીય સમાજ કે સ્થાનીક સમાજને આપની સમાજમાંથી આવા લોકોને દુર કરવા માંગ કરવી જોઇએ.(આ માટે સ્થાનીક સમાજે પોતાના બંધારણ માં કેન્દ્રીય સમાજે સુચવેલા સુધારા ઝડપથી કરવા પડશે) તથા આ લોકો સમાજમાંથી દુર થાય અને સચ્ચાઇ પુરા સમાજ સામે આવે તેની જવાબદારી મારા અને તમારા જેવા સામાન્ય માણસો એ જ લેવી જોઇએ / પડશે.

https://archive.org/details/bk049/page/n440/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

C: Issue -3: જાગૃત બનો, આગળ વધો અને નિર્ણાયક બનો

C: Issue -3: Understand, Decide and Progress

(40) બસ.. હવે, સમાજ માં માત્ર વાતો કરવાને બદલે નક્કર પગલા લેવાનો સમય આવી ગયો છે, હવે આ લાલીયાવાડી ને લોલમલોલ વહિવટ નહી ચાલે.

(41) સમાજ ના નિયમો નું વારંવાર અપમાન અને આટલા બધા પ્રોગ્રામ માં વિક્ષેપ અને તિરસ્કાર છતા પણ સમાજ ના હોદેદાર ના પેટનું પાણી ના હલે તો હવે આપણે સમાજના પદાધિકારીઓ ને પણ નિયમોનું પાલન કરવા અને કરાવવા ફરજ પાડવી પડશે જ અથવા તો તેમના સ્થાને યોગ્ય આગેવાન ને લાવવા પડશે. મુંબઇ અને દક્ષિણ ભારત માં જેમ થયુ તેમ કોઇ એક દિશામાં ચોક્કસ નિર્ણય લેવો જ પડશે.

(42) ઉલ્લેખનીય છે કે હાલ માં સમાજ દ્વારા તેની દિશા ભલે સ્પષ્ટ કરવામાં આવી હોય છતા પણ સમાજના આગેવાનો દ્વારા તેના પાલન માં બીનજરુરી કાર્યક્ષમતા / જાણીજોઇને નિષ્ક્રીયતા દેખાડવામાં આવી રહી છે.

(43) કચ્છમાં દરેક ગામમાં આપણી કેન્દ્રીય સમાજના ધારા-ધોરણ અનુસરતી સમાજવાડીઓ અને મંદિરો આવેલા છે છતા ગામે-ગામ કોઇ જ જરુરીયાત ન હોવા છતા માત્ર દેખાડા ખાતર પોતાની અલગ વાડીઓ બાંધીને સતપંથ દ્વારા "ખાસ" પ્રકારનો ભાઇચારો બતાવવામાં આવ્યો. બધા ગામ માં આપણી સમાજવાડી ને લક્ષ્મીનારાયણ વાળાની સમાજ અને તેમની જગ્યા વાળાની સમાજ કહેવાય છે અને સતપંથીઓ તેમની જગ્યા ને જ પ્રાધાન્ય આપે છે, આપણી સમાજવાડી માં આવવામાં તેમને નાનપ લાગે છે.

(44) આમ ગામે-ગામ પોતાની અલગ વાડી બનાવનારા સતપંથીઓ માં ક્યાંય ભાઇચારો દેખાય છે ખરો? જેણે કયારેય આપણી કેન્દ્રીય સમાજ ને પોતાની ગણી જ નથી તે આજે આ આપણી સમાજને પોતાની બતાવી ને હક જતાવી રહ્યા છે !!!!

સતપંથી ભાઇઓ ને જો ભાઇચારામાં રસ હોત કે જો તેઓ સમગ્ર સમાજ ને એક જોવા માંગતા હોત તો સતપંથ સમાજ ને ક્યારનીય આપણી સમાજમાં ભેળવી દીધી હોત અને તેમાં આવતી આવક કે અન્ય સંસ્થાઓ ને કેન્દ્રીય સમાજ ની સંસ્થામાં ભેળવી દીધી હોત પણ આ લોકો તો "મારું એ મારું અને બાકી બધુ સહીયારું" ની નીતિ અપનાવી.

(45) એક બીજી વાત જણાવું - જો સતપંથી કેન્દ્રીય સમાજને પોતાની સમાજ ગણતા હોત તો સમાજ ના મુખ્યાલય નખત્રાણાં માં સમાજની હોસ્ટેલ અને કેમ્પસ હોવા છતાં સમાજની આંખ સામે નવું નિષ્કલંકી ધામ બનાવવાની કોઇ જ જરુર ન હતી, તેઓ કોઇ બીજી જરૂરીયાત વાળા સ્થળે આ બનાવી શકતા હતા છતાં... પોતાના શક્તિપ્રદર્શન માટે અને સતપંથ છોડનારા ને આકર્ષવા માટે માત્ર આવેલ ભંડોળને વ્યર્થ ખર્ચવામાં આવ્યું.

(46) આ સતપંથીઓ ને આપણા નીચે જ પોતાના તમામ કરતૂતો અને કારસ્તાનો ને છુપાવવા છે. ભાઇચારાની મોટી-મોટી વાતો કરીને અને આપણી સમાજ પ્રત્યે ખોટી મમતા બતાવીને આપણ ને જ ફોસલાવવા છે. સતપંથી દ્વારા સમાજ માં કયારેય કોઇ ભાઇચારો બતાવવામાં આવ્યો નથી ઉલ્ટાનુ વારે-તહેવારે પોતાના અલગ ઝુંડ રચીને સમાજ ના આયોજન ને નિષ્ફળ બનાવવાનો જ પ્રયાસ કર્યો છે.

(47) સતપંથ ધર્મ વિશે બીજી ઘણી બધી હકિકતો અને પુરાવાઓ આપણ ને રીઅલ પાટીદાર દ્વારા જાણવા મળેલ છે જે જુની માનસિકતાને બદલવા માટે પુરતા છે જ.

https://archive.org/details/bk049/page/n441/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

(48) **એક અગત્યની વાત: હમણાં જ મારા ધ્યાન માં આવ્યું છે કે કેન્દ્રીય સમાજ ના એક મહત્વ ના ઝોન ના પ્રમુખ દ્વારા કેન્દ્રીય સમાજને લપડાક સમાન કાર્ય કરવામાં આવ્યું છે અને તે અન્વયે એક નવી જ સમાંતર સંસ્થા બનાવવા મા આવી છે. ભુતકાળમાં અનેક પાઠ શીખેલ આપણી સમાજની નેતાગીરી ને પણ આ જાણકારી હશે જ છતા તેઓ એ અત્યાર સુધી કોઇ જ પગલાં લીધા હોય તેવું જાણવા મળેલ નથી. આ કાર્યમાં સમાજની એકતાની વાતો કરનાર સતપંથી ભાઇઓ નો સંપુર્ણ ટેકો છે અને આ લોકો દ્વારા અત્યારે તેનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ દુષ્કૃત્ય કરનારને આપણી સમાજને વેરવીખેર કરી નાખવાની સંપુર્ણ યોજના છે.**

(49) **હવે નિર્ણય લેવાનો વારો તમારો છે તમારે જ તમારી સમાજ ને યોગ્ય દિશા આપવાની છે.**

(50) મારી આપ સૌ ને ખરા દિલથી અરજ છે કે મહેરબાની કરી ને હવે જાગો. આટઆટલું કરવા છતા પણ આપણા ઘણાં લોકો તેઓ ને છાવરે છે માટે ભલા બનો કમસેકમ સમાજમાં જાગૃતિ લાવો !!!

(51) અહીં સમાજ ને તોડવાનો નથી પણ વધારે મજબુત બનાવવાનો છે અને તેમાં સમસ્યાઓ તો આવશે જ. પણ આપણે આપણી સમાજ ને એક સુસંસ્કુત સમાજ બનાવવો હશે તો ઘણાં પરીબળો સામે લડવા તૈયાર રહેવું પડશે અને તે માટે આંતરીક વ્યવસ્થાને સ્પષ્ટ અને ચોક્કસ બનાવવી પડશે.

તા. ૧૬-૦૭-૨૦૧૦

લી. એક વ્યક્તિ - abc.samaj@gmail.com

--

==========

Note:

1. This e-mail and information contents for friendly circulating only.
2. If you have any doubt or question regarding current e-mail, you can mail me on abc.samaj@gmail.com.
3. Its for private and personal use only.

==========

https://archive.org/details/bk049/page/n442/mode/1up

Real Patidar <mail@realpatidar.com>

[RP Group] પીરાણા ની ગોળીઓ કેવીરીતે બનતી હતી

Laxminarayan Sanatan <sanatanhitchintak@gmail.com>
Reply-To: realpatidar@googlegroups.com
To: realpatidar@googlegroups.com

Mon, Jul 26, 2010 at 9:01 AM

ભાઈ નીતેશ,

સતપંથ બાબતે કેટલું બધું માથે ખણીને ફરીશ ભાઈ? હવે તો માણશોને બેવકૂફ બનાવવાનું બંધ કર ભાઈ. પીરાણા ની ગોળીઓ બાબત આટલી બધી ડંફાસ મારે છે તો સંભાળ.

૧. આપણા પૂર્વજો એ ઈરાન થી આવેલા પીર ઈમામશાહ ના સતપંથ ધરમ માં ઈમામાંશાહ ની વાતોમાં આવી જઈને પીરનો ધર્મ ભલે સ્વીકાર્યો. પણ ત્યારે એમને એટલી તો ખબર હતી જ કે આપણે મૂળ હિંદુ છીએ અને તેથી અમુક વડીલોની વાતો ને ધ્યાન માં રાખીને પર માટી (માંસાહાર) આપણા થી ખવાય નહી એવી વાતો પકડી રાખી હતી. પણ ચેન કેન પ્રકારેણ આ પીરાણાના સૈયદો ને આપણને ઇસ્લામ ની રૂઢીઓ તરફ વાળવા જ હતા. આપણને ખાણી-પીણી થી ભ્રષ્ટ કરવા જ હતા. તેથી કરીને આપણને ધર્મ અને કર્મ થી ભ્રષ્ટ કરવા હેતુ થી ગોળીઓ ગામે ગામ મોકલાવી જેમ આપણે પ્રભુ નું ચરણામૃત પીતા તેમ તે ગોળીઓ પાણીમાં ઘોળી ને પીવાની આ પીરાણા સત્પન્થીઓ એ આપણને ફરજ પાડી હતી.

હવે સાંભળો હકીકત કે આ ગોળીઓ કેમ બનાવવા માં આવતી જેથી આપણને તેઓ ભૃષ્ટ કરી શકે. ઈમામાશાહ બાવા ની લોડ (કબર) ઉપર ગાય માતા નો વધ કરી તેના માંસ અને રુધીર નો લેપ કરવા માં આવતો. તેની સાથે કાળી માટીનો પણ લેપ થતો. ત્યાર પછી તેનો અર્ક કાઢી તેની ગોળીઓ બનાવવા માં આવતી. તે ગોળીઓ ગામે ગામ મુખીઓને મોકલાવવા માં આવતી. આ મુખીઓ ખાના માં સવાર સાંજ ઘાટ-પાટ ની પૂજા કરવા જે પણ ખાનાઈઓ આવતા તેને ભગવાનના ચરણામૃત તરીકે પીવડાવવામાં આવતી.

૧૮૫૭ નો બ્રિટીશ સાથે નો મંગલ પાંડે વાળો દાખલો જ જોઈ લો. ૧૮૫૭ નો વિપ્લવ આપણે જાણીએ જ છીએ ને. મંગલ પાંડે જેવાઓએ બ્રિટીશ રાજ નો વિરોધ કર્યો કારણ કે તેમના માં ધર્મ માટે ખુમારી હતી- ધર્મ માટે મરી ફીટવાની તૈયારી હતી. પણ ઈમામશાહ બાવાએ એવાં સાહિત્યો લખીને આપણને કાયર, ડરપોક નપુંશક બનાવી દીધા

26-Jul-2010

હતા. એટલે ખોટું થાય છે તે ખબર પડે તો પણ કોઈ જાતનો વિરોધ કરવો નહી. ઈમામશાહ બાવે તેના સાહિત્ય માં લખ્યું છે " ડરે તે તરે-વિરોધ કરે તે મરે" સતપંથ નો વિરોધ કરે તેને નરક માં જવું પડશે. આવું બધું હમજાવી ને આપણને અત્યાર સુધી નપુંશક, ખમીર વગરના બનાવીને રાખ્યા હતા. હજી પણ તેની અશર આપણા માં થી ગયી નથી.

પરદેશ કમાવા ગયેલો આપણો ભાઈ પાછો ફરે ત્યારે એ સીધો એના ઘરે ના જઈ શકે, એના કુટુંબીજનો ને ના મળી શકે. તેને પહેલાં ખાના માં પાક થવા જવું પડે, ત્યાં લાગો રાખવો પડે ત્યાર પછી ગોળીઓં થી ઘોળેલું પાણી (પાવળ) પીવડાવીને તેની છાંટ નાખ્યા પછી પવિત્ર કરીને તેના ઘરે જવાની પરવાનગી આપવા માં આવતી. આવી હતી જોહુકમી આ સત્પન્થીઓ ની.

અજાણ માણસ ભાઈ નીતેશ અત્યારે આપણને ચેલેન્જ આપે છે કે જોવા આવો પીરાણામાં ગોળીઓં કેમ બને છે. અરે ભાઈ આ ગોળીઓ વાળી પદ્ધતીઓં આવી ક્યાંથી કહેવાતા હિન્દુઓં માં. હજ્જારો વર્ષ જુના હિંદુ શાસ્ત્રો માં ગોળીઓ નો ઉલ્લેખ તો ક્યાંય નથી. ક્યાંય હોય તો મને બતાવજો ભાઈ. હું તમારો શુક્રગુજાર બનીશ. ભાઈ દીનેશ દેગાંવ વાળા ક્યાં છો ? વાંચજો ભલા. ના ખબર પડે તો પૂછી જોજો તમારા દાદા-દાદીઓને.

આ હતી સત્પન્થીઓં ની ગોળીઓં બાબતની સાચી હકીકત.
હવે પછી આ ઘાટ-પાટ વાળું તૂત સતપંથ માં શું છે તેનો ભાંડો ફોડવા માં આવશે.

બસ થોડા સા ઇન્તજાર કરના.

સનાતની હિત ચિંતક

26-Jul-2010

https://archive.org/details/bk049/page/n444/mode/1up

GE 6 - Information on Satpanth.org is false and List of Pirana Kakas

GE 6 - સતપંથ વેબ સઈટ પર ખોટી માહિતી છ અને પીરાણા ના કાકાઓ ની યાદી

www.realpatidar.com mail@realpatidar.com

Real Patidar <mail@realpatidar.com>

OE 15 - Whole Nava Vaas (Ravapar) village embraces Sanatan Dharm / આખા નવા-વાસ (રવાપર) ગામ ના લોકોએ સતપંથ ત્યાગીને સનાતન ધર્મ અપનાવ્યો

Prakash Patel <prakashpatel1008@gmail.com> **Sun, Aug 29, 2010 at 9:13 PM**
Reply-To: realpatidar@googlegroups.com
To: realpatidar@googlegroups.com

નિતેશભાઈ રામ રામ
જયારે નવી સમાજની સ્થાપના કરી ત્યારે પણ પીરાણામાં એક સમાજ ચાલતીજ હતી પરંતુ એ સમાજમાં રહેવાથી સમસ્ત કડવાપાટીદારની ઓળખ મુમના તરીકે થવા લાગી એટલેજ સદંતર પીરાણા છોડીને આજની આ સમાજની સ્થાપના કરવામાં આવી હવે તમે અમને ચેલેન્જ કરો છો કે સતપથીઓંથી અલગ થઈને સમાજ રચી બતાઓ તો મને તમને પૂછવાનું મન થાય છે કે જે પચાસ વરસ પહેલા આ સમાજની સ્થાપના કરી તે શુંતમારા કહેવાતા પીર ઈમામુદીને(આજના ઈમામાંમ્સાહ મહારાજ)સ્થાપના કરી છે? આ સમાજનો પચાય વરસથી
ના ગાદીપતિ વહીવટ ચલાવેછે ?આ તમારી ચેલેન્જ નો જવાબ છે. રહી બીજી વાત તો મેં મુમના કીધાતા.હવે તમોજ તમને મુસલમાન સાબિત કરવાનું કહોછો પરંતુ તમોને મુસલમાનો એની જમાતમાં ભેળવસે નહિ.કારણકે સતપઓંની કોઈ પણ પૂજા ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નારૃહીમ સતગોર પાત્ર બ્રમા ઇન્દ્ર ઈમામાંસાહ આદ વીસનું નિરંજન નરઅલી મહમંદસાહા તમારી દોવા .આ કહેવાતા મંત્રથી પૂજા શરુ થાય અને સતગોર ઈમામસાહા નરઅલી મહમદસાહા હક લાએલાહા ઇલ્લલ્લાહો મહમદદુર રસુલીલ્લાહે .આ કહેવાતા મંત્ર વગર પૂજા પૂરી ન થાય.આ કહેવાતા મંત્રો હિન્દુના કયા શાસ્ત્રોના છે? કે કુરાનના છે? ના આ મંત્રો નથી હિન્દુના સાસ્ત્રોના અને નથી કુરાનના આ તો મંત્રો છે તમારા કહેવાતા ભગવાન,સદગુરુ,ઇષ્ટદેવના દિમાગની ઉપજ છે તમને ખાત્રી ન થતી હોય તો તમે જેને સંકારચાર્ય કહોછો તે હંસ્દેવાનાદજીને પૂછી જોજો.હવે પાછુ એમ ન કહેતાકે તમારા વડીલોને સૈઇદોએ તેનાં મંત્રો આપી દીધા હતા હવે આ મંત્રોને કાઢીને આમોએ ઓંમ પરમકપાળુ પરમાત્માની આજ્ઞાથી આદરું છુ. ઓમ નમો શ્રી સતગુરૂ પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામસાહ આધ વીસનું નીરજન નિષ્કલકી નારાયણ તમારી આસીસે.આવા સુધારા કરી નાખ્યા છે
સત્પનથી ભાઈઓ મને સમજણ નથી પડતી કે તમો માનોછો ઈમામુદીનને (ઈમામસાહ)તો તેનાજ બનાવેલા સાસ્ત્રોને બદલી નાખ્યા? બીજું સત્પન્થીઓની વેબ સાઇટમાં ગાદીપતિઓના નામ(૧) સાણાકાકા (૨) સામજીકાકા (૩) કરસનકાકા (૪) સામજીકાકા (૫) રૈયાકાકા (૬) રામજીકાકા (૭) નથુકાકા (૮) ભુલાકાકા (૯) પ્રાગજીકાકા(૧૦) નાથાકાકા (૧૧) દીપકાકા (૧૨) મનજીકાકા (૧૩) નથુકાકા (૧૪) નાગજીકાકા (૧૫) સામજીકાકા (૧૬) પેથાકાકા (૧૭) નથુકાકા (૧૮) કરમશીકાકા (૧૯) લક્ષમનકાકા (૨૦) રામજીકાકા (૨૧) સવજીકાકા (૨૨) કરસનકાકા (૨૩) નાનકદાસકાકા, હવે લેખક કે.એલ.પટેલ કલકતાવાળાએ તેમના પુસ્તક પયમવેદ ના પુષ્ઠ ન.૨૦ ઉપર જે લખેલ છે તે પ્રમાણે (૧) સાણાકાકા (૨) શેરમહમદ (૩) અબ્દુલા (૪) ઈબ્રાહીમ (૫) રહીમ (૬) કરીમમહમદ (૭) સામદ (૮) હસન (૯) રહીમ (૧૦) રાજેમહમદ (૧૧) નુરમહમદ (૧૨) ભુલા (૧૩)પોચા (૧૪) પ્રાગજી (૧૫) નથુ (૧૬) દીપા (૧૭) નાનજી (૧૮) નથુ (૧૯) નાનજી (૨૦) સામજી (૨૧) નથુ (૨૨)પેથા (૨૩) નથુ (૨૪) કરમશી (૨૫) લક્ષમન (૨૬) રામજી (૨૭) સવજી (૨૮) કરસનકાકા, આ પુસ્તક નાનકદાસ ગાદીએ બેઠા તેનાથી પહેલા પ્રગટ કરેલ છે, આ તમારી વેબ સાઈટમાં અને તમારા લેખકની વાત એક થતી નથી. હવે તમારી વેબ સાઈટ ઉપર તમો પ્રાગજીકાકાનો સવંત ૧૭૦૭ થી ૧૭૩૧ નોસમય જણાવોછો પરંતુ ઇતિહાસ જોશો તો ખબર પડશેકે પ્રાગજીકાકા અને વલીમીયા સવંત ૧૮૩૨ માં નખત્રાણા આવેલ અને ચે,ચોરી,વહીવંચા,ભટ્ અને બ્રામ્હણને બંધ કર્યા અને તમને સચાઈની ખરાઈ કરવી હોય તો

30-Aug-2010

થોડીક મહેનત કરસોતો ૧૮૩૨ નખત્રાણાના ઠરાવની નકલ મળી જશે,આના પરથી ખબર પડેછે કે તમે વેબ પર મુકેલ માહિતી ખોટી અને હિન્દુ દેખાળવા માટેની છે,તમારી વેબમાં સૈઇદોના નામજ બદલી નાખેલ છે.સૈઇદો સત્પન્થીઓંના ગુરુ હતા તે કહેવામાં તમોને સરમ આવે છે?.અને તમો અમોને ચેલેન્જ કરોછો કે અમને યાની સત્પન્થીઓંને મુસલમાન સાબિત કરી બતાઓ, જુઓ હું તમને ફરીવાર ચેલેન્જ કરું છુ કે તમો અમારાથી અલગ થઈને બે વરસ રહી દેખાડો પછી ખબર પડશે કે તમારી ઓંળખ શું થાય છે, પુરવાર કરવું નહિ પડે દુધનું દુધ પાણીનું પાણી થઇ જશે, હવે આનાથી વધારે ખુલાસાની જરૂરત હોય એવું મને નથી લાગતું, ઉન્ગતો હોય તેને જગાડી શકાય પરતું સુવાનો દોળ કરીને સુતો હોય તેને કેમેય જગાડી શકાય નહિ,
ભલે નિતેશભાઈ રામ રામ,

30-Aug-2010

GE 9 - Agni Sanskar - Samadhi - Dafan Vidhi / અગ્નિ સંસ્કાર - સમાધી - દફન વિધિ

www.realpatidar.c @realpatidar.com

Real Patidar <mail@realpatidar.com>

[RP Group] AGNISANSKAR

Mohanlal Patel <teaktimber1990@gmail.com> **Tue, Oct 5, 2010 at 5:27 PM**
Reply-To: realpatidar@googlegroups.com
To: realpatidar@googlegroups.com

ઇસ્લામ પ્રેરિત ખાનાપન્થીઓ દફન વિધિ ને હિંદુ સંસ્કારમાં પ્રતિપાદિત કરવા મથી રહ્યા છે,ને વેદોના મંત્રો ને મન ઘડિત અર્થો કરીને લોકોને બેવકુફ બનાવી રહ્યા છે. હિંદુઓ ક્યારેપણ દફનવિધિને અનુમોદન અપાતાનથી.સિવાય કે અતિ ત જ્ઞાતિ [ગોસાઈ].હિંદુઓમાં કોઈકોઈહલકી વર્ણ ના લોકો દફનવિધી કરે છે.મુસલમાનોનું જોર હતું ત્યારે આ હલકી કોમ આપણી જેમ તેમનાથી દબાયેલી હતી.ને આપણી જેમ તેઓમાં પણ મુસ્લિમ આચારો રહી ગયા છે હવે આપણને નક્કી કરવાનું છે કે આપણને ઉચ્ચ ખુમારીવાળી જ્ઞાતિમાં ખપાવવું છે કે સરકારી બ્રાહ્મણ એવી હલકી કોમમાં ખપાવવું છે

દફન વિધિનેપ્રમણિત કરવાસંતો મહંતો ની સમાંધીઓના દાખલાઓ

આપીને જ્ઞાતિજનો માં ગેર સમજણ ઉભી કરી રહ્યા છે.સંતો કે સિદ્ધ પુરુષો ને ઈચ્છા મૃત્યુ હોય છે.તેઓએ પોતાના પ્રાણ ને વશ કરેલો હોય છે.પોતાના પ્રાણને બ્રહ્માંડ માં મૂકી દે છે, એટલે કે પોતાના મસ્તિષ્કમાં ઉપરના ભાગમાં મૂકી દે છે. તેમના મસ્તિષ્કમાં પ્રાણ હોવાથી તેમને અગ્નિ સંસ્કાર અપાતો નથી. તેઓની મુસલમાનોની જેમ સુવડાવીને કબર બનાવાતી નથી.તેઓને ભૂમિમાં બેસાડીને સમાધિ અપાય છે.આજના જમાનામાં સીધ્ધીઓથી વરેલા સિદ્ધ પુરુષો હશે કે નહિ તે પણ એક શંકાનો વિષય છે. ગોસાઈ લોકો પણ આવી રીતે સમાધિ આપે છે. તેઓ ખાના પન્થીઓની જેમ સુવડાવી,દફનાવીને કબર નથી બનાવતા. ખાના પંથીઓ ના બાવા ઈમાંમસા તમારા કહેવા પ્રમાણે હિંદુ હતા તો તેમને મુસ્લિમ પધ્ધતિથી દફનાવીને કબર કેમ બનાવી છે? હવે મહેરબાની કરીને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં અમે [ખાનાપન્થીઓ] હિંદુ છીએ એવો ભ્રમ પેદા માં કરો. તમો પીરાણામાં મુસલમાન ટ્રસ્ટીઓની સાથે આરામથી રહો.અહીં સનાતની સમાજમાં ખોટી ભ્રમણા ઉભી મા કરો.

ધંધાર્થે કચ્છ બહાર

રહેતા ખાના પંથીઓ બહારકોઈ ગુજરી ગયા હોય ને ત્યાં લોકલાજે અગ્નિસંસ્કાર આપ્યો હોવા છતાં તે ઓની કબરો તેઓના ગામના મોખાણમાં જોવા મળે છે.આવું શા માટે? જ્યાં ગુજરી ગયા હોય ત્યાં પણ હલકી કોમના લોકો માટે દફનાવવા માટે કબ્રસ્તાન હોય જ છે.ત્યાં દફનાવતા કેમ નથી? અમુક ખાના પંથીઓ અગ્નિ સંસ્કાર આપ્યા પછી અસ્થીકુલ સંગ્રહી તા રવતી વખતે અડધા રાખી મુકેછે પછી ગામ જાયત્યારે તે અસ્થિને મુડદાની જેમ મુસલમાન પધ્ધતિથી દફનાવી કબર બનાવે છે.જો તમે પાકા પીરાણા પંથી હો તો જ્યાં ગુજરી ગયા હોય ત્યાં જ દફનાવો ને.તમો કબ્રસ્તાન માટે સરકાર મા અરજી કરો, મંજુર થઇ જ જશે. કારણકે બહુમતીઓના ભોગે લઘુમતીઓને સરકાર પંપાળતી રહેલી છે. એક બાજુ પોતાની જાતને હિંદુ તરીકે ઓળખાવવી છે,ને બીજી બાજુ મુસલમાન આચાર સંહિતા મુકવી નથી.એ કેમ બને?

--

- Views expressed here are for the sake of discussion and knowledge only
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/

05-Oct-2010

https://archive.org/details/bk049/page/n447/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

Real Patidar <mail@realpatidar.com>

વંચાયા વગરના ઇતિહાસના પાનાઓમાંનું એક પાનું

,,,,,,,,

https://archive.org/details/bk049/page/n448/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

ગયા હોત.આપણા આધ્ય સુધારક નારણબાપાને અને આપણી જ્ઞાતિને બીજી જ્ઞાતિઓ વાળા મુમના તરીકે ઓળખતા તે આઘાતથી સત્પન્થને તિલાંજલિ આપી. આપણા બીજા સુધારક બાપા કેશરા-પરમેશ્વરાને શું અનુભવ થયો કે તેમને સત્પંથ છોડી સ્વામી-નારાયણ એવો હિંદુ ધર્મ અપનાવ્યો?

તે હવે પછી ક્યારેક જોઈશું.

--

- Views expressed here are for the sake of discussion and knowledge only
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/

BEWARE !! BEWARE !!
Phishing attacks: Following ids of Pro-Satpanthis;
1. real-patidar@googlegroups.com 2. realpatidarr@gmail.com 3. realpatidaar@gmail.com
are NOT related to the www.realpatidar.com, the original Real Patidar

---

https://archive.org/details/bk049/page/n449/mode/1up

How ... and Ami Tablet made

www.realpatidar.com

mail@realpatidar.com

Real Patidar <mail@realpatidar.com>

વંચાયા વગરના ઇતિહાસના પાનાઓમાંનું એક પાનું

,,,,,,,,,

www.realpatidar.com mail@realpatidar.com

Real Patidar <mail@realpatidar.com>

GE 13 -અવિચલદાસજી મહારાજે સતપંથ વિષે કેન્દ્રીય સમાજને લખેલ પત્રનો જવાબ

Real Patidar <mail@realpatidar.com> **Tue, Jan 11, 2011 at 2:59 PM**
To: realpatidar <realpatidar@googlegroups.com>

FYI...
તમારી જાણકારી માટે....

---------- Forwarded message ----------
From: **Rameshbhai Vagadiya** <rameshbhaivagadiya@gmail.com>
Date: 2011/1/11
Subject: અવિચલદાસજી મહારાજે સતપંથ વિષે કેન્દ્રીય સમાજને લખેલ પત્ર નો જવાબ
To: gurugadi@hotmail.com, gurugadi@gamil.com, Editor Patidar Sandesh <info@patidarsandesh.org>, Editor Patidar Saurabh <patidarsaurabh@yahoo.co.in>, Editor Uma Darpan <umadarpan@rediffmail.com>, Real Patidar Groups <realpatidar@googlegroups.com>, Sanatani Pradeepbhai Nathani pradeepnathani@gmail.com

શ્રી અવિચલદાસજી મહારાજ,

આપશ્રી એ કોઈક ના કહેવાથી અથવા તો કોઈકની શેહમાં આવી જઈને અમારી કેન્દ્રીય સમાજને સતપંથ બાબતે જરૂરત વગરની ભલામણો કરતો તા. ૧૭.૧૨.૨૦૧૦ ના રોજે એક પત્ર લખેલ છે. આ પત્ર આપશ્રી ને લખવાની જરૂરત ન હતી છતાં પણ લખ્યો ત્યાં સુધી તો ઠીક પણ આ પત્રનો સત્પન્થીઓ દ્વારા જે ગેર ઉપયોગ થયો છે તેથી આપશ્રી એ અમારી સમાજ ની ગરીમાને જે ઠેશ પહોંચાડી છે તે ખરેખર દુ:ખ દાયક છે. અને કેન્દ્રીય સમાજને તેમજ તેના સૌ સભ્યોની લાગણીઓ દુભાવી છે. એટલુંજ નહિ આ સત્પનથી ભાઈઓ જેની આપ તરબદારી કરો છો તે લોકોએ આ પત્રને કચ્છના એક દૈનિક પેપર 'દિવ્ય ભાસ્કરમાં' છપાવીને અમારી જ્ઞાતિમાં હિન્દુ ધર્મ પ્રત્યે અક્ષમ્ય ગેરસમજણો ઉભી કરી છે.

માટે ના છુટકે સનાતની ઓળખ ધરાવતી અમારી કેન્દ્રીય સમાજ પ્રત્યેની અમારી જવાબદારી સમજીને આપશ્રી ને આ સાથે સલગ્ન કરતો એક પત્ર લખેલ છે તેનો અભ્યાસ કરીને ખુલાસો કરવા આપશ્રીને જણાવીએ છીએ.

એજ કેન્દ્રીય સમાજ પ્રેરિત

અ.ભા.ક.ક.પા.સનાતન ધર્મ જાગૃતિ સમીતી વતી

રમેશભાઈ વાગડિયા, બેંગલોર

૭.૦૧.૨૦૧૧

નકલ રવાના:

૧. તંત્રીશ્રી પાટીદાર સૌરભ નખત્રાણા

૨. તંત્રી શ્રી પાટીદાર સંદેશ અમદાવાદ

૩. તંત્રીશ્રી ઉમા દર્પણ

૪. ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા

૫. રિયલ પાટીદાર ઓર્ગ.

Real Patidar
www.realpatidar.com

- Views expressed here are for the sake of discussion and knowledge only.
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/

BEWARE !! BEWARE !!
Phishing attacks: Following ids of Pro-Satpanthis;
1. real-patidar@googlegroups.com 2. realpatidarr@gmail.com 3. realpatidaar@gmail.com
are **NOT** related to the www.realpatidar.com, the original Real Patidar
---

Avichaldas_ne_kararo_javab_-updated_-2011-01-07.pdf
118K

https://archive.org/details/bk049/page/n452/mode/1up

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિ

SHRI AKHIL BHARATIYA K. K. P. SANATAN DHARM JAGRUTI SAMITI

www.realpatidar.com mail@realpatidar.com

(કેન્દ્રીય સમાજની માન્યતા મેળવેલ છે)

Mailing Address,
#350/1, Nayandahalli,
Mysore Road,
BANGALORE-560 039.

07-Jan-2011

શ્રી અવિચલદાસજી મહારાજ,

સાદર પ્રણામ,

વિષય:પીરાણા સતપંથ ના અનુયાયીઓ ની તરફેણ કરતો તમારો કેન્દ્રીય સમાજ ઉપર પત્ર

આપનો તારીખ ૧૭.૧૨.૨૦૧૦ (17-Dec-2010) નો પત્ર જે અમારી કેન્દ્રીય સમાજને લખેલ તે મળ્યો. વાંચીને અત્યંત તાજ્જુબ સાથે દુ:ખ પણ થયું કે તમારા જેવા વિદ્વાન પુરુષ ને સાચી વિગત જાણ્યા વગર, કોઈકના કહેવાથી ગેરમાર્ગે દોહરાઈ ને તમોને આ પત્ર લખવો પડ્યો છે. આ બાબતે અમો આપશ્રીને નીચે પ્રમાણે સાચી વિગતો જણાવવા માંગીએ છીએ.

અ) શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ (કેન્દ્રીય સમાજ) કોની છે અને તેની સ્થાપના કેવા સંજોગો માં અને કોણે કરી ? અને સતપંથ ને જો કોઈ વધારે સારી રીતે જાણતું હોય તો તે અમારી જ્ઞાતિ થી વિશેષ કોઈ પણ નથી જાણતું.

અમારી કેન્દ્રીય સમાજ એક સનાતન ધર્મીય સમાજ છે. અને તેની સ્થાપના અમારા એવા સુધારક પૂર્વજો દ્વારા કરવા માં આવી હતી કે જેઓએ અમારી જ્ઞાતિ ને કલંકરૂપ એવા પીરાણા સતપંથ મત નો સદંતર ત્યાગ કર્યો હતો. કારણ કે એ જ્ઞાતિ માટે કલંકરૂપ સતપંથ ની સ્થાપના બાવા ઈમામશા ના દાદા એવા સૈયદ સદરુદ્દીન સાહેબે કરી હતી અને જેને લઇ ને અમારી જ્ઞાતિ મુમના મુસલમાન તરીકે ઓળખાતી હતી. **એટલુંજ નહિ એજ પીરાણા સતપંથ ધર્મને અનુસરીને આપણા જ હિન્દુ લોહાણાઓ આજે પણ ઈસ્માઈલી ખોજા તરીકે ઓળખાય છે અને માનવા માં નથી આવતું કે એજ પાખંડી પીરાણા સતપંથ ધર્મને માની ને અમારા કચ્છ કડવા પાટીદારો હિન્દુ તરીકે કઈ રીતે ઓળખાઈ શકે? તે અમોને જરા સમજાવો તો ખરા.** તે પાખંડી અર્ધ દગ્ધ કબ્રસ્તાની પીરાણા સતપંથ ના આજના કહેવાતા કાકાઓ (ધર્મગુરુઓ) ના ઉપરછલ્લા બદલાવથી તે જ્ઞાતિને માટે કલંકરૂપ પાખંડી ધર્મ હિન્દુ ધર્મ નથી બની જતો. અમારા ઉપર તે પીરણા સતપંથ નું કલંક હતું તેને ભૂંસવા માટે થઈને અમારા વડીલોએ સતપંથ નો સંપૂર્ણત: ત્યાગ કર્યો હતો અને ત્યાર પછી અમારી આ કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી. સતપંથ શું છે તેની સર્ટીફીકેટ કોઈને જોઈતી હોય તો અમારી કેન્દ્રીય સમાજને પૂછો. અમોને બીજા લોકોની સર્ટીફીકેટો ની જરૂરત નથી.

/૨/

www.realpatidar.com mail@realpatidar.com

પીરાણા સતપંથ ધર્મ ને માનતા કે તેમાં આસ્થા ધરાવતા કોઈ પણ વ્યક્તિ અમારી કેન્દ્રીય સમાજ નો સભ્ય નથી અને હશે તો તે ચોરી છુપી થી પોતાની ઓળખ છુપાવીને થયો હશે. કારણ કે તેવા સત્પનથી ભાઈઓની તો તેમની પોતાની સતપંથ સમાજ હતી અને આજે પણ મોજુદ છે. તેથી પીરાણા સતપંથ ને માનતા અને તેમાં આસ્થા ધરાવતા લોકો આ સમાજના લોકો નથી.

આ) **શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન સતપંથ પરિવારના આરાધ્યદેવ:**

હશે. અમે ક્યાં ના પાડીએ છીએ. પણ આ નિષ્કલંકી નો ઉલ્લેખ આપણા હિન્દુ શાસ્ત્રોમાં ક્યાય નથી આવતો તેનું શું? અપણા હિન્દુ શાસ્ત્રોમાં દશાવતારમાં ભગવાન વિષ્ણુ નો દસમો અવતાર કલકી તરીકે કલિયુગ પુરો થશે ત્યારે લેશે એવો ઉલ્લેખ છે તેમાં તમે અને હું કે પછી કોઈ પણ હિન્દુ સહેમત થશે. (કદાચ સત્પનથી ભાઈઓ ન પણ થાય) પણ ઈમામાશાહ બાવાના પ્રમાણે આ દસમો અવતાર નકલંકી (આજ નો નિષ્કલંકી) અવતાર ક્યારનો એ અરબસ્તાન ના અલામત ગામમાં જન્મ લઇ ચુક્યો છે. **તે બીજો કોઈ નહિ પણ તે ઇસ્લામ ધર્મ ના સ્થાપક મહમ્મદ પયગંબર ના જમાઈ હજરત અલી જ આ નિષ્કલંકી અવતાર છે.** એટલે આ સત્પનથી અનુયાયીઓ ના પ્રમાણે તમે નકલંકી નારાયણ ની જય બોલાવો અને હું હજરત અલીની જય બોલાવું - બંને એકજ માણસ ની જય બોલાવી રહ્યા છીએ તેવું ગણાય. **અને બાવા ઈમામાંશાહ ના પ્રમાણે અપણા આદ્ય શક્તિ મા ઉમા એ બીજા કોઈ નહિ પણ હજરત અલીની ઘરવાળી બીબી ફાતમા જ છે. વાહ ઈમામાંશાહ બાવા નું હિન્દુ શાસ્ત્ર વાહ.** આના બધાયે પુરાવાઓ ઈન્ટરનેટ ઉપર મોજુદ છે. અને એટલા માટે જ થઈને અમારા પૂર્વજોએ પીરાણા સતપંથ થી અલગ થઈને અમારી સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ ની સ્થાપના કરી છે જેમાં સત્પન્થીઓને સ્થાન નથી અને હોઈ પણ ના શકે.

ઇ) **પીરાણાના પ.પું. કરસનદાસજી મહારાજ અને તેને જગદગુરુ સત્પન્થાચાર્ય નું બિરુદ:**

આપશ્રીએ અને આપની સંત સમીતીએ તે બિરુદ આપ્યું હશે. તેને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ કે પછી અમારી કેન્દ્રીય સમાજને કશુંએ લાગતું વળગતું નથી. તે કદાચ સત્પનથી ભાઈઓ માટે ગઉરવ સમાન હશે તેની સાથે અમોને કંઈજ લેવાદેવા નથી.

ઈ) **વિશાળ સાધુ સમાજે સતપંથ સનાતન સંપ્રદાય ને હિન્દુ વૈદિક ધર્મની મહોર મારેલ છે.**

તેથી શું તે સંપ્રદાયના અનુયાયીઓ ને અમારી સમાજના સભ્યો બનાવવા ફરજીયાત છે ? આવા તો ભારતભરમાં સેંકડો સંપ્રદાયો હિન્દુ સંપ્રદાયો તરીકે ઓળખ પામ્યા છે તેથી શું એ બધાય

www.realpatidar.com mail@realpatidar.com

સંપ્રદાયોને અમારી સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં આવરી લેવા? આ તો સરે આમ દાદાગીરી છે. આ પીરાણા સત્પનથી ભાઈઓ દુખે છે પેટ અને ફૂટે છે માથું એવો તાલ છે.

ઙ) **<u>તમારા ધ્યાન મા આવેલ છે કે અમારી સમાજના સત્પનથી અનુયાયીઓ પર અમારી કેન્દ્રીય સમાજના લક્ષ્મીનારાયણ અને અન્ય સંપ્રદાય ના ભાઈઓ અત્યાચાર અને કનડગત કરી સતપંથ સંપ્રદાય છોડવાનું દબાણ કરી રહ્યા છે.</u>**

આ તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી વાત છે. પ્રથમ તો પીરાણા સતપંથ ને માનતા લોકો અમારી કેન્દ્રીય સમાજના સભ્યોજ નથી. બની ગયા હશે તો તેઓ પોતાની ઓળખ છુપાવી ને બની ગયા હશે તથા તેઓ પોતાની મુમના તરીકેની ઓળખ છુપાવવા માટે થઈને અમારી સમાજની આડસ માત્ર લીધી હશે. શ્રદ્ધા અને નિષ્ઠા થી અમરી સાથે તેઓ નથી ભળ્યા. તેઓની નિષ્ઠા તેમની પોતાની સતપંથ સમાજમાં છે અને શ્રદ્ધા એ મુસ્લિમ પીર ઈમામશા બાવા માં છે. બીજું કેન્દ્રીય સમાજના તમામ સનાતની ભાઈઓ માં થી કોઈએ પણ પીરાણા સતપંથ સમાજના ભાઈઓ ઉપર કોઈ દિવસ કનડગત કે અત્યાચાર નથી કર્યો. હા, એવા અનેક પુરાવાઓ મોજુદ છે કે છેલ્લા ૧૦૦ વરસ દરમ્યાન સત્પનથી ભાઈઓએ અમારી કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓ ઉપર ખોટા – ઉપજાવી કાઢેલા કોર્ટ કેશો અને પોલીસ ફરીઆદો જરૂર કરી છે. જ્યારે સનાતની ભાઈઓએ છેલ્લા ૧૦૦ વરસ દરમ્યાન એક પણ ખોટો કે સાચો અદાલતી કે પોલીસ કેશ સત્પનથી ભાઈઓ ઉપર નથી કર્યો. તેની નોંધ લેવી ઘટે.

ચ) **<u>સતપંથ અને તેને હિન્દુ ધર્મ તરીકે ની માન્યતા.</u>**

આપશ્રીએ સતપંથ ધર્મને હિંદુ ધર્મ તરીકેની જે માન્યતા આપી છે તે અંગે લાખ્ખો હિન્દુઓ માં ગેરસમજણ પ્રવર્તે છે. તે માન્યતા આપતા પહેલાં આપશ્રીએ અમારી જ્ઞાતિનો તેમજ અમારી કેન્દ્રીય સમાજનો અને તેના ઇતિહાસનો બિલકુલ અભ્યાસ નથી કર્યો. કર્યો હશે તો તેને આપશ્રી સમજી નથી શક્યા. અને કદાચ સમજ્યા હશો તો તમે ચોક્કસ તમારી આંખ આડા કાન કર્યા છે તેવું પ્રતીત થાય છે. કારણકે આજે આપણે કોઈ પણ સતપંથ ધર્મ પાળતી વ્યક્તિ ને પુછીએ કે તમારા આ સતપંથ ધર્મ ના સ્થાપક કોણ તો તે કેહ્શે કે ઈમ્મામ શાહ બાવા તો જે વ્યક્તિ (ઈમ્મામશાહ બાવા) કે જેમના બાપ ઇસ્લામી, દાદા ઇસ્લામી અને તે જન્મ્યો ત્યારે પણ ઇસ્લામી હતો સંપૂર્ણ જીવન દરમ્યાન આચરણ પણ ઇસ્લામના કર્યાં. કાર્ય પણ પોતાના બાપ-દાદા પ્રમાણે ઇસ્લામ ને ફેલાવવાનું અને હિન્દુઓને વટલાવવાનું કર્યું અને મર્યો ત્યારે પણ તે ઇસ્લામી જ હતો. અને કહેવાય છે કે તેણે હિન્દુઓ ને ભ્રષ્ટ કરવા હેતુ થી હિન્દુઓની જનોઈઓ પણ ઉતરાવી. હિંદુ ધર્મની સ્થાપના કરવા વાળી વ્યક્તિ કોઈ દિવસ હિન્દુઓ ની જનોઈઓ તો ન જ ઉતરાવે. તો આ વ્યક્તિએ સ્થાપેલ

/૪/

www.realpatidar.com mail@realpatidar.com

સતપંથ ધર્મ એ હિન્દુઓનો ધર્મ કઈ રીતે હોઈ શકે? અને એક મુસ્લિમ કે ઇસ્લામી વિચારધારા વાળી વ્યક્તિ હિંદુઓ માટે હિન્દુ ધર્મની સ્થાપના શું કામ કરે?

ક) <u>આ સૈયદ ઈમામશાહ બાવા કોણ હતા? અને તેઓ તકિયા નો ઉપયોગ કેવી રીતે કરતા?</u>

આ બાવા ઈમામ્શાહ સૈયદ હતા અને તે ઈરાનથી આવેલા પીર કબીરુદ્દીન સાહેબ ના પુત્ર અને તેના પિતા સૈયદ સદરુદ્દીન સાહેબ ના પૌત્ર થતા હતા. આ ઈમામશાહ ના કાર્ય અને ઈતિહાસ થી કોણ અજાણ છે ? તમે કદાચ અજાણ હશો... અને અજાણ ના રહેવું હોય તો ગુજરાતના પાઠ્ય પુસ્તક ધોરણ ૧૨ ની ભારતીય સંસ્કૃતિ પુસ્તક માં ભારત માં ઇસ્લામ નું આગમન ના શિર્ષક હેઠળ ઈમામશાહ ના ઈતિહાસ વિષે ચોખ્ખું લખેલ છે કે તે હિન્દુઓને વટલાવવાનું કાર્ય કરતો અને તેને પીરાણા ની અંદર રહીને પોતાના મુશ્લીમ ધર્મનો ફેલાવો કર્યો. આપશ્રીને તે પુસ્તક ની નકલ જોઈતી હશે તો ઉપલબ્ધ કરવા માં આવશે. કચ્છ ના સંત શ્રી વાલદાસજી મહારાજને પણ આ પીરાણા પંથીઓએ તેમની હયાતી માં ગુમરાહ કરવાની કોશિશ કરી હતી. (કદાચ તમોને પણ આ સત્પનથી લોકો ગુમરાહ કરવા માં સફળ રહ્યા છે તે તમારા પત્ર ઉપર થી જણાઈ આવે છે). આ પીરાણા પંથીઓની છેતરપીંડી ને લઈને કરછના સંતશ્રી વાલદાસજી મહારાજને તા.૨.૭.૧૯૮૯ માં લેખિતમાં જાહેર નિવેદન આપવા મજબુર થવું પડ્યું હતું. તે નિવેદન પ્રમાણે પીરાણા સતપંથ એક મુસ્લિમ ધર્મ છે અને તેને વૈદિક હિંદુ ધર્મ સાથે કંઈજ લેવા દેવા નથી. આ નિવેદન ની નકલ આ જોડે આપેલ છે. તાકિયા (Taquiya) એટલે બહારથી જેમ દુનિયા સમજે તે રીતનું આચરણ અને અંદરથી મુસલમાનો નું આચરણ. આ સતપંથ નો શુરુઅતી અધિકાર છે. અને દેખાય છે કે અવિચલદાસજી પણ આ સતપંથ ના તકિયા ના પુરેપુરા શિકાર બન્યા છે.

ખ)<u>વિશ્વ માન્ય સંસ્થાઓ અને ગુજરાતના ધર્મ સંપ્રદાય સતપંથ ધર્મ ને હિન્દુ તરીકે નથી ઓળખતી.</u>

ગુજરાતી શબ્દ ભંડોળ ની વેબ સાઈટ http://www.gujaratilexicon.com ની અંદર પણ સતપંથ શબ્દ નો અર્થ આ પ્રમાણે છે. ***<u>"સતપંથ એટલે ખોજા મુસલમાનોનો એક પંથ અને ઈસ્માઈલી ખોજા લોકોનો એક ધર્મ; મતીયા પંથ; પીરાણા પંથ; ઈમામી ધર્મ; નિઝારી પંથ".</u>*** ગુગલ સર્ચ ની અંદર પણ સતપંથ ના સ્થાપક ઈમામશાહ ના દાદા સદ્દઉદ્દીન ને હિંદુ ને વટલાવનાર પીર તરીકે દર્શાવેલ છે. ઈમામશાહે ***'સતપંથ'*** જેવો એક ભ્રામક શબ્દ અને હિંદુઓને ભરમાવી નાખે તેવો શબ્દ આપેલ છે. તેમના માટે સતપંથ એટલે સાચો પંથ કે રસ્તો પણ તેના થી તે હિંદુ ધર્મ નથી બની જતો. જેમ મુંબઈના એક કતલખાના ને દેવનાર જેવું સારું નામ આપવાથી તે કતલખાનું મંદિર નથી

/૫/

બની જતું. **અમારા જ્ઞાતિ આદ્ય સુધારક પ.પું. નારાયણજી બાપા ના કહેવા મુજબ "અર્ધદગ્ધ, પાખંડી, કબ્રસ્તાની પીરાણા મતને સતપંથ નામ આપવાથી કે નિષ્કલંકી નામ આપવાથી તે હિંદુ ધર્મ નથી બની જતો"**. ગુજરાત સરકાર દ્વારા લખવામાં આવેલ ગુજરાત નો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ ના ગ્રંથ ૫ માં સલ્તનતકાલ માં ઈમામશાહ વિષે સચોટ માહિતી આપેલી છે કે તે ઈરાન થી ગુજરાત આવી અમદાવાદ ની બાજુમાં આવેલ ગીરમઠા ગામ માં સ્થાયી થયો અને ત્યાર બાદ આવા બધા વિવિધ પીરોને કારણે આજે એ ગામ પીરાણા તરીકે ઓળખાય છે અને ત્યાં રહીને તેને પટેલ, ખોજા વગેરે લોકોને ચમત્કાર બતાવીને હિંદુ માંથી મુસ્લિમ બનાવવાની કવાયત શરુ કરી અને હિન્દુઓના પુસ્તકો અને ધાર્મિક વિધિઓમાં પણ છેડછાડ કરી. તેના અસંખ્ય પુરાવાઓ મોજુદ છે. ધર્મ પરિવર્તન કરાવવા વાળા તો માણસ ને વટલાવીને વ્યક્તિ માત્રને જ ભ્રષ્ટ કરે છે પણ આ ઈમામશા બાવાએ તો હદ કરી નાખી. એને તો હિન્દુઓને વટલાવી ને તો ભ્રષ્ટ કર્યા સાથે સાથે **હિન્દુઓ ના પવિત્ર શાસ્ત્રો જેવાકે દશાવાતારને ઠેકાણે મોટો દશાવતાર, પવિત્ર ભગવદ ગીતાને ઠેકાણે નકલંકી ગીતા અને ચેતામણી એમ અનેક હિન્દુ શાસ્ત્રોને - પુસ્તકોને ભ્રષ્ટ કર્યા.**

ગ. પીરાણા ની અંદર ચાલતા ઝગડાઓ

ગુજરાત સરકારના પાઠ્ય પુસ્તકો માં ઇતિહાસ વિષય હેઠળ સલ્તનત કાલ ની અંદર પીરાણા ના કાકા ઓ નો અર્થ અને કાર્ય પણ આપેલ છે. તેના અર્થ પ્રમાણે સતપંથ પ્રચાર માટે પીર દ્વારા નીમેલા વ્યક્તિઓને કે મુખીઓને કાકા કેહવામાં આવે છે. ઈમામશાહ ના વંશજો ની અંદર પીર થવા માટે જગડા થયા તેથી તેમની (કાકાઓની) સત્તાઓ વધી અને તેઓ અત્યારે તે જગ્યા એટલે કે પીરાણા ના કબજેદાર બની ગયા છે. આવા એક લક્ષ્મણ કાકા ઉપર ઇ.સ .1921 ની અંદર સૈયોદોએ જયારે કેસ કરેલ ત્યારે આ લક્ષ્મણ કાકાએજ ખુદ કોર્ટ ની અંદર કહેલ છે "**કે તેઓ ધર્મે મુસ્લિમ છે અને જાતે મુમના તથા કસબ મુજાવર નો છે**". અને એવાજ બીજા કાકા રામજી લખમણ ને કાકા બનાવતી વખતે તા ૧૫/૧૨/૧૯૨૫ ના ૧૫ રૂપિયાના સ્ટેમ્પ પાના ઉપર લખી આપેલ છે કે તેઓ મુજાવર ની કામગીરી કરશે અને ઈમામશાહી કરશે. ઉપરોક્ત સર્વે પુરાવાઓ આ સાથે મોકલેલ છે. તો આવા કાકાઓ અને તેમના શિષ્યો કરસન કાકા કે હાલના નાનકદાસ કાકા જે ગાદીના ગાદીપતિ બની બેઠા છે તે હિંદુ ધર્મ તો નહિજ હોય, તો તેવા કાકાઓને જગદગુરુ ની પીઠ કે તેમના ધર્મ ને હિંદુ વૈદિક ધર્મ તરીકેનું લેબલ આપી દેવાથી તે હિન્દુ ધર્મ નથી બની જતો. કદાચ બની પણ ગયો હશે (તમારા કહેવા પ્રમાણે) તો અમોને શું?

https://archive.org/details/bk049/page/n457/mode/1up

/૬/

www.realpatidar.com mail@realpatidar.com

ધ) <u>જ્ઞાતિ સુધારક પૂજ્ય નારાયણજી રામજી લીમ્બાણી આ પીરાણા સતપંથ ને શું કહેતા ?</u>

અરે જ્ઞાતિ સુધારક પરમ પૂજ્ય શ્રી નારણ રામજી લીંબાણી એ લક્ષ્મણ કાકા ને તો ખુલ્લી ચેલેન્જ આપી હતી કે લક્ષ્મણ કાકા જો સતપંથ પીરાણા ને હિંદુ ધાર્મિક વિધિ થી હિંદુ વૈદિક ધર્મ તરીકે સાબિત કરી આપે તો તેઓ રૂ.૧૦,૦૦૦ આપશે. જેનો ઉલ્લેખ નારણ બાપાએ પોતાના પુસ્તક પીરાણા સતપંથ ની પોલ માં કરેલ છે. અને આજે પણ આ સતપંથ સમુદાય ના લોકો મરણ પછી અગ્નિસંસ્કાર ને બદલે દફનવિધિ કરતા હોય તો આ આચરણ સનાતન પાટીદાર સમાજ નું તો નથી જ ! તેમ છતાં આ સંપ્રદાય ને હિંદુ વૈદિક ધર્મ કઈ રીતે માની લીધો ?

ઇ.સ.૧૯૧૧ ના બરોડા રાજ્યના જન ગણ અધિકારી દ્વારા એક દસ્તાવેજ બનાવામાં આવેલ છે તેની અંદર ચોખું લખેલ છે કે હિન્દુ જ્ઞાતિ ના કણબીઓ ને સૈયદ ઈમામશાહ એ વટલાવવ્યા છે. અને ઈમામશાહ નું ધાર્મિક વિધિ પુસ્તક પણ અલગ છે જેનો પુરાવો આ સાથે આપેલ છે.

૫. <u>એક સમયે અમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સંપૂર્ણ રીતે પીરાણા સતપંથ મત ને અનુંશરતી હતી. તો અત્યારે તે જ્ઞાતિના ૯૦% લોકો શામાટે સનાતન હિન્દુ ધરમ માં પરિવર્તિત થયા?</u>

સતપંથ એ હિંદુ ધર્મજ હોત તો ઈ.સ. ૧૯૩૧ પછી અમારી જ્ઞાતિના બહુસંખ્યક સતપંથ પરિવારો શા માટે સતપંથ પીરાણા ધર્મ છોડીને હંમેશને માટે સનાતન હિંદુ ધર્મ આપનાવી ને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ને ઇષ્ટદેવ માનીને કચ્છના તમામ ગામડાઓમાં જ્યાં કડવા પાટીદાર વસે છે ત્યાં ભગવાન લક્ષ્મીનારાયણ ના મંદિરો બંધાવ્યા. **<u>કારણ એક જ છે, સ્પષ્ટ અને શંકા રહિત છે કે એજ પીરાણા સતપંથ મત ને લઈને ૪૦૦-૪૫૦ વરસ દરમ્યાન જ્ઞાતિ ની ઓળખાણ એક મુમના મુસલમાન તરીકે થતી હતી. કચ્છ ની અન્ય હિન્દુ જ્ઞાતિઓ વાણીયા, લોહાણા, બ્રાહ્મણો વગેરે અમારા પૂર્વજોને મુમના મુસલમાન માની ને ઉંચે હાથે થી પાણી પાતા.</u>** તે વખતે આ પીરાણા ના કાકાઓ ક્યાં ગયા હતા? ત્યારે શું તમારી અખિલ ભારતીય સંત સમિતિ સુતી હતી. ક્યાં ગયા હતા ત્યારે તમે જ્યારે અમારા પૂર્વજો આ સતપંથ ધર્મને માનીને અન્યો દ્વારા તિરસ્કૃત થતા હતા હડધૂત થતા હતા. આવી વાતો યાદ કરીને પેટ મા આગ લાગે છે, અમારૂ લોહી ઉકળી ઉઠે છે. શરીરના તમામ રૂવાંડા ઉભાં થઇ જાય છે. આજે તેના ઉપર તમે પાણી નાખો છો. થોડી તો મહેર કે શરમ રાખો. **<u>આજે જુના દારૂને નવા બોટલ માં નાખી દેવાથી કે તમારા જેવા તકલાદીઓ ના પ્રમાણપત્રો થી તે પીરાણા સતપંથ ધર્મ સનાતન હિન્દુ ધર્મ નથી બની જતો. અમારી જ્ઞાતિના સનાતાનીઓ જેઓ બહુસંખ્યક છે તેઓને ને તમારા જેવા તકલાદી ઓ ના પ્રમાણપત્રો ની જરૂરત પણ નથી. વિષયને અને ઇતિહાસ ને સમજ્યા વગર અને વગર વિચારે આવા પ્રમાણપત્રો આપી દેવાથી</u>**

https://archive.org/details/bk049/page/n458/mode/1up

/૭/

www.realpatidar.com mail@realpatidar.com

અમારી સનાતની સમાજમાં ભંગાણ તમે નાખી રહ્યા છો. સમજો જરા આ વિષયને. અમારી જ્ઞાતિના ફક્ત ૧૦% લોકો જે સત્પન્થીઓ છે તેને થાબડ થોબડ કરીને બહુસંખ્યક સનાતન હિન્દુ ધર્મીઓ નો રોષ શા માટે વહોરી લ્યો છો તે તમોને ન સમજાય તેવી વાત છે પણ તે હકીકત છે. અમારા સુધારક પૂર્વજો નો ચોખ્ખો આદેશ હતો કે આખી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને (જ્ઞાતિને કલંકરૂપ એવા) પાખંડી પીરાણા સતપંથ માં થી મુક્તિ અપાવીએ અને તે આદેશ પ્રમાણે આખી જ્ઞાતિ મહદ અંશે મુક્ત થઇ પણ ગઈ હતી પણ અમારા કમનસીબે તમારા જેવા તકલાદીઓ ના પરિણામે *જ્ઞાતિમાં ફરી પાછુ સનાતન અને સતપંથ બાબતે વિભાજન શુરૂ થયું તેના જવાબદાર તમારા જેવા તકલાદીઓ અને પીરાણા માં હક્ક, કબજો, પ્રસ્તાપિત હિતો (VESTED INTEREST) ધરાવનાર પીરાણાના કબ્જેદારો માત્ર છે.* અરે અમે લોકો તો અમારા લોકો જે પીરાણા ના દલદલ માં હજી સુધી ફસાએલા છે તેને બહાર કાઢી અમારી સમાજ ના સનાતની પ્રવાહ માં ભેળવવા માંગીએ છીએ તેમાં તમે દેખીતી રીતે આડા આવો છો, રોડા નાખો છો. શરમ આવવી જોઈએ તમોને શરમ. તમારી જાત ને તમે પ્રશ્નો પૂછવા જોઈએ કે:

૧. શા માટે આજે અમારી જ્ઞાતિ ની ૧૦% થી ૧૫% વસતી જ પીરાણા સતપંથ ધર્મ માં રહી ગઈ?

૨. શા માટે અમારી આખી જ્ઞાતિ પીરાણા સતપંથ ધર્મ ને નથી માનતી ? જયારે કે સંપૂર્ણ જ્ઞાતિ એક વખતે તે જ પીરાણા ના પાખંડ માં ફસાએલ હતી. ધન્ય છે અમારા વડીલોને કે જેઓએ અમોને તે પાખંડી પંથ માં થી બહાર કાઢ્યા. નહિ તો આજે અમે ખોજાઓ ની જેમ મુમના મુસલમાન થઈને ભારત સરકાર તરફ થી મીનોરીટી હક્કો ભોગવતા હોત.

૩. શા માટે અમારા સુધારક પૂર્વજોને જ્ઞાતિ ને કલંક એવા સતપંથ મત નો સદંતર ત્યાગ કરી અમારો મૂળ સનાતન ધર્મ નો અંગીકાર કરવો પડ્યો?

૪. શા માટે અમારા પૂર્વજો ને ૧૯૬૦ માં કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજની સ્થાપના કરવી પડી?. (અમારી જૂની સતપંથ સમાજ તે વખતે મોજુદ હતી અને આજે પણ સત્પનથી ભાઈઓની તે સમાજ મોજુદ છે જ).

૫. શા માટે ફક્ત આ સતપંથ ધર્મ ને જ તે હિંદુ ધર્મ છે તેવું સાબિત કરવા તમારા જેવાઓના પ્રમાણપત્રો લેવા પડે છે? અમારી કેન્દ્રીય સમાજને શા માટે લેવા નથી પડતા ?

https://archive.org/details/bk049/page/n459/mode/1up

/૮/

www.realpatidar.com mail@realpatidar.com

૬. શા માટે અમારા પૂર્વજો ને ઉંઝા અને તેની આજુબાજુ વસતા અમારા જ કડવા પાટીદારો થી હડધૂત થવું પડ્યું અને ગુજરાત ની ફળદ્રુપ જમીન નો ત્યાગ કરીને સુકા ઠઠ્ઠ એવા કચ્છ તરફ હિજરત કરવી પડી.

આવા તો અનેક પ્રશ્નો છે તેનો માત્ર અને માત્ર એક જ જવાબ છે કે ઈમામશાહ બાવા અને તેના વડીલો દ્વારા સ્થાપિત પીરાણા સતપંથ ધર્મ એક મુશ્લીમ ધર્મ છે અને તે શિયા, નીઝારી ઈસ્માઈલી ધર્મ નું ફાંટું છે. (જુઓ ઈન્ટરનેટ ઉપર) અને તે જ પાખંડી સતપંથ ધર્મને માની ને અમારી આખી જ્ઞાતિની ઓળખ એક મુમના મુસલમાન તરીકે થતી હતી તેથી તે સતપંથ અમારી જ્ઞાતિને કલંકરૂપ હતો. આ છે ઉપરના તમામ પ્રશ્નો નો જવાબ.

ફ) <u>આ પીરાણા સતપંથ ધર્મ ને હિન્દુ ધર્મ કઈ રીતે કહી શકાય?</u>

૧. જે ધર્મ ને તમારા જેવાઓ પાસેથી તેઓ હિન્દુ છે તેવી મહોર લગાવવી પડી. અન્ય હિન્દુ સંપ્રદાયને તેવી મહોર ક્યારેય લગાવવી નથી પડી.

૨. હિન્દુઓના અનેક અવતારો કે દેવી દેવતાઓમાં ક્યાય પણ નિષ્કલંક અવતાર કે સતપંથ ધર્મનો ઉલ્લેખ નથી આવતો જે આપ મારા કરતા વધુ સારી રીતે જાણતા હસો. તેમ છતાં તમે તેને હિંદુ વૈદિક ધર્મ છે અને તે સમસ્ત હિંદુઓ માટે ગૌરવશાળી છે તેવું કયા પ્રમાણ થી કહો છો ?

૩. જે ઔરંગજેબે હિન્દુઓના ૧૮,૦૦૦ મંદિરો તોડી પાડેલ હોય તેનો ઇતિહાસ ગવાહ છે અને તેજ ઔરંગજેબ જે ધર્મ (પીરાણા સતપંથ) ને પ્રોત્સાહિત કરવા માટે પીરાણા (ગીરમઠા) માં જમીન આપે તે ધર્મ હિન્દુઓનો કઈ રીતે હોઈ શકે ?

ભ) <u>અમારી કેન્દ્રીય સનાતન સમાજે ક્યારે પણ સતપંથ પરિવારોને પરેશાન કર્યાજ નથી</u>

બલ્કી કેન્દ્રીય સમાજે પીરાણા તરફ રાહ ભૂલેલા અમારા ભાઈને પીરાણા સતપંથ છોડીને અમારી સાથે અમારા સનાતની પ્રવાહમાં ભળી જવા માટે અમારા દરવાજા જરૂર ખુલ્લા રાખ્યા હતા. પણ તમારા જેવાઓના વગર વિચારે કરાએલ થાબડ થુબડ થી અમારી સમાજને અમારી સનાતની જ્ઞાતિને પારાવાર નુકશાન થયું છે. વરસો પહેલાં અમારા સુધારક વડીલોના અથાગ પરિશ્રમથી અમારી સમગ્ર જ્ઞાતિ સનાતની હિન્દુ બની તે બધાય ખોટા અને અત્યારે પીરાણા માં કરસન કાકાએ (પીર કરીમે) પોતાનું અસ્તિત્વ અને અહં ટકાવી રાખવા માટે જે ઉપરછલ્લા ફેરફારો કર્યા તેને તમે હિન્દુ કહો છો? પણ આવા પ્રમાણપત્રો આપીને તમે અમારી સમાજને કેટલું મોટું નુકશાન પહોંચાડ્યું

https://archive.org/details/bk049/page/n460/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

છે અને સાથે સાથે કોઈકની વાતોમાં આવીને તમે પોતેજ તમારી ગરીમાને અને સંત સમિતની ગરીમાને ઠેસ પહોંચાડી છે. તેનો તમને અફસોસ થવો જોઈએ. અરે ૯૦% જેટલી અમારી જ્ઞાતિના હિન્દુ સનાતન ધર્મીઓની તમોને બિલકુલ ચિંતા નથી માત્ર અને માત્ર ૧૦% જેટલી અમારી જ્ઞાતિના સત્પન્થીઓ ની તમોને ચિંતા છે. વાહ હિન્દુત્વ વાહ. આવું તે કેવું અખિલ ભારતીય સંત સમિતિનું બેવડું ધોરણ. **ફરી એક વખત આપશ્રી ને યાદ કરાવી દઉં કે અમારી કેન્દ્રીય સનાતન સમાજ નો પ્રથમ પ્રયાસ એજ હતો કે ઈમામશાહ ના ચમત્કાર થી માર્ગ ભૂલેલા અમારા સતપંથ પરિવારોને હમેશને માટે પીરાણા સતપંથ છોડવાનો અને સનાતન સમાજ માં જોડવાનો, નહીકે સમાજને તોડવાનો. પણ હા, અગર તેઓ પીરાણા સતપંથ મત ને હંમેશને માટે છોડીને અમારા સનાતની પ્રવાહમાં વગર શરતે જેવી રીતે દૂધ માં સાકર ભળી જાય તેવી રીતે ભળી જાય તો જ.**

મ) દરેક સમાજો ને તેની આગવી ઓળખ અને સર્વોપરિતા હોય છે.

દરેક સમાજો ના અંદરુની કાયદા કાનુનો, ધારા ધોરણો હોય છે અને તે તેના પોતાના હોય છે. બહારની દખલગીરી કોઈ દિવસ સાંખી લેવામાં નથી આવતી. દરેક સભ્યએ તેનું ફરજીયાત પણે પાલન કરવાનું હોય છે. અને તેને લઈને દરેક સમાજ એવા વ્યવસ્થિત લોકો ના જનસમુદાય નો બનેલો હોય છે જ્યાં:

૧. એક જ રીતી રીવાજો પળાતા હોય,
૨. એક જ અચાર વિચારને વરેલા હોય, અને
૩. એક જ ધર્મ પળાતો હોય.

એજ પ્રમાણે અમારો સનાતની ઓળખ ધરાવતો કેન્દ્રીય સમાજ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો બનેલો છે અને તે એક જ ધર્મ (સનાતન હિન્દુ ધર્મ) માં માને છે અને પાળે છે (દુનિયાના અન્ય લોકોની જેમ, અમારી સમાજમાં પણ, સતપંથ ધર્મ ને સનાતન ધર્મ માનવામાં નથી આવતું.) અને તેવા સનાતાનીઓનો તે સમાજ બનેલો છે. અમારો સતપંથ સમાજ એક સમાજ હતો જયારે અમારી જ્ઞાતિના સર્વે લોકો પીરાણા સતપંથ ધર્મ પળાતા હતા. પણ અમારા સ્થાપક વડીલોના આદેશ પ્રમાણે અને અમારા અત્યારના સનાતની વડીલોના આદેશ પ્રમાણે ***જ્ઞાતિને કલંક રૂપ એવા પીરાણા સતપંથ ધર્મ પળાતા લોકોને આમાં સમાવેશ કરી ન શકાય.*** (પછી ભલેને તમારા જેવાના ખોટા સર્ટીફિકેટ લઈ આવે તો શું.?) કોઈ પણ જ્ઞાતિની સમાજ માં બે વિચારધારા વાળા માણસો સાથે કોઈ દિવસ રહી ના શકે. તેવીજ રીતે ભિન્ન ભિન્ન અચાર વિચારો ને વરેલા લોકો અથવા જુદી જુદી રીતિરિવાજો પાળતા લોકો પણ એકજ સમાજ માં રહી ના શકે. પણ અહીં તો તમારા પત્ર મારફત

/૧૦/

તમે તો એવા લોકોને ભેગા રાખવાની વાતો કરો છો કે જે ધર્મ ના સ્થાપકે અમારી જ્ઞાતિ નો દાટ વાળી નાખ્યો. એ કઈ રીતે શક્ય બને? એટલા માટે પીરાણા સતપંથ ધર્મ ને કદાચ તમારું અનુમોદન હશે કે તે એક હિન્દુ વૈદિક ધર્મ છે પણ અફસોસ છે કે તે ધર્મ ના લોકોને અમે સાથે રાખી શકીએ તેમ નથી. કારણ કે ***"WE ARE GOVERNED BY OUR OWN INTERNAL RULES AND REGULATIONS AND NOT BY THE RULES AND REGULATIONS FRAMED BY OUTSIDERS"*** અમારી કેન્દ્રીય સમાજ એક સર્વોપરિતા વાળી, સાર્વભોમક્ત્વ ધરાવતી, બાહ્ય નિયંત્રણ વિનાની (SOVEREIGN) સમાજ છે. તમે તેને પત્ર લખીને જે ભલામણ કરી છે તેમાં તમે તમારી નરી બાલીશતા નું પ્રદર્શન માત્ર કર્યું છે.

ઉપર જણાવેલ મુદ્દાઓ થી એક વાત સાફ થઈ જાય છે કે, અમારી સમાજના ઇતિહાસ અને અમારી જ્ઞાતિના ઇતિહાસ નું તમે અધ્યયન કે અવલોકન બીલકુલ કર્યું નથી. અધ્યયન કદાચ કર્યું હશે તો તમારી બુદ્ધિનો ઉપયોગ કર્યો નથી. કર્યો હોત તો તમોએ આવો પત્ર લખ્યો ના હોત. તમારો આ પત્ર મૂળભૂત ખોટો, બીન જરૂરી અને વિચાર કર્યા વગરનો ઉતાવળો છે. કોઈક ની વાતો મા તમે દોહરાઈ ગયા છો તેની મને દયા આવે છે. તમે નીઝારી શિયા મુસલમાન ની તાકિયા રણનીતિ ના શિકાર બન્યા છો અને કેદાચ તમને જાણ પણ નથી, એનું ખેદ છે.

વધુ પડતું લખાઈ ગયું હોય તો ક્ષમ્ય ગણી ને માફ કરજો.

એજ શ્રી અખિલ ભારતીય ક.ક.પા.સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વતી

સનાતની રમેશભાઈ વાગડિયા
બેન્ગલોર
૭.૦૧.૨૦૧૧

ધર્મરક્ષા ॐ राष्ट्ररक्षा गौरक्षा

अखिल भारतीय संत समिति (रजि.)

राष्ट्रीय अध्यक्ष

कैवलज्ञानपीठाधिश्वर सप्तम कुवेराचार्य आचार्य श्री अविचलदासजी महाराज

कैवलज्ञानपीठ गुरुगादी - सारसापुरी ता.जि.आणंद (गुजरात) 388 365

Mo. 094264 19787, 097263 19787 Ph. (02692) 272 066, 272 727

E-mail : gurugadi@hotmail.com, gurugadi@gmail.com

પ્રતિ,

શ્રીમાન પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને કારોબારી સભ્યશ્રીઓ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ.
વિદ્યાર્થી ભવન, નખત્રાણા-કચ્છ
ગુજરાત

તા. ૧૭/૧૨/૨૦૧૦

નીચે જણાવેલ વિગતોને ધ્યાનમાં લઇ ઘટતું કરવા સારું

સુજ્ઞશ્રીઓ,

સદ્‌ગુરુ શ્રી ઇમામશાહ મહારાજ પ્રેરિત "સતપંથ સનાતન સમ્પ્રદાય" મુજબ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન સતપંથ પરિવારના આરાધ્યદેવ છે. સતપંથ શાસ્ત્રને અનુસાર બધા સતપંથી જનો આદ્યનારાયણ, આદ્યશક્તિ અને બ્રહ્મા, વિષ્ણું, મહેશના ઉપાસકો છે. ભારત વર્ષના હિન્દુ વૈદિક સંસ્કૃતિના ચારે વેદો પૈકી અથર્વવેદ આધારિત તેમની ઉપાસના પદ્ધતિ છે. વારિયજ્ઞના માધ્યમથી પોતાના આત્માનું કલ્યાણ થાય તેવી સંપૂર્ણ શ્રદ્ધા, તેઓ આ ઉપાસના પદ્ધતિમાં ધરાવે છે.

આવા હિન્દુ વૈદિક સતપંથ સનાતન સમ્પ્રદાયના આદ્ય જગદ્‌ગુરુ પ.પૂ.કરસનદાસજી મહારાજને અખિલ ભારતીય સંત સમિતિએ "જગદ્‌ગુરુ સતપંથાચાર્ય"નું પદ આપીને તેમના સાન્નિધ્યમાં પ્રેરણાપીઠ પીરાણા અમદાવાદ ગુજરાતને "જગદ્‌ગુરુની પીઠ" તરીકે પ્રસ્થાપિત કરેલ છે.

આ ઉપરાંત પ્રેરણાપીઠ પીરાણા અમદાવાદ ગુજરાત ખાતે યોજાયેલ અખિલ ભારતીય સંત સમિતિના દસમા વૈદિક ધર્મ સંમેલનમાં પધારેલ વિશાળ ભારતના જગદ્‌ગુરુઓ, શંકરાચાર્યો, મહામંડલેશ્વરો, મંડલેશ્વરો, સાધુ મહાત્માઓએ વિશાળ સંખ્યામાં સંતો તથા ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં "સતપંથ સનાતન સમ્પ્રદાય" ને હિન્દુ વૈદિક ધર્મની મહોર મારેલ છે. ઇ.સ. ૧૯૩૧ માં હિન્દુ મહાસભા ઉંડાણપૂર્વકના અભ્યાસના અંતે "સતપંથ સનાતન સમ્પ્રદાયને સંપૂર્ણ હિન્દુ સમ્પ્રદાય છે," તેવો ચૂકાદો આપેલ છે.

ઉપરોક્ત હકીકતને અમો અખિલ ભારતીય સંત સમિતિ આજ રોજ ફરીથી અનુમોદન આપીએ છીએ કે, "સતપંથ સનાતન સમ્પ્રદાય" એ હિન્દુ વૈદિક ધર્મ છે. જે માત્ર સતપંથીઓનો જ નહિ પરંતુ સંપૂર્ણ હિન્દુ સમાજના ગૌરવ સમાન છે.

જે અન્વયે અમારા ધ્યાન પર આવેલ છે કે, આપના સમાજના સતપંથી અનુયાયીઓ પર, કચ્છ કડવા પાટીદાર સમાજના નેજા હેઠળ તથા લક્ષ્મીનારાયણ, અન્ય સમ્પ્રદાયના અનુયાયીઓ અત્યાચાર અને કનડગત કરી સતપંથ સમ્પ્રદાયને છોડવાનું દબાણ કરી રહ્યાં છે, જેને અખિલ ભારતીય સંત સમિતિ સખત શબ્દોમાં વખોડી કાઢે છે. સદર સતપંથ સનાતન સમ્પ્રદાયના અનુયાયીઓને ધર્મ સંબંધે પરેશાન કરવાનું બંધ કરવા જણાવવામાં આવે છે. આમ કરવાથી હિન્દુ સમાજને જે નુકશાન થાય છે. તે આપણે હિન્દુ સમાજને જોડવાનો પુરૂષાર્થ કરવો જોઇએ તોડવાનો નહીં.

અસ્તુ ...

આચાર્યશ્રી અવિચલદાસજી મહારાજ
રાષ્ટ્રિય અધ્યક્ષ
અખિલ ભારતીય સંત સમિતિ

આ સંદેશ તમને ખોટો લાગે તો ક્ષમા પ્રાર્થના સાથે ઘડવા બદલ માફ કરશો.

https://archive.org/details/bk049/page/n463/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

Real Patidar <mail@realpatidar.com>

GE 14: ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા ના વડીલ મણીભાઈ પટેલ 'મમ્મી' નો પીરાણા સતપંથ બાબત મત તેમના મુખેથી

Real Patidar <mail@realpatidar.com> **Tue, Jan 11, 2011 at 3:17 PM**
To: realpatidar <realpatidar@googlegroups.com>

FYI..
તમારી જાણકારી માટે...

---------- Forwarded message ----------
From: **Rameshbhai Vagadiya** <rameshbhaivagadiya@gmail.com>
Date: 2011/1/11
Subject: Re: ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા ના વડીલ મણીભાઈ પટેલ 'મમ્મી' નો પીરાણા સતપંથ બાબત મત તેમના મુખેથી
To: Editor Patidar Sandesh <info@patidarsandesh.org>, Editor Patidar Saurabh <patidarsaurabh@yahoo.co.in>, Editor Uma Darpan <umadarpan@rediffmail.com>, Real Patidar Groups <realpatidar@googlegroups.com>

કચ્છ કડવા પાટીદાર સનાતની ભાઈ બહેનો જોગ,

તા.૧.૦૮.૨૦૦૯ ના દિવસે હું અને હિંમતભાઈ પહેલી વખત મુંબઈ થી કચ્છ જવા નીકળ્યા ત્યારે સનાતન ધર્મ બાબતે કેન્દ્રીય સમાજમાં જાગૃતિ લઇ આવવી છે એવો વિચાર મન માં ભલે હતો પણ આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આટલી જલ્દી સનાતની જ્ઞાતિ માં જાગૃતિ લઇ આવશે એવો વિચાર નોતો કર્યો. પણ હા, વિશ્વાસ જરૂર હતો કે જ્ઞાતિ માં સનાતન ધર્મ બાબતે જાગૃતિ જરૂર આવશે.

આ ધર્મ જાગૃતિ - કેન્દ્રિય સમાજ જાગૃતિ અભિયાન માં ના ધારેલ વ્યક્તિઓનો સાથ મળ્યો. તે સર્વે નો ઉલ્લેખ અત્યારે કરવા નથી માગતો. પણ એમાં ની એક વ્યક્તિ અમોને એવી મળી કે જેને આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ માટે ભારોભાર માન છે. આ વ્યક્તિ ને આપણી જ્ઞાતિ ના, આપણી સમાજના ઈતિહાસ નું એટલું બધું જ્ઞાન છે કે આપણું માથું એમના ચરણો માં આપ મેળે નમી જાય. સાથે સાથે એ વાત નું દુખ પણ થાય કે આપણા જ અમુક ભાઈઓ જે વરસોથી આપણી કેન્દ્રિય સમાજ માં ટ્રસ્ટી - હોદ્દેદાર થઇ બેઠા છે તેમને જ્ઞાતિના, સમાજના સાચા ઈતિહાસ ની ખબર નથી.

આ વ્યક્તિ બીજી કોઈ નહિ પણ તે મહાપુરુષ મણીભાઈ પટેલ કે
જેઓ તેમના હુલામણા નામ "મમ્મી" તરીકે ઓળખાય છે. જેઓની જહેમત થી ગત વરસે ઊંઝા ગામ માં ૪૫ લાખ વિશ્વ ના કડવા પાટીદારો ભેગા થઇ શક્યા. આ

મહા પુરુષ ને તા. ૯.૦૨.૨૦૧૦ ના દિવસે મળવા નું સૌભાગ્ય સાંપડ્યું. હું, હિંમતભાઈ અને પ્રેમજીભાઈ સત્પંથ બાબતે તેમને મળવા ગયા હતા. ૪-૪ કલાક નો સમય તેમની સાથે ગાળ્યો. પીરાણા સત્પંથ બાબતે તેમનો શું સ્પષ્ટ અભિગમ છે તે અમે જાણી શક્યા. સ્વર્ણિમ મહોત્સવ વખતે તેઓ શ્રી એ નખત્રાણા માં ભાષણ પણ આપ્યું. બુદ્ધિ જીવીઓ સમજી શક્યા હશે કે તેઓ શ્રી એ પીરાણા ના કાકા ને શું સંદેશ આપ્યો ? પીરાણા સત્પંથ બાબતે આપણી કેન્દ્રીય સમાજ આટલી બધી નિષ્ક્રિય કેમ છે તેનું દુખ તેઓશ્રી ને તે વખતે લાગ્યું.

અમારી હાજરીમાં જ આ મહાપુરુષે કેન્દ્રીય સમાજના માજી પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડિયાને તેમજ હાલ નાં પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી ને ફોન ઉપર જે ભલામણો આપી તે અહી સલગ્ન વીડીઓ કલીપ દ્વારા સાંભળી શકશો. પાટીદાર સંદેશ ના તંત્રીશ્રીઓ ને આ કલીપ ખાસ સંભળાવવા ની જરૂર છે. આ પાટીદાર સન્દેશ ના તંત્રીઓ સમજ્યા વગર અસ્પષ્ટ મંતવ્યો આપીને જ્ઞાતિને ગેરમાર્ગે દોરી રહ્યા છે તેઓને આ કલીપ ખાસ સંભળાવવાની જરૂરત છે. યુ ટ્યુબ ઉપર આપ આ વીડીઓ ક્લીપ આપ સાંભળી શકશો. તેની લીંક નીચે આપેલ છે.

http://www.youtube.com/watch?v=j6qcdV5ug-A

બીજી વિગતો બીજી કોઈક વખત.

એજ તમારો વિશ્વાસુ
રમેશભાઈ વાગડિયા
બેંગલોર ૨૪.૧૨.૨૦૧૦

નકલ રવાના:
તંત્રીશ્રી પાટીદાર સૌરભ
તંત્રીશ્રી પાટીદાર સંદેશ
તંત્રીશ્રી ઉમા દર્પણ
રીયલ પાટીદાર

Real Patidar
www.realpatidar.com

- Views expressed here are for the sake of discussion and knowledge only.
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/

BEWARE !! BEWARE !!
Phishing attacks: Following ids of Pro-Satpanthis;

https://archive.org/details/bk049/page/n465/mode/1up

www.realpatidar.com mail@realpatidar.com

1. real-patidar@googlegroups.com 2. realpatidarr@gmail.com 3. realpatidaar@gmail.com
are **NOT** related to the www.realpatidar.com, the original Real Patidar